# સંવાદ

શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯-૨૦



## શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના-મગદલ્લા રોડ, સુરત

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.
તાપી, પૂર્ણા, સરતિ નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછોમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારેમાસ રસાળ.
સરળ પ્રકૃતીનાં સૌ લોકો આનન્દી, અભિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત ...
ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગકરછ મશહૂર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય-ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ કરતી.
સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
રાનીપરજ ને કાળી પરજના ભાતીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબ ને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.
અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગળ દક્ષિણ ગુજરાત...
નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટ્યું ગરવું ગુર્જરી - ગીત,
મુનશીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.
સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...
દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાન ને અનંતની એ છે ઉજ્જ્વલ ઉદ્‌ગાતા.
એનાં ગૌરવ, વિકાસ, પ્રગતિ અને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરાવીશું સિદ્ધિની જયમાલા.
વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

શ્રી ભગવતીકુમાર શર્મા

# સંવાદ

## વાર્ષિક મુખપત્ર

### પરામર્શક

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
પ્રોફેસર અને અધ્યક્ષ

### સંપાદન

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

શિક્ષણ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના-મગદલ્લા રોડ, સુરત.
શૈક્ષણિક વર્ષ : 2019-20

# સંપાદકીય

શિક્ષણ વિભાગનું વર્ષ-2019-2020નું વાર્ષિક મુખપત્ર 'સંવાદ' આપની સમક્ષ મૂકતાં હર્ષ અનુભવાય છે. 'સંવાદ'ના સળંગ ચોથા અંક ને ઈ-ફોર્મેટમાં રજૂ કરવાનો આનંદ સવિશેષ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ શિક્ષક પ્રશિક્ષણની વ્યાવસાયિક તાલીમ આપતો વિભાગ છે. આ વિભાગ દ્વારા ભાવિ અધ્યાપકો, આચાર્યો, શિક્ષકો તથા શિક્ષણક્ષેત્રનાં સંશોધકોનું ઘડતર થાય છે. શિક્ષણ વિભાગમાં પ્રવેશતા પ્રશિક્ષણાર્થી શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે પ્રવેશ કરે છે અને અભ્યાસના અંતે પોતાનો  લઘુશોધ નિબંધ તૈયાર કરી શિક્ષણ જગતમાં પોતાનું યથોચિત પ્રદાન કરે છે. 'સંવાદ'નો આ વિશેષાંક શિક્ષણ વિભાગમાં હાથ ધરાયેલા એમ.એડ. અભ્યાસ કક્ષાના સંશોધનોને રજૂ કરે છે. પ્રસ્તુત અંકમાં ચાર સેમેસ્ટર દરમિયાન શિક્ષણ વિભાગના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીઓએ હાથ ધરેલા સંશોધનોના  "સંશોધન સારાંશો" તેમના સંશોધન અહેવાલમાંથી પ્રાપ્ત કરી રજૂ કરવામાં આવ્યા છે. અંકના અંત ભાગમાં પ્રશિક્ષણાર્થીઓની યાદી તેમના સંપર્ક, શૈક્ષણિક સિદ્ધિ, શૈક્ષણિક અને વ્યાવસાયિક યોગ્યતા સાથે રજૂ કરી છે.

વિભાગના અધ્યક્ષશ્રી, અધ્યાપકશ્રીઓ, લાઈબ્રેરી આસિસ્ટન્ટ, વહીવટી કર્મચારીગણ તેમજ વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રોના સહયોગ બદલ આભાર. આ પ્રયાસથી વિભાગમાં થયેલ સંશોધન કાર્ય શિક્ષણના વિવિધ વ્યાવસાયિકો, સત્તાધીશો, સંશોધકો અને અન્ય વાચકોને ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી સુલભ બનશે. 'સંવાદ'ને ગુણવત્તા સભર બનાવવા માટેના સૂચનો આવકાર્ય છે.

નોંધ : આ અંકમાં રજૂ થયેલા સંશોધન સારાંશો સંશોધકોએ પોતાના સંશોધન અહેવાલના અંતિમ પ્રકરણમાં રજુ કર્યા તે સ્વરૂપે જ પ્રકાશિત થયેલા છે. સંશોધન સારાંશો પ્રશિક્ષણાર્થીઓના રોલ નંબરના ક્રમમાં રજૂ કરેલ છે.

# શિક્ષણ વિભાગ પરિવાર

## અધ્યક્ષ

ડૉ. રાજેન્દ્ર બી. પટેલ
(પ્રોફેસર અને અધ્યક્ષ)

## શૈક્ષણિક કર્મચારીઓ

ડૉ. કીર્તિ ડી. ઠાકર
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. પ્રીતિબેન એમ. ચૌધરી
(એસોસિએટ પ્રોફેસર)

ડૉ. અમિતકુમાર આર. માલી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડો. ભાવેશ એમ. મોદી
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

ડૉ. સારીકા આર. ચૌહાણ
(ટીચિંગ આસિસ્ટન્ટ)

ડૉ. મધુલિકા યાદવ
(ટીચિંગ આસિસ્ટન્ટ)

## વહીવટી કર્મચારી

શ્રી પ્રવીણ સોલંકી (જુનિયર ક્લાર્ક)
શ્રી પતિક સોલંકી (લેબ આસિસ્ટન્ટ)
શ્રી વિજય પટેલ (લાઈબ્રેરી આસિસ્ટન્ટ)
શ્રી દેવાનંદ એસ. શાહ (સેવક)
શ્રી તુષાર કે. પટેલ (સેવક)
શ્રી ઈશ્વરભાઈ મારૂ (સ્વીપર)

# અનુક્રમણિકા


| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | તસલીમા નસરીનના 'મારા બાળપણના દિવસો' પુસ્તકમાં વ્યક્ત થતું સ્ત્રી સશક્તિકરણ | બાબરિયા ફિરદોસ એફ. | 1 |
| ૨ | ધોરણ નવના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ | ચૌધરી કાશ્મીરા પી. | 4 |
| ૩ | ધોરણ-9 નાં અંગ્રેજી વિષયનાં વ્યાકરણમાં અનુભવાતી સમસ્યાઓ | ચૌધરી સેજલ એ. | 9 |
| ૪ | સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના માઈક્રોટીચિંગ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | ચૌધરી ટીનલકુમારી જી. | 14 |
| ૫ | બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | ચૌધરી વૈશાલી એમ. | 18 |
| ૬ | સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ | દેલવાડીયા અર્પિતા વી. | 22 |
| ૭ | ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની સમસ્યાઓનો અભ્યાસ | ધોડી ટીના એન. | 30 |
| ૮ | ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના અધિકાર અંગે જાગ્રતતા | દિવાન શીફાબેગમ આઈ. | 35 |
| ૯ | ધોરણ-૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ | ગામીત સરોજ  આર. | 37 |
| ૧૦ | સ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ | ગાંધી સાગર એ. | 41 |
| ૧૧ | માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હિન્દી વિષયની અધ્યયનની સમસ્યા | હળપતિ પ્રિયંકા આર. | 46 |
| ૧૨ | ધોરણ સાતનાં વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની રચના અને અજમાયશ | મલેક મુનિશા યુ. | 50 |
| ૧૩ | કાન્તિ ભટ્ટના ‘પ્રેરણા બુંદ-બુંદ' પુસ્તકમાં વ્યક્ત મૂલ્યો | પંચાલ શીવાંગી બી. | 54 |
| ૧૪ | सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करनेवाले विधार्थीयोका अभ्यास | पांडे स्वस्तिका एस. | 55 |
| ૧૫ | ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયોનો અભ્યાસ | પારખેતીયા મોહમદસુહેલ બી. | 60 |
| ૧૬ | ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | પટેલ અંજના જી. | 66 |

| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧૭ | સુરત શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો તણાવ | પટેલ ભાવિકા વી. | 72 |
| ૧૮ | હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ | પટેલ ગ્રીષ્મા એ. | 75 |
| ૧૯ | પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | પટેલ કાજલ એન. | 78 |
| ૨૦ | હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ | પટેલ ખુશ્બૂ એચ. | 83 |
| ૨૧ | સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ | પટેલ પ્રિયંકાકુમારી એન. | 87 |
| ૨૨ | વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો અભ્યાસ | પટેલ રાધા એ. | 93 |
| ૨૩ | પ્રથમ સ્નાતક મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો | પટેલ સપનાબેન એચ. | 97 |
| ૨૪ | ધોરણ આઠના ગણિત વિષયના "બૈજિક પદાવલી અને નિત્યસમ" એકમ માટે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ | પટેલ શ્રેયા એચ. | 101 |
| ૨૫ | ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો | પટેલ તજના જી. | 105 |
| ૨૬ | ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકના સંદર્ભે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો | રહેવર કિંજલ એચ. | 110 |
| ૨૭ | ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | રાજપુત પૂજા એસ. | 115 |
| ૨૮ | બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયનની સમસ્યાઓ | રાઠોડ રેખા બી. | 124 |
| ૨૯ | ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | સેન અંતિમા બી. | 129 |
| ૩૦ | જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ | ટંડેલ ભૂમિકાબેન આર. | 137 |
| ૩૧ | જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળામાં મિશન વિદ્યા કાર્યક્રમની અસરકારકતા | ટંડેલ છાયા આર. | 143 |
| ૩૨ | જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની અનિયમિતતાના કારણોનો અભ્યાસ | ટંડેલ ખુશ્બુ. ડી. | 149 |

| ક્રમ | સંશોધન શીર્ષક | સંશોધકનું નામ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૩૩ | નવસારી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયો | ટંડેલ કિરણ આઈ. | 157 |
| ૩૪ | નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ | ટંડેલ પ્રીતિ. આર. | 159 |
| ૩૫ | માછી સમાજના શિક્ષણ પ્રશિક્ષણાર્થીઓની સમસ્યા | ટંડેલ રવિના પી | 162 |
| ૩૬ | જલાલપોર તાલુકામાં માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા | ટંડેલ સ્વાતિ એચ | 166 |
| ૩૭ | સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના એક સર્વેક્ષણ | ઠાકોર સ્મિતા એસ. | 171 |
| ૩૮ | ધોરણ આઠના વિજ્ઞાન વિષયના 'પદાર્થો : ધાતુ અને અધાતુ' એકમ પર આગમન તર્ક પ્રતિમાનની રચના અને અજમાયશ | વછીયાત ફરહીનબાનુ એમ. | 176 |
| ૩૯ | 'તોતો ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ | વસાવા દીપિકા સી. | 180 |
| ૪૦ | સાગબારા તાલુકાની આશ્રમશાળાઓનો અભ્યાસ | વસાવા હિના એસ. | 183 |
| ૪૧ | અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણ અંગે અભિપ્રાયો | વસાવા જશુ એસ. | 188 |
| ૪૨ | નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓ | વસાવા મનીષા એસ. | 191 |
| ૪૩ | सुरत शहर के यादव समाज के परिवारों की शैक्षिक परिस्थिति का अभ्यास | यादव अंजना ए. | 195 |
| ૪૪ | M.Ed. (Granted) Student's List Sem-IV | * | 200 |

# તસલીમા નસરીનના 'મારા બાળપણના દિવસો' પુસ્તકમાં વ્યક્ત થતું સ્ત્રી સશક્તિકરણ

બાબરિયા ફિરદોસ એફ.

### સંશોધનના હેતુઓ

સંશોધનમાં ચોક્કસ રીતે આગળ વધવા માટે તેમજ સંશોધનને યોગ્ય દિશા આપવા માટે હેતુઓનું નિર્ધારણ ખુબ જ જરૂરી છે. પ્રસ્તુત સંશોધનનાહેતુઓ નીચે મુજબના હતા.

૧. 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતું શૈક્ષણિક સ્ત્રી સશક્તિકરણ જાણવું.
૨. 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતું સામાજિક સ્ત્રી સશક્તિકરણ જાણવું.
૩. 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતું માનસિક સ્ત્રી સશક્તિકરણ જાણવું.
૪. 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતું સાંવેગિક સ્ત્રી સશક્તિકરણ જાણવું.
૫. 'મારા બાળપણના દિવસો પુસ્તકમાં વ્યક્ત થતું આર્થિક સ્ત્રી સશક્તિકરણ જાણવું.

### સંશોધનના પ્રશ્નો

સંશોધનના પ્રશ્નોની રચના સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબના હતા.

૧. 'મારા બાળપણના દિવસો' પુસ્તકમાં કેવુ શૈક્ષણિક સ્ત્રી સશક્તિકરણ જોવા મળે છે?
૨. 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં કેવુ સામાજિક સ્ત્રી સશક્તિકરણ જોવા મળે છે?
૩. 'મારા બાળપણનાદિવસો'પુસ્તકમાંકેવુ માનસિક સ્ત્રી સશક્તિકરણ જોવા મળે છે?
૪. 'મારા બાળપણના દિવસો' પુસ્તકમાં કેવુસાંવેગિક સ્ત્રી સશક્તિકરણ જોવા મળે છે?
૫. 'મારા બાળપણનાદિવસો' પુસ્તકમાંકેવુ આર્થિક સ્ત્રી સશક્તિકરણ જોવા મળે છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હતુ. જેમાં તસલીમાનસરીનના'મારા બાળપણના દિવસો' પુસ્તકના તમામ પ્રકરણનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં માહિતીના પૃથક્કરણ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સ્વરૂપનુંહતુ. તેમાં તસલીમાનસરીનનું 'મારા બાળપણના દિવસો' પુસ્તક વ્યાપવિશ્વ તરીકે પસંદ કર્યું હતુ. પુસ્તકમાં સમાવિષ્ટ તમામ પ્રકરણોનોનમૂનામાં સમાવેશ કર્યો હતો. વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

### સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના એકત્રીકરણ માટે સંશોધક દ્વારા નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.

### માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં તસલીમાનસરીનના 'મારા બાળપણના દિવસો'પુસ્તકને અનુરૂપ હેતુઓની રચના કરવામાં આવી હતી. હેતુઓને ધ્યાનમાં રાખી નોંધપત્રક રચવામાં આવ્યું હતુ અને વાંચનને આધારે હેતુઓને અનુરૂપ મુદ્દાઓની નોંધ નોંધપત્રકમાં કરવામાં આવી હતી. નોંધપત્રકમાંમેળવેલ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ વડે પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યુહતુ.

### સંશોધનના તારણો

**મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતા શૈક્ષણિક સ્ત્રી સશક્તિકરણઅંગેના તારણો**

- ખેરુન્નિશા (તસલીમાની નાની) ની વાંચવા-લખવાની ક્ષમતા, ધંધા અંગેની સમજણ અને આવડત, ઘરને એક જુથ બાંધી રાખવાની ક્ષમતા, શિક્ષણ અંગેની સભાનતા તેમજ છોકરીઓને શિક્ષણ આપવું જોઈએ તે અંગેની સમજણ ધરાવતા હતા. તે જાણવા મળ્યું.
- તસલીમાનીમાતાનો ભણવા પ્રત્યેનો ઉત્સાહ અને શાળામાં હોશિયાર વિદ્યાર્થીની તરીકેની

નામના, પત્ર લખવાની આવડત, દેશના ભાગલા અંગેની સમજણ તેમજ સજીવો અંગેની સ્પષ્તતા ધરાવે છે. તેમ જાણવા મળ્યું.

- તસલીમાનો મિત્ર પ્રત્યેનો રસ, તસલીમાનોસજીવો પ્રત્યેનો સ્પષ્ટ ખ્યાલ, નીલ આર્મસ્ટ્રોંગના ચંદ્ર સફરનીસભાનતા, શરીરના બંધારણ અંગેની સમજણ, વિજ્ઞાન તેમજ બ્રહ્માંડ અંગેનો ખ્યાલ, કામવાળીનેબાળક્ષરીશીખવવાની ક્ષમતા તેમજ યોગ્ય પદ્ધતિથી પત્ર લખવાની આવડત વગેરે જાણવા મળ્યુ.
- તસલીમાનસરીનના પિતાનો દીકરાઓના અભ્યાસ પરનો ભાર, દીકરીઓને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવાની ક્રિયા, દીકરીઓના અભ્યાસ અંગે સતત સભાન રહેવાની ક્રિયા વિશે જાણવા મળ્યુ.

**'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતાં સામાજિક સ્ત્રી સશક્તિકરણઅંગેના તારણો**

- તસલીમાનીમાતાનો બુરખો હટાવી જવાબ આપવાની ક્ષમતા, પતિનું ઘર જમાઈ તરીકે રહેવા પ્રત્યેનો વિરોધ, પતિને પોતાના પિતાના અહેસાનનોજતાવવાની ક્રિયા, આવડત અને ચપળતા, પતિના પ્રશ્નોના ઉલટા જવાબ આપવાની ક્રિયા, પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધનો વિરોધ કરવાની ક્ષમતા, પતિની ખરાબ ટેવો પર મહેણાં માણવાની આવડત, પતિને ધમકી આપવી, ઘરના અન્ય કુટુંબીજનો અંગે વિચારવુ, ભરતણ અંગે વિચારવાની ક્રિયા, પતિની ક્રિયાઓ પર પ્રતિક્રિયા આપવાની ટેવ વગેરે જોવા મળ્યુ.
- તસલીમાનો વિરોધ કરવાની ક્રિયા, સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવ પર અવાજ ઉઠાવવો, લડાઈમાં વચ્ચે પડી સુલેહ કરવાની ક્રિયા, પિતાની ઈચ્છા અંગે વિચારવાની ક્રિયા વગેરે જાણવા મળ્યું.
- તસલીમાનીનાનીના પતિના ખોટા કાર્યો પર બોલવાની ક્રિયા, તસલીમાનીમાસીના સમાજ અંગેના વિચારો, તસલીમાની નાનીની પરિસ્થિતિને સમજીને કાર્ય કરવાની ટેવ, કામવાળીની પોતાની જવાબદારી સમજવાની ક્રિયા વગેરે જાણવા મળ્યું.

**'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતાં માનસિક સ્ત્રી સશક્તિકરણઅંગેના તારણો**

- તસલીમાની એકલા કોઈ સ્થળે ન જઈ શકવાની ઘટના, પિતાની બીકથી સતત પીડાતા હોવાની ક્રિયા, તસલીમાની માતાની ભાન ગુમાવી બેસવાની ક્રિયા, તસલીમાનીઅંધારા રૂમમાં ન જઈ શકવાની ક્રિયા વગેરે બાબતો માનસિક સ્ત્રી સશક્તિકરણરૂંધાય છે તે અર્થે જાણવા મળ્યુ.
- તસલીમાની પોતાના સંવેગો પર કાબૂ મેળવવાની ક્ષમતા, સ્ત્રીઓની હિંમતપૂર્વક પોતાના કુટુંબીજનોની લાશ શોધવાની ક્રિયા, તસલીમાની નાનીની બધી પરિસ્થિતિમાં ઘરને સંભાળી લેવાની ક્રિયા, તસલીમાની માતાની સહન કરવાની ક્ષમતા, તસલીમાની કોઈ ઘટના અંગે વિચારી પોતાના મંતવ્ય આપવાની ક્રિયા, તસલીમાની વ્યક્તિની ક્રિયાને આધારે તેને ઓળખી લેવાની આવડત, તસલીમાની આદર્શ અને વાસ્તવિકતા અંગે ભેદ પારખવાની ક્ષમતા, તસલીમાની ચૂપ રહી પ્રતિક્રિયા ન આપવાની ક્ષમતા, તસલીમાની ઈશ્વર અંગે વિચારવાની ક્ષમતા, વિજ્ઞાનના તર્ક અંગે વિચારવાની ક્ષમતા, પુસ્તક વાંચનના આધારે દુનિયા વિશેની સમજણ મેળવવાની આવડત, પરિસ્થિતિ મુજબ તેમાં ધરી જવાની આવડત, ધીમે-ધીમે વિદ્રોહીની તરીકે બહાર આવવાની ઘટના, તસલીમાની પોતાની જાતને મજબૂત બનાવવાની ક્ષમતા વગેરે બાબતો જાણવા મળી.

**"મારા બાળપણના દિવસો પુસ્તકમાં વ્યક્ત થતાં સાંવેગિક સ્ત્રી સશક્તિકરણઅંગેના તારણો**

- તસલીમાની નાનીની તેમજ માતાની પરિસ્થિતિને આધિન દુ:ખી થવાની ક્રિયા, તસલીમાની પોતાના સંવેગો પર

કાબૂ મેળવવાની ક્રિયા, તસલીમાનીઈર્ષ્યા કરવાની ટેવ, મણીની તેની માતાને યાદ કરવાની ક્રિયા, તસલીમાની અન્ય પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની ટેવ, તસલીમાનીપિતાથીડરવાની ટેવ, તસલીમાની વારંવાર ભાવુક થવાની ટેવ, તસલીમાનો શાળા પ્રત્યેનો લગાવ, યાસ્મીનનો પોતાની શાળા સાથેનો લગાવ, તસલીમાની ગરીબ વ્યક્તિઓ પ્રત્યેની સંવેદનશીલતા, તસલીમાની અન્યને દુઃખી જોઈ દુઃખી થવાની ટેવ, અન્યને મદદ કરવાનો જુસ્સો, તસલીમાનું પોતાની માતાના વ્હાલની સાથે પીગળીજવુ વગેરે બાબતો જાણવા મળી.

**"મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતા આર્થિક સ્ત્રી સશક્તિકરણ અંગેના તારણો**

- તસલીમાનીડાઈનિંગ ટેબલ પર બેસીને જમવાની ટેવ તેમજ તેમના શહેરમાં વધુ સ્ત્રી કામદારોનું પ્રમાણ રહેલ છે તે જાણવા મળ્યું.

**સંશોધનના શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના અંતે નીચે મુજબના કાર્ય હાથ ધરી શકાય.

૧. વિદ્યાર્થીઓને તસલીમા નસરીનના જીવનથી પરિચિત કરવા જોઈએ,

૨. શિક્ષણમાં સ્ત્રીના સમાજમાં સ્થાન અને અધિકારો અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરવુ જોઈએ.

3. શાળામાં સ્ત્રી દરજ્જો તેમજ તેનુ માન જળવાય તે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવુ જોઈએ.

૪. શાળામાં વિદ્યાર્થીઓ સાંવેગિક તેમજ માનસિક રીતે સશક્ત થાય તે મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ,

૫. તસલીમા નસરીનના પુસ્તકો વાંચવાથી હિંમત, ત્યાગ, દ્રઢતા વગેરે જેવા મૂલ્યોનું જીવનમાં ઘડતર થઈ શકે છે તેથી વિદ્યાર્થીઓને વાંચવા માટે પ્રેરિત કરવા જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

૧. તસલીમા નસરીન-એક વ્યક્તિ અભ્યાસ.

૨. તસલીમા નસરીનના જીવન અંગેના વિચારોનો અભ્યાસ.

3. તસલીમા નસરીનનું જીવન-વૃત્તાંત.

૪. તસલીમા નસરીનના સ્ત્રી અધિકાર અને માનવ અધિકાર અંગેનાપ્રદાનનો

૫. તસલીમા નસરીનના સાહિત્યનો વિવેચનાત્મક અભ્યાસ.

૬. તસલીમા નસરીન જેવા અન્ય લેખિકાઓના સાહિત્યનો અભ્યાસ.

૭. તસલીમાનસરીનના પુસ્તકો અને અન્ય સર્જકના પુસ્તકો સાથે તુલનાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે તસલીમા નસરીનના 'મારા બાળપણના દિવસો'પુસ્તકમાં વ્યક્ત થતાં સ્ત્રી સશક્તિકરણ વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યું હતું. સંશોધક દ્વારા સંશોધનને તટસ્થ રીતે પ્રસ્તુત કરવાનો પૂરો પ્રયાસ કર્યો છે તેમ છતાં આત્મલક્ષીતા આવી જવાની શક્યતા રહેલી છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રી સશક્તિકરણ ને ધ્યાનમાં રાખીને હેતુઓની રચનાને આધારે તારણો તારવવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થી કે વ્યક્તિ તેમજ સમાજ ઘડતર માટે દિશા સૂચન કરશે તથા આ ક્ષેત્રે ભવિષ્યમાં સંશોધન કરનારને માર્ગદર્શન પુરુપાડશે.

# ધોરણ નવના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ

ચૌધરી કાશ્મીરા પી.

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે "ધોરણ નવનાં વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ" વિષય પસંદ કરી પ્રસ્તુત વિષય પર સંશોધન હાથ ધર્યુ હતું. આ સંશોધન હાથ ધરતી વખતે સંશોધક દ્વારા જે હેતુઓ નિર્ધારિત કરવામાં આવ્યા હતા તે આ પ્રમાણે છે.

### સંશોધનનાં હેતુઓ

(૧) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકના બાહ્ય લક્ષણો વિશે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૨) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકના આંતરિક લક્ષણો વિશે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૩) ધોરણ 9ના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકમાં સમાવેલ પ્રાયોગિક કાર્ય વિશે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૪) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તકમાં આપેલ સ્વાધ્યાય કાર્ય અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૫) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તક માટે સંદર્ભ સાહિત્યો વિશે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૬) ધોરણ નવના વિજ્ઞાન વિષયની ધ્યેય સિદ્ધિ અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

(૭) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તક અંગે શિક્ષકોના સૂચનોનો અભ્યાસ કરવો.

### સંશોધનનાં પ્રશ્નો

(૧) ધોરણ નવના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકનાં બાહ્ય લક્ષણો વિશે શિક્ષકોનાં અભિપ્રાયો કેવા હશે?

(૨) ધોરણ નવના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના આંતરિક લક્ષણો વિશે શિક્ષકોનાં અભિપ્રાયો કેવા હશે?

(૩) ધોરણ નવના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવેશ પ્રાયોગિક કાર્ય વિશે શિક્ષકોનાં અભિપ્રાયો કેવા હશે?

(૪) ધોરણ નવના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં આપેલ સ્વાધ્યાય કાર્ય વિશે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(૫) ધોરણ નવના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક માટે સંદર્ભ સાહિત્ય વિશે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

(૬) ધોરણ નવના વિજ્ઞાન વિષયની ધ્યેય સિદ્ધિ સંદર્ભેશિક્ષકોનાં અભિપ્રાયો કેવા હશે?

(૭) ધોરણ નવના વિજ્ઞાન વિષયનાં પાઠ્યપુસ્તક અંગે શિક્ષકોનાં સૂચનો કેવા હશે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનનાં વિષય મુજબ વ્યારાતાલુકાની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન વિષયનું ધોરણ નવમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકો વ્યાપવિશ્વ બન્યા હતા. આ સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો બન્યો હતો. જે અંતર્ગત 40 શિક્ષકોનો સમાવેશ નમૂનાનાપાત્રો તરીકે લીધા હતા.

### ઉપકરણની પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વ-રચિત ઉપકરણો તરીકે અભિપ્રાયાવલિ અને મુક્તજવાબીપ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં અભિપ્રાયાવલિમાં ૮ ઘટકોને આવરીને ૬૪

વિધાનો તથા ૬ મુક્ત જવાબી પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ**

સંશોધકે માહિતી એકત્રીકરણ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધર્યુંહતુ. જેમાં માહિતી એકત્રીકરણ માટે સંશોધકે ધોરણ નવના વિજ્ઞાન વિષયના શિક્ષકો પાસેથી રૂબરૂ મુલાકાત લઈ અભિપ્રાયો પ્રાપ્ય કર્યા હતા. જયારેમુક્તજવાબીપ્રશ્નાવલી માટે મુક્ત પ્રતિચારો પ્રાપ્ત કર્યા હતા.

**માહિતી પૃથક્કરણની રીત**

શિક્ષકો દ્વારા રચાયેલઅભિપ્રાયોનું ટકાવારી અને કાઈવર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું જયારે મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત પ્રતિચારોનુંવિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું,

**સંશોધનના તારણો**

સંશોધક દ્વારા હાથ ધરવામાં આવેલ "ધોરણ નવનાં વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ" અંતર્ગત રચવામાં આવેલી અભિપ્રાયાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરતા જે તારણો પ્રાપ્ત થયા હતા જે નીચે મુજબ દર્શાવ્યા છે.

**પાઠ્યપુસ્તકના બાહ્ય સ્વરૂપ અંગેના તારણો**

૧. પાઠ્યપુસ્તકનું છાપકામ યોગ્ય છે એવું જાણવા મળ્યું હતું.
૨. પાઠ્યપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક જણાયું હતું.
૩. પાઠ્યપુસ્તકનાકાગળોની ગુણવત્તા સારી જોવા મળી હતી.
૪. પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પરના ચિત્રો અર્થપૂર્ણ જણાયા હતા.
૫. પાઠ્યપુસ્તકની બાંધણી સારી અને ટકાઉ જોવા મળી હતી.

**પાઠ્યપુસ્તકના આંતરિક લક્ષણો અંગેનાં તારણો**

➢ **વિષયવસ્તુની ગોઠવણી અને રજુઆત**

૧. વિષયવસ્તુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણકેળવે તેવું છે.
૨. વિષયવસ્તુમાં વૈવિધ્ય જોવા મળે છે.
૩. વિષયવસ્તુ વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા વૃત્તિ કેળવે તેવું છે.
૪. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ અન્ય વિષયો સાથે અનુબંધ પ્રસ્થાપિત કરે તેવું છે.
૫. વિષયવસ્તુની ગોઠવણી સરળતાથી કઠિનતાના કર્મમાં અને પ્રવર્તમાન સમયને અનુરૂપ જણાયું હતું.

➢ **પાઠ્યપુસ્તકની ભાષાકીય બાબતો અંગેનાં તારણો**

૧. પાઠ્યપુસ્તકની ભાષા બાળકોને અભ્યાસ માટે પ્રોત્સહિત કરે તેવી તથા આપેલા પારિભાષિક શબ્દો સ્પષ્ટ કરેલ જોવા મળ્યા હતા.
૨. વિષયવસ્તુનીરજુઆત સરળ ભાષામાં થયેલી જોવા મળી હતી.
૩. પાઠપુસ્તક્ની ભાષા વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ જોવા મળી હતી.
૪. પાઠપુસ્તક્ની ભાષા દરેક વિદ્યાર્થી સમજી શકે તેવી જણાય છે.

➢ **પાઠપુસ્તક્ની ચિત્રાત્મક બાબતો અંગે તારણો**

૧. પાઠ્યપુસ્તકમાં ચિત્રો રંગીન અને આકર્ષક જોવા મળ્યા હતા.
૨. વિષયવસ્તુ સમજવા માટે ચિત્રો ઉપયોગી બને તેવા જણાયા હતા.
૩. પાઠ્યપુસ્તકના ચિત્રોમાં વિષયવસ્તુ પ્રમાણે વૈવિધ્ય જોવા મળ્યું હતું.
૪. પાઠ્યપુસ્તકમાં ચિત્રો યોગ્ય કદમાં રજૂ થયેલા જોવા મળ્યા હતા.

**પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાય કાર્ય અંગે તારણો**

૧. પાઠપુસ્તકમાં સ્વાધ્યાય કાર્ય એકમને અનુરૂપ તથા રચનાત્મક કૌશલ્યોકેળવાય તેવી પ્રવૃત્તિઓવાળુ જોવા મળ્યું હતું.

૨. સ્વાધ્યાયનાં પ્રશ્નો અધ્યયન કાર્યમાં મદદરૂપ થાય તેવા જોવા મળ્યા હતા.

૩. પાઠ્યપુસ્તકનું સ્વાધ્યાય શિક્ષકને અધ્યયન કાર્યમાં ઉપયોગી થાય છે તેવું જાણવા મળ્યું હતું.

૪. સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓને વિચારવા પ્રેરે તેવા આપવામાં આવ્યા હતા.

૫. પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયનાં પ્રશ્નોમાં વૈવિધ્ય જોવા મળે છે.

૬. પાઠપુસ્તક્ના સ્વાધ્યાય દ્વારા જ્ઞાનમાં દ્દઢીકરણ થાય છે તે જાણવા મળ્યું હતું.

**પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પ્રાયોગિક કાર્ય અંગેનાં તારણો**

૧. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રયોગો સરળ જણાયા હતા.

૨. પ્રયોગો વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા વૃત્તિ વધારવા ઉપયોગી બની શકે તેવા જોવા મળ્યા હતા.

૩. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રયોગો એકમને અનુરૂપ હતા.

૪. પ્રયોગો વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણકેળવે તેવા જણાયા હતા.

૫. પ્રયોગોવિદ્યાર્થીઓની અવલોકન શક્તિ વધારે તેવા હતા.

૬. પાઠ્યપુસ્તકમાં આપેલ પ્રયોગ પદ્ધતિ સ્પષ્ટ રીતે સમજી શકાતી હતી.

**પાઠ્યપુસ્તકનાઅનુસંધાને સંદર્ભ સાહિત્ય અંગેના તારણો**

૧. પાઠ્યપુસ્તક માટે સંદર્ભ સાહિત્ય હોવું આવશ્યક છે તેવા તારણો પ્રાપ્ત થયા હતા.

૨. પાઠ્યપુસ્તક તથા ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પ્રયોગપોથી વચ્ચે સુસંગતતા જોવા મળી હતી.

૩. પાઠ્યપુસ્તકના વિષયવસ્તુસંદર્ભે સંદર્ભ સાહિત્ય અસરકારક નીવડે છે તથા વિદ્યાર્થીઓના સરળતાથી ભણાવી શકાય તેવા તારણો મળ્યા હતા.

**વિજ્ઞાન શિક્ષણ અને હેતુ સિદ્ધિ અંગે તારણો**

૧. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વૈજ્ઞાનિક વલણ કેળવે તેવું છે.

૨. વિષયવસ્તુ બાળકોના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી.

૩. વિષયવસ્તુ બાળકોને વિશ્લેષણનો ગુણ કેળવે તેવું જોવા મળ્યું હતું.

૪. વિષયવસ્તુ બાળકોને અનુકૂલન સાંધતાશીખવી શકે તેવું જણાયું હતું.

૫. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ બાળકોની અભિરૂચીનેસંતોષે તેવું જોવા મળ્યું હતું.

૬. પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓમાં એકાગ્રતાનો ગુણ કેળવવામાં ઉપયોગી જણાયું હતું.

**મુક્ત જવાબી પ્રશ્નોના આધારે મુખ્ય તારણો**

મુક્ત જવાબી પ્રશ્નોના સંદર્ભમાં મળેલી માહિતી પરથી નીચે મુજબના તારણો ફલિત થાય છે.

➢ **પાઠ્યપુસ્તકના સારા લક્ષણો સંદર્ભે તારણો**

૧. પાઠ્યપુસ્તકમાં મુખપૃષ્ઠ આકર્ષક જોવા મળ્યું હતું.

૨. પાઠ્યપુસ્તકમાં આકૃતિઓ આકર્ષક અને વાસ્તવિક લાગે તેવી જોવા મળી હતી.

૩. પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુપ્રવૃતિઓ દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

૪. અભ્યાસક્રમ પ્રવર્તમાન સમયને અનુરૂપ તથા આગલા ધોરણ સાથે અનુબંધિત જોવા મળ્યો હતો.

૫. વિષયવસ્તુ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ કેળવે તેવું જોવા મળ્યું હતું.

- **પાઠ્યપુસ્તકમાં રહેલ ખામીઓ અંગેનાં તારણો**

૧. પાઠ્યપુસ્તકની ભાષા થોડી કઠિન તથા પ્રકરણો વધુ લાંબા જોવા મળ્યા હતા.

૨. સામાન્ય બાળકો માટે અભ્યાસક્રમ અઘરો જણાયો હતો.

૩. પાઠ્યપુસ્તકનું વજન અને કદ વધુ જોવા મળ્યા હતા.

૪. પાઠ્યપુસ્તકની કિંમત વધુ જોવા મળી હતી.

૫. અભ્યાસક્રમ ગ્રામ્ય વિસ્તારના બાળકોને ધ્યાનમાં રાખીને તૈયાર થયો નથી તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી.

૬. પ્રવૃત્તિઓ પછી ઉત્તરો આપ્યા નથી તેવો માહિતી પ્રાપ્ત થઈ હતી.

- **અધ્યાપન કાર્ય સંદર્ભે કઠિન લાગતા પ્રકરણો અંગેના તારણો**

શિક્ષકોને વિદ્યાર્થીઓને અધ્યાપનકાર્ય કરાવવામાં કઠિન લાગતાં ત્રણ પ્રકરણો આ મુજબ જોવા મળ્યા હતા.

(1) ગુરુત્વાકર્ષણ

(2) ધ્વનિ

(3) પરમાણુનું બંધારણ

- **અધ્યાપન કાર્ય સંદર્ભે સરળ લાગતા પ્રકરણો અંગેના તારણો**

શિક્ષકોને વિદ્યાર્થીઓને અધ્યાપનકાર્ય કરાવવામાં સરળ લાગતો ત્રણ પ્રકરણો આ મુજબ જોવા મળ્યા હતા.

(૧) નૈસર્ગિક સ્ત્રોતો

(૨) અન્ન સ્ત્રોતોમાં સુધારણા

(૩) આપણે શામાટે માંદા પડીએ છીએ

- **પાઠ્યપુસ્તકને વધુ અસરકારક બનાવવા માટે શિક્ષકો દ્વારા પ્રાપ્ત સૂચનો અંગેના તારણો**

૧. વિદ્યાર્થીની વયકક્ષા અનુસાર અભ્યાસક્રમ બનાવવો જોઈએ.

૨. પાઠ્યપુસ્તકની ભાષા સરળ કરવાનાં પ્રયાસો થવા જોઈએ.

૩. પાઠ્યપુસ્તકના એકમ ટૂંકા અને થોડા ઓછા હોવા જોઈએ.

૪. પ્રવૃત્તિ સાથે ઉત્તરો આપવા જોઈએ તથા પ્રવૃત્તિ સાથે ઉદાહરણો વ્યવહારિક આપવા જોઈએ.

૫. પાઠ્યપુસ્તકની કિંમત ઓછી કરવી જોઈએ.

૬. મુખ્ય મુદ્દાઓ જુદા જુદા રંગથી દર્શાવવા જોઈએ.

૭. માનવ વિજ્ઞાન આધારિત વધુ પ્રકરણો ઉમેરવા જોઈએ.

૮. પર્યાવરણ જાગૃતિ તથા જળવ્યવસ્થાપનસંદર્ભે માહિતી આપવી જોઈએ.

- **પાઠ્યપુસ્તકના ગ્રેડ અંગેનું તારણ**

પાઠ્યપુસ્તકના ગ્રેડ અંગે આપેલ માહિતીમાં માધ્યમિક શાળામાં ધોરણ નવમાં અધ્યાપન કાર્ય કરાવતા ૪૦ માંથી ૨૭ શિક્ષકોએપાઠપુસ્તક્ને'બ ' ગ્રેડ આપ્યો હતો. તેથી કહી શકાય કે પાઠ્યપુસ્તક 'ઉત્તમ' પ્રકારનું છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના આધારે જે તારણો પ્રાપ્ત થયા હતા તેના આધારે સંશોધકે કેટલાક મહત્વના સૂચિતાર્થોદર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. જે નીચે પ્રમાણે છે.

૧. પાઠ્યપુસ્તકમાં આપેલ વિષયવસ્તુને થોડી ટૂંકી કરવી જોઈએ જેથી સમયસર અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય.

૨. પાઠ્યપુસ્તકનું કદ નાનું કરી શકાય તથા વજન ઓછું કરી શકાય.

૩. પાઠપુસ્તકની કિંમત ઓછી કરવી જોઈએ.

૪. એકમના અંતે અંગ્રેજી પારિભાષિક શબ્દો આપવા જોઈએ જેથી વિદ્યાર્થીઓનું જ્ઞાન વધારી શકાય.

૫. પ્રવૃતિઓના અંતે ઉત્તરો આપવા જોઈએ જેથી વિદ્યાર્થી પોતાની રીતે પ્રવૃતિ કરી જ્ઞાન મેળવી શકે.

૬. પાઠપુસ્તકમાં સંદર્ભ સૂચિ આપવી જોઈએ જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વિષયવસ્તુ સંબંધિત વધુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

૭. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ ગ્રામ્ય વિસ્તારને પણ ધ્યાનમાં રાખીને બનાવવું જોઈએ.

**ભાવિ સંશોધનોનાં ક્ષેત્રો**

પ્રવર્તમાન સમયમાં ઘણા ઝડપી પરિવર્તનો આવી રહ્યા છે. દરરોજ જ્ઞાનમાં વધારો થાય છે. સંશોધનનાં નવાં નવાં ક્ષેત્રો વિકસે છે. તેથી સંશોધક નમ્રપણે માને છે કે શિક્ષણ ક્ષેત્રે પણ પરિવર્તન થવા જોઈએ. પ્રસ્તુત હેતુઓ ધ્યાનમાં રાખીને સંશોધકે નીચે પ્રમાણે ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવ્યા છે.

૧. પાઠ્યપુસ્તક સંદર્ભે તે અન્ય કોઈ પણ તાલુકા, જિલ્લાકે રાજ્યમાં આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

૨. અન્ય ધોરણ કે અન્ય વિષય માટે આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

3. ધોરણ નવનાં જુના અને નવાં વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ કરી શકાય.

૪. વિજ્ઞાન શિક્ષણનાં અધ્યાપન કાર્યમાં આવતીમુશ્કેલી અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણી શકાય.

૫. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ સંદર્ભે સંશોધન હાથ ધરી શકાય.

૬. વિજ્ઞાનનાં કોઈ એકમ માટે પ્રાયોગિક કાર્ય હાથ ધરી શકાય.

૭. વિજ્ઞાન વિષય અંગે વિદ્યાર્થીઓના વલણો જાણી શકાય.

૮. વિજ્ઞાન વિષયની તાલીમ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો જાણી શકાય.

**ઉપસંહાર**

સંશોધક માને છે કે જ્ઞાન મેળવવાના ઘણા માર્ગો છે,જેમાં સંશોધનનો પણ સમાવેશ થાય છે. સંશોધકનું આ ક્ષેત્રમાં પ્રથમ સંશોધન છે.

પ્રવર્તમાન સમયમાં ધોરણ નવના વિજ્ઞાન વિષયના નવાં પાઠ્યપુસ્તકનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત NCERT, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકનો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ દ્વારા શિક્ષણ કક્ષાએ ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને સીધો જ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેના અંગે જ્ઞાન પ્રાપ્ત કરવા સંશોધકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું.

સંશોધકનું માનવું છે કે આ પ્રકારનાં સંશોધન પાઠ્યપુસ્તકના સુધારણા માટે તથા પુનઃસંસ્કરણ માટે ઘણા ઉપયોગી છે, જેના દ્વારા તેની ગુણવત્તા વધારી શકાય. સંશોધક દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, નિરીક્ષકો, સમીકરણો તથા તાલીમાર્થીઓ માટે પણ ઉપયોગી નીવડશે તો સંશોધકને પોતે કરેલ કાર્ય અંગે સંતોષ અનુભવાશે.

# ધોરણ-૯ નાં અંગ્રેજી વિષયનાં વ્યાકરણમાં અનુભવાતી સમસ્યાઓ

ચૌધરી સેજલ એ.

શિક્ષણ એ જીવંત અને સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ એ સમાજ પરિવર્તન માટેનું મોટામાં મોટું માધ્યમ છે. સમાજમાં ક્રાંતિ શિક્ષણ દ્વારા જ આવી શકે. શિક્ષણ પ્રક્રિયામાં માનવી કેન્દ્ર સ્થાને છે. નુતનશિક્ષણનું ધ્યેય બાળકનો સુસંવાદી સર્વાંગી વિકાસ સાધવાનું છે. પરંતુ સાંપ્રત સમયમાં માધ્યમિક શિક્ષણમાં ઘણી સમસ્યાઓ જોવા મળે છે. આથી સંશોધકે માંગરોળ તાલુકાના માધ્યમિક શિક્ષણની સમસ્યાઓ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું.

### સંશોધનના હેતુઓ

૧. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૨. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના શૈક્ષણિક ઉપકરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૩. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના અધ્યયન સંબંધી સમસ્યાઓ જાણવી.

૪. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ જાણવી.

૫. અંગ્રેજી વિષયના શિક્ષકની શિક્ષણમાં અનુભવાતી સમસ્યાઓ જાણવી.

૬. અંગ્રેજી વિષયના શિક્ષકોની શૈક્ષણિક અનુભવની માહિતી જાણવી.

### સંશોધનના પ્રશ્નો

૧. ધોરણ ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણ શિક્ષણમાં કઇ કઇ સમસ્યાઓ નડે છે?

૨. ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઉપકરણ સંબંધિત કઇ કઇ સમસ્યાઓ નડે છે?

3.ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અધ્યયનમાં કઇ કઇ સમસ્યાઓ નડે છે?

૪. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓને ગ્રુહકાર્ય કરવામાં કઇ કઇ સમસ્યાઓ નડે છે?

૫.ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના શિક્ષકોની શૈક્ષણિક અનુભવ કેટલો છે?

૬. ધોરણ-૯ ના અંગ્રેજી વિષયના શિક્ષક ને શિક્ષણમાં કઇ કઇ સમસ્યાઓ નડે છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

સંશોધન માટે માંગરોળતાલુકાની કુલ ૨૨ માધ્યમિક શાળાઓના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કુલ ૨૨ માધ્યમિક શાળાઓનીનમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. નમૂનામાં સમાવેશ દરેક શાળામાંથી ૧૪ વિદ્યાર્થીઓ ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા આમ સંશોધકે કુલ ૨૨ માધ્યમિક શાળાઓમાંથી ધોરણ ૯ માં અભ્યાસ કરતા ૩૦૮ વિદ્યાર્થીઓને નમુનાનાપાત્રો તરીકે પસંદ કર્યા હતા.

### માહિતી એકત્રીકરણ અને પૃક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માંગરોળ તાલુકાની અંદાજીત ૨૨ માધ્યમિક શાળાઓના ધોરણ-૯ ના અંદાજીત ૩૦૮ પાત્રો પાસેથી માહિતી મેળવી હતી.

વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સ્વરચિત સમસ્યાઓની પ્રશ્નાવલીને આધારે પ્રાપ્ત માહિતીનાપૃથ્થકરણ માટે ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી અને તેના આધારે વિધાનોને અગ્રતા ક્રમ આપવામાં આવ્યો હતો તથા મુક્ત જવાબી પ્રશ્નાવલિના ગુણાત્મક માહિતી પ્રાપ્ત થઈ હતી આ પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

માંગરોળ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષય વ્યાકરણમાં અનુભવાતી સમસ્યાઓ સંદર્ભમાં પ્રાપ્ત કરેલી માહિનીનું પૃથક્કરણ કરી અર્થઘટન ના આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે.

સ્વરચિત સમસ્યાઓની પ્રશ્નાવલી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલ પ્રતિ વિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો.

➢ વ્યાકરણ સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો.

૧. વિદ્યાર્થીઓને "Direct Indirect speech" પ્રકરણ સમજવામાં મુશ્કેલી જણાય છે.
૨. વિદ્યાર્થીઓને Active-passive voiceની રચના સમજવામાં તકલીફ અનુભવાય છે.
3. વિદ્યાર્થીઓ pronoun પ્રકરણ સમજવામાં મુશ્કેલી જણાય છે.
૪. વિદ્યાર્થીઓને Active voice ના વાક્યને Passive voice માં રૂપાંતર કરવામાં મુશ્કેલી પડે છે.
૫. વિદ્યાર્થીઓને Degree નું રૂપાંતર કરવામાં મુશ્કેલી પડે છે.
૬. અંગ્રેજી વિષયના વ્યાકરણમાં કાળ વિશે સમજણ મેળવવી મુશ્કેલ પડે છે.
૭. વિદ્યાર્થીઓને Noun પ્રકરણ સમજવામાં મુશ્કેલી અનુભવાય છે.
૮. 'Wh' વાળા પ્રશ્નાર્થ વાક્ય બનાવવામાં મુશ્કેલી જણાય છે.
૯. ગુજરાતી વાક્યનું અંગ્રેજીમાં રૂપાંતર કરવું અઘરું લાગે છે.
૧૦. કાળ પર આધારિત પ્રશ્નાર્થવાક્ય બનાવવામાં મુશ્કેલી અનુભવાય છે.
૧૧. મૂળ ક્રિયાપદનાભૂતકાળના અને ભૂતકૃદંતનારૂપો યાદ રાખવામાં મુશ્કેલી પડે છે.
૧૨. ક્રિયાપદ આધારે ખાલી જગ્યા પુરવામાં મૂંઝવણ અનુભવે છે.
૧૩. વિદ્યાર્થીઓને વાક્યરચના બનાવવામાં Prepositionsનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે.
૧૪. વિદ્યાર્થીઓને Degree પ્રકરણની વાક્ય રચના કરવામાં મુશ્કેલી પડે છે.
૧૫. અંગ્રેજી વાક્યનું ગુજરાતીમાં રૂપાંતર કરવું અઘરું લાગે છે.

➢ **શૈક્ષણિક ઉપકરણ સંબંધિત સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો**

૧. અંગ્રેજી વિષયના વ્યાકરણના અધ્યયનમાં સ્પષ્ટ ઉચ્ચાર માટે ટેપરેકોર્ડર સિવાય અન્ય ઉપકરણોનો ઉપયોગ થતો નથી.
૨. અંગ્રેજી વિષયના વ્યાકરણમાં અધ્યાપન કરતી વખતે શિક્ષક યોગ્ય રીતે બ્લેકબોર્ડનો સિવાય અન્ય ઉપકરણોનો ઉપયોગ થતો નથી.
૩. અંગ્રેજી વિષયનું વ્યાકરણ સમજવાનાસંદર્ભે નવી પ્રવૃત્તિ ન થતી હોવાથી તાસ નીરસ લાગે છે.

➢ **અધ્યયન સંબંધિત સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત થયેલ તારણો.**

૧. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા વાંચવામાં થોડી મુશ્કેલી પડે છે.
૨. વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના વ્યાકરણના અન્ય સંદર્ભ પુસ્તકો આપવામાં આવતા નથી.
3. અંગ્રેજી ભાષાનો વ્યવહારમાં ઉપયોગ ખૂબ ઓછો કરી શકે છે.

**ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો**

૧. અંગ્રેજી વિષય વ્યાકરણના ગૃહકાર્ય ની ચકાસણી મોટેભાગે વિદ્યાર્થી પ્રતિનિધિ દ્વારા થાય છે.

૨. અંગ્રેજી વ્યાકરણ સંબંધિત ગુરુ કાર્ય કરવા માટે ઘણીવાર વિદ્યાર્થીઓ એકબીજાની નોટમાંથી નકલ કરી લખે છે.

3. અંગ્રેજી વિષયના શિક્ષક મોટેભાગે અંગ્રેજી પાઠ્યપુસ્તકનાપ્રકરણના અંતે આપેલ વ્યાકરણ સિવાયના સવાલ જવાબને લગતું ગૃહકાર્ય આપે છે.

➢ **સ્વરચિત જ્ઞાન ચકાસણી કસોટીનાસંદર્ભે વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલપ્રતિચારને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

૧. વિદ્યાર્થીઓને Direct Indirect speech પ્રકરણ સમજવામાં મુશ્કેલી જણાય છે.

૨. વિદ્યાર્થીઓને Active-passive voice ની રચના સમજવામાં તકલીફ અનુભવાય છે.

3. વિદ્યાર્થીઓને pronoun પ્રકરણ સમજવામાં મુશ્કેલી જણાય છે.

૪. વિદ્યાર્થીઓને Active voice ના વાક્યને Passive voiceમાં રૂપાંતર કરવામાં મુશ્કેલી પડે છે.

૫. વિદ્યાર્થીઓને Degree નું રૂપાંતર કરવામાં મુશ્કેલી પડે છે.

૬. અંગ્રેજી વિષયના વ્યાકરણમાં કાળ વિશે સમજણ મેળવવી મુશ્કેલ પડે છે.

૭. વિદ્યાર્થીઓને Noun પ્રકરણ સમજવામાં મુશ્કેલી અનુભવાય છે.

૮. 'Wh' વાળા પ્રશ્નાર્થ વાક્ય બનાવવામાં મુશ્કેલી જણાય છે.

૯. ગુજરાતીના વાક્યનું અંગ્રેજીમાં રૂપાંતર કરવું અઘરું લાગે છે.

૧૦. કાળ પર આધારિત પ્રશ્નાર્થવાક્ય બનાવવામાં મુશ્કેલી અનુભવાય છે.

૧૧. મૂળ ક્રિયાપદના ભૂતકાળના અને ભૂતકૃદંતનારૂપો યાદ રાખવામાં મુશ્કેલી પડે છે.

૧૨. ક્રિયાપદ આધારે ખાલી જગ્યા પુરવામાં મૂંઝવણ અનુભવે છે.

૧૩. વિદ્યાર્થીઓને વાક્યરચના બનાવવામાં Prepositionsનો ઉપયોગ કરવામાં મુશ્કેલી જણાય છે.

૧૪. વિદ્યાર્થીઓને Degree પ્રકરણની વાક્યરચના કરવામાં મુશ્કેલી પડે છે.

૧૫. અંગ્રેજી વાક્યનું ગુજરાતીમાં રૂપાંતર કરવું અઘરું લાગે છે.

➢ **શિક્ષકોની સામાન્ય માહિતી ના સંદર્ભે પ્રાપ્ત થયેલ તારણો**

૧. મહદંશે શિક્ષકો ૧થી ૧૫ વર્ષનો અનુભવ ધરાવતા જણાયા હતા.

૨. શિક્ષકો મહદંશે એમ.એડ, ccc, ટેટ, ટાટ જેવી વિશેષ લાયકાતો ધરાવતા હતા.

૩. અંગ્રેજી વિષયનું અધ્યયન કરાવતી સ્ત્રી શિક્ષકની સંખ્યા વધારે માત્રામાં હતી.

➢ **શિક્ષકને શિક્ષણમાં અનુભવવા સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો**

૧. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાની સાચી સમજ મળે તેના અનુરાધાને અંગ્રેજી વ્યાકરણ શીખવું જોઈએ.

૨. અંગ્રેજી વ્યાકરણમાં એકમોમાં આપેલ પ્રશ્નોનીક્રમબધ્ધતાજળવાતી નથી.

3. અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકમાં રમતો દ્વારા શિક્ષણ થાય તેવા એકમો પ્રમાણમાં ઓછા છે.

૪. અંગ્રેજી વ્યાકરણમાં સમજ ઓછી પડવાથી સમય વધારે જાય છે.

**મુક્ત જવાબી પ્રશ્નો ના આધારે પ્રાપ્ત થયેલ તારણો**

- **અંગ્રેજી વિષયના વ્યાકરણના અધ્યાપન દરમિયાન આપને અનુભવાતી અતિતીવ્ર સમસ્યાઓ જણાવો.**

પ્રસ્તુત સંદર્ભમાં મળેલ માહિતી પરથી નીચે મુજબના તારણો ફલિત થાય છે.

૧. વિદ્યાર્થીઓનું પાયાનું જ્ઞાન નબળું છે.

૨. Direct - Indirect Speech પ્રકરણ સમજવામાં મુશ્કેલી અનુભવાય છે.

3. Active Passive Voice એકમ સમજવાનું મુશ્કેલ જણાય છે.

૪. વિદ્યાર્થીઓનો પ્રાથમિક કક્ષાનો પાયો ખૂબ નબળો છે.

૫. વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ ખૂબ ઓછું છે.

૬. વિદ્યાર્થીઓને Verb Form એકમમાં મુશ્કેલી જણાય છે.

૭. વિદ્યાર્થીઓમાં વિવિધ ( Tenses) કાળની સમજ ઓછી જણાય છે.

૮. Prepositions સમજવામાં મુશ્કેલી જણાય છે.

૯. વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયના અધ્યાપન ઓછો રસ ધરાવે છે.

૧૦. અંગ્રેજી વિષયની વિષયવસ્તુની કઠિનતા વધુ લાગે છે.

૧૧. સમયનો અભાવ હોવાથી યોગ્ય ન્યાય આપી શકાતો નથી.

૧૨. વર્ગખંડની સંખ્યા વધારે લેવાથી દરેક વિદ્યાર્થીને યોગ્ય ન્યાય આપી શકાતું નથી.

૧૩. વિદ્યાર્થીમાંવિશ્વાસનીયતાનો અભાવ જોવા મળે છે.

૧૪. વિદ્યાર્થીઓને અંગ્રેજી વાક્યરચના કરવામાં મુશ્કેલી અનુભવાય છે.

- **અંગ્રેજી વિષયના વ્યાકરણના અધ્યાપન દરમિયાન આપને અનુભવવાથી ઉપરોક્ત સમસ્યાઓના સંદર્ભમાં ઉકેલો જણાવો**

૧. વિદ્યાર્થીઓનો વ્યાકરણનો પાયો પાકો કરાવો.

૨. અંગ્રેજી વિષય પ્રત્યે વાલીઓમાં જાગૃતતા લાવવી.

૩. વિદ્યાર્થીઓને વ્યાકરણના અલગ અલગ પુસ્તકો ફાળવવા.

૪. પ્રાથમિક કક્ષાથી અંગ્રેજી વ્યાકરણ ભણાવવાં.

૫. Direct-Indirect Speech એકમની ક્રમ મુજબ સમજૂતી આપે પ્રેક્ટીકલ ઉદાહરણી આપવા.

૬. શાળામાં અંગ્રેજી લેબની સુવિધા કરવી.

૭. વિદ્યાર્થીઓને વિવિધ કાળની યોગ્ય સમજ આપવી.

૮. ધોરણ ૧ થી ૯માં વ્યાકરણના ક્રમિક મુદ્દાઓભણાવવા.

૯. ડીક્ષનરીનો ઉપયોગ કરવો.

૧૦. અંગ્રેજી વિષયના શિક્ષક જ અધ્યયન કરાવે.

૧૧. નબળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું.

૧૨. અંગ્રેજી વિષયના અધ્યાપન દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવો.

૧૩. અંગ્રેજી ભાષાનો વ્યવહારિક જીવનમાં ઉપયોગ વધારવો.

૧૪. અંગ્રેજી વિષય માટે વધારેના તાસની ફાળવણી કરવી.

૧૫. અંગ્રેજી વિષયનાપાઠ્યપુસ્તકના યુનિટમાં ઉદાહરણ આપવા.

૧૬. વિધાર્થીઓમાં રમતો દ્વારા અંગ્રેજી ભાષાનું શબ્દભંડોળ વધારવા.

૧૭. વર્ગખંડમાં અંગ્રેજી વિષયને લગતા ચાર્ટની વ્યવસ્થા કરવી.

૧૮. વિદ્યાર્થીઓમાં રહેલો અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર કરવો.

૧૯. વિદ્યાર્થીઓને જૂથ અધ્યયન કરાવવો.

૨૦. અંગ્રેજી વિષયનાઅધ્યાપનના અંતે સ્પેલિંગ અને મહાવરા આપવા.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧. વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયનો પાયો મજબૂત બને તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ, તે માટે અંગ્રેજી વિષયના વધારાના વર્ગોનું આયોજન કરવું જોઈએ.

૨. શાળાના પુસ્તકાલયમાં અંગ્રેજી વિષયને લગના અન્ય સંદર્ભ પુસ્તકો ઉપલબ્ધ કરાવી તે પુસ્તકોનું વિદ્યાર્થીઓ ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહન આપવું જોઇએ.

3. શિક્ષકે અંગ્રેજી વ્યાકરણ શીખવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઇએ.

૪. શિક્ષકે વ્યાકરણની સમાજ સરળતાથી કઠિનતાનો સિદ્ધાંત જળવાઈ એ રીતે આપી શકે તેવું આયોજન કરવું જોઈએ.

૫. વિદ્યાર્થીઓ અંગ્રેજી વ્યાકરણ સરળતાથી સમજી શકે અને યાદ રાખી શકે તે માટે TLMનો ઉપયોગ કરવો જોઈએ.

૬. શિક્ષકે અંગ્રેજી વ્યાકરણના ગૃહકાર્યમાં વિદ્યાર્થીઓને અનુભવાતીમુશ્કેલીઓ જાણી તેને દૂર કરવા યોગ્ય પગલાં લેવા જોઈએ.

૭. વિદ્યાર્થીઓ અન્ય વિષયની જેમ અંગ્રેજી વિષયનું મહત્વ સમજે અને અધ્યયન કરવામાં રસ દાખવે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

૮. નબળા વિદ્યાર્થીઓ માટે અલગથી તાસની ફાળવણી કરવી જોઈએ જેથી તેઓને અંગ્રેજી ભાષા પ્રત્યય અણગમો ના આવે.

૯. શિક્ષકો અંગ્રેજી વિષય વ્યાકરણનું શિક્ષણ પ્રવૃત્તિ અને ક્રિયા દ્વારા કરાવે તો અંગ્રેજી વિષયના વ્યાકરણની સમસ્યાઓનુ સ્તર ઘટાડી શકાય.

**ભાવિ સંશોધનના નિર્દેશો**

૧. પ્રસ્તુત સંશોધન અંગ્રેજી વિષય વ્યાકરણ પૂરતું મર્યાદિત છે અંગ્રેજી વિષય ઉપરાંત ગુજરાતી, હિન્દી, સંસ્કૃત વિષયોના વ્યાકરણની સમસ્યાઓ સંદર્ભમાં પણ હાથ ધરી શકાય.

૨. આ પ્રકારના સંશોધન ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ ઉચ્ચ માધ્યમિક કક્ષાએ હાથ ધરી શકાય.

3. આ પ્રકારના સંશોધનો જિલ્લા રાજ્યો અને રાષ્ટ્રીય કક્ષાએ પણ હાથ ધરી શકાય.

૪. સંશોધનમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને અને શિક્ષકોની વ્યાકરણ સંબંધિત માહિતી મેળવી હતી. આ ઉપરાંત અંગ્રેજી વિષય વ્યાકરણની સમસ્યાને લાગતી વાલીઓ પાસેથી પણ માહિતી મેળવી શકાય.

૫. સુરત જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષય વ્યાકરણની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૬. અંગ્રેજી વિષય વ્યાકરણના કોઇ એક એકમ પર રચેલ કસોટીની અજમાવી.

૭. અંગ્રેજી વિષય વ્યાકરણના કોઈ એક એકમ પર આગમન નિગમન પદ્ધતિ ની અજમાઈશ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધન નો સારાંશ,તારણો શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધનના નિર્દોષ આપવાનો ઉપક્રમ રાખેલ હતો.

પ્રસ્તુત સંશોધનમાં માંગરોળતાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અને શિક્ષકોની અંગ્રેજી વિષય વ્યાકરણની સમસ્યાઓ સમજનાનો પ્રયાસ કર્યો છે.પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધન માટે ઉકેલની દિશામાં બની રહેશે તેમજ અંગ્રેજી વિષય વ્યાકરણ શીખવતા શિક્ષકો આચાર્યો અંગ્રેજી વિષયમાં રસ લેનાર સંશોધક અને ઉપયોગી નીવડશે તો સંશોધક નો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

# સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના માઈક્રોટીચિંગ અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

ચૌધરી ટીનલકુમારી જી.

### અભ્યાસના હેતુઓ

૧. સુરત શહેરનીબી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોપાઠ આયોજન અંગેના અભિપ્રાયો જાણવા.

૨. સુરત શહેરનીબી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગ કાર્યક્રમ અમલીકરણ અંગેના અભિપ્રાયો જાણતા.

૩. સુરત શહેરનીબી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગ ના કૌશલ્યો અંગેના અભિપ્રાયો જાણવા.

૪. સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોનિદર્શન પાઠ સંબંધી અભિપ્રાયો મેળવવા

૫. સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગ નિરીક્ષણ અને પ્રતિવૃષ્ટિ સંબંધી અભિપ્રાયો મેળવવા,

૬. સુરત શહેરની બી.એડ્. કોલેજોના અધ્યાપકોના માઈક્રોટીચિંગ અસરકારક બનાવવા માટેના સૂચનો જાણવા.

### અભ્યાસના પ્રશ્નો

૧. સુરત શહેરની બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓના માઈક્રોપાઠ આયોજન અંગેના અભિપ્રાયો શું છે?

૨. સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગની કાર્યક્રમના અમલીકરણ અંગેના અભિપ્રાયો કેવા છે?

૩. સુરત શહેરની બી.એડ।. કોલેજોના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગના કૌશલ્યો અંગેના અભિપ્રાયો કેવા છે?

૪. સુરત શહેરની બી.એડ્. કોલેજોના તાલીમાર્થીઓ માઈક્રોનિદર્શન પાઠ અંગે શું અભિપ્રાયો ધરાવે છે?

૫. સુરત શહેરની બી.એડ. કોલેજોના તાલીમાર્થીપોના માઈક્રોટિચિંગ નિરીક્ષણ અને પ્રતિવૃષ્ટિ સંબંધી અભિપ્રાયો શું છે?

૬. સુરત શહેરની બી.એડ્. કોલેજોના અધ્યાપકોના માઈક્રોટીચિંગને અસરકારક બનાવવા માટેના સૂચનો કયા કયા છે?

### અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યો હતો.

### વ્યપવિશ્વ અને નમૂના પસંદગી

ઉપરોક્ત ઉદ્દેશો અને પ્રશ્નો સિદ્ધ કરવા માટે વ્યાપવિશ્વની સુરત શહેરની ૬ બી.એડ.કોલેજોને પસંદ કરવામાં આવી હતી. જેમાં ૩૦૬ તાલીમાર્થીઓ અને ૩૧ અધ્યાપકોનો સમાવેશ થતો હતો.

### ઉપકરણની સંરચના

માહિતી એકત્રીકરણ માટે અધ્યેતાએ ઉપકરણ તરીકે તાલીમાર્થીઓ માટે સ્વરચિત અભિપ્રાયાવલિ અને અધ્યાપકો માટે મુક્તજવાબી પ્રશ્નાવલિની રચના કરી હતી. તાલીમાર્થીઓની અભિપ્રાયાવલિમાં કુલ ૫ વિભાગોમાં ૭૪ વિધાનો હતા. અધ્યાપકો માટેની પ્રજ્ઞાનતિમાં કુલ ૮ મુક્તા જનાબી પ્રશ્નો હતા.

### માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત

તાલીમાર્થીઓનીઅભિપ્રાયાવલિને આધારે પ્રાપ્ત થયેલાં તારણો

➢ માઈક્રોટીચિંગનાકૌશલ્યોઅંગેના તારણો.

- માઈક્રોટીચિંગ દ્વારા તાલીમાર્થીઓ વિષયાભિમુખ કૌશલ્ય માટે યોગ્ય પ્રયુક્તિનો ઉપયોગ કરતા શીખ્યા હતા.
- માઈક્રોટીચિંગ દ્વારા ઉદાહરણ કૌશલ્ય, સ્પષ્ટીકરણ કૌશલ્ય, પ્રશ્નઉડાણ કૌશલ્ય,

સુદઢીકરણ કૌશલ્ય અને ફલક નોંધ કૌશલ્યો વિકસ્યા હતા.

- માઈક્રોટીચિંગ દ્વારા એક કૌશલ્યોનો બીજા કૌશલ્યોમાં ઉપયોગ કરવામાં આવતો હતો.
- સ્પષ્ટીકરણ કૌશલ્યનો ઉપયોગ કરતા મુદ્દો સ્પષ્ટ કરતી વખતે મૂઝવણ અનુભવે છે.
- માઈક્રોટીચિંગ એ વાસ્તવિક વર્ગશિક્ષણમાં કૌશલ્યો વિકસાવવાનું અસરકારક માધ્યમ છે.

➢ માઈક્રોપાઠ આયોજન અંગેના તારણો.

- માઈક્રોપાઠ આપતા પહેલા પાઠ આયોજન બનાવવામાં આવે છે.
- માઈક્રોપાઠ આયોજન માટે અધ્યાપકો પાસેથી માર્ગદર્શન મળી રહે છે.
- માઈક્રોપાઠ આયોજન કરતા પહેલા આયોજન પાઠનો નમૂનો બતાવે છે.
- તાલીમાર્થીઓ દ્વારા પાઠ આયોજન માટે વિષયવસ્તુના એક નાના ભાગને તૈયાર કરે છે.
- માઈક્રોટીચિંગનેદરમયાનતાલીમાર્થીઓ સમય આયોજન કરતા થાય છે.
- માઈક્રોટીચિંગસોપાનો ક્રમિક આયોજન અધ્યાપકો સમજ આપે છે.
- અધ્યાપકો દ્વારા અપાતા આદર્શ પાઠોનાઆયોજનનો લાભ બધાં તાલીમાર્થી લે છે.

➢ માઈક્રોનિદર્શન પાઠ સંબંધી તારણો.

- દરેક કૌશલ્યો લગતા નિદર્શન પાઠ અધ્યાપકો આવે છે.
- શિક્ષક દ્વારા આપેલો નિદર્શન પાઠનો વિડિયો બતાવે છે.
- માઈક્રોટીચિંગ અંગે નિરીક્ષક દ્વારા નિદર્શન પાઠની ચર્ચા થાય છે.
- માઈક્રોનિદર્શન બાદ અધ્યાપકો સૂચનો આપે છે.
- માઈક્રોનિદર્શન દ્વારા પાઠ અંગેની વિશેષ માહિતી મળે છે.
- માઈક્રોનિદર્શનપાઠના અવલોકન માટે જીવંત, દ્રશ્ય, શ્રાવ્ય અને સાંકેતિક પ્રતિમાનનો ઉપયોગ થાય છે.
- માઈક્રોનિદર્શન પાઠ ફિલ્મ દ્વારા બતાવે છે.
- તાલીમાર્થીઓકૌશલ્યોનાંઘટકોનો ઉપયોગ કરી નિદર્શન પાઠ આપે છે.
- નમૂનારૂપ નિદર્શન ઉપયોગથી નિદર્શનપાઠનું અનુકરણ થાય છે.
- માઈક્રોનિદર્શન પાઠ દ્વારા તાલીમાર્થીઓ પોતાના કૌશલ્યનું નિદર્શન કરે છે.

➢ માઈક્રોટીચિંગમાં નિરીક્ષણ અને પ્રતિવૃષ્ટિ સંબંધી તારણો.

- માઈક્રોટીચિંગનું નિરીક્ષણ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવે છે.
- માઈક્રોપાઠની નોંધ નિયત કરેલા નિરીક્ષણ પત્રકમાં થાય છે.
- સાથીમિત્રો દ્વારા થતું નિરીક્ષણકાર્ય અધ્યાપન કૌશલ્યોમાં સુધારો કરે છે.
- અધ્યાપકોના નિરીક્ષણ બાદ શિક્ષણમાં થયેલ ભૂલો સુધારવા માટે પુનઃ શિક્ષણ કરાવે છે.
- હેતુ પૂર્ણ થાય ત્યાં સુધી માઈક્રોપાઠનું પુનરાવર્તન કરાવવામાં આવે છે.
- માઈક્રોપાઠ પૂર્ણ થયા બાદ અધ્યાપકો પ્રતિપોષણ પૂરું પાડે છે.
- માઈક્રોટીચિંગમાંઅધ્યાપકનાપ્રતિપોષણ સ્પષ્ટ અને દિશાસૂચક અપાય છે.
- માઈક્રોટીચિંગ દ્વારા ત્વરિત પ્રતિપોષણ ઈચ્છિત દિશામાં તેમના વર્તનમાં પરિવર્તન કરે છે.
- માઈક્રોટીચિંગ દ્વારા પ્રતિપોષણ તેમનામાં હતાશા જન્માવતું નથી.
- માઈક્રોટીચિંગનુંઅતિનિયંત્રિત વ્યવહાર વર્ગખંડમાંઅવરોધરરૂપ બનતું નથી.

➢ માઈક્રોટીચિંગ કાર્યક્રમ અમલીકરણ અંગેના તારણો.

- માઈક્રોટીચિંગ પ્રયુક્તિ દ્વારા વિવિધ અધ્યાપન કૌશલ્યો હસ્તગત થાય છે.
- માઈક્રોટીચિંગ વડે તામાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.
- માઈક્રોટીચિંગ કાર્યક્રમને તાલીમાર્થીઓ અને અધ્યાપકો ગંભીરતાથી સ્વીકારે છે.
- માઈક્રોટીચિંગ કરાવતી વખતે પૂર્વ તૈયારી કરવી જરૂરી છે.
- માઈક્રો પાઠ આપતી વખતે શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરે છે.
- માઈક્રો પાઠ આપતી વખતે તાલીમાર્થીઓ કંટાળો અનુભવતા નથી.
- માઈક્રોટીચિંગ એ સમય બગાડવાની પ્રવૃતિ નથી.
- માઈક્રોટીચિંગ વૈજ્ઞાનિક ઢબે શિક્ષકોને તૈયાર કરે છે.
- માઈક્રોટીચિંગ એટલે શ્રેષ્ઠ શિક્ષક બનવાની તાલીમ છે.

➢ માઈક્રોટીચિંગના નબળાં પાસાઓ સંબંધી તારણો

- માઈક્રોટીચિંગ કાર્યક્રમ માટે ભૌતિક સુવિધાનો અભાવ જોવા મળે છે.
- માઈક્રોટીચિંગનાસોપાનોને યોગ્ય રીતે ન અનુસરે તો ઔપચારીક બની રહે છે.
- માઈક્રોટીચિગ કાર્યક્રમમાં બધા કૌશલ્યોનો મહાવરો એક સાથે ન થાય તો માર્ગદર્શનનો અભાવ જણાય છે.
- તાલીમાર્થીઓપુન:શિક્ષણનેગંભીરતાથી સ્વીકારતા નથી.
- માઈક્રોટીટિંગ દરમયાન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ મર્યાદિત રીતે કરે છે.

➢ માઈક્રોટીચિંગના અમલીકરણના સંદર્ભમાં તાલીમાર્થીઓના અભિગમ અંગેના તારણો.

- માઈક્રોટીચિંગના અમલીકરણ માટે તાલીમાર્થીઓ હકારાત્મક વલણ ધરાવે છે.
- માઈક્રોટીચિંગના કાર્યક્રમને અનુસરતા તાલીમાર્થીઓનો આત્મવિશ્વાસમાં અભાવ જોવા મળે છે.
- માઈક્રોટીચિંગના અમલીકરણથી તાલીમાર્થીઓના વર્તનમાં પરિવર્તન અનુભવે છે.
- માઈક્રોટીચિંગ અમલીકરણથી વાસ્તવિક શિક્ષણ કાર્યનું પૂર જ્ઞાન મેળવી શકે છે.
- માઈક્રોટીચિંગના અમલીકરણ અંગે માર્ગદર્શન મળતા તાલીમાર્થીઓ પ્રોત્સાહીત થાય છે.

➢ માઈક્રોટીચિંગમાંપુન:શિક્ષણની પદ્ધતિની ઉપયોગીતા સંબંધી તારણો.

- માઈક્રોટીચિંગમાં પુન:શિક્ષણ દ્વારા એક જ કૌશલ્ય પર પ્રભુત્વ, સમજ પ્રાપ્ત થાય છે.
- પુન:શિક્ષણ દ્વારા તાલીમાર્થીઓને પોતાની ભૂલોને સુધારવાનો અવકાશ મળી રહે છે.
- પુન:શિક્ષણ દ્વારા તાલીમાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મેળવી શકે છે.
- તાલીમાથીઓ પુન:શિક્ષણ દ્વારા પોનાના શિક્ષણકાર્યને રસપ્રદ બનાવી શકે છે.
- તાલીમાર્થીઓ પુન:શિક્ષણ દ્વારા કૌશલ્યો પૂર્ણ-પણે હસ્તગત કરી શકે છે.

➢ માઈક્રોટીચિંગ કાયક્રમને અસરકારક બનાવવા માટેના સૂચનો સંબંધી તારણો.

- માઈક્રોટીચિંગ કાર્યક્રમને અસરકારક બનાવવા માટે વિષય નિષ્ણાંત અધ્યાપક દ્વારા જ તેનું નિરિક્ષણ થઈ શકે છે.
- માઈક્રોટીચિંગ માટે PPT, ટેપરેકોર્ડર, પ્રોજેક્ટ જેવા સાધનોનો ઉપયોગ તાલીમાર્થીઓ કરી શકે છે.

- તાલીમાર્થીઓએ આયોજન, સમય, કૌશલ્યને ગંભીરતાપૂર્વક લેવું જોઈએ.
- અધ્યાપકો દ્વારા અપાતા સૂચનો તાલીમાર્થીઓમાં હતાશા જન્માવે એવા ન હોવા જોઈએ.
- તાલીમાર્થીઓ પાઠ આપતી વખતે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરે તો વધુ અસરકારક બની શકે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

નિર્ધારિત હેતુઓના અનુસંધાનમાં હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત અભ્યાસ સંદર્ભે પ્રાપ્ત થયેલાં તારણો પરથી કેટલાંક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમે અધ્યેતા દ્વારા અહીં સ્વીકારવામાં આવ્યો છે. શૈક્ષણિક સૂચિતાર્થો નીચે પ્રમાણે છે.

- માઈક્રોટીચિંગ બિનઅનુભવી શિક્ષકોને અધ્યાપન માટે આવશ્યક એવા અધ્યયન કૌશલ્યો વિકસાવવામાં મદદ કરે છે.
- અધ્યાપકોએ તાલીમાર્થીઓને માઈક્રોટીચિંગની સ્પષ્ટ સમજ અને માર્ગદર્શન આપવુ જોઈએ.
- વિવિધ કૌશલ્ય, આદર્શ પાઠનાનમૂના, વીડીઓ, અથવા અધ્યાપકો દ્વારા તાલીમાર્થીઓ બતાવવા જોઈએ.
- તાલીમાર્થીઓના માઈક્રોપાઠનું રેકોર્ડિંગ કરીને થયેલ ભૂલો બતાવવી જોઈએ કે તેથી તાલીમાથીઓ પોતાની ભૂલો સુધારી શકે.
- નિદર્શન પાઠ વીડિઓટેઈપ દ્વારા અથવા ફિલ્મ દ્વારા બતાવવા જોઈએ.
- માઈક્રો પાઠ આપવા માટે જરૂરી ભૌતિક સુવિધાઓ મહા વિધ્યાલયોમાં પુરી પાડવી જોઈએ.
- તાલીમાર્થીઓનામાઈક્રોપાઠનું નિરીક્ષણ યોગ્ય રીતે થાય તે માટે અધ્યાપકોને નિરીક્ષણની તાલીમ આપવી જોઈએ.
- અધ્યાપકોએ અનાત્મની રીતે તાલીમાર્થીઓના માઈક્રો પાઠનું નિરીક્ષણ કરવું જોઈએ.
- તાલીમાર્થીઓને કૌશલ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અધ્યાપકોએ માઈક્રોપાઠનું પુનરાવર્તન કરાવવું જોઈએ.
- નબળાં તાલીમાર્થીઓ વધુ વખત માઈક્રોપાઠ આપી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- માઈક્રોપાઠ વિશે અધ્યાપકોએ તાલીમાર્થીઓને પૂરતું માર્ગદર્શન તેમજ યોગ્ય સૂચન આપવા જોઈએ.

**ભાવિ અભ્યાસનાં ક્ષેત્રો**

પ્રત્યેક અભ્યાસ એક નવા અભ્યાસ માટે દિશાસૂચન કરતું હોય છે. અભ્યાસ કાર્ય દરમિયાન અધ્યેતાની નજર સમક્ષ અભ્યાસ સંબંધી કેટલીક નવી સમસ્યા આવતી હોય છે. અધ્યેતાએ પોતાના અભ્યાસ કાર્ય દરમિયાન અનુભવેલાં પ્રશ્નો ભાવિ અભ્યાસો માટેના ક્ષેત્રો બની રહે છે.

- માઈક્રોટીચિંગ પ્રત્યેના અભિપ્રાયોનો સુરત શહેરની તમામ બી.એડ. કોલેજોના અધ્યાપકોના અભ્યાસ.
- બી.એડ. કોલેજના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓ માઈક્રોટીચિંગના અભિપ્રાયોનો એક તુલનાત્મક અભ્યાસ.
- માઈક્રોટીચિંગ યુગના અનુભવ અંગે એમ.એડના વિધાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ
- ગુજરાત રાજ્યની તમામ બી.એડ. કોલેજોના તાલીમાથીઓ નો માઈક્રોટીચિંગ પ્રત્યેના અભિપ્રાયો નો અભ્યાસ
- ગુજરાત રાજ્યની તમામ બી.એડ. કોલેજોના અધ્યાપકોના માઈક્રોટીચિંગ પ્રત્યે ના અભિપ્રાયો નો અભ્યાસ.
- ગુજરાત રાજ્યની તમામ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર

યુનિવર્સિટીના તાલીમાર્થીઓના માઈક્રોટીચિંગ પ્રત્યેના અભિપ્રાયોને એક તુલનાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

માનવીના સર્વાંગીણ વિકાસનો પાયો કેળવણી છે. માઈક્રોટીચિંગ કાર્યક્રમ દ્વારા તાલીમાર્થીઓને વિવિધ કૌશલ્યોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમનામાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. પ્રવર્તમાન સમયમાં અધ્યાપન કૌશલ્ય પ્રાપ્તિની એક અસરકારક પ્રયુક્તિ તરીકે માઈક્રોટીચિંગનું મહત્વ બી.એડ. કોલેજોમાં સ્વીકારાયું છે. આ સંજોગોમાં અધ્યેતાએ પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનું નક્કી કર્યુ હતું. લઘુશોધ નિબંધની મર્યાદા અને બીજી અન્ય મર્યાદાને ધ્યાનમાં રાખીને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આથી તેના પરિણામોસિમિત રહે એ સ્વાભાવિક છે. પરંતુ બી.એડ.કોલેજોના બહોળા પાત્રો પસંદ કરીને ઊંડાણપૂર્વકનો અને તલસ્પર્શી અભ્યાસ માઈક્રોટીચિંગ અન્ય પાસાઓ પર પ્રકાશ પાડવામાં અને તેના વધુ અસરકારઅમલીકરણમાં મદદરૂપ બની રહે બે નિ:શંક બાબત છે. અંતમાં આ એક લઘુસંશોધન છે. અહીં અધ્યેતા દ્વારા માત્ર માઈક્રોટીચિંગ અંગે બી એડ કોલેજોનાતાલીમાર્થીઓના અને અધ્યાપકો અભિપ્રાયોનો જ અભ્યાસ કર્યો નથી, પરંતુ આ ક્ષેત્રમાં વધુ શું થઈ શકે તે અંગે પણ સૂચનો કરવામાં આવ્યા છે. જેથી ભાવિ અધ્યેતાઓ માટે માર્ગ ખુલ્લો થશે. પ્રસ્તુત અભ્યાસ શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના સંચાલકો, આચાર્ય, અધ્યાપકો અને અભ્યાસક્રમનારચિયતાને પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઉપયોગી થઈ પડશે તો અધ્યેતા અવશ્ય પરિતોષની લાગણી અનુભવશે.

## બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

**ચૌધરી વૈશાલી એમ.**

પ્રસ્તુત સંશોધનનું કેન્દ્ર બિંદુ "બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ" અનુલક્ષીને પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું,જેમા સારાશ અંતર્ગત સંશોધનના મુખ્ય હેતુઓ, સંશોધનનો પ્રશ્નો, સંશોધનની પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂનો માહિતી એકત્ર કરવા માટેના ઉપકરણો અને પૃથક્કરણની રીત વગેરે બાબતો વિશે ટૂંકમાં માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

**સંશોધનાં હેતુઓ**

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે મુજબ છે

(૧) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણનું અધ્યાપન કરાવતાં શિક્ષકો વિશે સામાન્ય માહિતી પ્રાપ્ત કરવી.

અ. શિક્ષકોની સંખ્યા

બ. શૈક્ષણિક લાયકાત

ક. શૈક્ષણિક અનુભવ

(૨) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણના પાઠ્યપુસ્તક સંદર્ભ માહિતી પ્રાપ્ત કરવી.

(૩) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં કરાવવામાં આવતી શિક્ષણની સહઅભ્યાયિક પ્રવૃત્તિઓ અંગે માહિતી પ્રાપ્ત કરી.

(૪) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં અપાતા સંસ્કૃત વિષયના સ્વાધ્યાય કાર્યનો અભ્યાસ કરવો.

(૫) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં થતાં સંસ્કૃત વિષયના મૂલ્યાંકનનો અભ્યાસ કરવો.

(૬) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓના છેલ્લા ત્રણ વર્ષના પરિણામોનો અભ્યાસ કરવો.

(૭) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના અધ્યયન અધ્યાપનમા ઉદ્દભવતી સમસ્યાઓ અંગે અભ્યાસ કરવો.

(૮) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણની ગુણવત્તા સુધારવા અર્થે સરકારશ્રીના પ્રયત્નોની જાણકારી મેળવવી.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનનાં પ્રશ્નો નીચે મુજબ છે

(૧) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણનો અધ્યાપનકાર્ય કરતા શિક્ષકોની સંખ્યા કેટલી છે?

(૨) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણ અધ્યાપનકાર્ય કરતા શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ શું છે?

(૩) બારડોલી તાલુકાની માધ્યમિક શાળામાં સંસ્કૃત શિક્ષણ અધ્યાપનકાર્ય કરતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત શું છે?

(૪) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણનું પાઠ્યપુસ્તક શું યોગ્ય છે?

(૫) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના શિક્ષણ કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓ કઈ કઈ છે?

(૬) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણ વિદ્યાર્થીને વાંચન, લેખન, મહાવરા માટે વિદ્યાર્થીઓને અપાતા ગૃહકાર્ય અંગે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

(૭) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણ અધ્યાપનકાર્ય કરતા શિક્ષકોને તથા શિક્ષણનું અધ્યયન-અધ્યાપનકાર્ય દરમિયાન કયા પ્રકારની સમસ્યાઓ ઉદભવે છે?

(૮) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના મહત્વ અંગે શિક્ષકો શું અભિપ્રાયો આપે છે?

(૯) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષયના અભ્યાસક્રમ સંદર્ભમાં અભિપ્રાય શું છે?

(૧૦) બારડોલી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત શિક્ષણના ટકાવારીનું પ્રમાણ કેટલું છે?

**સંશોધન પદ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે બારડોલી તાલુકાની કુલ ૩૧ સરકારી, ખાનગી અને અર્ધસરકારી શાળામોમાંથી ૫૦% લેખે યાદચ્છિક નમૂના પસંદગીની રીતે ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિ દ્વારા ૧૩ માધ્યમિક શાળાઓની પસંદગી કરી હતી. ધોરણ ૯ તથા ૧૦માં સંસ્કૃત અધ્યાપન કરાવતા તમામ શિક્ષકો નમૂનાનાં પાત્રો બન્યા હતા.દરેક શાળાઓથી ધોરણ ૯ અને ૧૦ ના દરેક વર્ગમાંથી ૩૦% લેખે યાદચ્છિક નમુના પ્રયુક્તિ રીતે કુલ ૧૩૦ વિદ્યાર્થીઓને નમુનાનાં પાત્રો તરીકે સમાવિષ્ટ કર્યા હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હોવાથી સંશોધકે પ્રશ્નાનાવલિ, દસ્તાવેજી નોંધપત્રક, મુક્ત જવાબી પ્રશ્નાનાવલિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતીનું પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નાનાવલિ ના દ્વારા પ્રાપ્ત સાખ્યિક માહિતીના પૃથક્કરણ માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નો પર પ્રાપ્ત સાખ્યિક માહિતીના પૃથક્કરણ માટે ટકાવારી અને સરેરાશ ભારાંકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જ્યારે મુક્ત જવાબી પ્રશ્નાવલિ માહિતી માટે વિષયવસ્તુ વિશ્લેષણ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનનાં તારણો**

**નોંધપત્રકના આધારે પ્રાપ્ત થયેલ તારણો**

➢ સામાન્ય માહિતી દ્વારા પ્રાપ્ત થયેલાં તારણો

- નમુનાના સમાવિષ્ટ શાળાઓ માંથી પ્રતિભાવ આપનાર સંસ્કૃત શિક્ષણ કાર્યમાં શિક્ષકો કરતા શિક્ષિકાઓની સંખ્યા વધુ જોવા મળી હતી.

- ૬થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા શિક્ષકોની ટકાવારી ૪(૭૬.૧૯%) જોવા મળી હતી.જે સૌથી વધુ જણાઈ હતી.
- જયારે ૧ થી ૫, ૧૬ થી ૨૦ અને ૨૧ થી ૨૫ વર્ષનો અનુભવ ધરાવનાર શિક્ષકોની ટકાવારી ૨(૯.૫૨%) સમાન જોવા મળી હતી જે સૌથી ઓછી હતી. નમૂનામા સમાવિષ્ટ શાળાઓમાંથી પ્રતિભાવ આપનાર ૨(૯.૫૨%) શિક્ષકો એમ.એડ પદવીવાળા પૂર્ણ લાયકાત ધરાવતા જણાયા હતા.
- ૧(૪.૪૬%) શિક્ષણ અન્ય પદવીની લાયકાત ધરાવતા જોવા મળ્યા હતા.જેઓ અન્ય વિષય હોવાં છતાં સંસ્કૃત વિષયનું શિક્ષણ કાર્ય કરાવતાં હતા.

➢ સંસ્કૃત વિષયના છેલ્લા ત્રણ વર્ષના S.S.C ના પરિણામો અંગેના તારણો

- બારડોલીતાલુકાની માધ્યમિક શાળાઓમાં ૧૩ શાળાઓ પૈકી ૩ શાળાઓમાંS.S.C માં સંસ્કૃત વિષયનું પરિણામ આપવામાં ન આવ્યું હતું, તેથી ત્યાં સંસ્કૃત વિષયની પ્રાધાન્ય નહિવત્ જોવા મળી હતી.
- બારડોલી તાલુકાની ૧૦ શાળાઓ પૈકી મદ્રેસા હાઈસ્કૂલ બારડોલી, સેસરીત અંગ્રેજી હાઈસ્કૂલ બારડોલી, શ્રી.એમ.કે.પટેલમા. શાળા મઢી, તેનયુ.કે.આર.કે સેવા સમાજ, તેન અને વરાડ સાર્વજનિક હાઈસ્કૂલ,રાયમ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦% પરિણામ જોવા મળ્યું હતું. ત્યાર બાદ ધી, કડોદ હાઈસ્કૂલ કડોદ, કડોદનું પરિણામ ૮૬.૦૦% જોવા મળી રહયું હતું.

**પ્રશ્નોનાવલિ આધારે પ્રાપ્ત થયેલાં તારણો**

➢ પાઠ્યપુસ્તક સંબંધી તારણો

- સંસ્કૃત વિષયનું પાઠ્યપુસ્તક વયકક્ષાને અનુરૂપ છે. એમ વિદ્યાર્થીઓ માનતા હતા.
- વિદ્યાર્થીઓના મતે પાઠ્યપુસ્તકમાં દર્શાવેલી પ્રવૃત્તિઓ એક વર્ષની સમયાવધિમા પૂર્ણ થઈ જાય તેમ છે. એવું તેઓ સ્વીકારે છે.
- સંસ્કૃતનું પાઠ્યપુસ્તક વૈવિધ્ય સભર અને પસંદ પડે તેમ છે. એવું વિદ્યાર્થીઓ માનતા હતા.
- પાઠ્યપુસ્તકમાં દર્શાવેલ ચિત્રો એકમ પ્રત્યે રસ જન્માવેછે.એમ વિદ્યાર્થીઓ માનતા હતા.
- પાઠ્યપુસ્તકમાં દર્શાવેલ પાઠો માધ્યમિક શિક્ષણના હેતુઓને સિદ્ધ કરે તેમ છે.એમ વિદ્યાર્થીઓ માને છે.

➢ સહઅભ્યાસી પ્રવૃત્તિઓ સંબંધી તારણો

- સંસ્કૃત વિષય સાથે સંકળાયેલ વક્તવ્યો પ્રમાણમાં ગોઠવતા જણાયા હતા.
- સંસ્કૃત વિષય વિવિધ સ્પર્ધા,બાહ્ય પરીક્ષાઓ વગેરેમાં ઉત્સુકતા પૂર્ણ કાર્ય કરતા જોવા મળ્યા હતા.

➢ સ્વાધ્યાયકાર્ય સંબંધી તારણો

- વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કાર્ય નિયમિત રીતે લાવતા હતા એવું જાણવા મળ્યું હતું.
- શિક્ષકો દ્વારા સ્વાધ્યાય કાર્યનું મૂલ્યાંકન યોગ્ય રીતે જોવા મળ્યું હતું.
- શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અપાતું સ્વાધ્યાયકાર્ય વૈવિધ્ય સભર હોય છે. એવું જાણવા મળ્યું હતું.
- વિદ્યાર્થીઓ સ્વાધ્યાયકાર્યનાં જવાબો ઉતારો કરી લાવતા જોવા મળ્યા હતા.
- વિદ્યાર્થીઓનું સ્વાધ્યાયકાર્ય નિયમિત રીતે તપાસાય છે. એવું જાણવા મળ્યું હતું.

➢ મૂલ્યાંકન સંબંધી તારણો

- વિદ્યાર્થીઓ અને લેખિત અને મૌખિક મૂલ્યાંકન કરવામાં આવે છે. એવું જાણવા મળ્યું હતું.
- સંસ્કૃત શિક્ષણમાં દરેક તાસને અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે. એવું જાણવા મળ્યું હતું
- સંસ્કૃત શિક્ષણ માં દરેક પ્રકરણને અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે. એવું જાણવા મળ્યું હતું.

➢ અધ્યયનકાર્ય દરમિયાન ઉદભવતી સમસ્યાઓ સંબંધિત તારણો

- સંસ્કૃત વિષય ઉપરાંત અન્ય વિષયનું અધ્યયન કાર્ય શિક્ષકોને સોંપવામાં આવતું હતું એમ જોવા મળ્યું હતું.
- શિક્ષકો દ્વારા કરવામાં આવતા અધ્યયનકાર્યમાં વિદ્યાર્થીઓને સંસ્કૃત સમજવામાં તકલીફ પડતી ન હતી.
- વધારે પડતી સંખ્યા હોવાને કારણે શિક્ષકો વ્યક્તિગત રીતે માર્ગદર્શન આપી શકતા ન હતા એવું જોવા મળ્યું હતું.

➢ શિક્ષકો દ્વારા મુક્ત જવાબીપ્રશ્નોના પ્રતિભાવોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

- સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાં સરળ અને કઠિન લાગતા ત્રણ-ત્રણ પ્રકરણો જોવા મળ્યા હતા.
- શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ઉચ્ચાર દોષ,ભાષાશુદ્ધ પ્રાદેશિક જોડણીની ભૂલો જેવી બાબતોમાં સમસ્યાઓ ઉદભવતી જોવા મળી હતી.
- શિક્ષકો સંસ્કૃત વિષયમાં રામાયણ, મહાભારત, પંચતંત્ર, સંસ્કૃત વર્ણમાળા,સંસ્કૃત સાહિત્ય નો ઈતિહાસ ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.
- સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓના વ્યાકરણનો પાયો મજબૂત, મુશ્કેલી ન અનુભવાય, પાઠ્યપુસ્તકમાં પ્રકરણોની ભાષા સરળ હોવી જોઈએ એવો મત શિક્ષક ધરાવતા જોવા મળ્યા હતા.
- સંસ્કૃત વિષેમાં વિદ્યાર્થીઓને વ્યાકરણ અને વાંચનમાં સમસ્યાઓ ઉદભવે છે. એવું જોવા મળ્યું હતું.
- શાળાઓમાં સંસ્કૃત ફરજિયાત વિષય હોવાથી પણ શિક્ષકોને સંસ્કૃત વિષય ભણાવવા માટે આપવામાં આવે છે. એવું જોવા મળ્યું હતું.
- શિક્ષકો સૂચન કરે છે સંસ્કૃત વિષયની ફરજિયાત અને મુખ્ય વિષય, શિક્ષકોની ભરતી કરવી જોઈએ એવું જોવા મળ્યું હતું.
- સંસ્કૃત વિષે ફરજ ધરાવતા શિક્ષકો શિબિર અને તાલીમ આપવી જોઇએ એવું જોવા મળ્યો હતું.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રતીક સંશોધક દ્વારા કરવામાં આવતું સંશોધનના નક્કી કરેલા હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ભાવિ પેઢીને નવી દિશા તેમજ દ્રષ્ટિકોણ મળી રહે તે માટેનો હતો. પ્રસ્તુત સંશોધન પર નક્કી કરેલા હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યો હતું. તેથી જ તમને ચોક્કસ એવી દિશા પ્રાપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થઇ શકે છે. સંશોધકે સંસ્કૃત શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે પ્રાપ્ત થયેલા તારણોના પરિપાક રૂપે સંસ્કૃત વિષયના શિક્ષણને વધુ સફળ સાથે ગુણવત્તા લક્ષી બનાવવા માટે નોંધપત્ર શૈક્ષણિક ફલિતાર્થોદર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

(૧) શૈક્ષણિક વ્યાકરણની સંદર્ભ સાહિત્યનો ઉપયોગ અંશતઃ પ્રમાણમાં કરતા જોવા મળ્યા હતા. પુસ્તકાલયમાંવિવિશસંદર્ભો જેવા કે આત્મા કક્ષાઓ, નાટ્યસંગ્રહો, કાવ્યસંગ્રહો વગેરે સાહિત્યની ગ્રંથાલયમાં વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધતા થતા હોવી જોઈએ.

(૨) શિક્ષકો દ્વારા પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્ન સ્વાધ્યાય તરીકે અપાતા હતા.આથી શિક્ષકોએ પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયના પ્રશ્નો ઉપરાંત પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાયને અંતે

"આપેલ આટલું કરો " જે પ્રવૃત્તિઓ પણ વિદ્યાર્થીઓને કરવા માટે દોરવા જોઈએ.

(૩) શાળાઓના સંસ્કૃત ભાષાની પ્રવૃત્તિઓ કરાવવામાં માટે ચોક્કસ સમયનું આયોજન કરવું જોઈએ.વાંચન, લેખન,કથન અને શ્રવણ કૌશલ્ય જેવી પ્રવૃત્તિઓ માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ.

(૪) અભ્યાસક્રમની અને પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે ગ્રામ્યકક્ષાના વિદ્યાર્થીઓની મનસ્થિતિને ધ્યાનમાં લઈને તેમની બુદ્ધિલબિંધના પ્રમાણે વિષયવસ્તુનું અવલોકન કરવું જોઈએ.

(૫) વિદ્યાર્થીઓને સ્વાધ્યાય કાર્ય નિયમિત લાગતા હતા તથા સ્વાધ્યાયના જવાબો ઉતારો કરી લાવતા હતા. તેવા તારણો જોવા મળ્યા હતા. આથી શિક્ષકે સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓને સમયમર્યાદામાં હેતુલક્ષી અને ઉચિત સ્વાધ્યાય કાર્ય આપવું જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધનનું ક્ષેત્ર અતિ વિશાળ છે. કોઈ પણ સંશોધન માટે સંશોધકે એવી બાહેધરી નહીં આપી શકે તે તેમના દ્વારા હાથ ધરાયેલ સંશોધન અંતિમ અને સંપૂર્ણ જ હોય છે.સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં બારડોલીતાલુકાની માધ્યમિક શાળાઓમાં શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે હાથ ધરાયું હતું. સંશોધકનો સમય, શક્તિ અને નાણાની મર્યાદા સ્વીકારને નિશ્ચિત હેતુઓના સંદર્ભમાં સંશોધન હાથ ધર્યું હતું. સંશોધકેનપ્રભાવેસ્વીકારે છે કે પ્રસ્તુત સંશોધન અંતિમ અને સંપૂર્ણ નથી. આ ક્ષેત્રમાં અન્ય સંશોધનનો થઈ શકે તેવી શક્યતા અધ્યેતાને અહીં જોવા મળે છે.પ્રસ્તુત સંશોધનની દિશામાં ભાવિ સંશોધનના ક્ષેત્રો આ પ્રમાણે જોવા મળી રહે છે.

(૧) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સંસ્કૃત ભાષા શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

(૨) માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત ભાષાશિક્ષણ સર્વેક્ષણાત્મક અભ્યાસ.

(૩) ગુજરાત રાજ્યમાં માધ્યમિક કક્ષાના સંસ્કૃત વિષયના બોર્ડના પરિણામોનો અન્ય વિષયો સાથેના તુલનાત્મક અભ્યાસ.

### ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધન પ્રક્રિયાનો સારાંશ, સંશોધન દ્વારા નીકળતા તારણો, તારણોના સંદર્ભમાં શૈક્ષણિક ફલિતાર્થો તથા ભાવિ સંશોધનનાનિર્દેશોની ચર્ચા કરી છે.

સંશોધનના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો, વિદ્યાર્થી, શિક્ષકો, આચાર્યને ઉપયોગી નીવડશે તો સંશોધનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

## સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ

દેલવાડીયા અર્પિતા વી.

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલાં સંશોધનના સારાંશમાં સંશોધનનાં હેતુઓ, સંશોધનના પ્રશ્નો, સંશોધનની પદ્ધતિ, સંશોધન ઉપકરણો, વ્યાપવિશ્વ અને નમૂનો માહિતી એકત્રીકરણની રીત પૃથક્કરણની રીત વિશેની ટૂંકમાં માહિની આ મુજબ છે.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ પ્રમાણે છે.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળના હેતુઓ જણાવા.

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ માનવ સંસાધનની સંખ્યાકીય માહિતી પ્રાપ્ત કરવી.

3. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની અધ્યાપન પદ્ધતિ જાણવી.

૪. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક ઉપકરણો વિશે જાણવું.

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત શાળાનાં શૈક્ષણિક આયોજનની પ્રક્રિયા વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણની સમસ્યાઓ જાણવી.

૭. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણની સમસ્યાઓ સંભવિત ઉકેલો જાણવા.

૮. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત થતા વિદ્યાર્થીઓના મૂલ્યાકનની પદ્ધતિઓ જાણવી.

૯. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ માટેની સેવાકાલીન તાલીમ વિશે જાણવું.

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ વિશે વાલીઓના અભિપ્રાયો જાણવા.

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ પાછળનો ખર્ચ જાણવો.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળના કયા હેતુઓ રહેલા છે?

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ માનવ સંસાધનની સંખ્યા કેટલી છે?

૩. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટમાં કઈ રીતે અધ્યાપન કરવવામાં આવે છે?

૪. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત કયા કયા શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ થાય છે?

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત શાળાનું શૈક્ષણિક બોજન શું હોય છે?

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણમાં કઈ કઈ સમસ્યાઓ છે?

૭. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણની સમસ્યાઓ સંભવિત ઉકેલો કયા કયા છે?

૮. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કઈ પદ્ધતિથી કરવામાં આવે છે?

૯. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ માટેની સેવાકાલીન તાલીમ કઈ રીતે પ્રયોજાય છે?

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ વિશે વાલીઓના મંતવ્યો શું છે?

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત કેટલો ખર્ચ થાય છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિથી સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી, અપ્રિાયાવલિ અને સાક્ષ્યપત્રકની પસંદગી કરવામાં આવી હતી. સંશોધનના હેતુઓને અનુરૂપ પ્રમાણિત ઉપકરણો ઉપલબ્ધ નથી. તેથી તમામ ઉપકરણો સ્વરચિત હતા.જેમાં પ્રારંભિક સ્વરૂપથી શરુ કરી અંતિમ સ્વરૂપ સુધીનાં ઉપકરણો માં તજજ્ઞોના માર્ગદર્શકથી રચવામાં આવ્યું હતું. જેમાં શિક્ષકો માટેની પ્રશ્નાવલિમાં બે વિભાગો પાડવામાં આવ્યા હતાં.બંધજવાબી પ્રશ્નાવલિમાં ૭૦ પ્રશ્નો, મૂક્તજવાબી પ્રશ્નાવલિમાં ૧૦ પ્રશ્નોની રચના કરી હતી. વાલીઓનાં અભિપ્રાયો માટે અભિપ્રાયાવલિમાં ૧૬ વિધાનોની રચના કરી હતી અને આચાર્યો માટે સાક્ષ્યપત્રકમાં ૧૧ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ કાર્યાન્વિત છે. તેવી તમામ ૨૬ શાળાઓના ૨૬ આચાર્યો, ૫૯ શિક્ષકો અને તમામ વાલીઓનોઅમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમુનો**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે ૨૩ શાળાઓના ૨૩ આચાર્યો, ૫૦ શિક્ષકો અને યાચ્છિકનમૂના પસંદગીની રીતે ૨૫૦ વાલીઓનેનમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને પ્રશ્નોના આધારે સંશોધકે શાળાના આચાર્યોની રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સંશોધકે આચાર્યોને પ્રથમ પોતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તૈયાર કરેલ સાક્ષ્યપત્રક ક્રમમાં આવતા પ્રશ્નો અને જરૂરી જણાય ત્યાં પેટા પ્રશ્નો પૂછીને મળતા જવાબની નોંધ કરી હતી. આવા જ કાર્યો માટે શિક્ષકો અને વાલીઓ દ્વારા પણ સારો સહકાર પ્રાપ્ત થયો હતો. જેમાં શિક્ષકો માટે પ્રશ્નાવલિ અને વાલીઓ માટે અભિપ્રાયાવલિ દ્વારા પ્રતિચાર મેળવવામાં આવ્યા હતા. આ માહિતી એકત્ર કર્યા બાદ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક તેમજ ગુણાત્મક એમ બંને પ્રકારે માહિતી એકત્ર કરવામાં આવી હતી. જેમાં પ્રશ્નાવલિ અને સાક્ષ્યપત્રક દ્વારા ગુણાત્મક સ્વરૂપે માહિતી મેળવવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક તેમજ ગુણાત્મક એમ બંને પ્રકારે માહિતી પ્રાપ્ત થઇ હતી. જેનું સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રશ્નાવલિમાં નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિનાં ઉત્તરો પરથી પ્રાપ્ત સંખ્યાત્મક માહિતીની આવૃત્તિ અને ટકાવારી શોધી શતમાનના તફાવતની સાર્થકતા શોધવામાં આવી હતી તેમજ મુક્ત જવાબી પ્રશ્નાવલિમાં મળેલ માહિતીનું પૃથક્કરણ અને સાક્ષ્યપત્રક દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ગુણાત્મક રીતે કરવામાં આવ્યું હતું.

જ્યારે અભિપ્રાયાવલિનુ પૃથક્કરણ સમાન સમભવની રીતથી કાઈ વર્ગની ગણતરી કરી હતી. તેમજ શતમાન અને સરેરાશ ભારાંકની ગણતરી કરી દરેક વિધાનને અગ્રતા ક્રમ આપવામાં આવ્યા હતા. તેમજ આવૃત્તિ, શતમાન અને સરેરાશ ભારાંકની ગણતરી કરી અગ્રતા ક્રમ આપવામાં આવ્યા હતા.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણવા માટે પ્રશ્નાવલિ, અભિપ્રાયાવલિ અને સાક્ષ્યપત્રક પરથી જે માહિતી પ્રાપ્ત થઇ હતી. તેના પૃથક્કરણ અને અર્થઘટન અંતે નીપજતા સંશોધનના હેતુઓ સબંધિત મુખ્ય તારણો આ મૂજબ છે.

➢ **હેતુઓ સંબંધિત તારણો**

ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ શરુ કરવા પાછળનાંહેતુઓઅંગેના તારણો

૧. સાંપ્રત સમયમાં શિક્ષણની જરૂરીયાતને ધ્યાનમાં રાખી અંગ્રેજી ભાષા સાથે માતૃભાષા એમ બંને ભાષાનું જ્ઞાન અન્યથી અલગ બનાવે છે.

૨. નાનપણથી જ અંગ્રેજી શિક્ષણ ભંડોળ વધે તેથી ગુજરાતી માધ્યમમાં સારું અને સુલભ શિક્ષણ મળે માટે આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ માનવ સંસાધનનીસંખ્યાકીય માહિતી અંગેના તારણો

૧. પ્રસ્તુત પ્રોજેક્ટમાં સ્ત્રી શિક્ષિકાનું પ્રમાણ વધારે હતું. સૌથી વધારે શિક્ષકો ધોરણ ૩માં પ્રયાવરણ વિષય સાથે સંકળાયેલા છે ત્યારબાદ અંગ્રેજી વિષય ગણિત વિષય સાથે સંકળાયેલા જોવા મળે છે અને નહીવત પ્રમાણમાં વિજ્ઞાન વિષય સાથે સંકળાયેલા જોવા મેળે છે.

૨. આ પ્રોજેક્ટ માટે વહીવટી કર્મચારીમાં ફક્ત કલાર્ક જ સંકળાયેલ છે.

3. પ્રસ્તુત પ્રોજેક્ટ અંતર્ગત શાળા બહારની અન્ય કોઈ પણ વ્યક્તિઓ સંકળાયેલા નથી.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની અધ્યાપન પદ્ધતિઓ અંગેના તારણો

૧. પ્રોજેક્ટ દ્વિભાષી શિક્ષણ અંતર્ગત પારિભાષિક શબ્દોનું અંગ્રેજી કથાન થાય છે.

૨. પ્રોજેક્ટ દ્વિભાષી શિક્ષણ અંતર્ગત અંગ્રેજી સ્પેલિંગ બોર્ડ પર લખે છે.

3. આ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓ દ્વિભાષી શિક્ષણમાં સહભાગી બને છે.

૪. આ પ્રોજેક્ટ અંતર્ગત અપનાવેલ અધ્યાપન પદ્ધતિઓઆવકાર્ય છે.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત અધ્યાપન કાર્ય દરમિયાન વ્યક્તિક તફાવતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

૬. આ પ્રોજેક્ટ સંદર્ભે શિક્ષણ આપવા માટે વ્યાખ્યાન પદ્ધતિ, નિદર્શન પદ્ધતિનો ઉપયોગ થાય છે. પરંતુ રોલ-પ્લે પદ્ધતિનો ઉપયોગ થતો નથી.

૭. દ્વિભાષી શિક્ષણ અંતર્ગત સંકળાયેલા શિક્ષકોનુંસંવાદિતાનું સ્તર સુધારે છે.

૮. નિદર્શન પદ્ધતિ દ્વારા શિક્ષણ કાર્યક્રમમાં અંગ્રેજી શબ્દભંડોળનીક્રમશઃ વૃદ્ધિ થાય છે.

૯. મહદ્અંશે આચાર્યોના મતે અન્ય વિષયોને દ્વિભાષા અંતર્ગત સમાવવાની જરૂર જણાતી નથી તેવો પ્રતિભાવ પ્રાપ્ત કર્યો છે જેમાં પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીનું ભારણ ખુબ વધી જાય છે.

૧૦. હાલના સમયમાં આ વયનાં બાળકો માટે જરૂરીયાત જણાતી નથી પરંતુ ઉપલા વર્ગના બાળકો માટે જરૂરીયાત જણાય તો ત્યારે લાગુ પડી શકાય છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક ઉપકરણો અંગેના તારણો

૧. દ્વિભાષી શિક્ષણ પદ્ધતિમાં અધ્યાપન માટેના તૈયાર સાધનો ઉપલબ્ધ નથી.

૨. દ્વિભાષી શિક્ષણ પદ્ધતિમાં સ્વરચિત સાધનો તૈયાર કરે છે. પરંતુ તેની તમામ સામગ્રીની વ્યવસ્થા શાળા દ્વારા કરવામાં આવે છે.

3. આ પ્રોજેક્ટ સંદર્ભે બે ભાષાના પાઠ્યપુસ્તકો તૈયાર કરવા એ શિક્ષકની જવાબદારી નથી.

૪. આ પ્રોજેક્ટ સંદર્ભે પાઠ્યપુસ્તકમાં ચિત્રો, પ્રવૃતિઓ એકમને અનુરૂપ છે.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત અલગ અભ્યાસ સામગ્રી ( સ્વાધ્યાયપોથી ) તૈયાર કરીને આપતા નથી.

૬. આ પ્રોજેક્ટમાં શિક્ષકો જે જે ઉપકરણોનો ઉપયોગ કરે છે તેની કીમત નહીવત હોય છે.

૭. પાઠ્યપુસ્તક દ્વિભાષામાં ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થી અને વાલી પક્ષે સમજવાનું સરળ બને છે.

૮. સંદર્ભ સાહિત્યનો શિક્ષકો દ્વારા ઉપયોગ કરી વિદ્યાર્થીઓના શબ્દભંડોળમાં વૃદ્ધિ થાય છે.

૯. વર્ગખંડમાં પ્રોજેક્ટર દ્વારા થતા અધ્યાપન કાર્યમાં વિદ્યાર્થીઓ રસ દાખવે છે.

૧૦. દરેક વર્ગખંડમાં અને દરેક વિષયમાં શિક્ષકો ચાર્ટ કે ચિત્રોનો ઉપયોગ કરી અધ્યાપન કાર્ય કરવામાં ઉત્સાહ બતાવતા નથી.

૧૧. દ્વિભાષામાં પાઠ્યપુસ્તક હોવાથી દરેક માહિતી ટૂંકમાં આપવામાં આવે છે જેથી તેમાં ઊંડાણથી સમજૂતી આપી શકતી નથી અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરતા નથી.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત શાળાના શૈક્ષણિક આયોજનની પ્રક્રિયા અંગેના તારણો

૧. આ પ્રોજેક્ટ અંતર્ગત શૈક્ષણિક આયોજનનો અમલ થાય છે.

૨. આ પ્રોજેક્ટ સંદર્ભે શાળામાં વાર્ષિક આયોજન થાય છે.

3. આ પ્રોજેક્ટ સંદર્ભે શાળામાં માસિક આયોજન થાય છે.

૪. આ પ્રોજેક્ટનું આયોજન ટીમવર્કથી થાય છે.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત વાલી મિટિંગનું નિયમિત રીતે આયોજન થાય છે.

૬. ધોરણ ત્રણ અને ચાર સુધી વિષયાંગની સમજુતી બંને ભાષામાં આપવામાં આવે છે.

૭. શિક્ષકોના સાપ્તાહિક આયોજન દ્વારા સચોટ રીતે શિક્ષણ કાર્ય કરે છે.

૮. અધ્યાપન કાર્ય પૂર્વેથી જ વર્કશીટ તૈયાર કરી લેવામાં આવે છે.

૯. ગણિત અને પર્યાવરણનાં વધુમાં વધુ તાસોની ફાળવણી કરી સમયાંતરે એકમ કસોટીનું આયોજન કરવામાં આવે છે.

૧૦. ધોરણ ૧ અને ૨માં ગણિત વિષયમાં અંગ્રેજી ટેબલ્સ અને ટર્મિનોલોજીનો ઉપયોગ થાય છે.

૧૧. શાળામાં મોટા ભાગે ધોરણ ૩, ૪ અને ૫માં ગણિત, પર્યાવરણ અને વિજ્ઞાન વિષયનું શિક્ષણ કાર્ય થાય છે.

૧૨. શાળામાં ધોરણ ૬ પછી ક્રમશઃ રીતે આવતા ધોરણોમાં દ્વિભાષા અંતર્ગત શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણની સમસ્યાઓ અંગેના તારણો

૧. દ્વિભાષા અંતર્ગત વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષયને સમજવામાં મુશ્કેલી પડે છે.

૨. શાળામાં અને વર્ગખંડમાં એક સરખું પ્રમાણ જળવાતું નથી તેથી વ્યક્તિક તફાવત વધુ પડતો જોવા મળે છે.

૩. સંપૂર્ણ જવાબદારી માત્ર શિક્ષકોની છે એવું વાલીપક્ષે માની લેતા હોવાથી શિક્ષકોનોકાર્યબોજ વધે છે.

૪. ઘરમાં અંગ્રેજી વાતાવરણ મળતું નથી વાલીઓ ઓછા ભણેલા છે. જેથી વિદ્યાર્થીઓને ઘરકામ અંગ્રેજી શિક્ષણમાં કરાવી શક્તા નથી.

૫. વિદ્યાર્થીઓ માટે વાલીઓ અંગ્રેજી માધ્યમના ટ્યુશન શોધે છે તેથી વાલીઓને સમજાવવા શિક્ષકો માટે અઘરું પડી જાય છે.

૬. દ્વિભાષી શિક્ષણ અંતર્ગત કાર્ય કરવાનું હોવાથી સમય વધુ જાય છે.

૭. આ પ્રોજેક્ટમાંવાલીઓની નિરક્ષરતા અને સહયોગનાઅભાવના કારણે બાળકો પાસેથી જોઈએ એટલા પ્રમાણમાં કામ લઇ શકતું નથી.

૮. વિદ્યાર્થીઓના અપેક્ષિત પરિણામ ન આવવાથી વાલીઓમાં અસંતોષ રહે તેથી આ પ્રોજેક્ટના અમલીકરણમાં મુશ્કેલી પડે છે.

૯. આ પ્રોજેક્ટ સંદર્ભે શાળામાં વારંવાર વાલી મીટીંગનું આયોજન કરવું પડે છે તેવી શાળાના ખર્ચમાં થોડો વધારો જોવા મળે છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટના અમલીકરણની સમસ્યાઓ સંભવિત ઉકેલો અંગેના તારણો

૧. ગણિત અને વિજ્ઞાનના વિષયોના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી સમયની ફાળવણી કરવી આવશ્યક બને છે.

૨. આ પ્રોજક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને પાઠ્યક્રમનો વધુ મહાવરો થાય તેવા પ્રયાસો શાળામાંથી હાથ ધરાવા જોઈએ.

૩. વાલીઓ દ્વારા પણ વિદ્યાર્થીની નોંધ લેવાય તેમજ સ્વ અધ્યયન પર ભાર મુકવો જોઈએ.

૪. વાલી મીટીંગનું આયોજન અને વાલીઓ માટે પણ તાલીમનું આયોજન કરવું જોઈએ.

૫. વિદ્યાર્થીઓ ટર્મિનોલોજી બરાબર સમજે અને લાંબાગાળા સુધી યાદ રાખે તે રીતે તેનું વારંવાર પુનરાવર્તન કરવું જોઈએ.

૬. અંગ્રેજી માધ્યમમાં ભણેલા અને યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિયુક્તિ ફરજીયાત પણે હોવું જોઈએ.

૭. નબળા પરિણામ વાળા વિદ્યાર્થીઓને માત્ર એકજ ભાષામાં ભણાવવું જોઈએ.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થીઓના મૂલ્યાંકન પદ્ધતિઓ અંગેના તારણો

૧. આ પ્રોજેક્ટ અંતર્ગત દ્વિભાષી શિક્ષણ પદ્ધતિમાં નબળા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્ય હાથ ધરી શકાય છે.

૨. આ પ્રોજેક્ટ અંતર્ગત લેખિત, પ્રાયોગિક, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય છે.

3. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીને વિષયવસ્તુ આવડે છે પણ અંગ્રેજી શબ્દો નહિ આવડવાને કારણે ગુણ કપાઈ છે.

૪. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રશ્નપત્રમાં સૂચના દ્વિભાષીમાં અપવામાં આવે છે.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રશ્નોમાં દ્રીભાષાનો ઉપયોગ કરવામાં આવતો નથી.

૬. આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તરો તપાસતી વખતે સ્પેલિંગની ભૂલોનાં ગુણો કાપવામાં આવે છે.

૭. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓ પેપરમાં માત્ર ઉચ્ચારણ લાકે તો ગુણ મળતા નથી.

૮. પ્રોજેક્ટ અંતર્ગત મૂલ્યાંકન કાર્ય સરળ બનતું નથી.

૯. મૂલ્યાંકન પદ્ધતિમાં બદલાવ નથી પરંતુ વિદ્યાર્થીની વય કક્ષાને ધ્યાનમાં રાખીને દ્વિભાષી પદ્ધતિ અંતર્ગત મૂલ્યાંકન હાથ ધરાય છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંતર્ગત સેવાકાલીન તાલીમ અંગેનાં તારણો

૧. આ પ્રોજેક્ટ અંતર્ગત સેવાકાલીન તાલીમનું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા થાય છે.

૨. આ પ્રોજેક્ટમાં સેવાકાલીન તાલીમ વર્કશોપ સ્વરૂપે યોજાય છે.

3. સેવાકાલીન તાલીમ દરમિયાન અન્ય શાળાના શિક્ષકો સાથેની આંતરક્રિયાથી થાય છે.

૪. સેવાકાલીન તાલીમથી અધ્યયન સામગ્રીનું સંરચના કૌશલ્ય કેળવાય છે.

૫. દ્વીભાષી શિક્ષણ પદ્ધતિ માટે સેવાકાલીન તાલીમ દ્વારા નૂતન શિક્ષણ પદ્ધતિની જાણકારી મળે છે.

૬. શિક્ષણની ગુણવતા અર્થે સેવાકાલીન તાલીમથી સંકલ્પનાઓ સ્પષ્ટ બને છે.

૭. દ્વિભાષી શિક્ષણ પદ્ધતિમાં સેવાકાલીન તાલીમથી વ્યાવસાયિક તથા વ્યક્તિ વિકાસ થાય છે.

૮. આ પ્રોજેક્ટ અંતર્ગત મળતી તાલીમના જ્ઞાનનો વર્ગખંડમાં સારો ઉપયોગ થાય છે.

૯. દ્વિભાષી પ્રોજેક્ટનાસૂચવ્યા પ્રમાણે દરેક શાળાએ અમલ કરવો જોઈએ.

૧૦. આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલ દરેક લોકો રસ લે તે ખુબ જરૂરી છે.

૧૧. આ પ્રોજેક્ટ વિકસાવવાવર્ગખંડમાં વધુ સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરવો જોઈએ.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ વિશે વાલીઓના અભિપ્રાયો અંગેના તારણો

૧. પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓ શાળામાંથી જ દ્વિભાષી શિક્ષણ મેળવી લે છે.

૨. શાળામાંથી વિદ્યાર્થીઓને અધ્યયનનો વધુ બોજ જોવા મળતો નથી.

૩. પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓ શાળામાંથી ગણિત અને પર્યાવરણ વિષયના કેટલાક પારિભાષિક શબ્દો અંગ્રેજી ભાષામાં સારી રીતે સમજી શકે છે.

૪. વિદ્યાર્થીઓના વાલીઓ સતત આ પ્રોજેક્ટ માટે શાળાના સંપર્કમાં રહે છે.

૫. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં બોલતા થયા છે.

૬. પરીક્ષા નિયમિત રૂપે જ લેવાય છે.

૭. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓની સમાજ વિકસી છે.

૮. આ પ્રોજેક્ટ અંતર્ગત દ્વિભાષી વિષયોનું શિક્ષણ હોવાથી વાલીઓને માર્ગદર્શન મળે તે જરૂરી છે.

૯. પ્રોજેક્ટ અંતર્ગત વાલીઓને વિષયની સમજુતી માટે તાલીમ જરૂરી છે.

૧૦. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધરો અને સામાજિક આંતરક્રિયા સારી રીતે થાય છે.

➢ ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ પાછળનાં ખર્ચ અંગેનાં તારણો

૧. આ પ્રોજેક્ટમાં સાધન સામગ્રી પાછળ થતાં ખર્ચનો ચોક્કસ આકડો ઉપલબ્ધ નથી.

૨. દરેક શાળામાં આ પ્રોજેક્ટ પાછળ અલગ અલગ રીતે ખર્ચ થતો જોવા મળે છે.

૩. આ પ્રોજેક્ટ પાછળ શાળાઓમાં અંદાજીત ખર્ચ ૧૯૨૦૦ થી ૨૮૮૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થાય છે.

૪. ગ્લોબલ ગુજરાતી માધ્યમની પાઠ્યપુસ્તક અને સ્વાધ્યાયપોથી માર્કેટમાં મળે તો શાળાનાં ખર્ચમાં બચત થાય છે.

૫. શાળાના નિયમો અનુસાર મેનેજમેન્ટ સાથે ચર્ચા કરી આ ખર્ચ શાળા સંચાલક શ્રી દ્વારા જ ઉપાડી લેવામાં આવે છે.

૬. શિક્ષકો પાસેથી અધ્યાપન માટે વેસ્ટમાંથી બેસ્ટ સામગ્રી તૈયાર કરવામાં આવે છે.

૭. શાળાની સુવિધાનો અને પ્રોજેક્ટરનાં ઉપયોગ કરી અધ્યાપન અને અધ્યયન કરાવવામાં આવે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલાં તારણો પરથી કેટલાંક મહત્વના સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ સંશોધક દ્વારા અહી કરવામાં આવ્યો છે. પ્રસ્તુત શૈક્ષણિક સૂચિતાર્થોનું અમલીકરણ કરવાથી ઉપસ્થિત પ્રશ્નો દૂર થઈ શકે અને પ્રજ્ઞા અભિગમને વધુ સફળ બનાવી શકાય તેમજ જે તારણો પ્રાપ્ત થયા છે તેના મુખ્ય શૈક્ષણિક સૂચિતાર્થો નીચે મુજબ છે.

**શિક્ષકો માટેનાં સૂચિતાર્થો**

- શાળામાં પુસ્તકાલયમાં અંગ્રેજી શબ્દકોશની જોગવાઈ શાળાનાં આચાર્ય અને ટ્રસ્ટે કરવી જોઈએ.
- સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓનાં વાલીઓને જાણ કરવી.
- બાળકો કથનની સાદી લેખનકાર્ય કરે તેવી પ્રવૃત્તિઓ કરાવવી

- આ પ્રોજેક્ટ દ્વિભાષા અંતર્ગત શિક્ષણ કાર્ય સમયસર પૂરો થાય તે રીતે આયોજન કરવું
- જરૂર જણાય તો તેમાં ફેરફાર કરવો.
- વિદ્યાર્થીઓમાં સમૂહ ભાવના કેળવવી.
- પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની ક્ષમતા આધાર કરવી.
- દ્વિભાષી શિક્ષણનું મહત્વ સમજી શાળામાં પૂરતા દ્રશ્ય- શ્રાવ્ય સાધનોની જોગવાઈ થવી જોઈએ.
- દરેક શાળાની લાઈબ્રેરીમાં વિદ્યાર્થીની સંખ્યા અનુરૂપ શબ્દકોશ અને વ્યાકરણ પુસ્તકો હોવા જોઈએ.
- શાળામાં દ્વિભાષા અંતર્ગત વિષયના તજજ્ઞ બોલાવી સેમિનારનું આયોજન કરી શકાય.

**વાલીઓ માટેનાં સૂચિતાર્થો**

- ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત દરેક વિષયને સરળ બનાવવા વાલીઓ દ્વારા પ્રવૃત્તિલક્ષી અધ્યયન કરાવી શકાય.
- યુ-ટ્યુબ પર અંગ્રેજી વાંચન અને સાંભળી શકાય તેવા વિડીઓ વિદ્યાર્થીઓને બતાવવા જોઈએ.
- દરેક વાલીઓ એ શાળાની દરેક મીટીંગમાં ઉપસ્થિત રેહવું જોઈએ.
- દરેક શાળામાંથી વાલીઓને અપાતી તાલીમમાં હાજરી આપવી જોઈએ.
- શાળામાંથી મળતા દરેક સૂચનોને અનુસાર વિદ્યાર્થીને અધ્યયન કરાવવું જોઈએ.
- દ્વિભાષી શિક્ષણ અંતર્ગત નિયમિત રૂપે અધ્યયન કરાવવું જોઈએ.
- રોજબરોજના વ્યવહારુ શબ્દોનો ધરમાં અંગ્રેજી કથન થવું જોઈએ.
- દરેક વાલીઓએ ઘરે દ્વિભાષી શિક્ષણ અંતર્ગત સંદર્ભગ્રંથોની સગવડ કરવી જોઈએ.

આચાર્યો માટેનાં સૂચિતાર્થો

- ધીમી ગતિએ શીખનાર બાળકો માટે અલગથી તાસ ગોઠવવા જોઈએ.
- શિક્ષકો અને બાળકોની નિયમિત હાજરીની નોંધ કરવી જોઈએ.
- ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત વિદ્યાર્થીની સંખ્યામાં જે વધઘટ થાય છે તે અંગેની માહિતી પ્રોજેક્ટ સંચાલક સુધી આપવી જોઈએ.
- આ પ્રોજેક્ટનાંપરિણામોને ધ્યાનમાં રાખી સાચી માહિતી સમાજ સમક્ષ મૂકવી જોઈએ.
- આ પ્રોજેક્ટમાં સંગીત કલાકાર, લાઈબ્રેરીયનનો સમાવેશ કરવો જોઈએ.
- આ પ્રોજેક્ટમાં શિક્ષણ શાસ્ત્રીઓ, ભાષા અધ્યાપકો અને મનોવૈજ્ઞાનિકોનો સમાવેશ કરવો જોઈએ.

**ભાવિ સંશોધન માટેની ભલામણો**

સંશોધક એવું સ્વીકારે છે કે કોઈ પણ અભ્યાસ સંપૂર્ણ હોઈ શકે નહિ તે જ રીતે પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. અન્ય સંશોધનોમાં રહેલી મર્યાદાઓની જેમ પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા હતી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિચરતી રહે એ માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનો થતા રહે તે પણ જરૂરી છે. સંશોધકે આ વાતને ધ્યાનમાં રાખીને ભાવી સંશોધનો માટેનાં ક્ષેત્રો નીચે મૂજબ દર્શાવ્યા છે.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ અંતર્ગત અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ.

૨. સુરત શહેર સિવાય અન્ય શહેરમાં ચાલતાં અન્ય પ્રોજેક્ટ અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

3. ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ.

૪. ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત શાળાના શિક્ષકોને નડતી સમસ્યાઓનો અભ્યાસ.

૫. પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ અંગે શિક્ષકો અને આચાર્યોના અભિગમ અંગે સંશોધન હાથ ધરી શકાય.

૬. પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરીસ્થિતિ અંગે સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટની પ્રવર્તમાન પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરતું નાનકડું સંશોધન છે. જે અંતર્ગત ગ્લોબલ ગુજરાતી માધ્યમ પ્રોજેક્ટ શરૂ કરવા પાછળનો હેતુઓ,માનવ સંસાધનની સંખ્યાકીય માહિતી, શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, પ્રોજેક્ટની અધ્યાપન પદ્ધતિ, શૈક્ષણિક ઉપકરણો, શૈક્ષણિક આયોજન, પ્રોજેક્ટના અમલીકરણમાં નડતી સમસ્યાઓ, મૂલ્યાંકન પદ્ધતિઓ, પ્રોજેક્ટ વિશે વાલીઓના અભિપ્રાયો, સેવાકાલીન તાલીમ, પ્રોજેક્ટ પાછળનો ખર્ચ અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ગ્લોબલ ગુજરાતી માધ્યમ અંતર્ગત જે સમસ્યાઓ ઉકેલી શિક્ષણને વધુ અસરકારક બનાવી શકાય. પ્રસ્તુત સંશોધન શિક્ષકો, વાલીઓ, આચાર્યો અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલ અન્ય અધિકારીઓને સહાયભૂત બની રહેશે એવી નમ્ર માન્યતા અને ઊંડા સંતોષની લાગણી સાથે સંશોધક અહીં વિરમે છે.

## ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની સમસ્યાઓનો અભ્યાસ

ધોડી ટીના એન.

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ સંશોધનના સારાંશમાં સંશોધનના હેતુઓ, સંશોધનના પ્રશ્નો, સંશોધનની પદ્ધતિ, સંશોધનમાં લેવામાં આવેલા નમૂના, માહિતી એકત્ર કરવા માટેનું ઉપકરણ અને પૃથક્કરણની રીત વગેરે બાબતો વિશે ટૂંકમાં માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની કૌટુંબિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની આર્થિક સમસ્યાઓની જાણકારી મેળવવી,

૪. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની ભૌતિક સમસ્યાઓનો અભ્યાસ કરવો,

૫. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની સામાજિક સમસ્યાઓની જાણકારી મેળવવી,

૬. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભતાખેતમજૂરોના બાળકોની શૈક્ષણિક સમસ્યાઓની જાણકારી મેળવવી.

૭. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની શિક્ષકના વર્ગવ્યવહાર સંબંધી સમસ્યાઓની જાણકારી મેળવવી.

૮. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓની જાણકારી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ હતા.

૧. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ સમસ્યાઓ નડે છે ?

૨. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ કૌટુંબિક સમસ્યાઓ અનુભવાય છે?

૩. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજરોના બાળકોને કઈ કઈ આર્થિક સમસ્યાઓ નડે છે?

૪. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ ભૌતિક સમસ્યાઓ નડે છે?

૫. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ સામાજિક સમસ્યાઓ અનુભવાય છે?

૬. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ નડે છે?

૭. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોને શિક્ષકના વર્ગવ્યવહાર સંબંધી કઈ કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૮. ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળાનાં ભણતા ખેતમજૂરોના બાળકોને કઈ કઈ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અનુભવાય છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન માટે શાળા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમુનો**

પ્રસ્તુત સંશોધનમાં ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ખેતમજૂરોના બાળકો વ્યાપવિશ્વ બન્યા હતા.

ઉમરગામ તાલુકાની ૧૦ માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૮-૧૯માં અભ્યાસ કરતા ખેતમજૂરોના ૧૮૦ વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનો નમૂનો હતા. જેની શાળા પ્રમાણેની સંખ્યા દર્શાવતી યાદી વિશિષ્ટ-૨ તરીકે આપેલ છે.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે નીચેની સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો.

**સમસ્યા ઓળખસૂચિ**

પ્રસ્તુત સંશોધનનું ઉપકરણ સ્વરચિત સમસ્યા ઓળખસૂચિમાં વિભાગ-૧માં ખેતમજુરોના બાળકોની સામાન્ય માહિતી, વિભાગ-૨માં ખેતમજૂરોના બાળકોએ સમસ્યા ઓળખસૂચિમાં પોતાના પ્રતિચારો દર્શાવવાના હતા. જેમાં કુલ ૭ પેટા વિભાગો દર્શાવવામાં આવ્યા હતા. તેમાં કુલ ૬૦ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને વિભાગ-બમાં મુક્ત જવાબી પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા સમસ્યા ઓળખસૂચિ ભરાવીને માહિતી એકત્રીત કરવામાં આવી હતી. માહિતી પૃથક્કરણ અને અર્થઘટન માટે ટકાવારી અને અગ્રતાક્રમ શોધવામાં આવ્યો હતો અને મુક્તજવાબી પ્રશ્નોનું ગુણાત્મક પદ્ધતિથી વિષયવસ્તુ પૃથ્થક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના મુખ્ય તારણો**

ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજુરોના બાળકોની સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે રચાયેલી સમસ્યા ઓળખસૂચિ પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી તેના પૃથક્કરણ અને અર્થઘટનને અંતે નીપજતા સંશોધનના મુખ્ય તારણો નીચે મુજબ હતા.

➢ સમસ્યા ઓળખસૂચિના આધારે પ્રાપ્ત થયેલા વિદ્યાર્થીઓના સમસ્યા ઓળખસૂચિ સંબંધી તારણો

(૧) કૌટુંબિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. માતા-પિતા મજૂરી કરતા હોવાથી બાળકોને અભ્યાસ માટે વધારે સમય આપી શકતા નથી.

૨. માતા-પિતા વધુ ભણેલા ન હોવાથી શિક્ષાકાર્યમાં મદદ કરી શકતા નથી.

૩. ઘરમાં ઝઘડાઓથવાથી બાળકોના અભ્યાસમાં નુકસાન થતું હતું.

૪. બાળકોને ઘરમાંથી યોગ્ય માર્ગદર્શન મળતું ન હતું.

૫. ઘરમાં સ્વતંત્ર રીતે બાળકો પોતાના વિચારો રજૂ કરી શક્યા ન હતા.

(૨) આર્થિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. બાળકોના કુટુંબની આર્થિક પરિસ્થિતિ નબળી છે.

૨. આર્થિક પરિસ્થિતિ નહી હોવાથી બાળકોને અભ્યાસનો ખર્ચે પહોંચી શકાતો નથી.

૩. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી બાળકોને ટ્યુશન લઈ શકાતું નથી.

૪. આર્થિક આવક ઓછી હોવાથી ભૌતિક સુવિધાના અભાવે બાળકોને શિક્ષણકાર્યમાં મુશ્કેલી પડે છે.

૫. આર્થિક મુશ્કેલીના કારણે બાળકોના ઘરમાંઝઘડાઓ થાય છે.

૬. આર્થિક સ્થિતિ નબળી હોવાથી બાળકોને શૈક્ષણિક પ્રવાસમાં જવાતું નથી.

(૩) ભૌતિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. બાળકોના ઘરમાં અભ્યાસ માટેની સગવડોનો અભાવ છે.

૨. શાળામાં જવા માટે ખાનગી વાહનોનું ભાડું ખર્ચીશકાતું નથી.

૩. શાળામાં પ્રયોગ માટે પ્રયોગશાળાની સુવિધા નથી.

૪. શાળામાં પુસ્તકાલયનીસુવિધાનો અભાવ છે.

૫. શાળામાં રમતના સાધનોનો અભાવ છે.

૬. શાળામાં કમ્પ્યુટર લેબનીસુવિધાનો અભાવ છે.

(૪) સામાજિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. સમાજની રૂઢિગત તહેવારોની અસર બાળકોના અભ્યાસ પર થાય છે.

૨. સમાજમાં જાતિને લગતા ભેદભાવ જોવા મળે છે.

૩. વડીલો અંધશ્રદ્ધાળુ હોવાથી તેની અસર બાળકોના અભ્યાસ પર થાય છે,

૪. બાળલગ્નને કારણે અભ્યાસ અધવચ્ચેથી છોડવો પડે છે.

૫. અભ્યાસ વધુ કરતા હોવા છતાં પણ તેઓનું સ્થાન સમાજમાં નીચું છે.

૬. સમાજમાંથી બાળકોને અભ્યાસ માટે વધુ પ્રોત્સાહન મળતું નથી.

(૫) શૈક્ષણિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. ખેતમજૂરના બાળકો હોવાથી શિક્ષણમાં કયા ક્ષેત્રમાં આગળ વધી શકાય તેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળતું નથી.

૨. શિક્ષકો શૈક્ષણિક કાર્ય દરમિયાન વ્યાખ્યાન પદ્ધતિનો જ ઉપયોગ કરે છે.

૩. શિક્ષકો શૈક્ષણિક કાર્ય દરમિયાન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરતા નથી.

૪. શિક્ષકો બાળકોને માત્ર પાઠ્યપુસ્તક પૂરતું જ માર્ગદર્શન આપે છે.

૫. શાળામાં પૂરતા પ્રમાણમાં શિક્ષકો નથી તેથી બાળકોને અધ્યયનમાં તકલીફ પડે છે.

૬. શિક્ષકો ખેતમજુરના બાળકો હોવાથી ભેદભાવ કરે છે.

(૬) શિક્ષકનાવર્ગવ્યવહાર સંબંધી સમસ્યાઓ સંબંધી તારણો

૧. વર્ગખંડમાં હોંશિયાર વિદ્યાર્થીઓને જ વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

૨. શિક્ષકો તેઓને નબળા વિદ્યાર્થીઓમાં ગણે છે.

૩. શિક્ષકો તેઓને વર્ગ ચર્ચામાં ભાગીદાર બનાવતા નથી.

૪. શિક્ષકોનું વલણ પક્ષપાત ભર્યું હોય છે.

૫. શિક્ષકો વિષયવસ્તુને વધારે ઉદાહરણો આપીને સમજાવતા નથી.

(૭) મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સંબંધી તારણો

૧. ખેતમજૂરોના બાળકોમાં આત્મવિશ્વાસનો અભાવ છે.

૨. ઘરમાં ઝઘડાથવાથી બાળકો માનસિક તાણ અનુભવે છે.

૩. ખેતમજૂરીના કારણે તેઓને આર્થિક સ્થિતિની ચિંતા રહે છે.

૪. આર્થિક ચિંતાના કારણે બાળકો શાળાની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકતા નથી.

૫. તેઓ નીચી જાતિના હોવાથી લઘુતાગ્રંથિ અનુભવે છે.

૬. ખેતમજૂરના બાળક હોવાથી તેઓને લઘુતાગ્રંથિ અનુભવાય છે.

➢ મુક્તજવાબી પ્રશ્નોના આધારે મુખ્ય તારણો

(૧) ખેતમજૂરના બાળકોને સ્પર્શતી તીવ્રતમ સમસ્યાઓ સંબંધી તારણો

૧. બાળકોના માતા પિતા વધુ ભણેલા ન હોવાથી અભ્યાસ માટે મદદ કરી શકતા નથી.

૨. માતાપિતા મજૂરી કરતા હોવાથી અભ્યાસ માટે સમય આપી શકતા ન હતા.

૩. ઘરમાં ઝઘડાઓ થવાથી બાળકોને અભ્યાસમાં નુકશાન ખતું હતું.

૪. આર્થિક મુશ્કેલીના કારણે ઘરમાં ઝઘડાઓ થતા હતા.

૫. તેનો પોતાના વિચારો ઘરમાં સ્વતંત્ર રીતે રજૂ કરી શક્યા ન હતા.

(૨) ખેતમજુરના બાળકોને સ્પર્શતી તીવ્રતમ સમસ્યાઓના સંદર્ભમાં ઉકેલ સંબંધી તારણો

૧. મારા મોટા ભાઈ બહેને અભ્યાસમાં મદદ કરવું જોઈએ.

૨. અમને માતા પિતાએ અભ્યાસ માટે સમય આપવો જોઈએ.

૩. અમારા માતા પિતાને વડીલોએ સમજાવવું જોઈએ.

૪. ભાઈ બહેનના સહકાર દ્વારા અમે પોતાના વિચારો ઘરમાં રજૂ કરી શકીએ છીએ.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

➢ ખેતમજૂરના બાળકો ના વાલીઓને સૂચનો

૧. માતાપિતાએ બાળકોને અભ્યાસ માટે વધારે સમય આપવો.

૨. બાળકોની સમક્ષ ઘરમાં ઝઘડાઓ ન કરવા.

૩. બાળકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું અને અભ્યાસ માટે પ્રોત્સાહન આપવું.

૪. બાળકો પર એમના નાના-ભાઈ બહેનની જવાબદારી ન સોંપવી અને બાળકોને શાળાએ અભ્યાસ માટે મોકલવા.

૫. બાળકોને ચાલુ શાળાએ ઘરની ખેતીમાં કામ ન કરાવવું ફૂરસદના સમયે બાળકોને ખેતી કાર્ય કરાવી શકાય.

૬. બાળકોને ઘરમાં પોતાના વિચારો રજૂ કરવાની તક આપવી.

૭. બાળકોને ઘરમાં અભ્યાસ માટેની ભૌતિક સુવિધા પૂરી પાડવી.

➢ શિક્ષકો અને આચાર્યશ્રીને સૂચનો

૧. બાળકોને શિક્ષણમાં કયા ક્ષેત્રમાં આગળ વધી શકાય તેનું યોગ્ય માર્ગદર્શન આપવું.

૨. શૈક્ષણિક કાર્ય દરમિયાન વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો

૩. શૈક્ષણિક કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને નવીન શિક્ષણ પદ્ધતિઓ દ્વારા ભણાવવું.

૪. શાળામાં કોઈપણ જાતિને લગતા ભેદભાવ કરવા નહીં. તમામ બાળકોને સમાન ગણવા.

૫. શાળામાં વિવિધ પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવી. જેમ કે, વિજ્ઞાન પ્રયોગખંડ, સામાજિક વિજ્ઞાન પ્રયોગ ખંડ, ભાષા પ્રયોગ ખંડ વગેરે.

૬. બાળકોને રમતના બધા જ સાધનો પૂરા પાડવા.

૭. શિક્ષણકાર્ય દરમિયાન પાઠ્યપુસ્તક સિવાય અન્ય માર્ગદર્શન પણ પૂરું પાડવું.

૮. શિક્ષણકાર્ય દરમિયાન વિશેષ ઉદાહરણો દ્વારા અધ્યાપન કાર્ય કરાવવું.

➢ ખેતમજૂરોના બાળકોને સૂચનો

૧. કોઈપણ જાતની લઘુતાગ્રંથિઅનુભવવી નહિ.

૨. પોતાનામાં વિશેષ આત્મવિશ્વાસ દઢ કરવો.

3. પોતાના વિચારોને સ્વતંત્ર રીતે શાળા કે ઘરમાં રજૂ કરવા.

૪. કોઈપણ પ્રકારની માનસિક ચિંતા કરવી નહીં અને મન લગાવી અભ્યાસ કરવો.

૫. વર્ગખંડમાં આત્મવિશ્વસપૂર્વક પોતાના વિચારો રજૂ કરવા.

➢ સમાજને સૂચનો

૧. કોઈપણ જાતિને લગતા ભેદભાવ કરવા નહીં.

૨. બાળકોના અભ્યાસ દરમિયાન લગ્ન કરવા નહીં.

૩. સમાજની રૂઢિગત તહેવારોની અસર બાળકોના અભ્યાસ પર ન થાય તેની કાળજી રાખવી.

૪. સમાજમાં સૌ પરિવારનું સ્થાન સમાન હોવું જોઈએ.

૫. સમાજનાવડીલોની અંધશ્રદ્ધા બાળકોના અભ્યાસ પર ન થાય તેની કાળજી રાખવી.

૬. બાળકોને અભ્યાસ માટે યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવું.

➢ સરકારશ્રીને સૂચનો

૧. ખેતમજુરોના બાળકોને અભ્યાસ માટેની સગવડો પૂરી પાડવી.

૨. શિષ્યવૃત્તિમાં વધારો કરવો અને બધાં જ બાળકોને મળે છે કે નહીં તેની યોગ્ય તપાસ કરવી.

3. બાળકોમાં લઘુતાગ્રંથી દૂર થાય તે માટે રજાના દિવસોમાં તાલીમી કાર્યક્રમો યોજવા.

૪. ખેતમજૂરોના બાળકોની સર્વે કરી તેમની સંખ્યા પ્રમાણે અભ્યાસ માટેની યોગ્ય સગવડ પૂરી પાડવી.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

આ સંશોધન કાર્ય ઉમરગામ તાલુકાની માધ્યમિક શાળામાં ભણતા ખેતમજૂરોના બાળકોની સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે થયેલ છે, ઉપરાંત એવા ઘણા સંશોધન કાર્યમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણી તેના ઉકેલ લાવી શકાય એમ છે.

કોઈપણ સંશોધનની પુર્ણતા એ સંશોધનનો અંત નથી પણ નવા સંશોધન માટે દિશા સૂચવે છે. પ્રસ્તુત સંશોધન ભવિષ્યમાં હાથ ધરી શકાય તેવા દિશાસૂચક કેટલાક સંશોધનો માટેના વિષયોની યાદી નીચે મુજબ છે.

૧. ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ખેતમજૂરોનાં બાળકોની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૨. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

3. ખેતમજૂરોનાં બાળકો અને બિન ખેતમજૂરોના બાળકોની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૪. આશ્રમ શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૫. ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં અભ્યાસ માટે અપ-ડાઉન કરતા આદિવાસી વિદ્યાર્થીઓનીસમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા ઉદગમથી શરૂ કરીને અભ્યાસ દ્વારા મળેલ તારણો સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં

સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને નિષ્ણાતો પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટે ઉપકરણ દ્વારા એકત્રિત કરેલ માહિતીનું વર્ગીકરણ કરીને તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું તેને આધારે યોગ્ય તારણો, ભલામણો અને ભાવિ સંશોધનો માટે અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે તેથી તે માટેના પ્રયત્નો કરવામાં આવે તો પ્રસ્તુત અભ્યાસ સાર્થક ગણાશે.

## ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના અધિકાર અંગે જાગ્રતતા

દિવાન શીફાબેગમ આઈ.

### સંશોધનના હેતુઓ

હેતુ વિનાનું સંશોધન નિરર્થક ગણાય છે. પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું હતું.

૧. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના શૈક્ષણિક અધિકારો અંગેની જાગ્રતતા તપાસવી.

૨. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના ન્યાયિક અધિકારો અંગેની જાગ્રતતા તપાસવી.

૩. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના સામાજિક અધિકારો અંગેની જાગ્રતતા તપાસવી.

૪. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના રાજકીય અધિકારો અંગેની જાગ્રતતા તપાસવી.

૫. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રીઓના આર્થિક અધિકારો અંગેની જાગૃતતા તપાસવી.

### સંશોધનના પ્રશ્નો

૧. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રીઓના શૈક્ષણિક અધિકારો અંગે કેટલું જાણે છે ?

૨. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રીઓના ન્યાયિક અધિકારો અંગે કેટલી જાણકારી ધરાવે છે ?

૩. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રીઓના સામાજિક અધિકારો અંગે કેટલી જાણકારી ધરાવે છે ?

૪. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રીઓના રાજકીય અધિકારોથી કેટલાં જાણકાર છે ?

૫. ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રીઓના આર્થિક અધિકારો અંગે કેટલી જાણકારી ધરાવે છે ?

વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

### વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં ભરૂચ જિલ્લામાં કાર્યરત વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના કુલ છ શિક્ષણ મહાવિદ્યાલયમાં પ્રશિક્ષણરત પ્રશિક્ષણાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

### નમૂનો

પ્રસ્તુત સંશોધન માટે ભરૂચ જિલ્લાની કુલ છ શિક્ષણ મહાવિદ્યાલયનાં ૪૦૦ પ્રશિક્ષણાર્થીઓમાંથી ચિઠ્ઠીઉપાડ યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા દરેક મહાવિદ્યાલયમાં 30% લેખે પ્રશિક્ષણાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાંથી ૧૮૦ પ્રશિક્ષણાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ઉપકરણની પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનનાં હેતુઓને ધ્યાનમાં રાખીને સ્ત્રી અધિકાર વિષયક જાગૃતતા કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

ઉપકરણની પસંદગી જેટલી આવશ્યક છે તેના અનુસંધાનમાં માહિતી એકત્રિત યોગ્ય રીતે કરવી તે પણ અત્યંત આવશ્યક બાબત છે. માહિતી એકત્રિકરણની રીતમાં વૈજ્ઞાનિકતા જળવાય એ જરૂરી બને છે.

સંશોધકે ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં આચાર્યો અને અધ્યાપકોની પરવાનગી મેળવી તેમણે દર્શાવેલ દિવસ અને સમય પર કોલેજ પહોંચી પ્રશિક્ષણાર્થીઓને પ્રત્યક્ષ રીતે જાગૃતતા કસોટી આપી, તેઓને યોગ્ય માહિતી અને સમય આપી ઉપકરણ દ્વારા માહિતી એકત્ર કરી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

સંશોધકે પ્રસ્તુત સંશોધન અંગેની જાગૃતતા કસોટીની ઉપકરણ તરીકે રચના કરી હતી જેમાં જાગૃતતા સ્તરની ઓળખ કરવા મેળવેલપ્રાપ્તાંકોના આધારે માપદંડો નક્કી કરી જાગૃતતાનાં સ્તર નક્કી કરવામાં આવ્યા હતા.

**સંશોધનના તારણો**

ભરૂચ જિલ્લાની શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓની સ્ત્રીઓના અધિકારો અંગે જાગ્રતતા જાણવા રચાયેલી જાગ્રતતા કસોટી પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી તેના પૃથક્કરણ અને અર્થઘટનને અંતે નીપજતા સંશોધનના મુખ્ય તારણો આ મુજબ છે.

૧. ભરૂચ જિલ્લાના પ્રશિક્ષણાર્થીઓમાં ઉચ્ચ જાગ્રતતાનો અભાવ જોવા મળ્યો.

૨. ભરૂચ જિલ્લાના મહત્તમ પ્રશિક્ષણાર્થીઓમાં મધ્યમ જાગ્રતતા જોવા મળી.

૩. ભરૂચ જિલ્લાના લઘુત્તમ પ્રશિક્ષણાર્થીઓમાં નિમ્ન જાગ્રતતા જોવા મળી.

૪. ભરૂચ જિલ્લાના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી અધિકાર અંગે જાતિયતા સંદર્ભે જાગૃતતામાં અર્થસૂચક તફાવત જોવા મળ્યો ન હતો. જાતિયતાના આધારે પ્રશિક્ષણાર્થીઓ સમાન જાણકારી ધરાવે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધન સ્ત્રી અધિકાર અંતર્ગત તેની મર્યાદાને ધ્યાનમાં રાખી સંશોધનના આધારે પ્રાપ્ત કેટલાક સુચિતાર્થીઓ આ મુજબ છે.

૧. શિક્ષણ મહાવિદ્યાલયના અભ્યાસક્રમમાં સ્ત્રી અધિકારો અંગે પ્રાથમિક માહિતીનો સમાવેશ વધુ પ્રમાણમાં થવો જોઈએ.

૨. સ્ત્રી જાગ્રતત પ્રેરિત સેમિનારો હાથ ધરવા જોઈએ.

3. સ્ત્રીઓને મળતી યોજનાઓ અંગે માહિતગાર કરતાં કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

૪. સ્ત્રી સુરક્ષાકેન્દ્રોની સ્થાપના કરવી જોઈએ.

૫. આર્થિક રીતે નબળા વર્ગની સ્ત્રીઓ માટે નાના ગૃહઉદ્યોગોની સ્થાપના કરવી જોઈએ.

**ભાવિ સંશોધન માટેના નિર્દેશો**

સંશોધનનું ક્ષેત્ર ખૂબ મોટું અને વ્યાપક છે. આથી કોઈપણ સંશોધક એવી ખાતરી ન આપી શકે કે સંશોધન સંપૂર્ણ અને અંતિમ જ હોય. પ્રસ્તુત સંશોધનના સંબંધિત ક્ષેત્રમાં ભાવિ સંશોધન અંગેનાનિર્દેશો આ મુજબ દર્શાવી શકાય.

૧. પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લા પૂરતું જ મર્યાદિત હતું, અન્ય જિલ્લાઓમાં આ પ્રકારના વિસ્તૃત સંશોધન હાથ ધરી શકાય.

૨. પ્રસ્તુત સંશોધન શિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓ પૂરતું જ સીમિત હતું. શાળાના શિક્ષકો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓને આવરી લઈ આવા પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

3. પ્રસ્તુત સંશોધન સ્ત્રી અધિકાર પૂરતું જ મર્યાદિત હતું, બાળ અધિકારો, માનવ અધિકારો, તથા બંધારણમાં સમાવિષ્ટ અન્ય અધિકારોને ધ્યાનમાં રાખી આ પ્રકારનું સંશોધન હાથ ધરી શકાય.

૪. પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યનાં ભરૂચ જિલ્લા પૂરતું જ મર્યાદિત ન રહેતા અન્ય

રાજ્યોનાં જિલ્લાઓમાં આ પ્રકારનું સંશોધનકાર્ય હાથ ધરી શકાય.

૫. પ્રસ્તુત સંશોધનમાં મર્યાદિત પાત્રોનો સમાવેશ કરાયો હતો પણ મોટા નમૂનાની પસંદગી કરી આવા પ્રકારનું સંશોધનકાર્ય હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધન પરથી ફલિત થાય છે કે સ્ત્રીની વર્તમાન પરિસ્થિતિ જોતાં સ્ત્રી અધિકાર અંતર્ગત શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં વધુ જાગ્રતતા જોવા મળી નહીં. શિક્ષણ મહાવિદ્યાલયનાં પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી અધિકાર અંગે જાણકારી હોવી આવશ્યક છે, કારણકે તેઓ ભાવિ શિક્ષકો છે. જો પ્રશિક્ષણાર્થીઓમાં આવા અધિકારો અંગે જાણકારી હશે તો તેઓ પોતાના ભાવિ વિદ્યાર્થીને જણાવી શકશે અને ભવિષ્યમાં સ્ત્રીઓ પોતાના અધિકારો માટે જાગ્રત થશે, તેથી સ્ત્રીઓ ઓછી શોષિત થશે અને નિર્ભય પણે અવાજ ઉઠાવી શકશે.

## ધોરણ-૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનો સમીક્ષાત્મક અભ્યાસ

ગામીત સરોજ આર.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧) ધોરણ-૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના બાહ્ય સ્વરૂપનું નીચેના લક્ષણો સંદર્ભે
૨) શિક્ષકો પાસેથી માહિતી પ્રાપ્ત કરવી.
- મુખપૃષ્ઠ,
- કદ
- બાંધણી
- કિંમત
- પૃષ્ઠસંખ્યા

➢ ધોરણ-૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના આંતરિક સ્વરૂપનું નીચેના લક્ષણો સંદર્ભ શિક્ષકો પાસેથી માહિતી પ્રાપ્ત કરવી.
- પાઠ્યપુસ્તકની ધ્યેય સિધ્ધિ
- વિષયવસ્તુની ગોઠવણી અને રજૂઆત
- ભાષાકીય યોગ્યતા
- પાઠ્યપુસ્તકમાં દર્શિત સ્વાધ્યાય
- પાઠ્યપુસ્તકના ચિત્રો
- વ્યાકરણ
- પાઠ્યપુસ્તકમાં નિદર્શિત પ્રવૃત્તિ

3) પાઠ્યપુસ્તકની ખૂબીઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
૪) પાઠ્યપુસ્તકની ખામીઓ અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.
૫) પાઠ્યપુસ્તકની ખામીઓ દૂર કરવાના ઉપાયો અંગે શિક્ષકોના સૂચનો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

૧) ધોરણ-૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકનુ બાહ્ય સ્વરૂપ કેવું છે?
૨) ગુજરાતીનું પાઠ્યપુસ્તક ધ્યેય સિદ્ધિ માટે કેટલા અંશે મદદરૂપ થાય છે?
3) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની ગોઠવણી કેટલી યોગ્ય છે?
૪) પાઠ્યપુસ્તકની ભાષાકીય બાબતો કેટલે અંશે યોગ્ય છે?
૫) પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ સ્વાધ્યાય પ્રશ્નમાં વૈવિધ્ય કેવું જોવા મળે છે?
૬) પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ ચિત્ર કેટલે અંશે યોગ્ય છે?
૭) પાઠ્યપુસ્તક આપવામાં આવેલ વ્યાકરણ કેટલે અંશે યોગ્ય છે?
૮) પાઠ્યપુસ્તકોમા નિદર્શિત પ્રવૃત્તિઓને વ્યવહારમાં ઉપયોગીતા કેટલી છે?
૯) પાઠ્યપુસ્તકમાં રહેલી ખૂબીઓ, ખામીઓ કઈ- કઈ છે?

૧૦) ખામીઓ દૂર કરવાના ઉપાયો શા છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માંડવી તાલુકાની તમામ ઉચ્ચતર માધ્યમિકશાળાઓને (૨૩ શાળાઓ) સંશોધનનું વ્યાપવિશ્વ તરીકે સ્વીકાર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમુનો બન્યો હતો. જેમાં ધોરણ-૧૧ માં

ગુજરાતી વિષયનું અધ્યાપન કરાવતા તમામ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ઉપકરણની પસંદગી

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે ઉપકરણ તરીકે શિક્ષકો માટે અભિપ્રાયવલી અને મુક્તજવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કર્યો હતો.

### માહિતી એકત્રીકરણની રીત

સંશોધકે સૌ પ્રથમ માંડવી તાલુકાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની રૂબરૂ મુલાકાત લઈ પોતાના સંશોધન માટે મદદરૂપ થાય તે માટે પરવાનગી મેળવી હતી, સંશોધન સાથે સંકળાયેલા શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિ ભરાવી હતી, જે સમયસર પ્રાપ્ત થઈ હતી.

આમ, પ્રસ્તુત સંશોધનમાં માંડવી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી માહિતી એકત્ર કરવામાં આવી હતી.

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી પૃથક્કરણ માટે શિક્ષકોને આપવામાં આવેલ અભિપ્રાયવલીના આધારે પ્રાપ્ત થયેલા પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ, કાઈવર્ગ, ચેટનો સુધારો સરેરાશ ગુણ ભારાંકના આધારે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. જ્યારે શિક્ષકોને આપવામાં આવેલ મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચારનું વિષયવસ્તુ વિશ્લેષણથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં તાર્કિક આગમનાત્મક પૃથક્કરણના આધારે પ્રાપ્ત થયેલ તારણો નીચે મુજબ છે.

➢ ધોરણ-૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના બાહ્ય સ્વરૂપ સંદર્ભ શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલ તારણો

૧. પાઠ્યપુસ્તકનું છાપકામ યોગ્ય રીતે થયેલ છે.

૨. પાઠ્યપુસ્તકના બાહ્ય સ્વરૂપના અક્ષરોનું કદ યોગ્ય છે.

3. પાઠ્યપુસ્તકની બાંધણી મજબૂત અને ટકાઉ છે.

૪. પાઠ્યપુસ્તકનું છેલ્લું પૃષ્ઠ અને મુખપૃષ્ઠ વિદ્યાર્થીઓને રસ પડે તેવું છે. પાઠ્યપુસ્તકના કુલ પાનાની સંખ્યા વધુ છે.

➢ ધોરણ-૧૧ ના ગુજરાતી પાઠ્યપુસ્તકના આંતરિક સ્વરૂપનું નીચેના લક્ષણો સંદર્ભે શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલ તારણો નીચે મુજબ છે.

પાઠ્યપુસ્તકની ધ્યેયસિદ્ધિ અંગેના તારણો નીચે મુજબ છે.

૧. ગુજરાતીનું પાઠ્યપુસ્તક માતૃભાષાની સમૃદ્ધિ વધારવામાં, એકતા જાળવવામાં તેમજ સર્જનાત્મક કાર્યો કરવા પ્રેરે તેવા છે.

૨. પાઠ્યપુસ્તક દ્વારા ક્ષમતાલક્ષી હેતુ સિદ્ધ થાય છે.

3. પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક મૂલ્યોને પ્રેરે છે.

પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુની ગોઠવણી અને રજૂઆત અંગેના તારણો

૧. પાઠ્યપુસ્તકના આપેલ સુભાષિતોથી વિદ્યાર્થીઓની સમજ શક્તિનો વિકાસ થાય છે.

૨. પાઠ્યપુસ્તકના ગદ્ય-પદ્ય તેમજ વિષયવસ્તુ વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ છે.

3. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ સરળથી સંકુલ તરફનું છે.

૪. પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ પુરકવાચન વિદ્યાર્થીઓમાં રૂચિ ઉત્પન્ન કરે છે.

૫. પાઠ્યપુસ્તકમાંના કેટલાક કાવ્યો ગાન કરી શકાય તેવા નથી.

૬. પાઠ્યપુસ્તકમાં કાવ્યની સમજૂતી માટે સંદર્ભની જરૂર પડે છે.

➢ પાઠ્યપુસ્તકની ભાષાકીય યોગ્યતા અંગેના તારણો

૧. પાઠ્યપુસ્તકમાં શબ્દોનું કદ યોગ્ય હોવાથી વાંચન, લેખન અને કથન કૌશલ્યનો વિકાસ થાય છે.

૨. વિષયવસ્તુની રજૂઆત સરળ ભાષામાં કરવામાં આવી છે.

૩. પાઠ્યપુસ્તકમાં અપરિચિત શબ્દોના અર્થ પાઠને અંતે આપવામાં આવ્યા છે.

૪. પાઠ્યપુસ્તકનું મુદ્રણકાર્ય ક્ષતિ રહીત છે.

➢ પાઠ્યપુસ્તકમાં દર્શિત સ્વાધ્યાય અંગેના તારણો

૧. પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાય કાર્ય એકમને અનુરૂપ છે તેમજ સ્વાધ્યાયમાં મહત્ત્વના મુદ્દા આવરી લેવાયેલ છે.

૨. સ્વાધ્યાયના પ્રશ્નો વિદ્યાર્થીઓ સ્વ- પ્રયત્ન કરી શકે તેવા છે.

૩. સ્વાધ્યાયના પ્રશ્નો અધ્યનકાર્યને અર્થપૂર્ણ તેમજ વિદ્યાર્થીઓને વિચારવા પ્રેરે છે.

૪. સ્વાધ્યાય દ્વારા જ્ઞાનનું દ્રઢીકરણ થાય છે.

૫. પાઠ્યપુસ્તકના સ્વાધ્યાય કાર્યના પ્રશ્નો સરળ છે.

➢ પાઠ્યપુસ્તકના ચિત્રો અંગેના તારણો

૧. પાઠયપુસ્તકમાં વિષયવસ્તુને અનુરૂપ ચિત્રો પુરતા પ્રમાણમાં નથી.

૨. સાહિત્યકારોના પરિચય સાથે ચિત્રો જોવા મળતા નથી.

➢ પાઠ્યપુસ્તકનું વ્યાકરણ અંગેના તારણો

૧. ભાષા શિક્ષણના વિકાસમાં ઉપયોગી બની શકે અને વ્યાકરણના ઉદાહરણો પૂરતા પ્રમાણમાં છે.

૨. વ્યાકરણ વિષયક પ્રશ્નો તેમજ સંદર્ભનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૩. વ્યાકરણ વિદ્યાર્થીઓની વય-કક્ષાને અનુરૂપ છે.

➢ પાઠ્યપુસ્તકમાં નિદર્શિત પ્રવૃત્તિ અંગેના તારણો

૧. શિક્ષક માટેની પ્રવૃત્તિ યોગ્ય છે તેમજ વિદ્યાર્થી પ્રવૃત્તિ પણ ઉચિત છે.

૨. પ્રવૃત્તિ વિદ્યાર્થીઓની અભિરુચિની વૃદ્ધિ કરે છે.

૩. પ્રવૃત્તિઓ સર્જનાત્મક શક્તિમાં વધારો કરે છે.

૪. પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ લાંબો હોવાથી પ્રવૃત્તિ કરાવી શકાતી નથી.

➢ ધોરણ-૧૧ ના ગુજરાતી પાઠ્યપુસ્તકની ખૂબીઓ, ખામીઓ અને પાઠ્યપુસ્તકને વધુ સારા બનાવવાના ઉપાયો અંગે પ્રાપ્ત થતાં મુખ્ય તારણો

૧. પાઠ્યપુસ્તકની ખૂબીઓ

(૧) પાઠ્યપુસ્તકનુ મુખપૃષ્ઠ આકર્ષક છે.

(૨) પાઠ્યપુસ્તકની ભાષાશૈલી સરળ છે,

(૩) પાઠ્યપુસ્તકમાં વ્યાકરણનો અલગ વિભાગમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૪) વિષયવસ્તુના હેતુઓ પાઠ્યપુસ્તક દ્વારા સિદ્ધ થાય છે.

૨. પાઠ્યપુસ્તકની ખામીઓ

(૧) કવિ લેખકના પરિચય સાથે ચિત્રો નથી.

(૨) પાઠ્યપુસ્તકના કાગળ હલકી કક્ષાના છે.

(૩) પાઠ્યપુસ્તકના મુખપુષ્ઠ પર ચિત્રો ઉપરાંત સુવિચારો નથી.

(૪) પાઠ્યપુસ્તકના કાવ્યો ગાન કરી શકાય એવા નથી.

(૫) પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમની લંબાઈ વધુ હોવાથી પ્રવૃત્તિ કરાવી શકાતી નથી.

3. પાઠ્યપુસ્તકની ખામીઓ દૂર કરવાના ઉપાયો
   (૧) સાહિત્યકારોનો પરિચય છબીઓ સહિત આપવો જોઈએ,
   (૨) પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ શિક્ષણકાર્યના દિવસોને ધ્યાનમાં રાખીને બનાવવો જોઈએ.
   (૩) વિષયવસ્તુને અનુરૂપ ચિત્ર આપવા જરૂરી છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધન ધોરણ-૧૧ ગુજરાતી પાઠ્યપુસ્તકનાં બાહ્ય સ્વરૂપ સંદર્ભ શિક્ષકો પાસેથી પ્રાપ્ત થયેલ તારણોના આધારે નીચે મુજબના સૂચિતાર્થોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧) પાઠ્યપુસ્તકની બાહ્ય સ્વરૂપની બાબતોમાં પાઠ્યપુસ્તકના કુલ પાનાની સંખ્યા વધુ જણાય છે. વિદ્યાર્થીની વય-કક્ષાને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.

(૨) પાઠ્યપુસ્તક વિષયવસ્તુની ગોઠવણી અને રજૂઆતના સંદર્ભે એવું તારણ પ્રાપ્ત થયું છે કે પાઠ્યપુસ્તકમાં કેટલાક કાવ્યો ગાન કરી શકાય તેવા નથી. તે અર્થે અભ્યાસક્રમમાં કાવ્યો ગાન કરી શકાય તેવા હોય તે ધ્યાન રખાવું જોઈએ.

(૩) પાઠ્યપુસ્તકના ચિત્રો અંગેની બાબતોમાં પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુને અનુરૂપ ચિત્રો નથી તેને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુને અનુરૂપ ચિત્રોનો સમાવેશ થાય તે ધ્યાન રખાવુ જોઈએ. તેમજ પાઠ્યપુસ્તકમાં સાહિત્યકારોનો પરિચયની સાથે ચિત્રો જોવા મળતા નથી. તેના સંદર્ભે કહી શકાય કે પાઠ્યપુસ્તકમાં ચિત્રોની ઉણપ છે. વિષયવસ્તુ અને કવિ લેખકના પરિચય સાથે ચિત્રો હોય તે ધ્યાન રાખવું જોઈએ.

(૪) પાઠ્યપુસ્તક નિદર્શિત પ્રવૃત્તિ સંદર્ભે એવું તારણ પ્રાપ્ત થયું છે કે પાઠ્યપુસ્તકનો અભ્યાસક્રમ લાંબો હોવાથી પ્રવૃત્તિ કરાવી શકાતી નથી, તે અર્થે અભ્યાસક્રમની લંબાઈ યોગ્ય માપની રખાવી જોઈએ જેથી પ્રવૃતિઓને પણ ન્યાય આપી શકાય. (૫) પાઠ્યપુસ્તકની ખામીઓ સંદર્ભે તારણો પ્રાપ્ત થયા છે કે કવિ-લેખકના પરિચય સાથે ચિત્રો નથી. પાઠ્યપુસ્તકના કાગળો હલકી કક્ષાના છે. પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ ઉપર ચિત્રો ઉપરાંત સુવિચાર હોવા જોઈએ. તમામ ખામીઓને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની સંરચના યોગ્ય રીતે થાય તે ધ્યાન રખાવું જોઈએ.

(૫) પાઠ્યપુસ્તકની ખામીઓ સંદર્ભે તારણો પ્રાપ્ત થયા છે કે કવિ-લેખકના પરિચય સાથે ચિત્રો નથી. પાઠ્યપુસ્તકના કાગળો હલકી કક્ષાના છે. પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ ઉપર ચિત્રો ઉપરાંત સુવિચાર હોવા જોઈએ. તમામ ખામીઓને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની સંરચના યોગ્ય રીતે થાય તે ધ્યાન રખાવું જોઈએ.

(૬) પાઠ્યપુસ્તકમાં પ્રદાન કરેલ સાહિત્યકારોનો પરિચય સાથે છબીઓ અપાવી જોઈએ.

**ભાવિ સંશોધન માટેના ક્ષેત્રો**

કોઈ પણ સંશોધન અંતિમ અને સંપૂર્ણ હોતું નથી. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનનો વેગ મળી રહે તે માટે સાથે સાથે ભાવિ સંશોધકને માર્ગદર્શનરૂપ નીવડશે એવી આશા સાથે તથા પ્રસ્તુત સંશોધન દ્વારા વિષયસૂઝ અને દિશાસૂચન મળી રહે તે માટે પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અત્રે ભાવિ સંશોધન માટેના કેટલાંક સૂચનો દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે જે નીચે મુજબ છે.

૧) પાઠ્યપુસ્તકના જુના અને નવા અભ્યાસક્રમનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૨) ધોરણ-૧૧ના ગુજરાતી વિષયમાં નડતી મુશ્કેલીઓ અંગે પણ સંશોધન હાથ ધરી શકાય.

3) એનસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલા ધોરણ-૧૧ આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ ફેકલ્ટીના નવા પાઠ્યપુસ્તકોનું

પ્રકાશન કરવામાં આવ્યું છે. તેનો સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૪) એનસીઈઆરટી દ્વારા રચિત ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત ગણિત, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, સામાજિક વિજ્ઞાન વગેરે વિષયોમાં ધોરણ-૧૧ માટે પ્રકાશિત પાઠ્યપુસ્તકો અંગે સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધનને અંતે નિષ્પન્ન થયેલા મુખ્ય તારણો શૈક્ષણિક અનેક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતું. સંશોધકે હાથ ધરેલ સંશોધન અંતિમ ન હોય શકે સંશોધક નમ્રપણે માને છે કે, હજી આ ક્ષેત્રમાં શિક્ષણ નીતિના ઘડતર માટે પાઠ્યપુસ્તકનું પુનઃસંસ્કરણ કરવા માટે વિદ્યાર્થી પક્ષે કે પછી પાઠ્યપુસ્તક મંડળને સહેજ પણ સહાયક નીવડશે, તો સંશોધકનો આ નમ્ર લઘુપ્રયાસ સાર્થક થયો ગણાશે. તેમજ અન્ય સંશોધકને પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થશે તો સંશોધક સંતોષની લાગણી અનુભવશે. અંતે, આ સંશોધન પરિપૂર્ણ કરતા સંશોધક નમ્રતાપૂર્વક અને સ્નેહપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

## સ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

ગાંધી સાગર એ.

પ્રસ્તુત સંશોધન સ્નાતક શિક્ષક પ્રશિક્ષણમાં ફિલપ્ડ વર્ગખંડ આધારિત શૈક્ષણિક કાર્યક્રમ દ્વારા શિક્ષક-પ્રશિક્ષણની અસરકારકતા સંદર્ભે હાથ ધરવામાં આવ્યું હતું, પ્રસ્તુત સંશોધન લૈંગિકતા, શાળા અને સમાજ વિષયના "લૈંગિક અસમાનતા" એકમ પર લિપ્ડ વર્ગખંડ આધારિત શૈક્ષણિક કાર્યક્રમની રચના અને અજમાયશ કરવાનું નક્કી કર્યું હતું. જે માટે કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. જે હેતુઓને આધારે પાંચ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરી હતી, જેમાં સ્વતંત્ર ચલ તરીકે પરંપરાગત શિક્ષણ પદ્ધતિ અને ફિલપ્ડ વર્ગખંડ આધારિત શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા સંદર્ભે હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કરેલ છે.

સ્નાતક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓ માટે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

### સંશોધનના હેતુઓ

કોઈ પણ સંશોધન હાથ ધરતાં પહેલા તેના હેતુઓ નક્કી કરવા જરૂરી છે, હેતુઓ સંશોધનની દિશાનો નિર્દેશ કરે છે, પ્રસ્તુત સંશોધનમાં આ પ્રમાણે હેતુઓ નક્કી કરવામાં માવ્યો હતો.

૧. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ માટે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના કરવી.

૨. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ પર સિદ્ધિ કસોટીની રચના કરવી,

3. ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલિની રચના કરવી.

૪. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ માટે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની વર્ગખંડમાં અજમાયશ કરવી.

૫. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ માટે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી, સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ પર ફિલપ્ડ વર્ગખંડ

આધારિત શિક્ષણની પરંપરાગત શિક્ષણની સાપેક્ષમાં અસરકારકતા તપાસવી. ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ વિશે પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી આ પ્રમાણેની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

૧. પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

૨. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીનાં પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

3. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં પ્રશિક્ષણાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ,

**ચલોની ઓળખ**

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલોની વિગત સારણી ૫,૧ માં રજુ કરી છે,

**સારણી-૫.૧ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

| ચલનો પ્રકાર | પસંદ કરેલ ચલ | ક્યાં કારણોસર |
|---|---|---|
| સ્વતંત્ર ચલ | શિક્ષણ પદ્ધતિ<br>કક્ષાઓ-૧.ફ્લિપ્ડવર્ગખંડ<br>૨.પરંપરાગતશિક્ષણ | પરતંત્રચલ પર અસર કરનાર હોવાથી |
| પરતંત્ર ચલ | શૈક્ષણિક સિદ્ધિ | સ્વતંત્રચલની અસર થતી હોવાથી. |
| અંકુશિત ચલ | કક્ષા-સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના<br>કોર્ષ- લૈંગિકતા, શાળા અને સમાજ<br>એકમ- લૈંગિક અસમાનતા<br>માધ્યમ- ગુજરાતી<br>અભ્યાસનો સમય<br>અભ્યાસનો સમયગાળો. | પ્રયોગ માત્ર સ્નાતક શિક્ષક<br>પ્રશિક્ષણાર્થીઓ પર જ હાથ ધરાશે<br>તેથી પ્રયોગ માત્ર લૈંગિકતા<br>શાળા અને સમાજ કોર્ષના લૈંગિક<br>અસમાનતા એકમ પૂરતું હાથ ધરાશે. |
| આંતરવર્તી ચલ | વાતાવરણ, રસ,<br>ઉત્સાહ, જિજ્ઞાષા,<br>સમજશક્તિ, બુદ્ધિકક્ષા,<br>પરસ્પર આંતરક્રિયા વગેરે.. | આ ચલ માત્ર કાલ્પનિક છે.<br>માપનક્ષમ નથી.<br>આ ચલની પરતંત્ર ચલ પર થતી<br>અસરની માત્ર ધારણા જ થઇ શકે છે. |

.

આમ, પ્રસ્તુત સંશોધનમાં સારણી ૫.૧ પ્રમાણે કહી શકાય કે સ્વતંત્ર ચલ, પરતંત્ર ચલ, અંકુશિત ચલ અને આંતરવતી ચલ વગેરે ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો,

### સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હતું અને પ્રાયોગિક યોજના તરીકે દેસાઈ અને દેસાઈ (૧૯૯૭, પૃ. ૧૬૯) સૂચિત, "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વકસોટી-ઉત્તરકસોટી યોજના" પસંદ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન યોજના પૂર્ણ પ્રાયોગિક પ્રકારની હતી.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

#### વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનનાં લક્ષ્ય વ્યાપવિશ્વમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન ગુજરાતી માધ્યમની સ્નાતક શિક્ષણ પ્રશિક્ષણ આપતી સંસ્થાના વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં તાલીમ લેતાં પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ થયો હતો. પ્રસ્તુત સંશોધનનાં વ્યાવહારિક સુલભ વ્યાપવિશ્વમાં સુરત શહેરની વી. ટી.

ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના સેમેસ્ટર-૩ના ૫૦ પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

#### નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી સુરત શહેરની સ્નાતક શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓમાંથી વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશનની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન માટે જોડકા નમૂના પસંદગીની પદ્ધતિથી નમૂનો પસંદ કરી બે સમકક્ષ જૂથો રચવામાં આવ્યા હતાં. યાદ્રિક રીતે ચિઠ્ઠી ઉપાડીને જૂથ-બ પ્રાયોગિક જૂથ અને જૂથ-અ નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ થયેલ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અભ્યાસ કરતા સેમેસ્ટર-૩ના કુલ ૪૮ પ્રશિક્ષણાર્થીઓને નમૂનાના પાત્રો તરીકે લેવામાં આવ્યા હતાં. જેમાં પ્રાયોગિક જૂથ (જૂથ-બ)માં ૨૪ પાત્રો અને નિયંત્રિત જૂથ (જૂથ) માં ૨૪ પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### સંશોધનના ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાને અનુરૂપ હેતુઓ સિદ્ધ કરવા અને ઉત્કલ્પનાની ચકાસણી માટે સંશોધકે સંશોધન માટે નીચેના ઉપકરણોની રચના કરી હતી.

૧. પ્રયોગ હાથ ધરવા માટેનું ઉપકરણ ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ
૨. માહિતી એકત્રીકરણ માટેનું ઉપકરણ
- સિદ્ધિકસોટી
- ગુણાંકન ચાવી
- અભિપ્રાયાવલિ

### માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાઓને આધારે માહિતી એકત્રીકરણ કરવા માટે વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના આચાર્યશ્રીની મંજૂરી મેળવી હતી, પ્રસ્તુત કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અભ્યાસ કરતા સેમેસ્ટર-૩ના નમૂનામાં પસંદ પામેલા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તેના સંદર્ભેની પૂર્વકસોટી આપી પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમ મુજબ સેમેસ્ટર-૪ના કોર્ષ-૪૧ લૈંગિકતા, શાળા અને સમાજ માંથી લૈંગિક અસમાનતાનો એકમ પર ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણકાર્ય અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓને પરંપરાગત પદ્ધતિ આધારિત શિક્ષણકાર્ય કરાવ્યા બાદ તેના સંદર્ભેની ઉત્તરકસોટી આપી તેના આધારે મેળવેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓ પાસે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ પર આધારિત ૩૦ વિધાનોની અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી તે અંગેની માહિતી એકત્રિત કર્યા બાદ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં પરતંત્ર ચલના પ્રાપ્તાંકો વિરૂપતા ધરાવતા હોવાથી મધ્યવર્તી સ્થિતિના માપ તરીકે મધ્યસ્થને સ્વીકારવામાં આવ્યું હતું.

ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા સંદર્ભે રચેલ શિક્ષણ કાર્યક્રમના ઉપયોજન બાદ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન હાથ ધરવા સંદર્ભે આંકડાશાસ્ત્રની પ્રાચલ્ય પદ્ધતિઓ પૈકી ટી-કસોટીની ગણતરી સંદર્ભે તેની પાંચ પૂર્વધારણાઓ પૈકી એક પૂર્વધારણા સંતોષાતી ન હોવાથી અને પ્રયોગપાત્રોની સંખ્યા ૩૦ કરતા ઓછી હોવાથી પારેખ અને ત્રિવેદી (૧૯૯૪, પૃ. ૨૭૬)ના સૂચનને આધારે ઉત્કલ્પનાઓની ચકાસણી માટે અપ્રચાલ્ય પદ્ધતિની વિલ્કોક્સન ચિન્હ ક્રમાંક કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના માટે મધ્યસ્થ અને T-મૂલ્યોની ગણતરીઓ કરી ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી,

પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓના ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગે ત્રિબિંદુ પર તૈયાર કરેલી અભિપ્રાયાવલિ પર જે અભિપ્રાયો મળ્યા તેનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ આવૃત્તિ, ટકાવારી, સમાન સંભવની રીતે કાઈવર્ગ મૂલ્ય, સરેરાશ ભારાંક અને અગ્રતાક્રમના ઉપયોગથી કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધન માટે અંકશાસ્ત્રીય ગણતરીઓ www.socscistatistics.com વેબસાઈટ તેમજ પારેખ અને ત્રિવેદી (૧૯૯૪) દ્વારા સૂચિત સોપાનો અનુસાર કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

**સંશોધનના મુખ્ય તારણો**

સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ માટે પરંપરાગત શિક્ષણ આધારિત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ પર પરંપરાગત શિક્ષણ આધારિત શિક્ષણ કાર્યક્રમની સાપેક્ષમાં લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

વિદ્યાર્થીઓના અભિપ્રાયોના મુખ્ય તારણો

"લૈંગિક અસમાનતા" એકમ માટેના ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની અભિપ્રાયાવલીના મુખ્ય તારણો આ પ્રમાણે છે.

૧. પ્રશિક્ષણાર્થીઓ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત અધ્યયન કાર્ય અસરકારક રહ્યું
2.. પ્રશિક્ષણાર્થીઓ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણમાં દરેક મુદ્દાની સ્પષ્ટ રજુઆત થઇ હતી.
3. પ્રશિક્ષણાર્થીઓ માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત એકમની રજૂઆત ઊંડાણપૂર્વક અને સરળતાથી થઈ હતી, આથી સમજવામાં સરળતા રહી.
4. પ્રશિક્ષણાર્થીઓ ક્લિપ્ડ વર્ગખંડ આધારિત થતાં શિક્ષણ કાર્ય દરમિયાન અને અનુભવોની યોગ્ય ગોઠવણી કરી જ્ઞાન મેળવી શક્યા હતા.
૫. પ્રશિક્ષણાર્થીઓ ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શૈક્ષણિક કાર્યથી સ્વ અધ્યયન કરી શક્યા હતા.

**તારણોની સમીક્ષા**

પ્રસ્તુત સંશોધનમાં અગાઉ નોંધાયેલા સંશોધનો પૈકી ભારતમાં થયેલા સંશોધનોમાં Sophia (૨૦૧૭), Ramakrishnam અને Johnsi Priya (૨૦૧૬), Mohanty અને parida (૨૦૧૬) તેમજ વિદેશમાં થયેલા સંશોધનોમાં Bhagat અને Chang & Chang (2014), WEBB DOMAN (૨૦૧૬), Casem (૨૦૧૬), Zhang, Du, Yuan અને Zhang, (૨૦૧૬)નાં તારણો સાથે પ્રસ્તુત સંસોધનનાં તારણો સુસંગતતા ધરાવતાં હતાં જ્યારે Saglam અને Arslan (૨૦૧૮)ના તારણો સાથે પ્રસ્તુત સંશોધનનાં તારણો સુસંગતતા ધરાવતાં નથી. આથી પ્રસ્તુત સંશોધનનાં પ્રાપ્ત તારણોને આધારે કહી શકાય, કે સ્નાતક શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમના લૈંગિક અસમાનતા એકમ પર

પરંપરાગત શિક્ષણ આધારિત શિક્ષણ કાર્યક્રમની સાપેક્ષમાં ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

**૧. અધ્યાપક**

૧. શિક્ષણમાં પરિવર્તન ઈચ્છનારા શિક્ષક-પ્રશિક્ષકો અને ભાવિ સંશોધકો પરંપરાગત શિક્ષણ સાથે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણનો ઉપયોગ કરી શકે.

2. પરંપરાગત શિક્ષણ પદ્ધતિ કરતા ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક છે. જેથી અન્ય એકમો માટે પણ ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય,

3. પ્રસ્તુત સંશોધનમાં ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના કેવી રીતે કરી શકાય તેની માહિતી આપવામાં આવી છે, જેથી અધ્યાપકે આ માહિતીનો અભ્યાસ કરી જે તે વિષયમાં જાતે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના કરી શકશે અને સાથે શિક્ષક શિક્ષકોમાં સર્જનાત્મક ગુણાનો પણ વિકાસ કરી શકાય.

4. શિક્ષક-પ્રશિક્ષણના શિક્ષણ માટે અધ્યાપકની સહાયક પ્રયુકિત તરીકે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શૈક્ષણિક કાર્યક્રમ ઉપકારક બની શકે છે.અધ્યાપકને જુદા જુદા વિષયોના અધ્યયન કાર્યક્રમોની રચના માટે પ્રેરણા પૂરી પાડે છે.

૫. અધ્યાપક દ્વારા ક્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના થઈ ગયા બાદ વારંવાર તેનો ઉપયોગ કરી શકે છે તેમજ બદલાતા સમય સાથે તેમાં સુધારા કરી શકે છે.

**૨.શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓ**

1. શિક્ષણની વિવિધ દ્રશ્ય - શ્રાવ્ય પદ્ધતિઓમાં વિદ્યાર્થી કેન્દ્રી પદ્ધતિને વધુ મહત્ત્વ આપવામાં આવે છે ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમથી પ્રશિક્ષણાર્થીઓને અધ્યયન રસપ્રદ લાગે છે. જેથી પરંપરાગત શિક્ષણ પતિ સાથે આ પદ્ધતિ પણ શિક્ષણ આપવાની એક સારી અસરકારક પતિ તરીકે ગણાવી શકાય.

2. અન્ય વિષયોમાં એકમને અનુરૂપ કાર્યક્રમોની રચના કરી શકાય, જેથી પ્રશિક્ષણાર્થીઓ સ્વ - અધ્યયન દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરી શકે,

3. ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સ્વ અધ્યયન કરવામાં આવે છે, તો આવા કાર્યક્રમને સી.ડી.માં સાચવીને અથવા તો ઈ-મેઈલ દ્વારા સહેલાઈથી કોઈપણ પ્રદેશમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓને પહોંચાડી શકીએ છીએ.

4. શાળામાં શૈક્ષણિક ટેકનોલોજીના વિકાસની સાથે ગુણવત્તાય આપવાની વાતો કરીએ છીએ ત્યારે વર્ગખંડમાં શીખવવા અમૃત સંકલ્પનાઓને ફિલપ્ડ વર્ગખંડ દ્વારા દર્શાવીને અસરકારક શિક્ષણ આપવામાં આવે તો પ્રશિક્ષણાર્થીઓ સહેલાઈથી સમજી શકે.

**3. સરકાર**

૧. ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમો શિક્ષણનો ભાર ઘટાડી અધ્યાપક અને પ્રશિક્ષણાર્થીઓની ક્ષમતામાં વધારો કરી શકાય છે.

2. કોલેજ કક્ષાએ વિવિધ વિષયો આધારિત ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમોની રચના કરી, પરંપરાગત શિક્ષણ સાથે તેનો વિનિયોગ કરી પ્રશિક્ષણાર્થીઓને ગુણવત્તાવાળું, અસરકારક શિક્ષણ આપી શકાય. આ પ્રકારના કાર્યક્રમોનો ઉપયોગ સમૂહ પ્રત્યાયનમાં પણ કરી શકીએ,

3. આકસ્મિક મહામારી (ક્રોવિડ-૧૯) અથવા કુદરતી આપત્તિઓની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ કે પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણ કાર્ય ન બગડે તે હેતુસર ફિલપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમનો વ્યાપ વધારવાના પ્રયત્ન કરી શકાય.

4. ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના પ્રશિક્ષણાર્થીઓને તેમજ શિક્ષક-પ્રશિક્ષકો અને અધ્યાપકોને તાલીમ આપી શકાય,

### ભાવિ સંશોધન માટેના નિર્દેશો

1. ભાવિ સંશોધન ઉચ્ચતર માધ્યમિક શાળા, સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ જુદા જુદા વિષયો માટે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમ દ્વારા અધ્યાપનની અસરકારકતા ચકાસવા માટે હાથ ધરી શકાય.
2. આ કાર્યક્રમ ગુજરાતી માધ્યમના પ્રશિક્ષણાર્થીઓ તેમજ અન્ય ભાષાના વિધાર્થીઓ માટે બનાવી તેની અસરકારકતાનો અભ્યાસ હાથ ધરી શકાય.
3. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કોલેજોમાં પણ ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણ કાર્યક્રમની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય,

૪. શિક્ષણની અન્ય પદ્ધતિઓ જેવી કે જૂથ ચર્ચા પદ્ધતિ, નાટયીકરણ આવી કે પદ્ધતિની તુલના કરતા સંશોધનમાં આ પ્રકારની ધારણા ઉપર શી અસર થાય છે તે પણ સંશોધન દ્વારા તપાસવી જોઈએ.

૫. પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજયના અન્ય જિલ્લામાં પણ અસરકારકતા ચકાસવા હાથ ધરી શકાય. અભ્યાસક્રમની રચના કરતી વખતે આ પ્રકારના શિક્ષણને અભ્યાસક્રમ વ્યવહાર માટે સૂચવવો જોઈએ,

### ઉપસંહાર

સતત બદલાતા જતાં શૈક્ષણિક પ્રવાહના સંદર્ભમાં પ્રશિક્ષણાર્થીઓને કેન્દ્રમાં રાખી શિક્ષણકાર્ય પ્રયોજાય એ અનિવાર્ય છે. દરેક પ્રશિક્ષણાર્થીઓની શીખવાની શક્તિ સમાન જોવા મળતી નથી, પ્રશિક્ષણાર્થી પોતાની સમજ, આવડત, કૌશલ્ય કે ઝડપ અનુસાર શીખે એવી કાર્યક્ષમતામાં વધારો કરવો એ જ શિક્ષણનો મુખ્ય હેતુ છે. લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણકાર્ય દ્વારા ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં પણ વિદ્યાર્થી રસ, રુચિ અને સમય અનુસાર સ્વયં, પોતાની ઈચ્છા પ્રમાણે, સ્વ અનુકૂળતાએ અધ્યયન કરી શકે છે. આ સંદર્ભે પ્રસ્તુત સંશોધનના તારણો સૂચવે છે કે, પરંપરાગત રીતે શિક્ષણકાર્ય કરતા પ્રશિક્ષણાર્થીઓની તુલનામાં ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણકાર્ય કરતા પ્રશિક્ષણાર્થીઓના પરિણામો ઉત્તમ જોવા મળ્યાં હતા. આ પરથી નિષ્કર્ષ તારવી શકાય કે ફ્લિપ્ડ વર્ગખંડ આધારિત શિક્ષણકાર્ય પ્રશિક્ષણાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિના પરિણામ માટે ઉપયોગી બની શકે છે. તેથી આ પ્રકારના નૂતન અભિગમો તથા પ્રયોગોનું મહત્ત્વ વધી જાય છે.

## માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની હિન્દી વિષયની અધ્યયનની સમસ્યા

હળપતિ પ્રિયંકા આર.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા,

૧. માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયના પાઠ્યપુસ્તક સંદર્ભે અનુભવાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો,

૨. હિન્દી વિષયમાં અનુભવાતી ભાષા કૌશલ્ય સંબંધી સમસ્યાઓ જાણવી.

૩. હિન્દી વિષયના અધ્યયનમાં માતૃભાષાની અસરોને કારણે સર્જાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. હિન્દી વિષયમાં વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૫. હિન્દી વિષયમાં સંદર્ભ સાહિત્ય સંબંધિત સમસ્યાઓ જાણવી.

૬. હિન્દી વિષયમાં ગૃહકાર્યને લગતી સમસ્યાઓ જાણવી.

૭. હિન્દી વિષયમાં મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ જાણવી,

**સંશોધનના પ્રશ્નો**

સંશોધન દરમિયાન સંશોધકે હેતુઓને આધારે ઉત્તર મેળવવા માટે નીચે મુજબના પ્રશ્નો તૈયાર કર્યા હતા.

૧, માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયના પાઠ્યપુસ્તક સંદર્ભે અનુભવાતી સમસ્યાઓ કઈ-કઈ છે?

૨. હિન્દી વિષયમાં અનુભવાતી ભાષા કૌશલ્ય સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ જોવા મળે છે?

૩. હિન્દી વિષયના અધ્યયનમાં માતૃભાષાની અસરોને કારણે સર્જાતી સમસ્યાઓ કઈ-કઈ છે ?

૪. હિન્દી વિષયમાં વ્યાકરણ સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ જોવા મળે છે ?

૫. હિન્દી વિષયમાં સંદર્ભ સાહિત્ય સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ જોવા મળે છે ?

૬. હિન્દી વિષયમાં ગૃહકાર્ય સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ જોવા મળે છે ?

૭. હિન્દી વિષયમાં મૂલ્યાંકન સંબંધિત સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ જોવા મળે છે?

**સંશોધન પદ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં માંડવી તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બન્યા હતા.

સંશોધકે માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા પસંદગી કરેલ ધોરણ-૯ના પ્રત્યેક શાળા દીઠ ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી કુલ ૨૩૦ વિદ્યાર્થીનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, વ્યાપવિશ્વ એ જ નમૂનો બને છે.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સૌપ્રથમ નમૂનામાં સમાવિષ્ટ માંડવી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કરીને માહિતી એકત્રીત કરી હતી.

**માહિતીનું પૃથક્કરણ**

વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચારોને "હા" અને "ના"ની આવૃતિના આધારે ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પરિણામો મેળવવમાં આવ્યા અને વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં મળેલ માહિતીઓનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું તેને આધારે જે પરિણામો પ્રાપ્ત થયા તેના પરથી નીચે પ્રમાણોના મુખ્ય તારણો રજૂ કરવામાં આવ્યા છે.

હિન્દી વિષયનું અધ્યયન કરતા વિદ્યાર્થીઓની સમસ્યાઓના મુખ્ય તારણો

૧) પાઠ્યપુસ્તકને લગતી સમસ્યાઓ સંબંધી તારણો

- પાઠ્યપુસ્તકમાં છાપકામ સંબંધી ભૂલો જણાઈ ન હતી.
- પાઠ્યપુસ્તકમાં કેટલાક પાઠોની લંબાઈ વધારે હતી.
- પાઠ્યપુસ્તકમાં પસંદ થયેલ પાઠો વર્ષમાં સરળતાથી પૂરા થઈ શકે તેમ હતા.
- પાઠ્યપુસ્તકમાં એકમના અંતે આપેલ સ્વાધ્યાય પ્રવૃત્તિ પ્રેરકમય હતી.
- હિન્દી પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વૈવિધ્ય સભર અને વિદ્યાર્થીઓને પસંદ પડે તેવું હતું.

૨) ભાષા કૌશલ્ય સંબંધી સમસ્યાઓ અંગેના તારણો

- હિન્દી ભાષાના લેખન કાર્યમાં જોડણીની ભૂલો જણાઈ ન હતી.
- કવિતા કઠસ્થ કરવી કઠિન જણાતી ન હતી.
- હિન્દી ભાષામાં લેખન કરતી વખતે શિરોરેખા દોરવામાં મુશ્કેલી અનુભવાતી ન હતી.
- હિન્દી શબ્દોના સ્પષ્ટ ઉચ્ચાર વખતે મુશ્કેલી અનુભવાતી ન હતી.
- વર્ગખંડમાં મોટેથી વાચવાનો મહાવરો પૂરો પાડવામાં આવતો હતો.

૩) માતૃભાષાની અસરોને લગતી સમસ્યાઓ અંગેના તારણો

- હિન્દી ભાષામાં વાત કરતી વખતે ગુજરાતી શબ્દોનો પ્રયોગ થઈ જાય છે,
- માતૃભાષાનો પ્રભાવ હોવા છતા હિન્દી ભાષામાં શુદ્ધ લેખન કરવામાં મુશ્કેલી
- અનુભવાતી નથી.
- શિક્ષક વર્ગખંડ અધ્યાપન દરમિયાન હિન્દી ભાષાને બદલે માતૃભાષામાં પણ
- ઉત્તરો સ્વીકારે છે તેથી હિન્દીમાં બોલવાની ટેવ વિકસી છે.
- માતૃભાષાની સરખામણીમાં હિન્દી વ્યાકરણ સરળ છે.
- હિન્દી લેખનમાં શિરોરેખા કરવાનું ભૂલી જવાતુ નથી,

૪) વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ અંગેના તારણો

- વર્ગખંડમાં શિક્ષક દ્વારા વ્યાકરણના કેટલાક એકમો શીખવવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને હિન્દી વ્યાકરણ ભણાવવામાં રસ જણાતો હતો.
- નબળા વિદ્યાર્થીઓ માટે વ્યાકરણના અલગ તાસનું આયોજન કરવામાં આવતું ન હતું.
- વ્યાકરણની સમજ આપતા સંદર્ભ પુસ્તકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ જણાયો.

૫) સંદર્ભ સાહિત્ય સંબંધી સમસ્યાઓ અંગેના તારણો

- નિબંધની નોટો કાળજીપૂર્વક તપાસવામાં આવતી હતી,
- હોંશિયાર વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં હિન્દી વિષય સંબંધી સંદર્ભ સાહિત્ય પૂરતા પ્રમાણમાં જણાયા.
- શિક્ષક નવા-નવા પુસ્તકોનો પરિચય કરાવી વાચવા માટે પ્રેરણા આપતા હતા.
- વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સિવાયના અન્ય પુસ્તકો વાચવા કંટાળજનક લાગતા ન હતા.
- હિન્દી વિષયમાં નિબંધની નોંધ માટે સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવતો હતો.

૬) ગૃહકાર્યને લગતી સમસ્યાઓ અંગેના તારણો

- હિન્દી વ્યાકરણના શિક્ષણકાર્યના અંતે ગૃહકાર્ય આપવામાં આવતું હતું.
- હિન્દી વ્યાકરણનું ગૃહકાર્ય કરવામાં મુશ્કેલી જણાઈ ન હતી.
- શિક્ષક ગૃહકાર્ય યોગ્ય પ્રમાણમાં આપતા હતા.
- હિન્દી વિષયના ગૃહકાર્યમાં થતી ભૂલો શિક્ષક દ્વારા સમજાવવામાં આવતી હતી.

૭) મૂલ્યાંકનને લગતી સમસ્યાઓ અંગેના તારણો

- મૂલ્યાંકન માટે પૂરતો સમય ફાળવવામાં આવતો હતો.
- શિક્ષક તરફથી મૂલ્યાંકન સંબંધી ખોટા પ્રશ્નો પૂછવામાં આવતા અલગ પાડી વધુ ધ્યાન આપવામાં આવતું નથી.
- પરીક્ષાના પરિણામની વ્યવસ્થિત ચર્ચા હાથ ધરવામાં આવતી હતી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

૧. પાઠ્યપુસ્તકની ભાષા વિદ્યાર્થીની વયકક્ષાને અનુરૂપ હોવી જોઈએ અને પાઠ્યપુસ્તકમાં

પસંદ થયેલ પાઠો વધુ લાંબા ન હોવા જોઈએ.

૨. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક સિવાય અન્ય પુસ્તકો વાચવા માટે પ્રેરાય તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

૩. શિક્ષકોને જે પદ્યનું ગાન આવડતું ન હોય તેને શીખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૪. વિદ્યાર્થીઓને હિન્દીના તાસ દરમિયાન હિન્દી ભાષામાં જ વાત કરવા પ્રેરવા તેમજ હિન્દી ભાષામાં જ પ્રત્યાયન કૌશલ્ય વિકસાવવા વિવિધ પ્રવૃતિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવું,

૫. હિન્દી ભાષામાં લેખનની શુદ્ધતા તેમજ સ્પષ્ટ શબ્દો ઉચ્ચારણ પર વર્ગખંડમાં ભાર મૂકી શકાય.

૬. વર્ગખંડમાં હિન્દી ભાષામાં જેમ બને તેમ માતૃભાષાની અસર ઓછી લાગુ પડે તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ.

૭, વિદ્યાર્થીઓર્થી ગુજરાતી શબ્દોનો ઉપયોગ થઈ જાય ત્યારે એમને રોકવા જોઈએ અને શિક્ષકે ગુજરાતી શબ્દોનો હિન્દીમાં પર્યાય આપી હિન્દી ભાષા સુધારવી જોઈએ.

૮. શિક્ષકે હિન્દી વ્યાકરણ શીખવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.હિન્દી વ્યાકરણ શીખવવા માટે વધારાના તાસનું આયોજન કરવું જોઈએ.

૯. જે વિદ્યાર્થીઓ વ્યાકરણમાં નબળા છે તેવા વિદ્યાર્થીઓ માટે સમયને ધ્યાંનમાં રાખી અલગ તાસનું આયોજન કરવું,

૧૦. વિદ્યાર્થીઓ માટે સ્વાધ્યાય કરવા પૂરતા સંદર્ભ-સાહિત્યો આવશ્યક રીતે હોવા જોઈએ,

૧૧. ગૃહકાર્ય યોગ્ય તપાસ અને નિયમિત ચકાસણી થાય એવું આયોજન કરવું જોઈએ.

૧૨. નબળા વિદ્યાર્થીઓ પણ સરળતાથી પ્રશ્નોના જવાબ આપી શકે એ રીતે મૂલ્યાંકન થાય એવા મૂલ્યાંકનનું આયોજન કરવું જોઈએ,

### ભાવિ સંશોધનના નિર્દેશો

૧. પ્રસ્તુત સંશોધન માત્ર માંડવી તાલુકાની માધ્યમિક શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર હાથ ધરવામાં આવ્યું હતુ. આ પ્રકારનું સંશોધન ઉચ્ચ પ્રાથમિક ક્ષેત્રે, ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે હાથ ધરી શકાય.

૨. આ પ્રકારના સંશોધનો જિલ્લા, રાજ્યો અને રાષ્ટ્રીય કક્ષાએ પણ હાથ ધરી શકાય.

૩. પ્રસ્તુત સંશોધન હિન્દી વિષય પૂરતું મર્યાદિત છે. હિન્દી વિષય ઉપરાંત અન્ય વિષયોના અધ્યયનમાં નડતી સમસ્યાઓના સંદર્ભમાં હાથ ધરી શકાય,

૪. સુરત જિલ્લાની માધ્યમિક શાળાઓમાં હિન્દી વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ.

૫. રાષ્ટ્રભાષા તરીકે સમગ્ર રાષ્ટ્રમાં વર્તમાન સમયમાં તેનું સ્થાન કર્યા છે. વળી વર્તમાન અને ભવિષ્યમાં સમગ્ર રાષ્ટ્રમાં તેની ઉપયોગીતા છે કે નહિં તે માટેના સર્વેક્ષણો હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારુંશ તથા પ્રાપ્ત થયેલી માહિતીના સાર રૂપે સંશોધનનાં તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધન માટેના ક્ષેત્રો અંગેનો પણ નિર્દેશ કર્યો છે.

સંસોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા માંડવી તાલુકાની માધ્યમિક શાળાની સમસ્યાઓનો અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત સંશોધન અન્ય આ પ્રકારના સંશોધન માટે ઉકેલની દિશા બની રહેશે તેમજ માંડવી તાલુકાની શાળાની સમસ્યાઓ નિવારવા માટે ઉપકરણ પુરવાર થશે એવી સંશોધક ઊંડી શ્રધ્ધા ધરાવે છે.

# ધોરણ સાતનાં વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની રચના અને અજમાયશ

મલેક મુનિશા યુ.

પ્રસ્તુત સંશોધન "ધોરણ-૭ ના વિજ્ઞાન વિષયના પ્રકાશ' એકમ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની રચના અને અજમાયશ" શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે હતો,

૧) ધોરણ સાતનાં વિજ્ઞાન વિષયના 'પ્રકાશ' એકમ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની રચના કરવી.

૨) ધોરણ - સાતમાં વિજ્ઞાન વિષયના 'પ્રકાશ' એકમ પર સિદ્ધિકસોટીની રચના કરવી.

3) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલિની રચના કરવી.

4) ધોરણ - સાતનાં વિજ્ઞાન વિષયના 'પ્રકાશ' એકમ પર રચિત શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની વર્ગખંડમાં અજમાયશ કરવી.

૫) ધોરણ - સાતનાં વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પર રચવામાં આવેલા શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની અસરકારકતા ચકાસવી.

6) ધોરણ - સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પર રચિત શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની પરંપરાગત શિક્ષણ પધ્ધતિ સાથે તુલના કરવી

7) ધોરણ - સાતાનાં વિજ્ઞાન વિષયના પ્રકાશ' એકમ માટે શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણની ધારણ સંદર્ભે અસરકારકતા ચકાસવી.

8) ધોરણ - સાતના પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના શોધ પ્રશિક્ષણ પ્રતિમાન અંગેના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

૧) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં

2) નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

3) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિધાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

4) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિધાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તોકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

5) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિધાર્થીઓના ધારણ કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

**સંશોધનના ચલો**

પ્રસ્તુત સંશોધનમાં ઉચાટ (૨૦૧૨)ના જણાવ્યા અનુસાર નીચે મુજબના સંશોધનના ચલોનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧) સ્વતંત્ર ચલ : સંશોધન દરમિયાન અસર કરતાં જે ચલની અસર તપાસવાની હોય તે ચલને સ્વતંત્ર ચલ' તરીકે ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્ર ચલ શિક્ષણની પધ્ધતિ છે. જે આ મુજબ છે :

(૧)શોધ પ્રશિક્ષણ પધ્ધતિ

(૨) પરંપરાગત શિક્ષણ પધ્ધતિ.

૨) પરતંત્ર ચલ : સંશોધન દરમિયાન સ્વતંત્ર ચલની જેના પર અસર થવાની હોય, તે અસરનું માપન કરવા માટેનાં ચલને પરતંત્ર ચલ' તરીકે ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં પરતંત્ર ચલો આ મુજબ છે :

(૧) વિદ્યાર્થીઓની ઉત્તરકસોટી પરની શૈક્ષણિક સિધ્ધિ

(૨) વિદ્યાર્થીઓની ધારણકસોટી પરની શૈક્ષણિક સિધ્ધિ

૩) શોધ પ્રશિક્ષણ અંગેના અભિપ્રાયો

૩) અંકુશિત ચલ : સંશોધન દરમિયાન પરતંત્ર ચલ પર એક કરતાં વધુ ચલો અસર કરતાં હોય છે. જે પૈકી કોઈ એક ચલની અસર તપાસવાનો હેતુ સ્પષ્ટ હોય છે, ત્યારે અન્ય ચલોની અસરને નિયંત્રિત કરવામાં આવે છે. આવા ચલોને 'અંકુશિત ચલ' તરીકે ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં અંકુશિત ચલો આ મુજબ છે:

(૧) ધોરણ

(૨) વિષય

(૩) શિક્ષણનું માધ્યમ

(૪) અધ્યાપન સમય

(૫) પસંદીત એકમ વિષયવસ્તુ

(૬) શાળા વાતાવરણ

૪) આંતરવર્તીય ચલ : સંશોધન દરમિયાન પરતંત્ર ચલ પર, જે ચલોની અસર થઈ શકે તેને નિયંત્રિત કે અંકુશિત કરવા શક્ય ન હોય તેવા ચલોને આંતરવર્તીય ચલ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં આંતરવર્તીય ચલો આ મુજબ છે :

(૧) અધ્યાપન પદ્ધતિનુંનાવીન્ય

(૨) વિદ્યાર્થીઓની રસ, રુચિ, વલણ, એકાગ્રતા, ગ્રહણશક્તિ, કાર્યક્ષમતા

(૩)જૂથો વચ્ચેની પરસ્પર આંતરક્રિયા

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધોરણ સાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ થતો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા અંકલેશ્વર શહેરની શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળાની પસંદગી સહેતુક કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ સાતમા અભ્યાસ કરતાં કુલ વિદ્યાર્થીઓમાંથી ૭૦ વિદ્યાર્થીઓને જોડકાં નમૂના પસંદગીની પદ્ધતિથી પસંદ કરી બે સમકક્ષ જૂથ રચવામાં આવ્યા હતા. આ રીતે રચાયેલા સમકક્ષ જૂથો જૂથ-અ અને જૂથ-બ પૈકી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડીને 'જૂથ-અ' ને નિયંત્રિત જૂથ અને 'જૂથ-બ' ને પ્રાયોગિક જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

### સંશોધન યોજના

પ્રસ્તુત સંશોધનની પ્રાયોગિક યોજનામાં દેસાઈ અને દેસાઈ (૧૯૯૭) સૂચિત "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વકસોટી-ઉત્તરકસોટી યોજના"નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ઉપકરણોની પસંદગી

પ્રસ્તુત સંશોધનના હેતુઓને આધારે સંશોધક દ્વારા નીચે મુજબના ઉપકરણોની રચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ તથા ઉત્કલ્પનાઓને ધ્યાનમાં રાખીને સંશોધક દ્વારા પ્રયોગ હાથ ધરવા માટેના ઉપકરણ અને માહિતી એકત્રીકરણ કરવા માટેના ઉપકરણો પસંદ કરવામાં આવ્યા હતા.

(૧) પ્રયોગ હાથ ધરવા માટેના ઉપકરણ

- શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમની રચના

(૨) માહિતી એકત્રીકરણ માટેના ઉપકરણ

- સિદ્ધિકસોટી
- અભિપ્રાયાવલિ

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉત્કલ્પનાઓનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રની અપ્રાચલીય કસોટી તરીકે 'વિલ્કોક્સન પરીક્ષણ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભિપ્રાયાવલિના પૃથક્કરણ માટે કાઈવર્ગ કસોટી, સરેરાશ ભારાંક શોધીને

અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી મળેલ પરિણામોને આધારે નીચે મુજબ તારણો દર્શાવવામાં આવ્યા છે.

### સંશોધનના મુખ્ય તારણો

પ્રસ્તુત સંશોધનમાં ઉત્કલ્પનાઓની ચકાસણીને આધારે પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ છે.

૧) પ્રાયોગિક જૂથના વિધાર્થીઓ માટે ધોરણ સાતના વિજ્ઞાન વિષયના “પ્રકાશ એકમ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણકાર્ય અસરકારક રહ્યું હતું.

૨) નિયંત્રિત જૂથના વિધાર્થીઓ માટે ધોરણ સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પર પરંપરાગત પધ્ધતિ આધારિત શિક્ષણકાર્ય અસરકારક રહ્યું હતું.

3) બંને જૂથ પૂર્વકસોટીના પ્રાપ્તાંકો સંદર્ભે સમકક્ષ હતા.

4) ધોરણ સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ માટે પરંપરાગત પધ્ધતિ આધારિત શિક્ષણકાર્ય કરતાં શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણકાર્ય વધુ અસરકારક જોવા મળ્યું હતું.

5) ધોરણ સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ' એકમ માટે પરંપરાગત પધ્ધતિ આધારિત શિક્ષણકાર્ય કરતાં શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણકાર્યમાં વિધાર્થીઓનું વધુ ધારણ જોવા મળ્યું હતું.

### અભિપ્રાયાવલિનાં તારણો

શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા શિક્ષણ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના શોધ પ્રશિક્ષણ પ્રતિમાન અંગેના અભિપ્રાયો પર પ્રાપ્ત પ્રતિચારોની ટકાવારીના આધારે મળેલ તારણો નીચે મુજબ છે.

૧) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા વિધાર્થીઓને શીખવાની મજા આવી હતી.

૨) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્ય દરમિયાન વિધાર્થીઓને વિષયવસ્તુની સમજ માટે આપેલ અસંગત ઘટના અંગે પ્રશ્નો પૂછવા ગમતા હતા.

3) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન વડે વિધાર્થીઓને અસંગત ઘટનાઓમાંથી અસંગતત શોધવાનું આવડ્યું હતું.

4) શોધ પ્રશિક્ષણ પ્રતિમાનથી વિધાર્થીઓ વિષયવસ્તુ ક્રમબદ્ધ રીતે સમજી શક્યા હતા.

5) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન વડે વિધાર્થીઓ માહિતીનું અર્થઘટન કરતાં શીખ્યા હતા.

6) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા શિખેલ વિજ્ઞાન વિષયવસ્તુ વિધાર્થીઓને લાંબા સમય સુધી યાદ રહેશે તેવું જણાવ્યું હતું.

7) વિધાર્થીઓને પ્રયોગોમાં અને અસંગત ઘટનાઓમાં રહેલી અસંગતતા શોધવામાં આનંદ આવ્યો હતો.

8) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા મેળવેલ જ્ઞાનનો વિધાર્થીઓ નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરતાં શીખ્યા હતા.

૯) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન વડે વિધાર્થીઓ કઠિન વિષયવસ્તુને પ્રશ્નો સ્વરૂપે સરળ બનાવી સ્વપ્રયત્ને ખ્યાલો સ્પષ્ટ કરી શક્યા હતા.

૧૦) શિક્ષક વિધાર્થીઓને હંમેશા પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરતાં હતા.

૧૧) વિદ્યાર્થીઓને કેટલાક પ્રયોગો જાતે કરવામાં આનંદ આવ્યો હતો.

૧૨) સ્વપ્રયત્ને વધુ શીખીએ છીએ એવું વિધાર્થીઓએ અનુભવ્યું હતું.

૧૩) વિદ્યાર્થીઓ રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓની વિષયવસ્તુ સાથે તુલના કરી શક્યા હતા.

૧૪) વિદ્યાર્થીઓ શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા વિષયવસ્તુની સમજ સરળતાથી મેળવી શક્યા હતા.

૧૫) વિધાર્થીઓને શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા અભ્યાસ કરવા કંટાળો આવ્યો ન હતો.

### શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રસ્તુત સંશોધનમાં રજૂ થયેલા તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો નીચે પ્રમાણે છે,

૧) વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયના અઘરા લાગતાં ભારરૂપ મુદ્દાઓ કે કઠિન એકમોનું અધ્યાપન સરળતાથી રસપ્રદ રીતે કરાવવા માટે શોધ પ્રશિક્ષણ પ્રતિમાન ઉપયોગી નીવડી શકે.

2) શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા શિક્ષણ કાર્ય કરાવી વર્ગખંડ શિક્ષણમાં નાવીન્ય લાવી શકાય અને વિદ્યાર્થીઓનો કંટાળો દૂર કરી તેમને સક્રિય બનાવી શકાય છે.

3) અસરકારક અધ્યાપનમાં શોધ પ્રશિક્ષણ પ્રતિમાન કઈ રીતે ઉપયોગી બની શકે? એ શિક્ષણ શાસ્ત્રીઓ, આચાર્યો અને શિક્ષકો જાણી શકશે અને શોધ પ્રશિક્ષણ પ્રતિમાનને નવીન પદ્ધતિ તરીકે અપનાવી શકશે.

૪) શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો કે શિક્ષકો પોતાના વિષયોમાં કે કઠિન લાગતાં મુદ્દાઓમાં શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની રચના કરી અસરકારક અને નાવીન્ય સભર શિક્ષણકાર્ય કરાવી શકે છે.

5) વિદ્યાર્થીઓને તાર્કિક રીતે વિચારતા અને પ્રશ્નો પૂછતાં કરી શકાય છે અને તેમની માનસિક શક્તિઓની ખીલવણી કરી શકાય છે,

6) આધુનિક યુગમાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા માટે અને તેમને સ્વઅધ્યયન માટે પ્રેરવા શોધ પ્રશિક્ષણ પ્રતિમાન ખૂબ ઉપયોગી બની શકે.

### ભાવિ સંશોધનનાં ક્ષેત્રો

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા અને વેગ મળે તે માટે ભાવિ સંશોધનો અંગેના ક્ષેત્રો નીચે મુજબ નિર્દેશ કર્યા છે,

૧) પ્રસ્તુત સંશોધન ધોરણ-સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પૂરતું જ મર્યાદિત હતું, પરંતુ અન્ય એકમો માટે શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની અસરકારકતા તપાસી શકાય.

૨) પ્રસ્તુત સંશોધન અંકલેશ્વર શહેરની માત્ર એક શાળા પૂરતું જ મર્યાદિત હતું, પરંતુ અન્ય શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ શાળાઓને આવરી લઈ, આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

3) પ્રસ્તુત સંશોધન માત્ર ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ અન્ય માધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત શિક્ષણ સામગ્રી તૈયાર કરી, તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

૪) પ્રસ્તુત સંશોધન પ્રાથમિક કક્ષાએ માત્ર ધોરણ-સાત પૂરતું જ મર્યાદિત હતું. આ ઉપરાંત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ કક્ષાએ શોધ પ્રશિક્ષણ પ્રતિમાન દ્વારા શૈક્ષણિક કાર્યક્રમની રચના કરી, તેની અસરકારકતા તપાસી શકાય

૫) પ્રસ્તુત સંશોધન માહિતી સંસ્કરણના પ્રતિમાનો પૈકી માત્ર શોધ પ્રશિક્ષણ પ્રતિમાન પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ અન્ય પ્રતિમાનો જેવા કે આગમન તર્ક પ્રતિમાન, સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન, એડવાન્સ ઓર્ગેનાઈઝર પ્રતિમાન પરપણ પ્રાયોગિક સંશોધન હાથ ધરી શકાય. કોઈ બે પ્રતિમાનોની અસરકારકતાનો તુલનાત્મક અભ્યાસ પણ હાથ ધરી શકાય.

૬) પ્રસ્તુત સંશોધન ધોરણ સાતના વિજ્ઞાન વિષયના પ્રકાશ એકમ પૂરતું મર્યાદિત હતું. અન્ય વિષયો જેવા કે ગણિત, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી વગેરે માટે શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની અસરકારકતા તપાસી શકાય.

7) પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હોય, જાતિયતા, બુદ્ધિ, વિસ્તાર વગેરે જેવાં ચલોને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર શોધ પ્રશિક્ષણ પ્રતિમાનની અસરકારકતા તપાસી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતાં માલૂમ પડે છે કે શોધ પ્રશિક્ષણ પ્રતિમાન આધારિત

શિક્ષણકાર્ય કરાવવાથી અધ્યાપનમાં નાવીન્ય લાવી શકાય છે. શોધ પ્રશિક્ષણ પ્રતિમાન એવું પ્રતિમાન છે જે વિદ્યાર્થીને અભિવ્યક્ત થવાનો અવકાશ પૂરો પાડે છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ સંતોષી તેમની તર્કશક્તિ, વિચારશક્તિ અને પ્રશ્ન કૌશલ્ય વિકસાવી શકાય છે, પ્રસ્તુત સંશોધન ભાવિ સંશોધકો માટે દિશાસૂચક બની રહેશે અને શિક્ષણજગત માટે માર્ગદર્શક બની રહેશે તો સંશોધકનું કાર્ય સફળ ગણાશે.

## કાન્તિ ભટ્ટના 'પ્રેરણા બુંદ-બુંદ' પુસ્તકમાં વ્યક્ત મૂલ્યો

પંચાલ શીવાંગી બી.

સંશોધકે ખ્યાતમાન લેખક કાન્તિ ભટ્ટના પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત મૂલ્યો શીર્ષક અંતર્ગત પ્રસ્તુત સંશોધન હાથ ધરેલ હતું. પ્રસ્તુત સંશોધનના મુખ્ય હેતુ "પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત મૂલ્યો જેવા કે વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, કૌટુંબિક મૂલ્યો, ધાર્મિક મૂલ્યો. આર્થિક મૂલ્યો અને નૈતિક મૂલ્યો તારવવાના હતા. કાન્તિ ભટ્ટના ૨૫ પુસ્તકો પૈકી પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નિર્ધારિત હેતુઓને ધ્યાનમાં લઈ પ્રાપ્ત માહિતીને નોંધવા માટે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કર્યું હતું.

**સંશોધનના તારણો**

૧. "પ્રેરણા છંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત વ્યક્તિગત મૂલ્યોછે
   A.સ્વખ્યાલ
   B. સ્વનિયંત્રણ
   C. ઈન્દ્રિયો પરનો કાબૂ
   D. ઉદ્યમશીલતા
   E. સહનશક્તિ
   F. પરિશ્રમ
   G. સાસ
   H. શ્રમનું ગૌરવ
   I. સ્વશિસ્ત
   J. આત્મસંતોષ
   K. સ્વવિકાસ
   L. કર્તવ્ય પરાયણતા
   M, સખત મહેનત
   N. જુસ્સો

૨. "પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત સામાજિક મૂલ્યો
   A. કરુણા
   B. સ્ત્રીનો સામાજિક દરજ્જો
   C.બંધુત્વ
   D. ક્ષમા
   E. લોકસેવા
   F. સામાજિક દરજ્જો
   ૩. સામાજિક વિકાસ
   H. સમાજ ચારિત્ર્ય
   I. સહકાર
   J.. સામાજિક ન્યાય
   K. સામાજિક સંબંધ
   L. સમૂહ જીવન

૩. “પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકર્મા વ્યક્ત કૌટુંબિક મૂલ્યો:
   A. કૌટુંબિક જવાબદારી
   B. પારિવારિક સંબંધ
   C. માતૃપ્રેમ-પિતૃપ્રેમ
   D. બાળકોનું ઘડતર

૪, “પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત ધાર્મિક મૂલ્યો:
   8. ધાર્મિકતા B. આધ્યાત્મિક ડહાપણ
   c. પ્રભુપ્રેમ

૫. "પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત આર્થિક મૂલ્યો:
   A ધનઉપાર્જન
   B. ઉત્પાદકતા
   C. સંપત્તિનું યોગ્ય રોકાણ

૬. "પ્રેરણા બુંદ-બુંદ" પુસ્તકમાં વ્યક્ત નૈતિક મૂલ્યો;

A. માનવતા
B. શુદ્ધતા
c. પ્રામાણિક્તા
D.નિતિમય વ્યવહાર
E. અન્યની લાગણીનો સ્વીકાર
F. જીવનનો નિયમ

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક સૂચિતાર્થો આ મુજબ છે.

(૧) વિદ્યાર્થીઓમાં શ્રમનું ગૌરવ, પરિશ્રમ, સહનશક્તિ જેવા ગુણોનો વિકાસ કરવા શાળામાં ફાધર વાલેસના પુસ્તકો તેમજ અન્ય પુસ્તકો વસાવવા.

(૨) શિક્ષક-વિદ્યાર્થીમાં સમાજ ઘડતર, ક્ષમા, દયા, સ્ત્રીને સમાજમાં સ્થાન મળે તે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિનું આયોજન અને અમલીકરણ કરવું.

(૩) વિદ્યાર્થીઓને શાળામાં મૂલ્યોનું ઘડતર થાય તેવી અધ્યયન પ્રવૃત્તિઓ કરાવવી.

(૪) વિદ્યાર્થીઓમાં અપેક્ષિત વર્તન -પરિવર્તન થાય તેવી પ્રવૃત્તિઓ ગોઠવવો.

(૫) અધ્યયન-અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીઓમાં નૈતિક ભાવના કેળવાય તેમજ નાગરિક તરીકે તેનું યોગ્ય ઘડતર થાય તેવું ભાવાવરણ સર્જવું,

(૬) દેશના આર્થિક તંત્રમાં સમાજ સ્વીકૃત એવું અર્થ ઉપાર્જન કરવું.

(7) વિદ્યાર્થીઓને ઈશ્વરમાં શ્રદ્ધા, પ્રભુપ્રેમ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિમાં જોડવા,

**સંશોધન અંગેના ક્ષેત્રો**

(૧) સંશોધનકર્તા અત્રે પ્રસ્તુત કરેલ મૂલ્યો પૈકી અન્ય મૂલ્યો આધારિત સંશોધન હાથ ધરી શકે છે.

(૨) કાન્તિ ભટ્ટના અન્ય સાહિત્યો પર સંશોધન હાથ ધરી શકાય છે.

(૩) કાન્તિ ભટ્ટના સાહિત્યોનો વિવેચનાત્મક અભ્યાસ કરી શકાય છે.

(૪) કાન્તિ ભટ્ટના જીવન-વૃતાંત પર સંશોધન કાર્ય હાથ ધરી શકાય છે.

(૫) કાન્તિ મટ્ટ જેવા બીજા કટાર લેખકોના સાહિત્યો પર સંશોધન હાથ ધરી શકાય છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે "કાન્તિ ભટ્ટના "પ્રેરણા બુંદ-બુંદ પુસ્તકમાં વ્યક્ત મૂલ્યો પર સંશોધન હાથ ધર્યું છે. સંશોધકે સંશોધન કાર્યને તટસ્થ રીતે મુલવવાનો પ્રયત્નો કર્યો છે એ છતાં આત્મલક્ષીતા આવી જવાનો સંભવ છે.

પ્રસ્તુત સંશોધનમાં મૂલ્યોને કેન્દ્રમાં રાખી મૂલ્ય વિષયક બાબતો તારવવામાં આવી છે જે વિદ્યાર્થી/વ્યક્તિ, સમાજ ઘડતર માટે દિશા સૂચનો કરશે તથા આ ક્ષેત્રમાં સંશોધન કરનારને સંશોધન માટે માર્ગદર્શન મળી રહેશે.

# सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करनेवाले विधार्थीयोका अभ्यास

पांडे स्वस्तिका एस.

प्रस्तुत प्रकरण में दिए गये संशोधन का सारांश, संशोधन के हेतुयों, संशोधन के प्रश्नों, संशोधन के पद्धति, संशोधन उपकरणों, व्यापविश्व और नमूना, माहिती एकत्रीकरण की रित, पृथक्करण की रित विषय की संक्षिप्त माहिती निम्लिखित हैं ।

संशोधन के हेतुयों

१. सुरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की अध्ययन आदतों के बारे में जानना ।

२. सुरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने

वाले विधार्थियों की सह-अभ्यास प्रवृतियों के बारे में जानना ।

३. सरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों की उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे शिक्षकों की भूमिका जानना ।

४. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे परिवार की भूमिका जानना ।

५. सुरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों की उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे समाज की भूमिका जानना ।

६. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों की उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक समस्यों कौन-कौन सी हैं ?

७. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों कीउच्च शैक्षणिक सिद्धि प्राप्तकरने वाले विधार्थियों को कौन -कौन सी सुविधा मिलती हैं ?

**संशोधन के प्रश्नों**

1. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की अध्ययन-आदतें किस प्रकार की हैं ?

2. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों कौन-सी सह- अभ्यास प्रवृतियों में हिस्सा लेते हैं ?

3. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे शिक्षकों की भूमिका क्या हैं ?

4. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे परिवार की क्या भूमिका हैं ?

5. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे समाज की भूमिका क्या है ?

6. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक समस्याओं कौन-कौन सी हैं ?

7. सूरत शर स्थित हिंदी माध्यम के माध्यमिक विधालयों की उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विद्यार्थियों को कौन-कौन सी सुविधाएँ मिलती हैं ?

**संशोधन पद्धति**

प्रस्तुत संशोधन सर्वेक्षण पद्धति दवरा किया गया था ।

**संशोधन के उपकरण**

प्रस्तुत संशोधन में संशोधक संशोधन के हेतुयों को ध्यान में रखकर माहिती एकत्रीकरण के लिए संशोधक ने प्रश्नावाली और साक्ष्यपत्रक को पसंद किया था । अतः स्वरचित उपकरण था ।

**व्यापविश्व**

प्रस्तुत संशोधन में समग्र व्यापविश्व की ही नमूने के तौर पर लिया गया था । प्रस्तुत संशोधन में सूरत शहर की हिंदी माध्यम की कुल २० विद्यालयों और २० शिक्षकों का समावेश किया गया था।

**नमूना**

प्रस्तुत संशोधन में नमूने के तौर पर २० विधालयों में से कुल १५० छात्रों एवं इन छात्रों के २० वर्ग के शिक्षकों को नमूने के तौर पर लिया गया था।

**माहिती एकत्रितकरण की रित**

प्रस्तुत संशोधन में गुणात्मक और संख्यात्मक दोनों प्रकार की माहिती एकत्रित करने में आई थी जिसमे साक्ष्यपत्रक द्वारा गुणात्मक स्वरुप की माहिती प्राप्त हुई थी और प्रश्नावाली द्वारा द्वारा संख्यात्मक माहिती प्राप्त की गई थी ।

**माहती पृथक्करण की रित**

प्रस्तुत संशोधन में संख्यात्मक और गुणात्मक रित से पृथक्करण किया गया हैं । जिसमें प्रश्नावली

को प्रतिशत द्वारा शतमान और शतमान की सार्थकता और साक्ष्य पत्रक के लिए गुणात्मक पृथक्करण की रित द्वारा किया गया था ।

**संशोधन के निष्कर्ष**

प्रस्तुत संशोधन में सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्चशैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों को अभ्यास की परिस्थितजानने के लिए प्रभावली और साक्ष्यपत्रक द्वारा प्राप्त माहिती हुई उसका पृथक्करण और अर्थघटन के बाद अंत में प्राप्त संशोधन के मुख्य निष्कर्ष निचे मुजब हैं।

➢ अध्यन आदत संबंधित निष्कर्ष :

1. पढ़ते समय तेजस्वी छात्रों महत्व के मुद्दे को नोध करते थे ।
2. तेजस्वी छात्रों अभ्यास करने के लिए समय पत्रक बनाते थे ।
3. तेजस्वी छात्रों अध्ययन के समय कठिन विषय को अधिक महत्व देते थे ।
4. तेजस्वी छात्रों पाठयपुस्तकों सिवाय अन्य साहित्यों का उपयोग करते थे ।
5. तेजस्वी छात्रों को जिस विषय में अधिक रस रूचि हो उस विषय को अधिक महत्व देते थे।
6. पाठपुस्तकों सिवाय तेजस्वी छात्रों अन्य सन्दर्भ साहित्यों का भी उपयोग करते थे ।
7. तेजस्वी छात्रों को अध्ययन के दौरान होनेवाली शंकास्पद बातों की स्पष्टता शिक्षकके पास से स्पष्ट किआ जाता था ।
8. तेजस्वी छात्रों अध्ययन किये गये मुद्दों की चर्चा अपने मित्रों के साथ करते थे ।
10. पढ़ने के बाद तेजस्वी छात्रों सभी विगत को मन में विचार करत थे ।
11. नये पाठ शुरू करने से पहले तेजस्वी छात्रों अगले पाठ का संक्षिप्त में पुनरावर्तन कर जाते थे ।
12. तेजस्वी छात्रों को अध्ययन समय होनेवाली समस्यों का निराकरण किया जाता था।

➢ सह-अभ्यास प्रवृतियों

1. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृत्तियों के लिए विशेष मार्गदर्शन प्राप्त होता था।
2. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृतियों में जुड़ने के लिए परिवार की और से सहकार होता था।
3. तेजस्वी छात्रों सह अभ्यास प्रवृतियों के आयोजन में अपन नेतृत्व निभाते थे।
4. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृतियों में नये-नये जाने को मिलता था ।
5. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृतियों में शिक्षक की और से सम्पूर्ण प्रोत्साहन मिलता था।
6. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृतियों में अभ्यास में सहायता होता था ।
7. विद्यालय में सह-अभ्यास प्रवृतियों के अलावा अन्य सिद्धि प्राप्त किये थे ।
8. तेजस्वी छात्रों को सह-अभ्यास प्रवृतिओं रसप्रद लगति थी।

➢ शिक्षक की भूमिका

1. तेजस्वी छात्रों को शिक्षक व्यक्तिगत मार्गदर्शन दिया करते थे ।
2. शिक्षक तेजस्वी छात्रों को प्रत्येक विषय में समस्या का निराकरण करते थे ।
3. शिक्षक शिक्षण संबंधित समस्यों का निराकरण करते थे।
4. शिक्षक तेजस्वी छात्रों को स्वम के विषय के अलावा अन्य विषयों पर भी मार्गदर्शन देते थे ।
5. शिक्षक अच्छा परिणाम लाने के लिए अधिक प्रेरित और मेहनत करवाते थे।
6. शिक्षक तेजस्वी छात्रों के साथ मित्रतापूर्वक वर्तन करते थे और छात्रों द्वारा पूछे गये प्रश्नों का उत्तर भी देते थे ।
7. शिक्षक अपने विषय के प्रति उत्साहित एवं अभ्यास के समय अपने विषय वस्तु को सम्पूर्ण न्याय देते थे ।

8. तेजस्वी छात्रों के शैक्षणिक सिद्धि में शिक्षक का योगदान सबसे अधिक थे ।

➢ परिवार की भूमिका

1. तेजस्वी छात्रों को घर के सभ्यों की और से अभ्यास के लिए प्रोत्साहन मिलता था ।
2. तेजस्वी छात्रों को परिवार की और से साहित्य साम्रगी प्राप्त होता था ।
3. तेजस्वी छात्रों को घर के बड़े सदस्य की और से शैक्षणिक मार्गदर्शन प्राप्त होता था ।
4. तेजस्वी छात्रों को अभ्यास में भाई-बहन की और से मार्गदर्शन प्राप्त होता था ।
5. तेजस्वी छात्रों को परीक्षा के समय परिवार का पूरा सहकार प्राप्त होता था ।
6. तेजस्वी छात्रों को पढाई की और से प्रथम महत्व दिया जाता था ।
7. तेजस्वी छात्रों सामाजिक प्रसंगों में भी उपस्थित रथे थे और सामाजिक प्रसंगों से मुक्त भी रखते थे ।

➢ समाज की भूमिका

1. उच्च शैक्षणिक सिद्धि के लिए समाज की और से पुरस्कार नहीं मिलता था ।
2. तेजस्वी छात्रों को समाज की और से कई स्कोलशिप नहीं दी जाति थी ।
3. समाज वाले शिक्षण को अधिक महत्व देते थे।
4. तेजस्वी छात्रों अभ्यास के साथ-साथ सह अभ्यास प्रवृतियों में भाग लेते थे ।
5. तेजस्वी छात्रों को पड़ोसी की और से कोई सहायता प्राप्त नहीं होती थी।
6. तेजस्वी छात्रों के लिए समाज की और से सेमीनार आयोजित नहीं किया जात था ।

➢ विधार्थियों की समस्या

1. तेजस्वी छात्रों को परिवार की और से अभ्यास पर कोई दबाव नहीं रखते थे जिससे छात्र स्वतंत्र रूप से पढ़ते थे।
2. तेजस्वी छात्र मनोरंजन के लिए व्यक्त नहीं निकल पाते थे ।
3. तेजस्वी छात्रों परीक्षा के पहले चिंतित हो जाते थे।
4. तेजस्वी छात्रों को परीक्षा के समय माता-पिता का सलाह सूचन अच्छा नहीं लगता था।
5. तेजस्वी छात्रों परीक्षा के समय सभी के साथ पढना पसंद नहीं करते थे ।
6. तेजस्वी छात्रों के परिणाम के कारण गुस्सा नहीं आता था ।
7. तेजस्वी छात्रों परीक्षा में अच्छी प्रगति लाने के लिए खुद मेहनत करते थे ।

➢ भौतिक सुविधा

1. तेजस्वी छात्रों को अभ्यास करने के लिए सम्पूर्ण टेकनोलोजिक की सुविधा मिलती नहीं थी ।
2. अभ्यास के लिए अलग से पुस्तकालय की सुविधाएँ थी ।
3. अभ्यास करने के लिए घर पर सम्पूर्ण सुविधा उपलब्ध हैं।
4. तेजस्वी छात्रों को अभ्यास के लिए शांत वातावरण मिलता था ।

**शैक्षणिक सुचितार्थ**

1. अध्ययन-आदत में अधिकतर छात्रों पुस्तकालय का उपयोग नहीं करते थे जिससे शिक्षकों द्वारे सम्पूर्ण मार्गदर्शन देना चाहिए जिससे छात्रों पुस्तकालय का उपयोग कर सकते हैं ।
2. छात्रों को जो विषय अधिक कठिन लगता है उस विषय पर शिक्षक को अधिक ध्यान देना चाहिए जिससे छात्रों को कोई विषय कठिन नहीं लगें ।
3. अध्ययन करते समय होने वाली कोई शंकास्पद या समस्या का हल शिक्षक द्वारा निराकरण किया जाता हैं ।
4. छात्रों को शिक्षक द्वारा भी कहे जाने पर सह-अभ्यास प्रवृतियों में भाग लेना चाहिए।

5. अभ्यास के लिए छात्रों को स्कोलरशिप देना चाहिए। जिससे जिससे जो छात्रोंको आर्थिक परीस्थिति ठीक ना हो उन छात्रों को स्कोलरशिप अभ्यास के लिए मदद हो सकता हैं ।
6. छात्रों के लिए परिवार की और से अभ्यास के लिए अलग व्यवस्था होने चाहिए जिससे अभ्यास में छात्रों को कोई समस्या नहीं हो।
7. छात्रों को मनोरंजन के लिए समय निकालना चाहिए जिससे उनकी शारीरिक और मानसिक स्वस्थ्य पर कोई भी असर नहीं हों ।
8. छात्रों को अच्छी तरह से शिक्षण कार्य और मार्गदर्शन देकर परीक्षा की तैयारी करवानी चाहिए जिससे छात्रों को परीक्षा के पहले से चिंता नहीं हों ।
9. परिवार की और से छात्रों को परीक्षा में किसी भी तरह के सलाह- सुचन नहीं करना चाहिए जिसकी उसकी असर अभ्यास पर नहीं हों ।
10. परीक्षा के समय अभ्यास करने के लिए अलग से सम्पूर्ण रूप से व्यवस्था होने चाहिए जिससे छात्रों परीक्षा के समय अलग से अभ्यास कर सके ।
11. परीक्षा के परिणाम जब निकट हो तो छात्रों को किसी भी तरह के दाब परिणाम के लिए नहीं देनी चाहिए । जिसकी असर उसकी तबियात पर ना हों ।
12. तेजस्वी छात्रों को अभ्यास करने के लिए सम्पूर्ण टेकनोलोजिक की सुविधा प्राप्त हो ऐसी व्यवस्था सम्पूर्ण विद्यालय एवं वर्गखंड में होने चाहिए ।

➢ साक्ष्यपत्रक द्वारा प्राप्त निष्कर्ष

1. तेजस्वी विद्यार्थियों विद्यालय के अन्य विद्यार्थियों से अध्ययन आदतों में अलग होते हैं।

सामन्य विद्यार्थियों से अलग होते हैं।

अधिक प्रश्नों पूछते हैं।

हर एक टॉपिक को ध्यानपूर्वक सुनते हैं।

नोट्स तैयार करते हैं।

दैनिक समयाविधि द्वारा तैयार करके ।

२. तेजस्वी विधार्थियों की सह-अभ्यास प्रवृतियों

कविज स्पर्धा

वक़्त स्पर्धा

खेल-खुद

योगा

कराटे

३. उच्च शैक्षणिक सिद्धि के पीछे शिक्षक की भूमिका

छात्रों को अच्छी प्रगति लाने के लिए प्रोत्साहित करना ।

बेसिक क्लियर पर अधिक ध्यान देना ।

भाषा शुद्धता सुधारना ।

प्रत्येक मुद्दे को समझाना ।

क्षमताओं के विकास के लिए यथायोग्य मार्गदर्शन देना ।

४. उच्च शैक्षणिक सिद्धि प्राप्त विद्यार्थियों के प्रगति के पीछे परिवार की भूमिका

साधन-सामग्री पूरी करते हैं ।

भावनात्मक जरूरतें पूरी करते हैं।

परीक्षा के समय मददगार होते हैं।

प्रोत्साहन द्वारा भविष्य में आगे बढने के लिए मार्गदर्शन देना ।

आर्थिक तथा परिवारिक रूप से सम्पूर्ण सहयोग प्राप्त करके

५. उच्चा शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की शैक्षणिक सिद्धि के पीछे

➢ समाज की भूमिका

समाज की और से आर्थिक मदद

अभ्यास के लिए पुरस्कार का वितरण

सामाजिक शिक्षण कार्यक्रमों द्वारा

६. उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विद्यार्थियों की शैक्षणिक समस्यें

आर्थिक समस्याएं

प्रोजेक्ट की कमी

शैक्षणिक साधन-सामग्री का अभाव

७. उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों के लिए नैतिक सुविधाएँ
लाइब्रेरि
कंप्यूटर लेब
प्रायोग शाळा
अलग वर्गखंड की सुविधां

**भावी संशोधन के लिए चुनोती**

1. प्रस्तुत संशोधन मात्र सूरत शहर माध्यमिक विद्यालियों तक ही मर्यादित था । अधिक अभ्यास के लिए सूरत शहर के अन्य कोई विस्तार की माध्यमिक विद्यालय पसंद कर सकते हैं।
2. उच्च शैक्षणिक सिद्धि वाले छात्रों के अभ्यास आदतें की तुलनात्मक अभ्यास आकर सकते हे।
3. उच्च शैक्षणिक सिद्धि वाले छात्रों के अभिरुचि और कुटुंब की भूमिका के बीच संबंधो का अव्यास कर सकते हैं।
4. सूरत शहर स्थित हिंदी माध्यम के माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि प्राप्त करने वाले विधार्थियों की समस्या का अभ्यास कर सकते हैं।
5. सूरत शहर स्थित गुजरती माध्यम के माध्यमिक, उच्चतर माध्यमिक विद्यालयों के उच्च शैक्षणिक सिद्धि करने वाले विद्यार्थियों की अभ्यास कर सकते हैं।

**उपसंहार**

प्रस्तुत प्रकरण में प्राप्त माहिती का अंकशास्त्रीय पृथ्थाकरण अर्थघटन विश्लेषण दर्शाया गया हैं। इसके बाद प्रकरण ५ में माहिती का पृथ्याकरण एवं अर्थघटन पर से प्राप्त हुए संशोधन के निष्कर्ष (तारण). संशोधन के सारांश, शैक्षणिक फलितार्थ तथा भावी अभ्यास के क्षेत्रे संबंधित निर्देश प्रस्तुत किया जायेगा ।

## ભરૂચ જિલ્લાની બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

પારખેતીયા મોહમદસુહેલ બી.

સંશોધકે "ભરૂચ જિલ્લાની બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયોનો અભ્યાસ" વિષય અંતર્ગત સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું. જેના હેતુઓ નીચે મુજબ હતા.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને આધિન હાથ ધરવામાં આવ્યું હતું.

૧) માહિતી પ્રત્યાયન તકનીકી વિશેના તાલીમાર્થીઓના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરવી.

૨) માહિતી પ્રત્યાયન તકનીકી વિશેના અધ્યાપકોના અભિપ્રાયો જાણવા માટે મુક્તજવાબી પ્રશ્નાવલિની રચના કરવી.

3) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓની સામાન્ય માહિતી મેળવવી

4)ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના ICT સંદર્ભેના અભિપ્રાયો જાણવા.

5)ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના પ્રવર્તમાન ICTની નવીન સંકલ્પનાઓ સંદર્ભેના અભિપ્રાયો જાણવા.

6) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના સ્માર્ટ બોર્ડ અંગેના અભિપ્રાયો જાણવા.

7) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના રેડિયો અંગેના અભિપ્રાયો જાણવા.

૮) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના ટેલિવિઝન સંદર્ભના અભિપ્રાયો જાણવા.

9) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના મોબાઈલ અંગેના અભિપ્રાયો જાણવા.

૧૦) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના પ્રોજેક્ટર અંગેના અભિપ્રાયો જાણવા.

૧૧) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના કમ્પ્યૂટર અંગેના અભિપ્રાયો જાણવા.

૧૨) ભરૂચ જિલ્લાની બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓના ઈન્ટરનેટ સંદર્ભના અભિપ્રાયો જાણવા.

૧૩) ભરૂચ જિલ્લાની બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓના સોશિયલ મીડિયા અંગેના અભિપ્રાયો જાણવા.

૧૪) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનને અનુરૂપ નીચે મુજબના પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

૧) ભરૂચ જિલ્લાની બી.એફ, કૉલેજના તાલીમાર્થીઓના ICTના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

2) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ પ્રવર્તમાન ICTની નવીન સંકલ્પનાઓ સંદર્ભે કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

3) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના સ્માર્ટ બોર્ડના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૪) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના રેડિયોના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૫) ભરૂચ જિલ્લાની બી એડ્. કૉલેજના તાલીમાર્થીઓના ટેલિવિઝનના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૬) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના મોબાઈલના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે

7) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના પ્રોજેક્ટરના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૮) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના કમ્પ્યૂટરના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

9) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના ઈન્ટરનેટના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૧૦) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓના સોશિયલ મીડિયાના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

૧૧) ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના અધ્યાપકો ICTના સંદર્ભમાં કેવા પ્રકારના અભિપ્રાયો ધરાવે છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયો જાણવાનો હતો, તે માટે સર્વેક્ષણ પદ્ધતિ ઉચિત જણાઈ હતી.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ભરૂચ જિલ્લામાં સમાવિષ્ટ તમામ બી.એડ. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લાની ૬ બી.એડ્. કૉલેજના ૨૯૦ તાલીમાર્થીઓ તેમજ ૨૨ અધ્યાપકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

**માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા તાલીમાર્થીઓ અને અધ્યાપકોના અભિપ્રાયો મેળવવા માટે સ્વ-રચિત ઉપકરણનો ઉપયોગ કર્યો હતો.

તાલીમાર્થીઓ માટે સ્વ-રચિત અભિપ્રાયાવલિ જેમાં ૬૫ વિધાન અને અધ્યાપકો માટે સ્વ-રચિત મુક્તજવાબી પ્રશ્નાવલિ જેમાં ૨ વિધાનનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી પૃથક્કરણ**

માહિતી એકત્રિત કર્યા બાદ અભિપ્રાયાવલિમાં ૬૫ વિધાનો દ્વારા મળેલ માહિતીના પૃથક્કરણ માટે કાઈ-વર્ગ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમજ મુક્તજવાબી પ્રશ્નાવલિનું વિષયવસ્તુ વિશ્લેષણ વડે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત એકત્રિત કરેલ માહિતીનું યોગ્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા પૃથક્કરણ અને અર્થઘટન કરી અંતે પરિણામો મેળવવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધનના અંતે મળેલા તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

**તાલીમાર્થીઓ અને અધ્યાપકોની સામાન્ય માહિતી અંગેના પ્રાપ્ત થયેલ તારણો**

- પ્રસ્તુત સંશોધન અંતર્ગત ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૯ દરમિયાન દ્વિતીય વર્ષમાં ૨૩ પુરુષ તાલીમાર્થીઓ અને ૨૬૭ મહિલા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- પ્રસ્તુત સંશોધન અંતર્ગત ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના ૧૪ પુરુષ
- અધ્યાપકો અને ૮ સ્ત્રી અધ્યાપકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ● પ્રસ્તુત સંશોધન અંતર્ગત સમાવિષ્ટ નમૂનાના ૨૦ થી ૨૭ વર્ષના તાલીમાર્થીઓનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ. જયારે ૩૨ થી ૩૫ વર્ષના તાલીમાર્થીઓ નહિવત જોવા મળ્યા હતા.
- પ્રસ્તુત સંશોધન અંતર્ગત ૧૭૩ ભાષાઓના તાલીમાર્થીઓ, ૭૦ વિજ્ઞાન અને ગણિતના તાલીમાર્થીઓ અને ૪૭ કોમર્સના તાલીમાર્થીઓ આમ કુલ ૨૯૦ તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**તાલીમાર્થીઓના અભિપ્રાયોના તારણો**

પ્રસ્તુત સંશોધનના અંતે તાલીમાર્થીઓ પાસેથી મેળવેલ માહિતીના અંતે નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

ICT અંગેના ખ્યાલના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ પાસેથી ICT અંગેના ખ્યાલના સંદર્ભમાં નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

- વિષયવસ્તુને સરળતાથી અધ્યેતા સુધી પહોંચાડવા માટે ICT અસરકારક માધ્યમ છે.
- વર્તમાન સમયમાં ICT નો ખ્યાલ અનિવાર્ય બની ગયેલ છે. શિક્ષણ કાર્યને ICT દ્વારા સરળ બનાવી શકાય છે.
- વર્તમાન સમયમાં (CF દ્વારા વૈશ્વિક સ્તર સુધીનું શિક્ષણ ઉપલબ્ધ બન્યુ છે.
- ICTના માધ્યમથી શિક્ષણ પ્રક્રિયા ઝડપી બની છે. ICT ક્ષેત્રે ભારત દેશ હજુ વિકાસશીલ જણાય છે.
- ICTના શોધના કારણે શિક્ષણક્ષેત્રે ઘણા ફેરફારો શક્ય બન્યા છે.
- ICTના વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરનાર વ્યક્તિ પ્રભાવશાળી હોય છે.
- ICT દ્વારા કૌશલ્યોનો વિકાસ સાધી શકાય છે.
- કોઈપણ વિષયવસ્તુને ICTના માધ્યમથી રજૂ કરી શકાય છે.
- ICTનો વધુ પડતો ઉપયોગ માઠી અસરો પહોચાડે છે. વ્યક્તિને એકલવાયો બનાવી શકે છે.

- માઈક્રોટીચિંગ દરમિયાન ICT ના ઉપકરણોનું સંચાલન કરવું મુશ્કેલ છે, પરંતુ ICT ના વિવિધ ઉપકરણોનો માઈક્રોટીચિંગ દરમિયાન ઉપયોગ કરવો જોઈએ.
- ICT દ્વારા પ્રવૃત્તિમય શિક્ષણ કાર્ય પણ થઈ શકે છે. ICT દ્વારા જૂથ ભાવના કેળવી શકાય છે. ઉપરાંત દરેક સમયે વ્યક્તિગત તફાવતો સંતોષી શકાતા નથી.
- ICT દ્વારા શિક્ષણકાર્ય કરાવતા સમયે અધ્યેતા સક્રિય રહે તે માટે ખાસ ધ્યાન રાખવુ જરૂરી છે. ઉપરાંત ICT દ્વારા યોગ્ય વયના વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરાવવુ જોઈએ.
- ICTના વિવિધ ઉપકરણોના ઉપયોગ કરવા માટે કૉલેજ દ્વારા લગભગ હકારાત્મકત અભિગમ જણાય છે.
- સરકારી શાળાઓમાં પણ ICT દ્વારા અસરકારક શિક્ષણકાર્ય કરાવવુ શક્ય છે.
- વર્તમાન સમયમાં ICTના વિવિધ ઉપકરણો સરળતાથી મેળવી શકાય છે.
- ICTના વિવિધ ઉપકરણોનો ઉપયોગ ન કરી શકવા માટે તેમના શિક્ષકોનો દોષ જણાયો ન હતો. ઉપરાંત ICTના વિવિધ ઉપકરણોના ઉપયોગ કરવા માટેના કૌશલ્યો કેળવવા સરળ છે. ICT એ અધ્યેતા અને અધ્યાપક બંને પક્ષે ઉપયોગી અભિગમ છે.
- ICT માત્ર કમ્પ્યૂટર પુરતુ મર્યાદિત નથી, ICT દ્વારા અધ્યયન અધ્યાપનમાં સમયની બચત થાય છે, ICTના વિવિધ સ્ત્રોતો શિક્ષક માટે ઘણા ઉપયોગી છે.

પ્રવર્તમાન ICTની નવીન સંકલ્પનાઓ સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- ગુગલ ક્લાસરૂમ શિક્ષણકાર્ય માટેનુ અસરકારક માધ્યમ છે, જે ભવિષ્યમાં પણ શિક્ષણકાર્ય માટે ખુબ જ ઉપયોગી રહેશે.
- શૈક્ષણિક બ્લોગ બનાવવા માટે સમય, નાણા અને કૌશલ્યો આવશ્યક છે, શૈક્ષણિક બ્લોગ વર્તમાન સમયમાં શિક્ષણકાર્ય માટે અસરકારક માધ્યમ છે. ફ્લિપ પીડીએફ અને ગુગલ ક્લાસરૂમ વડે અધ્યયન અધ્યાપન રસમય બનાવી શકાય છે.
- સ્માર્ટબોર્ડના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો
- સ્માર્ટબોર્ડના ઉપયોગ માટેના કૌશલ્યો કેળવવા સરળ છે, ઉપરાંત સ્માર્ટબોર્ડ વડે શિક્ષણ રસમય બનાવી શકાય છે.

રેડિયોના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- રેડિયો વર્તમાન સમયમાં પણ ઉપયોગી ઉપકરણ છે, જે વર્તમાન સમયમાં ICTનું લુપ્ત થતું ઉપકરણ જણાય છે, ઉપરાંત તેનો શૈક્ષણિક ઉપયોગ પણ નહિવત જણાયો હતો. રેડિયો પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો તાલીમાર્થીઓને રસમય જણાય છે,

ટેલિવિઝનના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- કૉલેજમાં ટેલિવિઝનની સુવિધા હોવી જરૂરી જણાય છે, ટેલિવિઝન દ્વારા શિક્ષણકાર્ય અસરકારક હોય છે. ઉપરાંત BISAG દ્વારા પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમ નિયમિતપણે જોવા જોઈએ તેમજ તમામ શૈક્ષણિક કાર્યક્રમો રસપ્રદ લાગતા ન હતા તેમ પણ જાણવા મળ્યું.
- મોબાઈલના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો *મોબાઈલ શિક્ષણકાર્યને સરળ બનાવે માટે વર્ગખંડમાં શૈક્ષણિકકાર્ય માટે મોબાઈલનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ.
- વર્તમાન સમયમાં મોબાઈલનો દુરુપયોગ વધુ થાય છે.

પ્રોજેક્ટરના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- પ્રોજેક્ટર દ્વારા અધ્યયનમાં વિદ્યાર્થીઓને રસ પડે છે, ઉપરાંત

તમામ વિષયોનું વિષયવસ્તુ અસરકારક રીતે રજુ કરી શકાય છે,

કમ્પ્યૂટરના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- .વર્તમાન સમયમાં કમ્પ્યૂટરના ઉપયોગ કરવાની ક્ષમતાઓ વિકસાવવી અનિવાર્ય છે, ઉપરાંત દરેક વર્ગખંડમાં કમ્પ્યૂટર હોવુ જરૂરી છે.

ઈન્ટરનેટના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- વર્તમાન સમયમાં શિક્ષણકાર્ય માટે ઈન્ટરનેટ અનિવાર્ય છે, ઈન્ટરનેટ બાળકોના
- વિકાસ પર અસર કરતુ હોવાથી બાળકોમાં ઈન્ટરનેટના ઉપયોગ અંગેની જાગૃતિની આવશ્યકતા છે.
- ઈન્ટરનેટના માધ્યમથી લગભગ તમામ શૈક્ષણિક મુદ્દાઓ સમજી શકાય છે.
- ભારતમાં ઈન્ટરનેટની ઝડપ અને કિંમત વિકસિત દેશો કરતા વધુ છે.

સોશિયલ મીડિયાના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ તારણો

- સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ હાનીકારક છે. ઉપરાંત સોશિયલ મીડિયા કોઈપણ દેશના વિકાસ માટેનું સક્ષમ હથિયાર છે જે ખોટી બાબતોનો વધુ ફેલાવો કરે છે. પ્રસ્તુત સંશોધનના અંતે તાલીમાર્થીઓ પાસેથી ઉપર મુજબના ICT અંતર્ગત વિવિધ તારણો પ્રાપ્ત થયા હતા.

**અધ્યાપકોના અભિપ્રાયોના તારણો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત અધ્યાપકો પાસથી મળેલ માહિતીના આધારે નીચે મુજબના મુખ્ય તારણો પ્રાપ્ત થયા હતા.

૧. ICT પ્રવર્તમાન સમયમાં શિક્ષક-પ્રશિક્ષણ માટે આશીર્વાદરૂપ છે. તે વિશેના અભિપ્રાયો :

- ICT વર્તમાન સમયની જરૂરિયાત છે. ICT દ્વારા અધ્યયન-અધ્યાપન અસરકારક બનાવી શકાય છે.
- ICT દ્વારા અધ્યયન-અધ્યાપન કાર્ય સરળ અને ઝડપી બને છે. અધ્યયન માટે સ્થળ-સમયની સીમાઓ દૂર કરી ૨૪×૭ શિક્ષણ માટેની સુવિધા ઉપલબ્ધ થઈ.
- ICT દ્વારા વિવિધ વિષયવસ્તુ સંદર્ભના પ્રત્યક્ષ અનુભવો પુરા પાડી શકાય છે. * માહિતીની હેરફેર તેમજ સ્થળાંતર ખુબ જ સરળતાથી થઈ શકે છે.
- તાલીમાર્થીઓને ફિલ્ડ વર્ક, પ્રોજેક્ટ કાર્ય, ક્રિયાત્મક સંશોધન, TLM બનાવવામાં સહાયરૂપ નીવડે છે.
- ICT વિવિધ સંદર્ભ સાહિત્ય શોધવા માટે મદદરૂપ બને છે. શિક્ષક પ્રત્યેનું ભારણ ઘટાડી અધ્યયન-અધ્યાપનમાં નવીનતા પ્રદાન કરે છે.
- બાળકોના રસ અને રુચિને પહોંચવા માટેના માર્ગો મોકળા બન્યા છે.
- ICT બાળકોને વિષયવસ્તુ સાથે જોડી રાખે છે.

૨. શિક્ષક-પ્રશિક્ષણમાં ICTના ઉપયોગ સંદર્ભેની મર્યાદાઓ વિશેના મંતવ્યો :

- ICTના વિનિયોગ માટેના જરૂરી ભૌતિક સંસાધનોની સુવિધાઓનો અભાવ જણાય છે.
- શિક્ષક/અધ્યાપકોમાં ICTના વિવિધ સાધનોનો ઉપયોગ કરવા માટેના કૌશલ્યોનો અભાવ જણાય છે.
- શૈક્ષણિક કાર્યભારના કારણે ICTનો ઉપયોગ કરવો સમયને આધિન ખર્ચાળ છે,
- વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે આત્મીયતા સ્થપાતી નથી, વર્ગ વ્યવહાર યાંત્રિક
- બની રહે છે.
- ઘણી વાર ICT દ્વારા મેળવેલ માહિતીની ખરાઈ હોતી નથી.
- વિષયવસ્તુના બદલે ઘણીવાર વિદ્યાર્થીઓનું ધ્યાન ચલચિત્રો જોવામાં રહે છે.

- શાળા/કૉલેજમાં ઈન્ટરનેટની સુવિધાનો અભાવ જણાય છે. સુવિધા હોય છે ત્યાં ઈન્ટરનેટની ઝડપના પ્રશ્નો જણાય છે.
- ઈન્ટરનેટ પર ઘણી વેબસાઈટનો ઉપયોગ વિદ્યાર્થીઓનુ માનસ બગાડે છે.
- પરંપરાગત પ્રણાલીમાં શ્રદ્ધા હોવાથી ICT નો ઉપયોગ ટાળે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં તાલીમાર્થીઓના ICT સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો પરથી તારવેલ સૂચિતાર્થો:

૧. વર્તમાન સમયમાં ICT અનિવાર્ય બની ગયુ છે. વિષયવસ્તુને સરળતાથી અસરકારક રીતે અધ્યેતાઓ સુધી પહોંચાડવા માટે ICT નો ઉપયોગ કરવો જોઈએ.

૨. ICT ના વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરનાર શિક્ષકથી અધ્યેતાઓ પ્રભાવિત થાય છે તેથી ICT ના વિવિધ સાધનોના ઉપયોગ માટેના કૌશલ્યો વિકસાવવા જોઈએ.

3 .માઈક્રોટીચિંગ દરમિયાન તાલીમાર્થીઓને ICT ના વિવિધ સાધનોના વિનિયોગથી કેટલાક પાઠ અપાવવા જોઈએ. જેથી તેમનામાં ICT ના વિવિધ સાધનોના વિનિયોગ માટેના કૌશલ્યો વિકસે.

૪. શૈક્ષણિક બ્લોગ, ગુગલ ક્લાસરૂમ, ક્લિપ પીડીએફ, સ્માર્ટ બોર્ડ વગેરે જેવી નવીન સંકલ્પનાઓનો વિનિયોગ તેમજ તાલીમાર્થીઓમાં તેના ઉપયોગ માટેના કૌશલ્યો વિકસે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

૫. મોબાઈલ અને ઈન્ટરનેટના શૈક્ષણિક વિનિયોગ માટે વર્ગખંડમાં અવકાશ આપવો જોઈએ. ઉપરાંત તેની ખરાબ અસર બાળકો પર ન થાય તે માટે તેના હકારાત્મક ઉપયોગની સમજ કેળવાય તે માટે યોગ્ય માર્ગદર્શન આપવુ જોઈએ

6). સોશિયલ મીડિયા કોઈ પણ દેશના વિકાસ માટેનું મહત્વનું માધ્યમ છે, ત્યારે તેના પર પ્રકાશિત થતી તમામ બાબતોની સત્યતા અને ખરાઈ કરવા માટેની સમજ બાળકોમાં કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

પ્રસ્તુત સંશોધનમાં અધ્યાપકો પાસેથી મળેલ **માહિતીના તારણો પરથી તારવેલ સુચિતાર્થો:**

૧. ICT વડે અધ્યયન-અધ્યાપન કાર્ય સરળ, ઝડપી અને અસરકારક બનાવી શકાય છે. ઉપરાંત ICT વડે અધ્યયનમાં અધ્યેતાઓને વધુ રસ પડે છે.માટે તાલીમાર્થીઓને ICT ના વિનિયોગ કરવા માટે પ્રેરિત કરવા જોઈએ.

2. શિક્ષક-પ્રશિક્ષણની તાલીમ દરમિયાન ફિલ્ડ વર્ક, પ્રોજેક્ટ કાર્ય, ક્રિયાત્મક સંશોધન, સંદર્ભ સાહિત્ય વગેરેમાં ICT ના વિવિધ સાધનો કઈ રીતે ઉપયોગી નીવડો શકે છે તેની સમજ અધ્યાપકે ઔપચારિક રીતે આપવી જોઈએ. ICT ના વિવિધ સાધનો શૈક્ષણિક સંસ્થાઓમાં પુરતા હાજર છે કે નથી તે માટેની તપાસ કરી યોગ્ય નિર્ણય લેવો જોઈએ,

3.શિક્ષકો તેમજ અધ્યાપકોમાં ICT ના વિવિધ સાધનોના ઉપયોગ માટેના કૌશલ્યો વિકસે તેવી તાલીમોનું આયોજન કરવુ જોઈએ.

4. શૈક્ષણિક કાર્યભારની સાથે કઈ રીતે ICT નો વિનિયોગ અસરકારક રીતે થઇ શકે તેની સમજ શિક્ષકો અને અધ્યાપકોને આપી તેનો વિનિયોગ કરવા માટે પ્રેરવા જોઈએ.

5. ઈન્ટરનેટના ફાયદા તેમજ મર્યાદાઓ અધ્યેતાઓ સામે મુકવા જોઈએ અને તેઓ વિભત્સ વેબસાઈટનો ઉપયોગ ન કરે તેવી સમજ પણ આપવી જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં થનાર આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા મળી રહે તે માટે ભાવિ સંશોધનો અંગે નીચે મુજબના ક્ષેત્રો દર્શાવ્યા છે.

૧) પ્રસ્તુત સંશોધન ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોને આવરી હાથ ધરવામાં આવ્યુ હતુ, પરંતુ અન્ય કૉલેજ તાલુકા, જિલ્લા, રાજ્ય, દેશને આવીને હાથ ધરી શકાય છે.

૨) પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતુ, પરંતુ ICTના વિવિધ સ્ત્રોતો અંતર્ગત પ્રાયોગિક સંશોધન પણ હાથ ધરી શકાય છે.

૩) પ્રસ્તુત સંશોધન અભિપ્રાય સંદર્ભે હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ ICTના વિવિધ કૌશલ્યો તપાસતા સંશોધન પણ હાથ ધરી શકાય છે.

૪) પ્રસ્તુત સંશોધન ICT અંગેના અભિપ્રાયો પર હાથ ધરવામાં આવ્યુ હતુ, પરંતુ ICT ના વિવિધ ઉપકરણોના ઉપયોગીતા અંગેની જાગરૂકતા પર સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

સંશોધકે "ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકોના ICT અંગેના અભિપ્રાયોનો અભ્યાસ" વિષયને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધર્યું હતું. દરેક સંશોધનની પોતાની આગવી લાક્ષણિકતા અને મર્યાદા હોય છે તેમ પ્રસ્તુત સંશોધનમાં પણ હશે.

સંશોધક દ્વારા શક્ય તમામ બાબતોની તકેદારી રાખી શક્યતઃ તમામ પાસાઓને ન્યાય આપી પ્રસ્તુત સંશોધનને ચોક્કસ દિશા આપી છે. છતાં કેટલીક મર્યાદાઓ રહી જવાની શક્યતાઓ રહેલી છે. જણાતી મર્યાદાઓ અવગણી ન જ શકાય. પ્રસ્તુત સંશોધનમાં રહેલી મર્યાદાઓ ભવિષ્યના સંશોધનોમાં સુધારાના અવકાશ સાથે હકારાત્મક વલણ સાથે પૂર્ણ કર્યું હતું.

## ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પટેલ અંજના જી.

પ્રસ્તુત સંશોધન ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ વિષય પર હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધનનાં હેતુઓ**

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે મુજબ છે.

1. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણનાં શિક્ષકોની સામાન્ય માહિતી મેળવવી.
૨. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણમાં પાઠયપુસ્તક વિશે ભાષાશિક્ષકોનાં અભિપ્રાયો મેળવવા,
3. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓનાં ગુજરાતી ભાષાના નીચેના ઘટકોને ધ્યાનમાં લઈ શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.
   - વાંચન
   - લેખન
   - શબ્દભંડોળ
   - વ્યાકરણ
4. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણનાં શૈક્ષણિક ઉપકરણો વિશે માહિતી મેળવવી.
૫. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણનાં છેલ્લા ત્રણ વર્ષના પરિણામો જાણવાં.
6. ઓલપાડ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓનાં ભાષાશિક્ષકોની ગુજરાતીભાષા શિક્ષણ સંદર્ભે અધ્યયન–અધ્યાપન સંબંધિત સમસ્યાઓ જાણવી.
7. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકોના અભિપ્રાયો જાણવાં.

8. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી શિક્ષણમાંશિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમના સંદર્ભે માહિતી મેળવવી.
9. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષકો દ્વારા ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.
૧૦. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારશ્રીનાં પ્રયત્નો જાણવાં.

**સંશોધનનાં પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનનાં પ્રશ્નો નીચે મુજબ છે.

1. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણનાં શિક્ષકોની સામાન્ય માહિતી શી છે?
2. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી શિક્ષણના પાઠ્યપુસ્તક વિશે ભાષા શિક્ષકોનાં અભિપ્રાયો શાં છે?
3. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનાં વાંચન, લેખન, વ્યાકરણ અને શબ્દભંડોળ સંદર્ભે વિધાર્થીઓનું સ્તર કેવું છે?
4. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષકોનાં શૈક્ષણિક ઉપકરણો કેવાં છે?
5. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનાં સંદર્ભે છેલ્લા ત્રણ વર્ષના પરિણામ કેવાં છે?
6. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓનાં ભાષાશિક્ષકોની ગુજરાતી ભાષાશિક્ષણ સંબંધિત સમસ્યાઓ કઈ-કઈ છે?
7. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી શિક્ષણમાં શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમની સ્થિતિ કેવી છે?
8. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા શિક્ષકો દ્વારા ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કઈ-કઈ છે?
9. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે શિક્ષકોનાં મંતવ્યો શાં છે?
૧૦. ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારશ્રીનાં પ્રયત્નો કેવાં છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ઓલપાડ તાલુકાની ૫૮ ઉચ્ચપ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વ્યાપવિશ્વ સીમિત હોવાથી વ્યાપવિશ્વને જ નમૂના તરીકે લેવામાં આવ્યું હતું. સંશોધનના નમૂના તરીકે ૫૮ ઉચ્ચપ્રાથમિક શાળાના ગુજરાતી વિષયનું અધ્યાપનકાર્ય કરાવતાં શિક્ષકોનો સમાવેશ કર્યો હતો.

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી સંશોધકે માહિતી એકત્રીકરણ માટે ઉપકરણોની રચના કરી હતી. જેમાં ગુજરાતી વિષય શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવા માટે અભિપ્રાયાવલિ અને મુકતજવાબી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત ઓળખયાદી, દસ્તાવેજી નોંધપત્રક અને અવલોકન પત્રકનો પણ ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

સંશોધકે સૌ પ્રથમ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ પસંદ કરેલ ૫૮ શાળાઓના આચાર્યશ્રી સાથે ટેલિફોન દ્વારા પોતાના સંશોધન માટે મદદરૂપ થાય તે માટે

પરવાનગી મેળવી હતી. સંશોધન સાથે સંકળાયેલ શિક્ષકો પાસેથી અભિપ્રાયાવલિ અને મુક્તજવાબી પ્રશ્નાવલિ ભરાવી હતી, સંશોધકે ઓળખયાદી અને દસ્તાવેજી નોંધપત્રકની નોંધ કરી હતી તથા સંશોધકે ગુજરાતી વિષય શિક્ષકોના તાસનું અવલોકન કરી અવલોકનપત્રક ભરવાનો પ્રયત્ન કર્યો. હતો.

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંબંધિત માહિતી પૃથક્કરણ માટે શિક્ષકોને આપવામાં આવેલ અભિપ્રાયાવલિનાં આધારે પ્રાપ્ત થયેલ પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ, કાઈવર્ગ અને સરેરાશ ભારાંકને આધારે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. મુક્તજવાબી પ્રશ્નાવલિનાં આધારે પ્રાપ્ત થયેલાં પ્રતિચારોનું વિષયવસ્તુ વિશ્લેષાથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.અવલોકન પત્રક અને ઓળખયાદીનાં આધારે પ્રાપ્ત થયેલાં પ્રતિચારોનું આવૃત્તિ-વિતરણ કરી ટકાવારી શોધી હતી. દસ્તાવેજી નોંધપત્રકનાં આધારે પ્રાપ્ત થયેલ પ્રતિચારોની કોઈપણ અંકશાસ્ત્રીય પદ્ધતિથી ગણતરી કરવામાં આવી નથી.

### સંશોધનનાં તારણો

હેતુઓનાં આધારે પ્રાપ્ત થયેલ તારણો

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ અંગે પ્રાપ્ત થયેલ તારણો

- ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં એમ.એ., બી.એડ્. લાયકાત ધરાવતાં શિક્ષકો સૌથી વધુ જોવા મળ્યાં હતાં. જયારે ખૂબ ઓછા પ્રમાણમાં શિક્ષકો પી.ટી.સી., સી.પી.એડ્. તથા એમ.ફિલ., પીએચ.ડી. ની લાયકાત ધરાવતાં જોવા મળ્યાં હતાં.
- ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ૬ થી ૧૦ વર્ષનો અધ્યાપન અનુભવ ધરાવનાર શિક્ષકોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. જ્યારે ૧ માસથી ૯ માસ તથા ૨૫ થી ૩૦ વર્ષનો અધ્યાપન અનુભવ ધરાવનાર શિક્ષકોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.
- શિક્ષકોની શૈક્ષણિક લાયકાતમાં વૈવિધ્યતા જોવા મળી હતી.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણના પાઠયપુસ્તક અંગેના તારણો

- પાઠયપુસ્તકની ભાષા વિધાર્થીઓની વયકક્ષાને અનુરૂપ હતી. પાઠયપુસ્તકમાં વિષયવસ્તુની રજૂઆતની શૈલી યોગ્ય હતી.
- પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુને લગતી પ્રવૃત્તિઓ સુસંગત રીતે આપવામાં આવી હતી.
- પાઠ્યપુસ્તકમાં સ્વાધ્યાય પ્રશ્નોમાં તથા કૃત્તિઓની પસંદગીમાં વૈવિધ્યતા જોવા મળી હતી.
- પાઠ્યપુસ્તક એક વર્ષની સમય અવધિમાં પૂર્ણ થાય તેવું છે.
- પાઠ્યપુસ્તકમાં ક્યાંક જોડણી ભૂલો જોવા મળે છે.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓનાં વાંચન, લેખન, શબ્દભંડોળ અને વ્યાકરણ અંગેના તારણો

❖ વાંચન અંગેના તારણો

- મહત્તમ શિક્ષકો વર્ગખંડમાં ગુજરાતી કાવ્યોનું ગાન કરાવતા જણાયા હતાં. ગૃહકાર્યમાં પાઠ વાંચન તથા કવિતા પઠન આપવામાં આવતું હતું.
- મહત્તમ બાળકોને જોડાક્ષરો, રૂપવાળા શબ્દો વારંવાર વાંચવામાં તકલીફ જોવા મળી હતી.
- વર્ગખંડમાં અઘરા શબ્દોનું ઉચ્ચારણ કરાવતા જણાયા હતાં.
- આ ઉપરાંત વાંચન ક્ષમતા વિકસાવવા શિક્ષકો દ્વારા વ્યક્તિગત વાંચન કરાવાય છે.

- ઉચ્ચારણ દોષ અંગે ખ્યાલ આપવામાં આવતો હતો.

❖ લેખન અંગેના તારણો

- ઉત્તમ લેખનના નમૂના વિદ્યાર્થી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવતાં હતાં.
- વિદ્યાર્થીઓ 'ર' ને બદલે 'ળ' અને 'થ' ને બદલે 'ઠ' ની ભૂલો કરતાં જણાયા હતાં.
- સુલેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું હતું. આ ઉપરાંત લેખન ક્ષમતા વિક્સાવવા શિક્ષકો દ્વારા
- વિદ્યાર્થીઓ પાસે જોડણી સુધારણા કરાવાતી હતી.
- શબ્દ શબ્દ વચ્ચે યોગ્ય અંતર રાખવાની સમજ અપાતી હતી. શીઘ્રલેખન, અનુલેખન, નિબંધ લેખન, શ્રુતલેખનનો મહાવરો કરાવવામાં આવતો હતો.

➢ શબ્દભંડોળ અંગેના તારણો

- મહત્તમ શિક્ષકો વિદ્યાર્થીના શબ્દભંડોળ વધારવા માટે વિવિધ પ્રકારની શબ્દ
- રમતોનું આયોજન કરતાં જણાયા હતાં. અધ્યાપનકાર્ય દરમ્યાન ઘણા શિક્ષકો સ્પષ્ટ ઉચ્ચારણ કરાવતાં હતાં.
- આ ઉપરાંત શિક્ષકો દ્વારા વિવિધ વાર્તાઓનું વાંચન બાળગીત કોયડા-ઉકેલ સુડોકુ બાહ્ય સાહિત્યનું વાંચન

➢ વ્યાકરણ અંગેના તારણો

- મહત્તમ વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણ અઘરું લાગતું જણાયું. શાળાના શિક્ષકો વ્યાકરણના પાયાના નિયમોનો ખ્યાલ બાળકોને આપતા જણાયા હતાં.
- ઉપરાંત શિક્ષકો દ્વારા પ્રોજેક્ટ વર્ક 'T'.L.M. તૈયાર કરાવવું ભાષા કોર્નર

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણમાં શૈક્ષણિક ઉપકરણો અંગેના તારણો

- શાળાઓમાં વિવિધ પ્રકારના શૈક્ષણિક ઉપકરણો જોવા મળ્યાં હતાં.
- શાળામાં કમ્પ્યુટર, પ્રોજેક્ટર, ભાષાકોર્નર જેવાં ઉપકરણો પણ ઉપલબ્ધ હતાં.
- શિક્ષણકાર્ય દરમિયાન ચાર્ટ્સ અને ચિત્રોનો ઉપયોગ કરતો જણાયાં ન હતાં.
- શિક્ષણકાર્ય દરમિયાન શિક્ષકો વર્ગખંડમાં વાર્તાનો અસરકારક ઉપયોગ કરતાં તથા કાવ્યો શીખવવાં CD નો ઉપયોગ કરતાં જોવા મળ્યાં હતાં. શિક્ષકો ઓછી માત્રામાં ઈ-કન્ટેક્ટ, કરેલા પ્રોજેક્ટ તથા ત્રિભાષા કોશનો ઉપયોગ કરતાં જણાયાં હતાં.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી

- વિષયનાં ધોરણ-૮નાં છેલ્લા ત્રણ વર્ષના પરિણામો અંગેના તારનો
- ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી વિષયનાં
- ધોરણ-૮નાં છેલ્લા ત્રણ વર્ષના પરિણામ ૧૦૦% જોવા મળ્યું હતું.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણમાં અધ્યયન–અધ્યાપન સંબંધિત સમસ્યા અંગેના તારણો

- મહત્તમ વિદ્યાર્થીઓ પ્રાદેશિક બોલીમાં બોલતાં જણાયાં હતાં. વ્યાકરણ શીખવવા માટે મહત્તમ શિક્ષકો આગમન-નિગમન પદ્ધતિનો ઉપયોગ કરતાં જણાયાં હતાં.
- વિદ્યાર્થીઓના લખાણમાં જોડાક્ષરોની ભૂલો જોવા મળી હતી.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સક્રિય ન હતાં.
- વિદ્યાર્થીઓને સ્માર્ટફોનની વધુ ઘેલછા હોય તેવું જણાયું હતું. કિશોરાવસ્થામાં પ્રવેશેલ વિદ્યાર્થીઓને વાસ્તવિકતા તરફ વાળવું એ શિક્ષકો માટે મોટો પડકાર જણાયો હતો.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી શિક્ષણની

ગુણવત્તા સુધારવા માટે શિક્ષકોના અભિપ્રાયો અંગેના તારણો

- ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા શિક્ષકો પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપતા જણાયા હતાં.
- વર્ગખંડમાં વાંચનનો મહાવરો વારંવાર કરવામાં આવતો જણાયો હતો. ગુજરાતી શિક્ષણની ગુણવત્તા સુધારણા અંગે સમયાંતરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું હતું.
- અધ્યાપનકાર્ય દરમિયાન વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ થતો જોવા મળ્યો હતો.
- જોડણી પર ધ્યાન આપવામાં આવતું હતું.
- શિક્ષક દ્વારા થતી વિષયવસ્તુની રજૂઆત અસરકારક જણાય હતી.
- વર્ગખંડમાં અધ્યાપનકાર્ય દરમિયાન પૂછાતા પ્રશ્નો થકી જ મૂલ્યાંકન થતું હતું.
- વર્ગખંડમાં શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર હુંક ભર્યો તથા સારો હતો.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી શિક્ષણમાં શિક્ષકોને આપવામાં આવતી સેવાકાલીન તાલીમ અંગેના તારણો

- તાલીમ નિયમિત આપવામાં આવે છે એવા પ્રતિભાવો શિક્ષકો તરફથી મળ્યાં હતાં.
- મહત્તમ શિક્ષકો જણાવે છે કે સેવાકાલીન તાલીમથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો હતો.
- સેવાકાલીન તાલીમ લેવા જતાં શિક્ષકોને શાળા તરફથી પૂરતો સહકાર મળી રહે છે તેવું મહત્તમ શિક્ષકોએ જણાવ્યું હતું.
- મોટાભાગના શિક્ષકો જણાવે છે કે આપવામાં આવેલ તાલીમનો ઉપયોગ વર્ગખંડમાં થતો હતો.
- સેવાકાલીન તાલીમથી શિક્ષકોનો વ્યાવસાયિક તથા વ્યકિતગત વિકાસ થાય તેવું જણાયું હતું.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષકો દ્વારા ગુજરાતી ભાષા શિક્ષણની ગુણવત્તા સુધારવા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેના તારણો શાળામાં ગુજરાતી શિક્ષણ સુધારણા અર્થે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હતી. . જોડણી સંદર્ભે રમતો

- ઉચ્ચારણ દોષની રમતો
- આરોહ-અવરોહ યુકત વાંચન
- કાવ્ય ગાન, ઋતુગીતો
- વાર્તા કથન, નાટયીકરણ

- વિદ્યાર્થીઓ દરેક પ્રવૃત્તિઓમાં ઉત્સુકતાથી ભાગ લેતાં હતાં.
- શાળામાં સરકાર દ્વારા સૂચવેલી દરેક સહઅભ્યાસક પ્રવૃત્તિઓ થતી હતી. વિદ્યાર્થીઓના વાંચન અને લેખન પર વધુ ભાર મૂકવામાં આવતો હતો.
- શાળામાં વિષયોને અનુરૂપ પ્રદર્શનો યોજાતા હતાં.
- વિવિધ એકમ અનુરૂપ વિદ્યાર્થીઓને નાનાં–નાનાં પ્રોજેકટો આપવામાં આવતાં હતાં.

➢ ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાશિક્ષણની ગુણવત્તા સુધારવા સરકારશ્રીનાં પ્રયત્નો અંગેના તારણો

- સરકારશ્રી દ્વારા ગુજરાતી વિષય શિક્ષાની તાલીમ નિયમિત રીતે યોજવામાં આવતી.
- સરકારશ્રી તરફથી દરેક શાળામાં ભૌતિક સુવિધા માટે તથા વાંચનાલય અંતર્ગત ગ્રાન્ટ અપાતી હતી. દરેક શાળામાં બાયસેગ પ્રસારણ દ્વારા શિક્ષણ આપવાની સુવિધા જણાય હતી.
- સરકારશ્રી દ્વારા યોજાયેલ કાર્યક્રમો

- મિશન વિદ્યા કાર્યક્રમ
- પ્રજ્ઞા શિક્ષણ કાર્યક્રમ

- ગુણોત્સવ
- એકમ કસોટી
- 'વાંચે ગુજરાત' અભિયાન
- . વાંચન - લેખન - ગણનનો પ્રોજેક્ટ
- ભાષા કોર્નર, ભાષા મંડળ
- સરકારશ્રી દ્વારા પરીક્ષણ પદ્ધતિમાં ફેરફાર થઈ રહ્યાં છે તેવું જાણવા મળ્યું. હતું.
- ટેક્નોલોજીના ઉપયોગ (MP3 Song) દ્વારા કવિતા તથા ગીતોના અન્ય સ્વરૂપોને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતાં હતાં.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

૧. ગુજરાતી ભાષાની વિવિધ શબ્દ રમતોનો ઉપયોગ કરીને ભાષાશિક્ષકો વિદ્યાર્થીઓમાં શાબ્દભંડોળ તથા સર્જનશકિતનો વિકાસ કરી શકે.

2. શિક્ષકોએ ગુજરાતી ભાષામાં શિક્ષણકાર્ય કરાવતી વખતે ગદ્ય-પદ્ય એકમોના લેખકો-કવિઓનો પરિચય આપવો જોઈએ.

3. ગુજરાતી ભાષાનાં સાહિત્ય સ્વરૂપો અંગેની વિદ્યાર્થીઓને સમજ આપવી જોઈએ.

4. ગુજરાતી વિષયનાં શિક્ષકોએ સ્પષ્ટ સ્વર અને વ્યંજનનાં ઉચ્ચારણ માટે અને આરોહ - અવરોહ યુક્ત વાંચન શીખવવા માટે વ્યકિતગત વાંચનની મહત્તમ તકો વિકસાવવી જોઈએ.

૫. દરેક શાળાઓમાં માતૃભાષા દિનની ઉજવણી થવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા પ્રત્યે રુચિ જાગે.

૬. ગુજરાતી ભાષામાં શબ્દભંડોળ વિકસાવવા માટે શિક્ષકોએ રોજ નવાં દસ શબ્દો વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવાં જોઈએ.

7. ગુજરાતી વિષયના અધ્યયન-અધ્યાપનકાર્ય દરમ્યાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી અને ચર્ચામાં ભાગ લેવાની તક અપાવી જોઈએ.

8. ગુજરાતી વિષયમાં ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં ભાષા પ્રત્યેનો ઊંડો રસ, રુચિ અને દીર્ઘદષ્ટિ વિકસાવી શકાય.

9. ગુજરાતી વિષયમાં કાવ્યોનાં આદર્શગાન માટે CD, મોબાઈલનો ઉપયોગ કરવો જોઈએ.

૧૦. ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતાં ગુજરાતી વિષયના કાર્યક્રમો વિદ્યાર્થીઓને સમૂહમાં બતાવવા જેથી વિદ્યાર્થીઓમાં અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવી શકાય.

૧૧. દરેક શાળામાં 'ગુજરાતી ભાષા કોર્નર' વિકસાવવા જોઈએ અને જરૂર પડયે તેનો શિક્ષકોએ ઉપયોગ કરવો જોઈએ.

૧૨. ગુજરાતી ભાષામંડળની પ્રવૃત્તિઓમાં વિધાર્થીઓને સક્રિય રાખવાં જોઈએ. ૧૩. ગુજરાતી ભાષાશિક્ષણમાં શિક્ષકોએ દરેક એકમનાં અંતે ક્સોટી માટે સમય ફાળવવો જોઈએ.

**ભાવિ સંશોધનનાં ક્ષેત્રો**

કોઈપણ સંશોધન અંતિમ અને સંપૂર્ણ હોતું નથી. ભવિષ્યમાં આ પ્રકારનાં સંશોધનોને વેગ મળી રહે તે માટે, સાથે - સાથે ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ નીવડશે એવી આશા સાથે તથા પ્રસ્તુત સંશોધન દ્વારા વિષયસૂઝ અને દિશાસૂચન મળી રહે તે માટે પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અહીં ભાવિ સંશોધન માટેનાં કેટલાંક સૂચનો દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે નીચે મુજબ છે.

૧. ગુજરાત રાજયની ઉચ્ચતર પ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી ભાષાશિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ તપાસી શકાય.

2. ઓલપાડ તાલુકાની માધ્યમિક કક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

3. દક્ષિણ ગુજરાતની ઉચ્ચતર પ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી વિષય શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા

4. સુરત જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

5. ગુજરાત રાજયમાં ગુજરાતી ભાષા શિક્ષકોને અપાતી સેવાકાલીન તાલીમ એક સમીક્ષાત્મક અભ્યાસ

**ઉપસંહાર**

સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ, સંશોધનના તારણો, શૈક્ષણિક કોઈપણ સંશોધન આખરી ન હોય શકે. સંશોધક નમ્ર પણે માને છે કે, હજ ન આ ક્ષેત્રમાં વિવિધ પાસાંનો ઊંડાણપૂર્વક અભ્યાસ હાથ ધરવા અન્ય સંશોધનની જરૂર પ્રવર્તે છે. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાણી તેમાં સુધારો લાવવા મદદરૂપ નીવડી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા ઓલપાડ તાલુકાની ઉચ્ચપ્રાથમિક શાળાકક્ષાએ ગુજરાતી શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન ગુજરાતી શિક્ષકો, ગુજરાતી વિષયમાં રસ ધરાવતાં સંશોધકો, સરકારશ્રી વગેરેને ઉપયોગી નીવડશે એવી સંશોધકની નમ્ર આશા છે.

## સુરત શહેરની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો તણાવ

પટેલ ભાવિકા વી.

સુરત શહેરની માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો તણાવ શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધનનો સારાંશમાં સંશોધનનાં હેતુઓ, સંશોધનનાં પ્રશ્નો, સંશોધન પદ્ધતિ, સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂના, સંશોધન ઉપકરણ, માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીતનું સંક્ષિપ્ત વર્ણન દર્શાવ્યું છે.

**સંશોધનના હેતુઓ**

સંશોધન કાર્ય અંતર્ગત સંશોધકે નીચેના હેતુઓ પર સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

1. માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓમાં પરીક્ષા સંબંધિત તણાવનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક ાધના વિદ્યાર્થીઓ માટે તણાવ સંશોધનિકાની રચના કરવી.
3. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષા પૂર્વે અનુભવાતા તણાવનો અભ્યાસ કરવો.
4. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષા દરમિયાન અનુભવાતા તણાવનો અભ્યાસ કરવો.
5. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષા બાદ અનુભવાતા તણાવનો અભ્યાસ કરવો.
6. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તણાવની શારીરિક સ્વાસ્થ્ય પર અસરનો અભ્યાસ કરવો.
7. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તણાવની માનસિક સ્વાસ્થ્ય પર અસરનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

હેતુઓને આધારે સંશોધકે નીચેના પ્રશ્નોનો અભ્યાસ હાથ ધર્યો હતો. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પરીક્ષા પૂર્વે કેવો તણાવ અનુભવે છે?

1. માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓમાં પરીક્ષા સંબંધિત તણાવનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન કેવો તણાવ અનુભવે છે?
3. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષા બાદ કેવો તણાવ અનુભવે છે?
4. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તણાવની શારીરિક સ્વાસ્થ્ય પર કેવી અસર થાય છે?
5. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં પરીક્ષાના તાણાવની માનસિક સ્વાસ્થ્ય પર કેવી અસર થાય છે?

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ હેઠળ સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ સુરત શહેરની ગુજરાતી માધ્યમની તમામ ૯૦ માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ બને છે. પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની કુલ ૯૦ માધ્યમિક શાળાઓમાંથી શાળાઓની પસંદગી યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરવામાં આવી હતી. પસંદ કરેલી કુલ ૧૪ માધ્યમિક શાળાઓમાંથી દસ-દસ વિદ્યાર્થીઓની પસંદગી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરી, કુલ ૧૪૦ વિદ્યાર્થીઓનો સમાવેશ નમૂનાનાં પાત્રો તરીકે કરવામાં આવ્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવા માટે સ્વરચિત લિકર્ટ સ્કેલ આધારિત તણાવ સંશોધનિકા અને બંધ જવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત**

યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ દ્વારા પસંદ કરેલી શાળાઓના આચાર્યોની પરવાનગી મેળવી તે દરેક શાળામાંથી ધોરણ નવના ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ દ્વારા કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. માહિતીનું પૃથક્કરણ કરવા માટે કાઈવર્ગ કસોટી તેમજ શતમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

૧. પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ સંબંધિત તારણો નીચે મુજબ છે.
   - વિદ્યાર્થીઓ હંમેશા ચિંતિત રહે છે.
   - પરીક્ષાની પૂર્વ તૈયારી માટે દબાણ અનુભવે છે.
   - અગાઉની પરીક્ષાના પરિણામની અસર પરીક્ષાની તૈયારી પર જોવાં મળે છે.
   - પરીક્ષાની પૂર્વ તૈયારીને કારણે મનોરંજનનો સમય ફાળવી શકતા નથી.
   - પરીક્ષાની પૂર્વ તૈયારીને કારણે વિદ્યાર્થીઓ પૂરતો આરામ કરી શકતા નથી.
   - પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓને પરીક્ષાનાં પ્રશ્નો અંગે દ્વિધા રહે છે.
   - વિદ્યાર્થીઓને વાંચેલું યાદ રાખવામાં મુશ્કેલી પડે છે.

૨. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ સંબંધિત તારણો નીચે મુજબ છે.
   - વિદ્યાર્થીઓને સંપૂર્ણ પ્રશ્નપત્ર લખાય પછી જ હાશ થાય છે.
   - વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર પૂરું કરવાની ઉતાવળ રહે છે.
   - વિદ્યાર્થીઓ પરીક્ષા શરૂ થવાનાં અંતિમ તબક્કા સુધી વાંચન કરે છે.
   - વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે ભગવાનને પ્રાર્થના કર્યા કરે છે,
   - પરીક્ષાખંડમાં પ્રશ્નપત્રની રાહ જોતી વખતે વિદ્યાર્થીઓનાં ધબકારા વધી જાય છે.
   - વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રનાં ઉત્તરો બાકી રહી જવાનો,વાંચેલું યાદ ન રહેવાનો ભય રહે છે.

3. પરીક્ષા બાદ વિદ્યાર્થીઓમાં જોવા મળતા તણાવ સંબંધિત તારણો નીચે મુજબ છે.
   - વિદ્યાર્થીઓને હંમેશા પરિણામની ચિંતા રહે છે.
   - પરિણામનો દિવસ નજીક આવતા વિદ્યાર્થીઓ બેચેની અનુભવે છે.
   - પરિણામનાં વિચારોને કારણે વિદ્યાર્થીઓ પૂરતી ઊંઘ લઈ શકતા નથી.
   - પરિણામનાં ડરને કારણે વિદ્યાર્થીઓને આત્મહત્યાનાં વિચારો આવતા નથી.

૪. પરીક્ષાના તણાવને કારણે વિદ્યાર્થીઓનાં શારીરિક સ્વાસ્થ્ય પર જોવા મળતી અસરો સંબંધિત તારણો નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓની દૈનિક ક્રિયાઓ ખોરવાય છે.
- વિદ્યાર્થીઓનાં હૃદયનાં ધબકારા અનિયમિત બની જાય છે.
- વિદ્યાર્થીઓ ભોજનમાં અનિયમિત બને છે.
- વિદ્યાર્થીઓને અપૂરતી ઊંઘની ફરિયાદ રહે છે.
- વિદ્યાર્થીઓ અકારણ થાક અનુભવે છે.
- વિદ્યાર્થીઓને સતત માથું દુખવાની ફરિયાદ રહે છે.

૫. પરીક્ષાના તણાવને કારણે વિદ્યાર્થીઓનાં માનસિક સ્વાસ્થ્ય પર જોવા મળતી અસરો સંબંધિત તારણો નીચે મુજબ છે.

- વિદ્યાર્થીઓ સતત પરીક્ષાના વિચારોમાં મગ્ન રહે છે.
- વિદ્યાર્થીઓ સતત ચિંતિત રહે છે.
- વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે એકાંત પસંદ કરે છે.
- વિદ્યાર્થીઓ જલદી કોઈ નિર્ણય લઈ શકતાં નથી.
- વિદ્યાર્થીઓ મનમાં ને મનમાં મૂંઝાયા કરે છે.
- વિદ્યાર્થીઓ હંમેશા વિચલિત રહે છે.
- વિદ્યાર્થીઓનો મિજાજ બદલાયા કરે છે.

### શૈક્ષણિક ફલિતાર્થો

સંશોધનનાં તારણોને આધારે પરીક્ષાનો તણાવ નિવારવા માટે નીચે મુજબના શૈક્ષણિક ફલિતાર્થો સૂચવવામાં આવ્યા હતા. માધ્યમિક શાળા કક્ષાએ સંચાલકો, શિક્ષકો, વાલીઓ તથા કાઉન્સેલર્સ દ્વારા નીચે મુજબનાં પ્રયાસો હાથ ધરી શકાય છે.

- પરીક્ષાનો તણાવ દૂર કરવા માટે શાળામાં કાઉન્સેલરની નિમણૂક કરી શકાય.
- તણાવમુક્તિ માટેનાં હેલ્પ લાઇન નંબરોની જાણકારી આપી શકાય.
- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનાં વાલીઓને તણાવ પ્રત્યે જાગૃત કરવાં જોઈએ
- શક્ય હોય તો શાળામાં યોગા, મેડિટેશન તેમજ શારીરિક સ્વાસ્થ્યનાં નિયમિત વર્ગોનું આયોજન કરી શકાય.
- કાઉન્સેલર દ્વારા પરીક્ષા સંદર્ભે માર્ગદર્શનનાં કાર્યક્રમો અવારનવાર યોજવા જોઈએ.

### ભાવિ સંશોધનનાં ક્ષેત્રો

ભવિષ્યમાં આ પ્રકારનાં સંશોધનોને દિશા મળી રહે તે માટે પ્રસ્તુત સંશોધનને આધારે આ મુજબ ભાવિ સંશોધનોના ક્ષેત્રો સૂચવ્યા છે.

- રાજ્યબોર્ડ, CBSE બોર્ડ તથા અન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓમાં પરીક્ષાનાં તણાવનો અભ્યાસ હાથ ધરી શકાય.
- ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પરીક્ષાનાં તણાવનો અભ્યાસ હાથ ધરી શકાય.
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ વચ્ચે તણાવનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- પરીક્ષામાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં પરીક્ષાનાં તણાવનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- SSC તથા HSC બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના વાલીઓના તણાવનો અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં જોવા મળતાં પરીક્ષાના તણાવની સંશોધનાત્મક માહિતીનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જે તણાવ નિવારવાના ઉપાયો માટે માર્ગદર્શક બની રહેશે એવી સંશોધકને આશા છે.

# હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ

પટેલ ગ્રીષ્મા એ.

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ સંશોધનનાં સારાંશમાં અગાઉ જણાવ્યા મુજબ સંશોધકે હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો અભ્યાસ વિષય પર સંશોધન હાથધર્યો હતો. જે વિશેની ટુકમાં માહિતી નીચે મુજબ હતી.

### સંશોધનના હેતુઓ

૧. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી કૌટુંબિક સમસ્યાનો અભ્યાસ

૨. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી સામાજિક સમસ્યાનો અભ્યાસ

૩. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી આર્થિક સમસ્યાનો અભ્યાસ

૪. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી વહીવટી સમસ્યાનો અભ્યાસ

૫. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ

૬. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અનુભવાતી મનોવૈજ્ઞાનિક સમસ્યાનો અભ્યાસ

### સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમુના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે હાંસોટ તાલુકાની કુલ ૫૩ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતાં ૨૧૦ શિક્ષકોના વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

### ઉપકરણની સંરચના

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો.

### માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રતિચારના આધારે અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરી ટકાવારી અને અગ્રતાક્રમ આપવામાં આવ્યો હતો. અને પ્રાપ્ત થયેલી માહિતી પરથી કેટલાક તારણો પ્રાપ્ત થયા છે. જે હવે પછી દર્શાવવામાં આવ્યા છે.

### તારણો

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે મુજબ હતા.

➢ કૌટુંબિક સમસ્યાઓ અંગેના તારણો

- સંતાનો માટે સમય ફાળવી શકાતો નથી.
- સયુંકતકુંટુંબના કારણે જવાબદારીનું ભારણ વધારે છે.
- વતનમાં નોકરી મળતી નથી.
- બદલીના કારણે કુંટુબ સાથે રહી શકાયું નથી.
- શાળામાં સમયસર હાજર રહી શકાય છે.
- કુંટુંબની જવાબદારીને પહોચી વળાય છે.
- વેતન બાબતે ઘરમાં કલેશ સર્જાતો નથી.

➢ સામાજીક સમસ્યા અંગેના તારણો

- શાળાની પ્રવૃતિઓમાં ગામના લોકોનો સહકાર મળી રહે છે
- નોકરીના કારણે સામાજિક પ્રસંગોમાં પૂરતો સમય ફાળવી શકાતો નથી.
- સંબધીઓ સાથે સંપર્કમાં રહી શકાતું છે.
- સામાજિક સંબધો વિકસાવી શકાતા છે.
- સ્થાનિક પ્રસંગોમાં માન-સન્માન મળી રહે છે.
- શિક્ષકના ઉત્સાહની કદર ગામમાં કરવામાં આવે છે.

- વાલી સંમેલનમાં ગામના વાલીઓનો સહકાર મળે છે.
- ગામમાં સમાજ માટે યોજાતી પ્રવૃતિ માટે ગામના લોકો માર્ગદર્શન માગે છે.
- શાળામાં યોજાતી સામાજિક પ્રવૃત્તિઓની ટીકા કરવામાં આવતી નથી.
- શાળામાં બાળકોને સજા કરવાથી વાલીઓ શાળામાં આવીને ઝઘડો કરતા નથી.
- શિક્ષકની નોકરી સામાજિક કાર્યમાં અવરોધરૂપ નથી.

➢ આર્થિક સમસ્યાઓ અંગેના તારણો

- શૈક્ષણિક લાયકાત પ્રમાણે પગાર મળી રહે છે.
- આજનાં પગાર ધોરણથી સંતોષ અનુભવાય છે.
- ભવિષ્ય માટે બચત કરવી મુશ્કેલ છે.
- નોકરીનું સ્થળ ઘરથી દુર હોવાના કારણે ખર્ચ વધી જાય છે.
- કુટુંબની ભૌતિક સગવડો માટે નાણાકીય મુશ્કેલી અનુભવાતી નથી.
- શાળામાં શિક્ષણકાર્ય ઉપરાંત ટ્યુશન કરાવવું પડતું નથી.
- સમયસર પગાર મળી રહે છે.
- ફિક્સ પગારમાં ઘર ચલાવવું મુશ્કેલ છે.
- બાળકોની શૈક્ષણિક જરૂરીયાતને પહોંચી વળાતી નથી.

➢ વહીવટી સમસ્યાઓ અંગેના તારણો

- અનિવાર્ય સંજોગોમાં રજા મેળવવામાં મુશ્કેલ નથી.
- શાળામાં કલાર્ક ન હોવાથી વહીવટી કાર્ય શિક્ષકોએ કરવું પડે છે.
- અન્ય શિક્ષકો કરતા વહીવટી કાર્યનું ભારણ વધારે હોય છે.
- શાળાકક્ષાએ શિષ્યવૃત્તિનાં પત્રકો ભરવામાંસમય બગડે છે.
- આચાર્યશ્રીની પૂર્વ મંજુરી સિવાય શાળામાં આસ્મિક કારણોથી ગેરહાજર રહેવાથી આચાર્યશ્રી ઠપકો આપતા નથી.
- વહીવટીકાર્યમાં સમય બગડે છે.
- શિક્ષક્ના વહીવટી કાર્યથી આચાર્યશ્રી સંતોષની લાગણી અનુભવે છે.

➢ શૈક્ષણિક સમસ્યાઓ અંગેના તારણો

- અભ્યાસક્રમ લાંબો હોવાથી સમય સર પૂર્ણ કરી શકતો નથી.
- શાળામાં શિક્ષકોને નવીન શિક્ષણ પદ્ધતિ માટે આચાર્યનો સાથ સહકાર મળી રહે છે.
- શાળાના આચાર્યો, શિક્ષકો પરસ્પર સહકારથી વર્તે છે.
- બાળકો શાળામાં નિયમિત આવે છે.
- વર્ગમાં નબળા વિધાર્થીઓની સંખ્યા ઓછી છે.
- શાળામાં પુરતા પ્રમાણમાં ઉપકરણો છે.
- શાળાનું મકાન શિક્ષણકાર્ય માટે અનુરૂપ છે.
- શિક્ષકોની સંખ્યા અપૂરતી હોવાના કારણે એક સાથે બે વર્ગો ચલાવવા પડે છે.
- તાલીમ કે શિબિરના કારણે શૈક્ષણિકકાર્ય થઈ શકાતું નથી.

➢ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગેનાં તારણો

સંતાનોના શિક્ષણને લઈને ચિંતા થાય છે.

- કુંટુંબ અને નોકરીની બેવડી જવાબદારીઓને કારણે માનસિક થાક લાગે છે.
- પ્રાથમિક શાળામાં નોકરી કરતાં હોવાથી સંકોચ અનુભવાતી નથી.
- ક્યારેક વિધાર્થીઓ ઉપર ગુસ્સે થઈ જવાય છે.
- નાના બાળકોની સમસ્યા જાણવા મુશ્કેલી પડે છે.
- શાળામાં સિનિયર શિક્ષકો આધિપત્ય જમાવતા નથી.

- શાળામાં એક ચિકિત્સકની જરૂર છે.
- હાલમાં નોકરી સલામત છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

તારણો રજૂ કર્યા. ઉપરોકત તારણોના આધારે હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓનો ઉકેલ કરી શકાય તે માટેના સંભવિત સૂચનો નીચે મુજબ કરવામાં આવ્યા છે,

- પ્રાથમિક શાળાના શિક્ષકોએ રજાને દિવસે પોતાનાં બાળકો તથા કુંટુંબ માટે પુરતો સમય ફાળવવો જોઈએ.
- અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે યોગ્ય સમય આયોજન કરવું જોઈએ.
- વાલીઓ બાળકોનાં શિક્ષણમાં રસ લેતા થાય તે માટે વાલી સંમેલન યોજી તેમાં વિવિધ પ્રવૃતિઓ દ્વારા તેમનામાં જાગૃતતા લાવવી જોઈએ.
- સામાજિક કાર્યક્રમો યોજી પ્રાથમિક શાળાના શિક્ષકોનું સન્માન કરવું જોઈએ.
- પ્રાથમિક શાળાના શિક્ષકો બાળકોનાં ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે તે બાબતને ધ્યાનમાં રાખીને તેમની આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.
- પ્રાથમિક શાળાના શિક્ષકોને વહીવટી કાર્યનું ભારણ ન પડે તેનું ધ્યાન રાખવું જોઈએ.
- અન્ય કામગીરી શિક્ષિત બેકરોને આપવી જોઈએ.
- પ્રાથમિક શાળાના શિક્ષકોના ઉત્સાહને ટકાવી રાખવા માટે નિયમિત માર્ગદર્શન આપવું તથા સેમિનારોનું આયોજન કરવું જોઈએ.
- પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે સન્માનભર્યો વ્યવહાર કરવો જોઈએ.

**ભાવિ સંશોધન માટેની ભલામણો**

પ્રત્યેક સંશોધનમાં કોઈકને કોઈક મર્યાદા ધરાવતું હોય છે પ્રસ્તુત સંશોધન પણ એમાંથી બાકાત નથી તેમજ પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિસ્તરતી રહે છે તે માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનો થતા રહે તે પણ જરૂરી છે. ભવિષ્યમાં આ પ્રકારના સશોધનોને વેગ પ્રાપ્ત થતો રહે તથા ભાવિ સંશોધકોને માર્ગદર્શનરૂપ નીવડશે એવી આશા સાથે સંશોધકે ભાવિ સંશોધન માટેનાં કેટલાક ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા હતા.

- હાંસોટ તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- હાંસોટ તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓનો તુલનાત્મક સંશોધન હાથ ધરી શકાય.
- શિક્ષણ સિવાય અન્ય ક્ષેત્રોમાં કામ કરતી મહિલાઓની સમસ્યા અંગે સંશોધન હાથ ધરી શકાય.
- આશ્રમશાળાઓનાં શિક્ષકોની સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.
- અધ્યયન અને અધ્યાપનકાર્યમાં અનુભવાતી સમસ્યાઓનો અંગે સંશોધન હાથ ધરી શકાય.
- પછાત અને ઊંડાણવાળા વિસ્તારની શાળાનાં શિક્ષકોની સમસ્યા અંગે સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

સમાજ કે દેશની સમસ્ત પ્રજાને નિરાશામાંથી આશાના તેમજ શ્રદ્ધાના પંથે, જો કોઈ લઈશ કે તેમ હોય તો તે શિક્ષણ. તેમાં પણ ખાસ કરીને પ્રાથમિક શિક્ષણએ પાયો છે.

પ્રાથમિક તબક્કામાંથી બાળકોને મૂલ્યો, નૈતિકતા અને જીવનઘડતરનું શિક્ષણ આપવામાં આવે તો દેશના આર્થિક વિકાસને કોઈ રોકી શકે તેમ નથી. આ માટે પ્રાથમિક સ્તરે અધ્યાપનકાર્ય

કરનાર શિક્ષકોની જવાબદારી અનેક ગણી વધી જાય છે. તેથી તેમની સમસ્યાઓ દુર કરી

તેઓ પોતાનું કર્તવ્યનિષ્ઠાથી બજાવી શકે તે માટેનાં પ્રયત્નો કરવા જોઇએ.

સંશોધક માટે સમયમર્યાદાનાં કારણે બધી સમસ્યાઓનો અભ્યાસ કરવો શકય ન હોવાથી પ્રાથમિક શાળાઓના શિક્ષકોની કૌટુંબિક, સામાજિક, આર્થિક, વહીવટી, શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધર્યો. આ સમસ્યાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની સમસ્યાઓને ઝડપથી ઉકેલી શકાય તો શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાયુકત બનાવી શકાય.

પ્રસ્તુત સંશોધનના પયાસથી હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સમસ્યાઓ જાણી તેના ઉકેલો માટેના સૂચનો કરી શકાય. અન્ય સંશોધનો માફક પ્રસ્તુત સંશોધન શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રસલેતા નાગરિકો, કેળવણીકારો, આયોજકો, પ્રશાસકો, આચાર્યો, શિક્ષકો તેમજ નવા સશોધકોને સહેજ પણ પથદર્શક બનશે તો સંશોધક ખરેખર પરિતોષની લાગણી અનુભવશે.

## પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

પટેલ કાજલ એન.

પ્રસ્તુત સંશોધનન પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયની પ્રવર્તમાન પરિસ્થિતિ' એ વિષય ઉપર હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન અંતર્ગત સામાજિક વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિને લગતી બાબતોની ઝીણવટપૂર્વક છણાવટ કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ અભ્યાસ હતો. જે વિશે ટૂંકમાં માહિતી નીચે મુજબ હતી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

(૧) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની સામાન્ય માહિતી મેળવવી.
   (i) શૈક્ષણિક લાયકાત
   (ii) શૈક્ષણિક અનુભવ

(૨) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ અંગે શિક્ષકોના મંતવ્યો જાણવા.

(૩) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકોના સંદર્ભમાં શિક્ષકોના મંતવ્યો જાણવા.

(૪) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિ અને પ્રયુક્તિ અંગે જાણકારી મેળવવી.

(૫) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યાપન માટે ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક સાધનો અંગે જાણકારી મેળવવી.

(૬) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભે શિક્ષકોના મંતવ્યો જાણવા.

(૭) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અપાતા સ્વાધ્યાયકાર્ય અંગે વિદ્યાર્થીઓના પ્રતિચારનો અભ્યાસ કરવો.

(૮) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતા સંદર્ભ સાહિત્ય અંગે વિદ્યાર્થીઓના પ્રતિચાર મેળવવા.

(૯) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ અંતર્ગત થતી સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓના પ્રતિચારનો અભ્યાસ કરવો.

(૧૦) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના છેલ્લા ૩ વર્ષના પરિણામો અંગેની માહિતી મેળવવી,

(૧૧) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેના જરૂરી ભૌતિક સંસાધનોની માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબ છે.

(૧) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયોના શિક્ષકોની સામાન્ય માહિતી શી છે?

(૨) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસ અંગે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

(૩) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક સંદર્ભે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

(૪) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિ અને પ્રયુક્તિ અંગે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

(૫) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણના અધ્યાપન માટે કયા કયા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે?

(૬) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

(૭) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણમાં અપાતા સ્વાધ્યાયકાર્ય અંગે વિદ્યાર્થીઓના પ્રતિચાર કેવા છે?

(૮) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતા સંદર્ભ સાહિત્ય અંગે વિદ્યાર્થીઓના પ્રતિચાર કેવા છે?

(૯) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ અંતર્ગત થતી સહઅભ્યાસ પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓના પ્રતિચાર કેવા છે?

(૧૦) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષયના છેલ્લા ત્રણ વર્ષના પરિણામો કેવા છે?

(૧૧) પારડી તાલુકાની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેના જરૂરી ભૌતિક સંસાધનો કેવા છે?

**સંશોધન પદ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ એ જ નમૂનો બન્યો હતો. જેમાં ૧૮ માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષકો (૨૦) અને ધોરણ- ૯માં અભ્યાસ કરનાર ૧૦ ૧૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક નમૂના પસંદગીની પદ્ધતિ અંતર્ગત ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિથી કુલ ૧૮૦ વિદ્યાર્થીઓની નમૂના પસંદગી કરી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે મુક્તજવાબી પ્રશ્નાવલિ સ્વરચિત (શિક્ષકો માટે) જેમાં કુલ ૫ પ્રશ્નો, નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ (વિદ્યાર્થીઓ માટે) જેમાં ૩ વિભાગ પાડી કુલ ૩૫ પ્રશ્નો, દસ્તાવેજી નોંધપત્રક, ઓળખયાદીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણ**

સંશોધનમાં રચવામાં આવેલા પ્રશ્નોના આધારે પસંદ કરેલ ઉપકરણની મદદથી પસંદ કરેલ નમૂના પાસેથી માહિતી એકત્રિત કરવા માટે સંશોધકે સૌપ્રથમ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં જઈ પારડી તાલુકાની માધ્યમિક શાળાઓ (ગ્રાન્ટેડ-નોનગ્રાન્ટેડ)ની માહિતી અને પરવાનગી મેળવી હતી. ત્યારબાદ શાળાઓના આચાર્યશ્રીઓને ટેલિફોન દ્વારા સંપર્ક

કરી પૂર્વ અનુમતિ માંગી તેમની પરવાનગી મેળવી ત્યારબાદ શાળાની રૂબરૂ મુલાકાત લઈ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ચોક્કસ સમય આપી પ્રશ્નાવલિ ભરવા માટે આપી પરત મેળવી હતી. તેમજ દસ્તાવેજી નોંધપત્રક અને ઓળખયાદીની માહિતી સંશોધક દ્વારા ભરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીની ચકાસણી કરી ત્યારબાદ વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ (મુક્તજવાબી પ્રશ્નાવલિ માટે) ટકાવારી અને શતમાનની સાર્થકતા મૂલ્ય ક્રાંતિક ગુણોત્તર, અગ્રતાક્રમ (નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિ માટે) તેમજ દસ્તાવેજી નોંધપત્રક અને ઓળખયાદી માટે ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરી માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

- ➢ મુક્તજવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલાં તારણો
- ➢ સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષકોની સામાન્ય માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો
- પારડી તાલુકાના મોટાભાગના શિક્ષકો એમ.એ., બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા. જ્યારે ખૂબ ઓછા પ્રમાણમાં શિક્ષકો એમ.ફિલ., બી.એડ્.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા.
- ૧૬થી ૨૦ વર્ષ અને ૨૬ થી ૩૦ વર્ષ વચ્ચેનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો વધુ પ્રમાણમાં હતા. જ્યારે ૦૧ થી ૦૫ વર્ષ અને ૩૧ થી ૩૫ વર્ષ વચ્ચેના શૈક્ષણિક અનુભવ ધરાવનાર શિક્ષકોનું પ્રમાણ ઓછું હતું.
- ➢ સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષકોના પ્રાપ્ત પ્રતિચાર સંબંધી તારણો

(૧) સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ અંગે પ્રાપ્ત થયેલા તારણો વિદ્યાર્થીઓની વયકક્ષા અનુરૂપ અભ્યાસક્રમ છે.

- અભ્યાસક્રમનું પુનરાવર્તન કરાવવું મુશ્કેલ છે.
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાધવામાં મદદ થાય છે.
- નૂતન પ્રવાહ પ્રમાણે અભ્યાસક્રમ નથી.

(૨) સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તક અંગે પ્રાપ્ત થયેલા તારણો

- પાઠ્યપુસ્તકનું છાપકામ ખૂબ જ સારું છે.
- સ્વાધ્યાયના પ્રશ્નોમાં ટૂંકા પ્રશ્નોનું પ્રમાણ ઓછું છે.
- સામાજિક વિજ્ઞાન વિષય પાટ્યપુસ્તકની વિષયવસ્તુની લંબાઈ વધુ છે.
- પ્રકરણોની સંખ્યા પણ વધારે છે

.(૩) સામાજિક વિજ્ઞાન વિષયનાં શિક્ષણકાર્ય દરમિયાન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓના ઉપયોગ સંબંધી તારણો

- કથન ચર્ચા પદ્ધતિ, જૂથ ચર્ચા પદ્ધતિ, પ્રશ્નોત્તરી પદ્ધતિનો શિક્ષણકાર્ય દરમિયાન વધુ ઉપયોગ થાય છે.
- નાટ્યીકરણ પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિનો મધ્યમ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.
- આમગન-નિગમન પદ્ધતિ અને પ્રોજેક્ટ પદ્ધતિનો શિક્ષણકાર્ય દરમિયાન ઓછો ઉપયોગ કરવામાં આવે છે.

(૪) સામાજિક વિજ્ઞાન વિષયનાં શિક્ષણકાર્ય દરમિયાન શૈક્ષણિક સાધનોના ઉપયોગ સંબંધી તારણો

- નકશા, ચાર્ટ, ચિત્રો, પૃથ્વીનો ગોળા જેવા શૈક્ષણિક સાધનનો વધુ ઉપયોગ કરવામાં આવે છે.
- નમૂના, બુલેટિનબોર્ડ અને સંદર્ભ પુસ્તકનો મધ્યમ રીતે ઉપયોગ કરવામાં આવે છે.
- પ્રોજેક્ટર અને કમ્પ્યુટર જેવા શૈક્ષણિક સાધનોનો ઓછો ઉપયોગ કરવામાં આવે છે.

(૫) સામાજિક વિજ્ઞાન શિક્ષણની ગુણવત્તા સુધારણા સંદર્ભના તારણો

- કઠિન લાગતા મુદ્દાઓને હળવા કરવાથી
- એકમ કસોટી દ્વારા મૂલ્યાંકન કરવાથી
- પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવાથી
- નબળા વિદ્યાર્થીઓને અલગ તારવી શિક્ષણકાર્ય કરાવવાથી
- સેમિનારનું આયોજન કરવાથી

શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય એવું જાણવા મળ્યું હતું.

➢ નિશ્ચિત જવાબી પ્રશ્નાવલિના આધારે પ્રાપ્ત થયેલાં તારણો ૫.૩.૨.૧ સ્વાધ્યાયકાર્ય અંગે પ્રાપ્ત થયેલા તારણો

- સ્વાધ્યાયકાર્ય નિયમિત આપવામાં આવે છે.
- સ્વાધ્યાયકાર્ય નિયમિત તપાસવામાં આવે છે.
- સ્વાધ્યાયકાર્ય સારી રીતે પૂર્ણ થી શકે તે માટે યોગ્ય સમય આપવામાં આવે છે. પુસ્તકોમાં આપેલા પ્રશ્નો જ સ્વાધ્યાકાર્ય તરીકે અપાય છે.
- નવું શીખવા મળે એ પ્રકારનું સ્વાધ્યાયકાર્ય હોય છે.

➢ સંદર્ભ સાહિત્ય અંગે પ્રાપ્ત થયેલા તારણો

- સંદર્ભ સાહિત્યના વાંચન માટે શિક્ષક દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણના વાંચન માટે પુસ્તકો પ્રાપ્ત કરવા મુશ્કેલ પડતા નથી, સંદર્ભ સાહિત્યના વાંચનથી લેખિત પરીક્ષામાં લાભ થાય છે.
- સ્વાધ્યાયકાર્ય કરવા માટે સંદર્ભ સાહિત્ય ઉપયોગી બને છે.
- સામાજિક વિજ્ઞાન વિષયને લગતા અદ્યતન પુસ્તકો લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે.

➢ સહભ્યાસિક પ્રવૃત્તિ અંગે પ્રાપ્ત થયેલાં તારણો

- પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.
- સહભ્યાસિક પ્રવૃત્તિઓ કંટાળાજનક લાગતી નથી.
- સહભ્યાસિક પ્રવૃત્તિઓ રસ પડે તેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. સહભ્યાસ પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન પુરું પાડવામાં આવે છે.
- વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે.

➢ દસ્તાવેજી નોંધપત્રકના આધારે પ્રાપ્ત થયેલા તારણો

વર્ષ ૨૦૧૭-૨૦૧૯ સુધીમાં સામાજિક વિજ્ઞાન વિષયના પરિણામો આધારિત ધોરણ-૯માં વધારો થયેલ જોવા મળે છે. વર્ષ ૨૦૧૭-૨૦૧૯ સુધીમાં સામાજિક વિજ્ઞાન વિષયના પરિણામો આધારિત ધોરણ-૧૦માં ઘટાડો થયેલ જોવા મળે છે.

➢ ઓળખયાદીના આધારે પ્રાપ્ત થયેલાં તારણો

➢ સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેનાં જરૂરી શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધિ સંદર્ભે પ્રાપ્ત થયેલાં તારણો

- પૃથ્વીનો ગોળો, સ્થળોના નકશાઓ, નદીઓના નકશાઓ, રાષ્ટ્રીય નકશાઓ, આંતરરાષ્ટ્રીય નકશાઓ, ભૌગોલિક નકશાઓ, વાહનવ્યવહારના નકશાઓ, સામાજિક વિજ્ઞાનના વિષયના ચાર્ટ, સામાજિક વિજ્ઞાન વિષયના ચિત્રો, સામાજિક વિજ્ઞાન વિષયને લગતા કમ્પ્યુટર કાર્યક્રમની સી.ડી., બુલેટિન બોર્ડ જેવા શૈક્ષણિક સાધનો વધુ પ્રમાણની શાળાઓમાં ઉપલબ્ધ છે.
- સામાજિક વિજ્ઞાન વિષયને લગતી OH.P. ટ્રાન્સપરન્સી, ફ્લેશકાર્ડ, અન્ય શૈક્ષણિક સાધનો ઓછા પ્રમાણની શાળાઓમાં ઉપલબ્ધ છે.

➢ સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેના જરૂરી શૈક્ષણિક સાધનોની ઉપયોગિતા સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

પૃથ્વીનો ગોળો, સ્થળોના નકશાઓ, નદીઓના નકશાઓ, રાષ્ટ્રીય નકશાઓ, આંતરરાષ્ટ્રીય નકશાઓ, ભૌગોલિક નકશાઓ, વાહનવ્યવહારના નકશાઓ, સામાજિક વિજ્ઞાન વિષયના ચાર્ટ, સામાજિક વિજ્ઞાન વિષયના ચિત્રો, કમ્પ્યુટર કાર્યક્રમની સી.ડી., બુલેટિન બોર્ડ જેવા શૈક્ષણિક સાધનો વધુ પ્રમાણની શાળાઓ ઉપયોગમાં લેતી હતી. સામાજિક વિજ્ઞાન વિષયને લગતી O.H.P. ટ્રાન્સપરન્સી, ફ્લેશકાર્ડ, અન્ય શૈક્ષણિક સાધનો ઓછા પ્રમાણની શાળાઓમાં ઉપયોગમાં લેતી હતી.

### શૈક્ષણિક સૂચિતાર્થો

- અભ્યાસક્રમ સરળ અને ટૂંકો હોવો જોઈએ જેથી તેનું પુનરાવર્તન કરી શકાય. નૂતન પ્રવાહ પ્રમાણે અભ્યાસક્રમ હોવો જોઈએ.
- સામાજિક વિજ્ઞાન વિષય પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ થોડું ટૂંકું રાખવું જોઈએ. જેથી વર્ષ દરમિયાન તેને સરળતાથી પૂર્ણ કરી શકાય.
- સ્વાધ્યાયના પ્રશ્નોમાં ટૂંકા પ્રશ્નોનો ઉમેરો કરવો જોઈએ.
- પ્રકરણોની સંખ્યા ઓછી રાખવી જોઈએ જેથી સારી રીતે તેને યોગ્ય સમય આપી વિદ્યાર્થીઓને સમજાવી શકાય.
- આગમન નિગમન પદ્ધતિ અને પ્રોજેક્ટ પદ્ધતિનો શિક્ષણકાર્ય દરમિયાન વધુ ઉપયોગ થવો જોઈએ.
- પ્રોજેક્ટર અને કમ્પ્યુટર જેવા શૈક્ષણિક સાધનોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.
- સામાજિક વિજ્ઞાન શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પ્રશ્નોત્તરી અને એકમકસોટી દ્વારા મૂલ્યાંકન કરવું જોઈએ.
- પુસ્તકમાં આપેલા પ્રશ્ન સિવાયના અન્ય પ્રશ્નની રચના કરીને વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્ય તરીકે આપવા જોઈએ.
- ધોરણ-૧૦માં સામાજિક વિજ્ઞાન વિષયના પરિણામોમાં ઉત્તરોત્તર વધારો થાય એ માટેના પ્રયત્નો કરવા જોઈએ.
- સામાજિક વિજ્ઞાનને લગતી O.H.P. ટ્રાન્સપરન્સી, ફ્લેશકાર્ડ, અન્ય શૈક્ષણિક સાધનો વધુ પ્રમાણની શાળામાં ઉપલબ્ધ હોવા જોઈએ. જેથી તેની ઉપયોગિતામાં વધારો થઈ શકે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધનનું ક્ષેત્ર ખૂબ જ વ્યાપ છે. તેથી સંશોધક નમ્રપણે સ્વીકારે છે કે પ્રસ્તુત સંશોધન અંતિમ અને સંપૂર્ણ નથી. ભવિષ્યમાં પણ આ પ્રકારના સંશોધનને વેગ મળતો રહે તે હેતુથી સંશોધકે ભાવિ સંશોધનનાં ક્ષેત્ર દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રસ્તુત સંશોધનનાં સંબંધિત ક્ષેત્રોમાં સંશોધનની શક્યતાઓ નીચે મુજબ છે.

- ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ તપાસી શકાય.
- ગુજરાત રાજ્યમાં માધ્યમિક શાળાના સામાજિક વિજ્ઞાન વિષયનાં બોર્ડના પરિણામોનો વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ માટેના શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધિ અને ઉપયોગિતા : એક સર્વેક્ષણ
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ મહાવિદ્યાલયોમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ
- ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણ અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.
- ગુજરાત રાજ્યની ગ્રાન્ટેડ-સરકારી માધ્યમિક શાળાઓ અને ખાનગી

માધ્યમિક શાળાઓમાં સામાજિક વિજ્ઞાન શિક્ષણનો તુલનાત્મક અભ્યાસ : એક સર્વેક્ષણ

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ, સંશોધનના તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

પ્રસ્તુત હાથ ધરેલ સંશોધન અંતિમ ન હોય શકે, સંશોધક નમ્રપણે માને છે કે, હજી આ ક્ષેત્રોમાં વિવિધ પાસાંનો ઊંડાણલક્ષી અભ્યાસ હાથ ધરવા અન્ય અભ્યાસની જરૂર પ્રવર્તે છે. આ પ્રકારના સંશોધનનો સમયાંતરે શિક્ષણક્ષેત્રે સાથે સંકળાયેલા કેળવણીકારો, આયોજકો, આચાર્યો, અધ્યાપકો તેમજ નવા સંશોધકોને ઉપયોગી નીવડશે, તો સંશોધકનો આ નમ્ર લઘુ પ્રયાસ સાર્થક થયો ગણાશે. તેમજ અન્ય સંશોધકને પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત થશે તો સંશોધક સંતોષની લાગણી અનુભવશે.

અંતે, આ સંશોધન પરિણપૂર્ણ કરતાં સંશોધક નમ્રતાપૂર્વક અને સ્નેહપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.

## હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ

પટેલ ખુશ્બૂ એચ.

પ્રસ્તુત અભ્યાસનો સારાંશ દર્શાવવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. સંશોધનનું શીર્ષક નીચે પ્રમાણે નક્કી કર્યુ હતું. હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ

**સંશોધનના હેતુઓ**

(૧) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ઉપલબ્ધ ભૌતિક સુવિધા સંદર્ભે શિક્ષકો પાસેથી માહિતી જાણવી.

(૨) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને અપાતા ભોજનની ગુણવતા સંદર્ભે શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.

(3) મધ્યાહન ભોજન યોજના સંદર્ભે સ્વચ્છતા અંગે શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.

(૪) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત નિમાયેલા સંચાલક/કર્મચારી અંગે શિક્ષકો પાસેથી માહિતી જાણવી.

(૫) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ સંદર્ભે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

(૬) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને અપાતા ભોજનની ગુણવંતા સંદર્ભે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

(૭) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવી.

(૮) મધ્યાહન ભોજન યોજનાના નિરીક્ષણ અંગે આચાર્યો પાસેથી માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

(૧) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળામાં જરૂરી પ્રમાણમાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે?

(2) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળામાં અપાતું ભોજન ગુણવંત્તાવાળું હોય છે?

(3) મધ્યાહન ભોજન યોજનામાં સ્વચ્છતા અંગે કઇ કઇ બાબતોની કાળજી રાખવામાં આવે છે?

(૪) મધ્યાહન ભોજન યોજનાના સંચાલક શાળામાં નિયમિત આવે છે?

(૫) મધ્યાહન ભોજન સંદર્ભે બાળકોની મદદ લેવામાં આવે છે?

**વ્યાપવિશ્વ અને નમૂનો**

હાંસોટ તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સમાવિષ્ટ તમામ ઘટકો સંશોધનનું વ્યાપવિશ્વ છે, જ્યારે પ્રસ્તુત સંશોધન માટે નમૂનો હાંસોટ તાલુકાની ૫૩ પ્રાથમિક શાળાનાં ૫૩ આચાર્યો,

મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન કરતા ૫૩ શિક્ષકો અને શાળાનાં છેલ્લા ધોરણનાં સહેતુક બે વિદ્યાર્થી નમૂના તરીકે પસંદ કરી કુલ ૧૦૬ વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં અધ્યેતાએ સંશોધન પદ્ધતિ તરીકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી માહિતી મેળવવાની હોય સંશોધકે ઉપકરણ તરીકે બંને પાત્રો માટે જુદી જુદી બંધપ્રશ્નાવલિની રચના કરી હતી.જ્યારે આચાર્યો માટે મુક્ત જવાબી પ્રશ્નાવલિની રચના કરી હતી.

**માહિતીનું એકત્રીકરણ અને પુથક્કરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે અધ્યેતાએ નમૂનામાં પસંદ થયેલી શાળામાં રૂબરૂ જઈને આચાર્યો તથા શિક્ષકોની પરવાનગી મેળવીને શિક્ષકો,આચાર્યો અને વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલિ દ્વારા માહિતી મેળવી હતી.

'હા' અને 'ના' પ્રકારનાં ઉત્તર પ્રમાણે આવૃત્તિ મેળવી તેના ટકા મેળવવામાં આવ્યા હતાં અને ટકાવારીને આધારે પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.મુક્ત જવાબી પ્રશ્નોનું ગુણાત્મક રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધન તારણો**

હાંસોટ તાલુકાની પ્રાથમિક શળઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત કરેલી માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટનના આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ છે.

➢ પ્રશ્નાવલિ પર પ્રાપ્ત શિક્ષકોના પ્રતિચારોને આધારે તારણો ભૌતિક સુવિધા અંગેના તારણો

(૧) હંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન બનાવવા માટે શાળામાં રસોઇઘર અલગ હતું.

(૨) હાંસોટ તાલુકાની પ્રાથમિક શળાઓમાં મધ્યાહન ભોજન બનાવવા માટેના રસોઇઘર સારી હાલતમાં હતા.

(૩) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જરૂરીયાત મુજબ ભોજન બનાવવા માટેના વાસણો ઉપલબ્ધ હતા.

(૪) હાંસોટ તાલુકાની પ્રાથમિક શળઓમાં જરૂરીયાત મુજબ ભોજન પીરસવા માટેના વાસણો ઉપલબ્ધ હતા.

(૫) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અનાજના જથ્થા અને વાસણો મૂકવા માટે અલગ રૂમની વ્યવસ્થા ન હતી.

(૬) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમા રસોઇ માટે અને પીવા માટે પાણીની સુવિધા હતી.

(૭) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જમવા માટે થાળી વિદ્યાર્થીઓ ઘરેથી લાવતા ન હતા.

(૮) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને જમવા માટે બેસવાની વ્યવસ્થા સુવિધાજનક હતી.

➢ ભોજનની ગુણવત્તા અંગેના તારણો

(૧) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજનમાં શાકભાજીનો ઉપયોગ કરવામાં આવતો હતો.

(૨) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સંચાલક મધ્યાહન ભોજનના અનાજની સફાઇ કરાવ્યા બાદ ભોજન બનાવડાવતા હતા.

(૩) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનામાં અપાતો ખોરાક સારી રીતે રાંધવામાં આવતો હતો.

(૪) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનામાં અપાતુ અનાજ કઠોળ વગેરે ગુણવત્તાવાળું હતું.

(૫) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન અંગે વિદ્યાર્થીઓ ફરિયાદ કરતા ન હતા.

➢ સ્વચ્છતા અંગેના તારણો

(૧) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભોજન બનાવવાની જગ્યા સ્વચ્છ અને આરોગ્યપ્રદ જણાઇ હતી.

(૨) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભોજન બાદ એઠવાડના નિકાલની વ્યવસ્થા હતી.

(૩) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન પીરસાય ત્યારે શિક્ષકો હાજર રહેતા હતા.

(૪) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જમતી વખતે વિદ્યાર્થીઓના હાથપગ શિક્ષકો સ્વચ્છ કરાવતા હતા.

(૫) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં રાંધેલા ખોરકને ઢાંકેલો રાખવામાં આવતો હતો.

(૬) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં રસોઇના સાધનો સારી રીતે સાફ થતા હતા.

(૭) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પાણીના વાસણોની સફાઇ કરવામાં આવતી હતી.

➢ મધ્યાહન ભોજન યોજનાના સંચાલક અંગેના તારણો

(૧) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન અમલીકરણ માટે સ્ટાફની સંખ્યા મહેકમ પ્રમાણે હતી.

(2) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના સંચાલકને પ્રાર્થના સંમેલન બાદ તરત જ હાજરીના આંકડા લેખિત સ્વરૂપે આપવામાં આવતા હતા.

(૩) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના અંગે નક્કી કરેલ મેનું મુજબ સંચાલક ખાદ્યસામગ્રી કાઢતા હતા.

(૪) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના સંચાલકની ભરતી માટે નિયમો હોવા જોઇએ.

➢ પ્રશ્નાવલિ પર પ્રાપ્ત વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે તારણો

(૧) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જમવા માટે થાળી શાળામાંથી આપવામાં આવતી હતી.

(૨) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં જમવા બેસવા માટે શાળામાંથી આસનપટ્ટો આપવામાં આવતો ન હતો.

(૩) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજનમાં વિવિધ શાકભાજીનો ઉપયોગ કરવામાં આવતો હતો.

(૪) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓના ભોજનમાં અપાતો ખોરાક સારી રીતે રાંધવામાં આવતો હતો.

(૫) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં એઠવાડના નિકાલની યોગ્ય વ્યવસ્થા હતી.

(૬) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભોજન પીરસાય ત્યારે શિક્ષકો હાજર રહેતા હતા.

(૭) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભોજન માટે ઉપયોગમાં લેવાતા અનાજની સફાઇ કરવામાં આવતી હતી.

(૮) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાંમધ્યાહન ભોજન માટેના વાસણોની સફાઇ સારી રીતે કરવામાં આવતી હતી.

(૯) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અનાજ સાફ કરવા માટે વિદ્યાર્થીઓની મદદ લેવામાં આવતી ન હતી.

(૧૦) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે શાકભાજી સમારવા માટે વિદ્યાર્થીઓને મદદ કરવી પડતી ન હતી.

(૧૧) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભોજન પીરસવા માટે વિદ્યાર્થીઓએ મદદ કરવી પડતી હતી.

(૧૨) હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજન યોજના કાયમ માટે ચાલુ રહે તેવી ઈચ્છા ધરાવતા હતા.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાને સઘન બનાવવા માટે અધ્યેતાએ નીચે મુજબ શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

(૧) શળામાં રસોઇ ના વાસણો અને અનાજ રાખવા માટે અલગ કોઠારરૂમની સગવડ ઊભી કરવી જોઇએ.

(૨) પ્રાથમિક શાળાઓના રસોઇઘરની સમયાંતરે મરામત કરાવવી જોઇએ.

(3) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળામાં વાલીઓની મિટિંગ યોજાવી જોઇએ. જેથી વાલીઓ પણ શાળાની મુલાકાત લેતા થશે અને મધ્યાહન ભોજન યોજનાને સફળ બનાવવા માટેના તેમના મંતવ્યો પણ તેઓ દર્શાવી શકશે.

(૪) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત રસોઇયાઓને સમયસર મહેનતાણું મળી રહેવું જોઇએ.

(૫) સ્થાનિક સમિતિ સાથે ચર્ચા કરીને વિદ્યાર્થીઓને દૂધ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૬) મધ્યાહન ભોજન યોજના માટે સરકારે સેવાભાવી સંસ્થાઓનો સહકાર મેળવવો જોઇએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધનનું ક્ષેત્ર અતિ વિશાળ છે.કોઇપણ સંશોધન માટે અધ્યેતા એવી ખાતરી ન આપી શકે કે હાથ ધરેલ સંશોધન અંતિમ અને સંપૂર્ણ જ હોય. પ્રસ્તુત સંશોધન હાંસોટ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ કરવા માટે હાથ ધરાયું હતું. અધ્યેતા સ્વીકારે છે કે પ્રસ્તુત સંશોધન અંતિમ અને સંપૂર્ણ નથી. આ ક્ષેત્રમાં અન્ય સંશોધનો થઇ શકે તેવી શક્યતા અધ્યેતાને અહી જણાય છે. આ ઉપરાંત પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં અન્ય સંશોધનના ક્ષેત્રોમાં પણ વધું ખેડાણ થઇ શકે તે માટે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખેલ છે. આ સંદર્ભમાં કેટલાંક ભાવિ સંશોધનના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) હાંસોટ તાલુકા સિવાયના બીજા અન્ય તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ વિષય પર સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

(૨) જિલ્લા કક્ષાએ પણ મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ વિષય પર સંશોધન કાર્ય હાથ ધરી શકાય.

(3) મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોના અભિપ્રાયોનો અભ્યાસ કરી શકાય.

(૪) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના વાલીઓના અભિપ્રાયોનો અભ્યાસ હાથ ધરી શકાય.

(૫) મધ્યાહન ભોજન યોજનામાં થતો ખર્ચ અંગે સંશોધન હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં અધ્યેતાએ સંશોધન સારાંશ, તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખેલ હતો.

સાંપ્રત સમયમાં શિક્ષણનું મહત્વ ડગલેને પગલે વધતું જાય છે. તેમાં પણ પ્રાથમિક શિક્ષણની અગત્ય ઘણી છે. કારણ કે પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ છે. પ્રાથમિક શિક્ષણની પણ ઘણી બધી સમસ્યાઓ છે. જેના નિવારણ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાંથી અધ્યેતાએ મધ્યાહન ભોજન યોજનાનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો હતો.સંશોધનના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત તારણો અને સૂચિતાર્થો મધ્યાહન ભોજન યોજના અને શિક્ષણ સાથે પ્રત્યક્ષ

અથવા પરોક્ષ રીતે સંકળાયેલ વ્યક્તિઓને ઉપયોગી નિવડશે તો અધ્યેતાનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

## સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ

પટેલ પ્રિયંકાકુમારી એન.

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ સંશોધનના સારાંશમાં સંશોધનનું શીર્ષક, સંશોધન પદ્ધતિ, સંશોધનમાં લેવામાં આવેલો નમૂનો, માહિતી એકત્ર કરવા માટેના ઉપકરણો અને પૃથક્કરણની રીત વગેરે બાબતો વિશે ટૂંકમાં માહિતી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ

### સંશોધનના હેતુઓ

૧. સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

૨. સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓના જીવન ઘડતરની પ્રવૃત્તિઓના આયોજનનો અભ્યાસ કરવો.

૩. સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોમાં જીવન ઘડતરની પ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓની ભાગીદારીનો અભ્યાસ કરવો.

૪. સુરત શહેરની શિક્ષણમહાવિદ્યાલયોમાં જીવન ઘડતરની પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓમાં આવેલા પરિવર્તનો નો અભ્યાસ કરવો.

### સંશોધનના પ્રશ્નો

૧. સુરત શહેરની શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓની જીવનઘડતરની પ્રવૃતિઓ કઈ કઈ છે?

૨. સુરત શહેરની શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓના જીવનઘડતરની પ્રવૃત્તિઓનું આયોજન કેવી રીતે થાય છે?

૩. સુરત શહેરની શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓ જીવનઘડતરની પ્રવૃત્તિઓમાં કેટલા ભાગીદાર બને છે?

૪. સુરત શહેરની શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓમાં જીવનઘડતરની પ્રવૃત્તિઓ દ્વારા કયા કયા પરિવર્તનો જોવા મળે છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

### નમુનો

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ જ નમૂનો હતો.

### ઉપકરણ

સંશોધકે માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે સાક્ષયપત્રક, પ્રશ્નાવલી અને મુક્તજવાબી પ્રશ્નાવલિ નો ઉપયોગ કર્યો હતો.

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સાક્ષી પત્રક અને મુક્તજવાબી પ્રશ્નાવલિનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવી હતું. તથા પ્રશ્નાવલી દ્વારા મળેલી આવૃત્તિની ટકાવારી કાઢવામાં આવી હતી.

### સંશોધનના તારણો

સંશોધન અંતર્ગત જે માહિતી એકત્ર કરવામાં આવી તેનું યોગ્ય અંકશાસ્ત્રીય પદ્ધતિઓની મદદથી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને વિશ્લેષણ ના અંતે જે મુખ્ય તારણો પ્રાપ્ત થયા છે તે વિગતવાર નીચે પ્રમાણે છે.

- સાક્ષ્ય પત્રક દ્વારા આચાર્યોએ દર્શાવેલા પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલા તારણો.

- જીવન ઘડતરની પ્રવૃત્તિઓમાં વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, વિવિધ દિવસોની ઉજવણી, જીવનઘડતરના પ્રવચનો, કારકિર્દી અંગેનાં શિબીરો, કૌશલ્ય નિર્માણની બાબતો, ભારતીય જીવનશૈલી અનુભવ અંગેની પ્રવૃતિઓ કરવામાં આવે છે.
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગણેશ ઉત્સવ, જન્માષ્ટમી, ભજન, યોગાદિનની ઉજવણી, વિવિધ દિન વિશેષ પ્રવૃત્તિઓ, હોળીઉત્સવ, નાટક, સંગીત, નૃત્ય, જેવી પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.
- સામાજિક પ્રવૃત્તિઓમાં વૃદ્ધાશ્રમ, અનાથઆશ્રમ, હોસ્પિટલ ની મુલાકાત, રક્તદાન એઈડ્સ દિનની સભાનતા, વિવેકાનંદ જયંતિ, ગાંધીજયંતી, નર્મદજયંતિ, વિવિધ લેખકો-કવિની જયંતિ, વ્યસનમુક્તિ અભિયાન, જેવી સામાજિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- જીવનઘડતરની પ્રવૃતિઓનું આયોજન વર્ષના પ્રારંભે, જે તે પ્રવૃત્તિ સંદર્ભે સૌની સહભાગીદારી, આધુનિક સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, પ્રવૃત્તિનું અમલીકરણ, યોગ્ય સંકલન કરીને, સમયબદ્ધ રીતે આયોજન કરવામાં આવે છે.
- ઈન્ટનશીપ દરમિયાન તાલીમાર્થી પાસે સાંસ્કૃતિક કાર્યક્રમ, સામાજિકપ્રવૃત્તિ, માતૃભાષામાં શિક્ષણ, પોસ્ટર મેકિંગ, હાર ની પરિસ્થિતિ સહન કરવાની તૈયારી, સંસ્કૃતિની જાળવણી, વિવિધ સંસ્થાની મુલાકાત, રમતગમતની પ્રવૃત્તિ, યોગનુ મહત્વ, જેવી પ્રવૃત્તિઓનું અમલીકરણ કરાવવામાં આવે છે.
- જીવનઘડતરની પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓમાં સામાજિક મૂલ્યો, સહકારની ભાવના, મૂંઝવણનો ઉકેલ, સમસ્યાનો સામનો, સાંસ્કૃતિક સંબંધોનો વિકાસ, સમૂહ ભાવના, સંઘર્ષ, આદર, સાહસ, પ્રેમ જેવા ગુણોનો વિકાસ થાય છે.
- બી.એડ્ કક્ષાએ તાલીમાર્થીઓ માટે કારકિર્દી ઘડતરના આયોજનો, હકારાત્મક દૃષ્ટિકોણનો નિર્માણ વાલીઓના સહકાર દ્વારા જીવનઘડતર, સામાજિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વ ભાવના, સમૂહ ભાવના વગેરે જીવનઘડતરની ભાવી યોજનાઓ જણાવી હતી.

➢ તાલીમાર્થીઓની પ્રશ્નાવલીને આધારે પ્રાપ્ત થયેલા તારણો

➢ જીવનઘડતરની પ્રવૃત્તિઓ અંગેના તારણો

- કોલેજોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થાય છે. સામાજિક પ્રવૃત્તિઓ કોલેજોમાં થાય છે.
- કોલેજોમાં ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.
- આરોગ્ય મૂલક પ્રવૃત્તિઓનું આયોજન કોલેજોમાં થાય છે.
- વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કોલેજોમાં થાય છે.
- રમતોત્સવનું આયોજન કોલેજમાં થાય છે.
- કોલેજોમાં રાષ્ટ્રીય પર્વોની ઉજવણી થાય છે.
- શિક્ષક દિનની ઉજવણી કોલેજોમાં થાય છે.
- શૈક્ષણિક પ્રવાસનું આયોજન કોલેજોમાં થાય છે.
- કોલેજોમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન થાય છે.
- બેટી બચાવો અને બેટી પઢાવો માટેના કાર્યક્રમો કોલેજોમાં થાય છે.
- પ્રાર્થના સંમેલનનું આયોજન કોલેજોમાં કરવામાં આવે છે.

- શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કોલેજોમાં થાય છે
- કોલેજોમાં વર્ષ દરમિયાન તજજ્ઞોના સેમીનારનું આયોજન કરવામાં આવે છે.
- કોલેજોમાં રક્તદાન શિબિરનું આયોજન થાય છે.

➢ જીવન ઘડતરની પ્રવૃત્તિઓમાં ભાગીદારીના અભ્યાસ અંગેના તારણો .

- કોલેજોમાં યોજાનાર ધાર્મિકપ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓને ભાગ લેવુ ગમે છે.
- તાલીમાર્થીઓને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવુ ગમે છે.
- આરોગ્ય મુલક પ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓ ભાગીદાર થાય છે.
- કોલેજમાં યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં તાલીમાર્થીઓ ભાગીદારી નોંધાવે છે.
- કોલેજમાં આયોજિત રાષ્ટ્રીયપર્વોની ઉજવણીમાં તાલીમાર્થીઓને ભાગ લેવુ ગમે છે.
- કોલેજમાં યોજાનાર યોગાદિનની ઉજવણીમાં તાલીમાર્થીઓએ પોતાની ભાગીદારી નોંધાવી છે.
- કોલેજમાં આયોજિત પર્યાવરણદિનની ઉજવણીમાં તાલીમાર્થીઓને ભાગ લેવું ગમે છે
- કોલેજમાં આયોજિત રમતોત્સવમાં તાલીમાર્થીઓને ભાગીદાર થવું ગમે છે.
- કોલેજોમાં થતી શૈક્ષણિકપ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓને ભાગીદાર થવું ગમે છે.
- કોલેજોમાં આયોજિત સ્વચ્છતા અભિયાનમાં તાલીમાર્થીઓ ભાગીદાર બને છે.
- કોલેજમાં આયોજિત શૈક્ષણિક પ્રવાસ માં તાલીમાર્થીઓને જવું ગમે છે.
- બેટી બચાવો અને બેટી પઢાવો ના કાર્યક્રમોમાં તાલીમાર્થીઓની ભાગીદાર થવું ગમે છે.
- કોલેજોમાં આયોજીત રક્તદાન શિબિરમાં તાલીમાર્થીઓને ભાગ લેવુ ગમે છે.
- કોલેજોમાં તજજ્ઞો દ્વારા થતાં સેમિનારમાં તાલીમાર્થીઓએ ભાગીદારી નોંધાવી છે.
- કોલેજોમાં થતા વિવિધ તહેવારોની ઉજવણીમાં તાલીમાર્થીઓ ભાગીદાર થાય છે.

➢ જીવનઘડતરની પ્રવૃત્તિઓથી થતાં પરિવર્તનોના અભ્યાસ અંગેના તારણો

- .તાલીમાર્થીઓ પર્યાવરણની જાગૃતિ મેળવ્યા બાદ પર્યાવરણનું રક્ષણ કરે છે.
- ધાર્મિકપ્રવૃતિઓના કારણે તાલીમાર્થીઓના જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થયો છે.
- તાલીમાર્થીઓ તેમના અધ્યાપક સાથે હકારાત્મક વર્તન કરે છે.
- તાલીમાર્થીઓ તેમની કોલેજના અન્ય તાલીમાર્થી સાથે મિત્રતા અને સમૂહ ભાવના દાખવે છે.
- તાલીમાર્થીઓ અન્ય વ્યક્તિઓની મુશ્કેલીના સમયે મદદરૂપ થાય છે.
- તાલીમાર્થીઓ તેમના સમાજમાં સમાજસેવાની પ્રવૃતિઓ કરે છે.
- તાલીમાર્થીઓ પ્રકૃતિના તમામ જીવો પ્રત્યે પ્રેમ અને દયાની ભાવના દાખવે છે.
- માતા-પિતા અને સર્વજન ને તાલીમાર્થીઓ આદર આપે છે.
- શિક્ષક /અધ્યાપક એ તાલીમાર્થીઓના રોલ મોડેલ છે.
- કોલેજમાં થતી વિવિધ પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓના જીવનમાં હકારાત્મક પરિવર્તનો આવ્યા છે.
- દેશની સંસ્કૃતિ ને તાલીમાર્થીઓ સન્માન અને આદર આપે છે.
- સર્વધર્મ સમભાવ અને બિનસાંપ્રદાયિકતાના ગુણોનો વિકાસ તાલીમાર્થીઓમાં થયો છે.

- તાલીમાર્થીઓ જ્ઞાતિ-જાતિના ભેદભાવ રાખતા નથી.
- રાષ્ટ્રીયપર્વ થી તાલીમાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વિકસી છે.
- તાલીમાર્થીઓ સ્વચ્છતા અભિયાનને માનનારા છે અને ગમે ત્યાં કચરો ફેંકતા નથી.

➢ તાલીમાર્થીઓના મુક્તજવાબી પ્રશ્નાવલીના આધારે પ્રાપ્ત થયેલા તારણો તમારી કોલેજમાં ધાર્મિક પ્રવૃત્તિઓમાં કઈ કઈ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે?

- ધાર્મિક પ્રવૃત્તિઓના આયોજનમાં પ્રાર્થનાસંમેલન, ગણેશચતુર્થી, જન્માષ્ટમી, નવરાત્રી, ગુરુપૂર્ણિમા, ભજનસ્પર્ધા સૌથી વધારે પ્રમાણમાં થતી, તથા ગીતાજયંતી, ઈદ, અલુણા, આરતીની થાળી શણગાર, સ્લોકવાંચન સ્પર્ધાઓ મધ્યમ પ્રમાણમાં જોવા મળી તથા રામનવમી, નાતાલ, સત્યનારાયણની કથા, વસંતપંચમી, સંતોનું પ્રવચન, ઈદ, શરદપૂર્ણિમા, શ્રીમદ્ ભગવદગીતાની પૂજા જે સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.
- રાષ્ટ્રીય પ્રવૃત્તિઓના આયોજનમાં ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ, શિક્ષકદિન, મહાત્માગાંધી જયંતિ, યોગાદિન, રમતોત્સવ, હિન્દીદિવસ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ દિવસ સૌથી વધારે પ્રમાણમાં થતાં તથા યુવાદિન, સ્વાતંત્રસેનાની જન્મજયંતી, નર્મદજયંતિ, રક્તદાનશિબીર, વૃક્ષારોપણ, દેશભક્તિગીત સ્પર્ધાઓ મધ્યમ પ્રમાણમાં થતી તથા સંસ્કૃત દિવસ, માનવઅધિકાર દિન, ઓઝોનદિવસ, મજૂરદિન સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.
- સામાજિક પ્રવૃત્તિઓના આયોજનમાં બેટીબચાવો બેટીપઢાવો, સ્વચ્છતા અભિયાન, માતૃભાષાદિન, યોગદિવસ, હિન્દીદિવસ, સ્ત્રી સશક્તિકરણ, વૃક્ષારોપણ, વિશ્વપર્યાવરણ દિન સૌથી વધુ પ્રમાણમાં તથા સાક્ષરતા દિન, વિશ્વ વસ્તીદિન, રક્તદાન, વ્યસનમુક્તિ અભિયાન, આદિવાસી દિવસ, સમાજસુધારક તજજ્ઞોનું આયોજન, વિશ્વએઇડ્સ દિન, હેલ્થ ચેકઅપ, ટ્રાફિક નિયમો, પાણીબચાવો અભિયાન, સર્વધર્મ સમભાવની પ્રવૃત્તિઓ, પર્યાવરણ જાગૃતિ મધ્યમ પ્રમાણમાં તથા સ્ત્રીભૃણહત્યા માટે જાગૃતતા, વૃદ્ધાઆશ્રમ ની મુલાકાત, અનાથ આશ્રમની મુલાકાત, ગરીબોને દાન, પ્લાસ્ટિક નિષેધ, ઈકોકલબ, સીટ પોસ્કો કાર્યક્રમ, થેલેસેમિયા કેમ્પ, NSS-NCCની પ્રવૃત્તિ વગેરે સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.
- જીવનઘડતરની પ્રવૃત્તિઓથી આવેલ પરિવર્તનો માં વડીલોને માન આપવું, સર્વપ્રત્યે પ્રેમ અને દયાનીભાવના, નિયમિતતા, પ્રામાણિકતા, આત્મવિશ્વાસ, પર્યાવરણ જાગૃતિ, સંસ્કૃતિ પ્રત્યે આદર, સ્વચ્છતાની સભાનતા, સમાજઉપયોગી ભાવના, સર્વધર્મ સમભાવ, સમૂહ ભાવના, પરોપકારની ભાવના, બિનસાંપ્રદાયિકતા, રાષ્ટ્રપ્રેમની ભાવના સૌથી વધુ પ્રમાણમાં તથા આધ્યાત્મિક મૂલ્ય, જનજાગૃતિ, સહભાગીદારી, જવાબદારી, આયોજન ક્ષમતા, સ્ટેજ પર જવાનો ડર દૂર થયો, માનવતા, ભાઈચારાની ભાવના, સમયનો સર્પયોગ, પરિસ્થિતિનો સામનો, પર્યાવરણનું રક્ષણ, હકારાત્મક ગુણો, માતા પિતા, શિક્ષકોને આદર, વર્તન વ્યવહારમાં પરિવર્તન મધ્યમ પ્રમાણમાં તથા સ્વયંશિસ્ત, સ્વનિર્ભરતા, આનંદની લાગણી, દાન, સામાજિકતા, અહિંસા,રાષ્ટ્રપ્રેમની ભાવના, સહનશક્તિ, ભેદભાવમાં ઘટાડો, કૌશલ્યોનો વિકાસ, સર્જનાત્મક શક્તિનો વિકાસ, ધ્યેયપ્રાપ્તિમાં સફળતા,

વસુદેવકુટુંબકમ્ ની ભાવના, સમજણશક્તિ, સમાન દ્રષ્ટિ, પોતાનું કાર્ય જાતે કરવું, સ્વભાવમાં સુધારો, સકારાત્મક વિચાર, અપમાન ન કરવું જેવી બાબતો સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.

➢ અધ્યાપકોના મુક્તજવાબી પ્રશ્નાવલિ ના આધારે પ્રાપ્ત થયેલા પ્રતિચારોના તારણો

- જીવનઘડતરની પ્રવૃત્તિઓમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓ, સાંસ્કૃતિક દિવસોની ઉજવણી, પુસ્તકોનું વાંચન, રમતોત્સવ, પ્રાર્થના સંમેલન, સ્વચ્છતા અભિયાન સૌથી વધારે તથા સામાજિક પ્રવૃત્તિ, મહાપુરુષોના જીવનચરિત્ર ની રજૂઆત, વિજ્ઞાનમેળા, સર્વાંગીવિકાસને લગતી પ્રવૃત્તિ, રાષ્ટ્રીયદિવસો ની ઉજવણી, વક્તૃત્વસ્પર્ધા, વૃક્ષારોપણ, સેવા, દાન મધ્યમ પ્રમાણમાં તથા પ્રોજેક્ટકાર્ય, પ્રાયોગિકકાર્ય, નિયમિતતા, સમયપાલન, યોગ, પ્રેરકપ્રસંગો ની રજૂઆત, અનુભવને આધારે મળેલ જ્ઞાન, વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિ, નવરાત્રી, ગણેશઉત્સવ, રક્તદાન, લેખન, વાંચનની પ્રવૃત્તિ, ચર્ચા, નિદર્શન, વ્યાખ્યાન ઓછા પ્રમાણમાં થતી હતી.
- વર્ગખંડ શિક્ષણ દરમિયાન જૂથચર્ચા, સેમિનાર, પ્રોજેક્ટ, પ્રશ્નોત્તરી, નાટક, વિષયવક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સૌથી વધુ તથા લેખન, વિજ્ઞાનનાં પ્રયોગો, સંવાદ, વર્કશોપ, પેનલચર્ચા, ક્ષેત્રકાર્ય મધ્યમ પ્રમાણમાં તથા વાંચન, સામાજિક પ્રવૃત્તિ, જૂથ અધ્યયન, ડિબેટ, પુસ્તક પરિચય, જીવનપ્રસંગ નું આલેખન, સ્વઅર્થઘટનની પ્રવૃત્તિ, સ્વનુભવો ની પ્રવૃત્તિ, ચિત્રસ્પર્ધા, નવીન બાબતની માહિતી, એકપાત્રીય અભિનયથી વિષયાભિમુખ સૌથી ઓછા પ્રમાણમાં આયોજન થતું હતું.
- જીવન ઘડતરની પ્રવૃત્તિની ભાગીદારીમાં સાંસ્કૃતિક-સામાજિક પ્રવૃત્તિ, રાષ્ટ્રીયપ્રવૃત્તિ, સમૂહપ્રાર્થના, રમતોત્સવ સૌથી વધારે પ્રમાણમાં તથા નાટક, જુથચર્ચા, યુવક મહોત્સવ મધ્યમ પ્રમાણમાં અને મૂલ્યો, વૈજ્ઞાનિક પ્રવૃત્તિ,
- ધાર્મિકપ્રવૃત્તિ, એકપાત્રીય અભિનય, સૈનિકફાળો, પ્રવાસ-પર્યટન, વાર્ષિકોત્સવ, NCRT ના કાર્યક્રમો, ઉત્સવોની ઉજવણી જે સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.
- જીવન ઘડતરની પ્રવૃત્તિઓમાં તાલીમાર્થીઓ નીચે મુજબ ની પ્રવૃતિ માં ઓછા ભાગીદાર હતાં જેમાં પરીક્ષા સમયે યોજાતી પ્રવૃત્તિમાં સૌથી વધુ પ્રમાણ તથા સ્વચ્છતા અભિયાન મધ્યમ પ્રમાણમાં અને આર્થિકપ્રવૃત્તિ, વ્યસનમુક્તિ અભિયાન, ટ્રાફિક અવેરનેસ, ડોનેટ ટુ નીડી, રક્તદાન શિબિર, સાહિત્ય, લેખન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગરીબોને ભોજન, સંસ્થાની મુલાકાત, સામૂહિક કાર્ય, રસનો અભાવ, જૂથચર્ચા, સમજણનો અભાવ, પરિસંવાદ, પ્રશ્નોત્તરી, વધુ સમય માગી લે તેવી પ્રવૃત્તિઓ નું પ્રમાણ સૌથી ઓછા પ્રમાણમાં જણાયું હતું.
- બી.એડ્ કક્ષાએ જીવનઘડતરની પ્રવૃત્તિઓના આયોજનમાં ઉદભવતી સમસ્યાઓમાં સમયનો અભાવ, અભ્યાસક્રમનું ભારણ, સબમીશનના કારણે, તાલીમાર્થીના રસનો અભાવ, ખર્ચની મર્યાદા, સૌથી વધારે પ્રમાણમાં તથા આર્થિક પરિસ્થિતિના કારણે જે મધ્યમ પ્રમાણમાં અને ભાષા, રસ-વલણ, માન્યતા, સંચાલન, અનિયમિતતા, પ્રતિપોષણનો અભાવ, સહભાગીદારી ઓછી, સ્ટાફના સહકારનો અભાવ, સાધનસામગ્રીનો અભાવ, ઉત્સાહનો અભાવ, જાહેર રજા, આયોજનનું અમલીકરણ, પરીક્ષાના

સમયે આયોજન નથી થતું, અપૂરતી માહિતીની સમસ્યા વગેરે સૌથી ઓછા પ્રમાણમાં થતી હતી.

- જીવન ઘડતરની પ્રવૃત્તિથી તાલીમાર્થીઓ માં આવેલ સુધારામાં પોતાનું જીવનઘડતર કરે, આત્મવિશ્વાસમાં વૃદ્ધિ, વાણી-વર્તન વ્યવહારમાં પરિવર્તન, સામાજિક બને, સમૂહભાવના સૌથી વધુ પ્રમાણમાં તથા સહકારની ભાવના, મૂલ્યોનો વિકાસ થાય, વ્યક્તિત્વ વિકાસ, સ્વયંશિસ્ત, નેતૃત્વ, સ્વચ્છતા મધ્યમ પ્રમાણમાં અને વ્યવહારુ બને, માનવસંબંધો વિકસે, કાર્ય માટે તત્પરતા, દયા, કરુણા, આદર-સન્માન, પ્રેમ, એકતા, પરોપકાર, જીવનશૈલીમાં પરિવર્તન, આધ્યાત્મિક દેશભક્તિ, સ્વાવલંબન, શિક્ષણ તરફ ગતિ, શ્રેષ્ઠ નાગરિક,
- નિયમિતતા, શ્રમનું મૂલ્ય, આયોજનમાં સક્રિય, નેતાગીરીના ગુણ સૌથી ઓછા પ્રમાણમાં હતા.

### શૈક્ષણિક સૂચિતાર્થો

પ્રત્યેક સંશોધક દ્વારા થતું સંશોધન નક્કી કરેલા હેતુને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. સંશોધકે સુરતશહેરની શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓને ગુણવત્તાસભર બનાવવા અર્થે નોંધપૂર્ણ શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. શિક્ષણ - પ્રશિક્ષણ દરમ્યાન ચાલતી સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં પુરતું પ્રોત્સાહન મળવું જોઈએ તથા તાલીમાર્થીઓમાં રહેલી સુષુપ્તશક્તિના વિકાસ માટે પ્રવૃત્તિઓના આયોજન માટેની તક મળવી જોઈએ.

૨. શિક્ષણમહાવિદ્યાલયો ની પ્રવૃત્તિઓમાં વિવિધતાભર્યું આયોજન હોવું જોઈએ જેથી તાલીમાર્થીઓમાં રહેલા વિવિધ કૌશલ્યોને ઓળખી શકાય.

૩. શિક્ષણ- પ્રશિક્ષણ દરમ્યાન જીવનઘડતરની પ્રવૃત્તિઓમાં ભાગીદાર થવા માટે તમામ તાલીમાર્થીઓને પ્રેરિત કરવા જોઈએ.

૪. શિક્ષણ મહાવિદ્યાલયમાં જીવનઘડતરની પ્રવૃત્તિઓના કારણે થયેલા પરિવર્તનોની ટકાવી રાખવા માટે તાલીમાર્થીઓને સતત પ્રેરણા અને માર્ગદર્શન આપવું જોઈએ.

૫. તાલીમાર્થીઓને શિક્ષણકાર્ય દરમ્યાન વિવિધ શૈક્ષણિકપ્રવૃત્તિઓ ના ઉપયોગ માટે પ્રેરિત કરવા જોઈએ.

૬. તાલીમાર્થીઓમાં સામાજિક, સાંસ્કૃતિ અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ અને પર્યાવરણ જતન તથા જીવ દયા માટેની પ્રવૃત્તિઓનાં આયોજન પર વધારે ભાર આપવો જોઈએ.

૭. શિક્ષણ મહાવિદ્યાલયોમાં શૈક્ષણિકકાર્ય દરમ્યાન તાલીમાર્થીઓને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે વિષય તજજ્ઞોનું આયોજન કરવું જોઈએ

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધનનું ક્ષેત્ર એ અતિ વિશાળ છે . પ્રસ્તુત સંશોધન સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવા માટે હાથ ધરાયું હતું. તેથી સંશોધક સ્વીકારે છે કે પ્રસ્તુત હાથ ધરવામાં આવેલું સંશોધન અંતિમ કે સંપૂર્ણ નથી. આ ક્ષેત્રમાં બીજા અન્ય સંશોધનો થઇ શકે તેવી શક્યતા સંશોધકને અહીં જણાય છે. આ ઉપરાંત પ્રસ્તુત સંશોધન ના સંદર્ભમાં અન્ય સંશોધનના ક્ષેત્રોમાં પણ વધુ ખેડાણ થઈ શકે તે માટે ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો કાર્યક્રમ રાખેલ છે. આ સંદર્ભનાં કેટલાક સંશોધનના ક્ષેત્રો આ મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધન સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓના અભ્યાસ પર હાથ ધરવામાં આવેલ હતું . તેથી અન્ય શહેરો માટે પણ આવું સંશોધન હાથ ધરી શકાય.

૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ શિક્ષણમહાવિદ્યાલયો અને તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરી શકાય.

૩. અન્ય યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્ કોલેજના તાલીમાર્થીઓની જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૪. અન્ય જિલ્લાની શિક્ષણમહાવિદ્યાલય ના તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૫. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાના જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૬. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

આજના સમયમાં શિક્ષણ જ એક અતિ અગત્યનું અંગ બની ગયું છે. કારણકે સમાજની બધી જ વ્યક્તિઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા તત્પર છે, પરંતુ તેઓ શિક્ષણના માધ્યમથી ઉચ્ચ વ્યાવસાયિક હોદ્દો ધરાવશે પરંતુ મૂલ્યલક્ષી શિક્ષણ ઘટતુ જાય છે. જેથી શિક્ષકએ શૈક્ષણિક કાર્ય દરમિયાન મૂલ્યલક્ષી શિક્ષણ આપે અને વિદ્યાર્થીનું જીવનઘડતર થાય તે માટે શિક્ષણ-પ્રશિક્ષણ ની તાલીમ દરમિયાન જ તેમને જીવનઘડતરની પ્રવૃત્તિઓ થી વાકેફ થાય અને શિક્ષકની તાલીમ લઈ રહેલ તાલીમાર્થીઓમાં જીવનઘડતર થાય તે હેતુને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન શિક્ષણમહાવિદ્યાલયોનાં તાલીમાર્થીઓનાં જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવાનો પ્રયાસ સંશોધકે કર્યો હતો.

## વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો અભ્યાસ

પટેલ રાધા એ.

સંશોધકે વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

૧. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની શિક્ષણસંબંધી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની કૌટુંબિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

3. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની આર્થિક સમસ્યાઓ જાણવી.

૪. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની સામાજિક સમસ્યાઓની તપાસ કરવી.

૫. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની ભૌતિક સમસ્યાઓ જાણવી.

૬. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની શાળાના વાતાવરણ સંબંધી સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધન દરમિયાન સંશોધકે હેતુઓ ના આધારે ઉત્તર મેળવવા માટે નીચે મુજબના પ્રશ્નો તૈયાર કર્યા હતા.

૧. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની શિક્ષણ સંબંધી સમસ્યાઓ કઈ છે. ?

૨. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની કૌટુંબિક સમસ્યાઓ કઈ છે.?

૩. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની આર્થિક સમસ્યાઓ કઈ છે.?

૪. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની કઈ સામાજિક સમસ્યાઓ અનુભવે છે.?

૫. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની ભૌતિક સમસ્યાઓ કઈ છે.?

૬. વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની શાળાના વાતાવરણ સંબંધી કઈ સમસ્યાઓ છે.?

**સંશોધન પદ્ધતિ**

સંશોધકે પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તૃત સંશોધનમાં વાંસદા તાલુકાની માધ્યમિક શાળાની આદિવાસી વિદ્યાર્થિનીઓ વ્યાપવિશ્વ બન્યા હતા.

સંશોધકે વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા પસંદગી કરેલ ધોરણ ૯,૧૦, ના પ્રત્યેક શાળા દીઠ ૩૦ આદિવાસી વિદ્યાર્થિનીઓની પસંદગી કરી કુલ ૩૦૦ વિદ્યાર્થિનીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ વ્યાપવિશ્વ એ જ નમૂનો છે.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતીનું એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ નમુનામાં સમાવિષ્ટ વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિનો ઉપયોગ કરીને માહિતી એકત્રિત કરી હતી.

**માહિતીનું પૃથક્કરણ**

વિદ્યાર્થિનીઓ પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચારોને 'હા' અને 'ના' આધારે ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અને વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં મળેલ માહિતીઓનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. તેને આધારે જે પરિણામો પ્રાપ્ત થયાં તેના પરથી નીચે પ્રમાણેનાં મુખ્ય તારણો રજુ કરવામાં આવ્યાં છે.

➢ સમસ્યા ઓળખસૂચિના વિભાગ-૧ પર પ્રાપ્ત થયેલા આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓના મુખ્ય તારણો

(૧) શિક્ષણ સંબંધી સમસ્યાઓના તારણો

૧. આદિવાસી વિસ્તારની શાળામાં શિક્ષકો ઉત્સાહથી કાર્ય કરાવતા હતા.

૨. વર્ગખંડમાં જૂથ પદ્ધતિઓનો ઉપયોગ થતો હતો.

૩. જ્ઞાતિને કારણે સાથી- મિત્રો વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવતો ન હતો.

૪. શિક્ષકો શિક્ષણકાર્ય દરમિયાન પૂર્વગ્રહ રાખી ભણાવતા ન હતા.

(૨) કૌટુંબિક સમસ્યા અંગેના તારણો

૧. આદિવાસી કુટુંબના સભ્યો કન્યાઓને શિક્ષણ આપવાના પક્ષમાં હતા.

૨. આદિવાસી કુટુંબમાં છોકરા અને છોકરી વચ્ચે ભેદભાવ રાખવામાં આવતું હતું.

૩. વિદ્યાર્થિનીઓ પોતાના વિચારો કુટુંબમાં વ્યક્ત કરવા મુક્ત હતા.

૪. વિદ્યાર્થિનીઓના માતા-પિતા શાળાએ જવા પ્રોત્સાહન આપતા હતા.

૫. વિદ્યાર્થિનીઓને કુટુંબમાં નાના બાળકોની સાર-સંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવતી નથી.

૬. ઘરમાં મહેમાનોની આવ-જા ને કારણે અભ્યાસમાં ખલેલ પહોંચતી નથી.

(૩) આર્થિક સમસ્યા અંગેના તારણો

૧. ઘરમાં પૈસાની તંગી અનુભવાતી હતી.

૨. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ટ્યુશન રાખી શકાતું નથી.

૩. આદિવાસી હોવાના કારણે સરકાર દ્વારા,શિષ્યવૃત્તિ નો લાભ આપવામાં આવતો હતો.

૪. વિદ્યાર્થિનીઓને રજાના દિવસોમાં મજૂર કરવા જવું પડતું નથી,

૫. શાળામાં ફી ભરવા માટે કોઈ મુશ્કેલ અનુભવાતી ન હતી.

૬. માંદગી વખતે યોગ્ય સારવાર લઈ શકાતી હતી.

૭. બીમારીના કારણે શાળાનો અભ્યાસ છોડવો પડે છે.

૮. રોજી - રોટી મેળવવા માટે એક સ્થળેથી બીજે સ્થળે જવું પડતું હતું.

(૪) સામાજિક સમસ્યા અંગેના તારણો.

૧. આદિવાસી લોકો ભૂત- પ્રેત બાધા અંધશ્રદ્ધા માં વધુ માનતા હતા.

૨, આદિવાસી સમાજના સામાજિક બંધનો ગમતા ન હતા.

૩. આદિવાસી લોકો, વડીલો, રૂઢિચુસ્ત ન હતા.

૪. સામાજિક પ્રસંગોમાં ભાગ લેવા સંકોચ અનુભવતા નથી.

૫. સમાજના રીત-રિવાજો અભ્યાસમાં અવરોધરૂપ નડતા નથી.

૬. સમાજના નિયમોને વધારે પ્રાધાન્ય આપવામાં આવતું હતું.

૭. આદિવાસી વિસ્તારના લોકોની વિચારસરણી નવા યુગ પ્રમાણે વિકસી હતી.

૮. આદિવાસી સમાજમાં બાળવિવાહ પ્રથાને કારણે શિક્ષણ અધવચ્ચેથી છોડવું પડતું નથી.

(૫) ભૌતિક સમસ્યાઓ અંગેના તારણો

૧. શાળામાં છોકરીઓ માટે કોમનરૂમની વ્યવસ્થા ન હતી.

૨. શાળા ઘરથી દૂર ન હોવાથી છાત્રાલયમાં રહેવું પડતું નથી.

૩. ગ્રામીણ વિસ્તારની શાળામાં વીજળી - પંખાની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ જણાતી હતી.

૪, શાળાએ જવા માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ હતી.

૫. શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ માટે અલગ વર્ગખંડોની વ્યવસ્થા હતી.

(૬) શાળાના વાતાવરણ સંબંધી સમસ્યાઓના તારણો

૧. શાળાનું વાતાવરણ અભ્યાસ કરવા માટે યોગ્ય હતું.

૨. વર્ગખંડમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓ સંકોચ અનુભવતી નથી

૩, શાળામાં એક પરિવાર તરીકે નું વાતાવરણ જોવા મળ્યું હતું.

૪, શાળામાં સમાનતા જોવા મળતી હતી.

૫. શાળાનું વાતાવરણ અનુકૂળ હોવાનું જણાયું હતું.

૬. શાળાનું વાતાવરણ તણાવયુક્ત ન હતું.

૭. શાળામાં બાળકોને મારવામાં આવતું નથી.

૮. શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થિનીઓ વચ્ચેના માનવ સંબંધો ઉત્સાહભર્યા હતા.

૯. શાળાના શિક્ષકો વિદ્યાર્થિનીઓ વચ્ચે આદિવાસી જાતિના કારણે ભેદભાવ કરવામાં આવતું ન હતું.

૧૦. શાળાનું પર્યાવરણ આદિવાસી સંસ્કૃતિ તેમજ રીત-રિવાજો પ્રમાણે નું હતું.

૧૧. શાળામાં નાટક, ભવાઈ, જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમતો નું આયોજન કરવામાં આવતું હતું.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રાપ્ત થયેલા તારણો પરથી કેટલાંક અગત્યના સૂચિતાર્થો અહીં દર્શાવવામાં આવેલ છે.

૧. સરકારી પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત બનાવવો જોઈએ.

૨. શિક્ષકોએ બધી વિદ્યાર્થિનીઓ પ્રત્યે સમાનતાની ભાવના રાખવી જોઈએ.

૩. સરકારે પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ને ફરજિયાત અને મફત બનાવવું જોઈએ.

૪. સરકારે અંતરિયાળ વિસ્તારની શાળાઓમાં સર્વે કરી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઇએ.

૫. આદિવાસી વિસ્તારના લોકોમાં વિદ્યાર્થિનીના શિક્ષણ પ્રત્યે જાગૃતતા કેળવાય તેવા પગલાં લેવા જોઈએ.

૬. વિદ્યાર્થિનીઓના સર્વાંગીણ વિકાસ માટે અંતરિયાળ વિસ્તારની શાળાઓ શૈક્ષણિક સાધન સામગ્રીથી સુસજ્જ બનાવી જોઈએ.

૭. આદિવાસી વિસ્તારની વિદ્યાર્થિનીઓ માટે સરકારે હોસ્ટેલ ની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઇએ.

૮. સરકારે આર્થિક રીતે મદદરૂપ બનવું જોઈએ.

૯. સરકારી શાળામાં કન્યા કેળવણીના કાર્યક્રમો યોજી કન્યા કેળવણીને મહત્વ આપવું જોઈએ.

૧૦. સમાજમાં ચાલતી અંધશ્રદ્ધા, વહેમો, બાંધા,જેવી માન્યતાઓને દૂર કરવા જોઈએ.

૧૧. શાળાનું વાતાવરણ રસમય બનાવવું જોઈએ.

૧૨. શાળામાં એકતા સ્થાપિત કરવી જોઈએ.

૧૩. શાળાનું વાતાવરણ આનંદમય ઉલ્લાસમય બનાવવું જોઈએ.

**ભાવી સંશોધન ના ક્ષેત્રો**

૧. પ્રસ્તુત સંશોધન માત્ર વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિની પર હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રકારનું સંશોધન ઉચ્ચ પ્રાથમિક ક્ષેત્રે,ઉચ્ચતર,માધ્યમિક ક્ષેત્રે હાથ ધરી શકાય.

૨. વાંસદા તાલુકાની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓને નડતી સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૩. આ પ્રકારના સંશોધનો જિલ્લા,રાજ્યો અને રાષ્ટ્રીય કક્ષાએ પણ હાથ ધરી શકાય.

૪. પ્રસ્તુત સંશોધન આદિવાસી વિદ્યાર્થિનીઓ પૂરતું જ મર્યાદિત છે.

૫. માધ્યમિક શાળાઓની વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો ઊંડાણલક્ષી વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.

૬. સુરત જિલ્લાની માધ્યમિક શાળાઓની આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૭. વાંસદા તાલુકાની વિદ્યાર્થિનીઓના વાલીઓના કન્યા કેળવણી પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ તથા પ્રાપ્ત થયેલી માહિતી નાં સ્વરૂપે સંશોધનના તારણો,શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવી સંશોધનના ક્ષેત્રોનો પણ નિર્દેશ કર્યો છે.

સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા વાંસદા તાલુકાની માધ્યમિક શાળાઓની આદિવાસી

વિદ્યાર્થિનીઓની સમસ્યાઓનો અભ્યાસ સમજવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત સંશોધન અન્ય આ પ્રકારના સંશોધન માટે ઉકેલની દિશામાં બની રહેશે. તેમજ વાંસદા તાલુકાની વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ નિવારવા માટે પ્રસ્તુત સંશોધન ઉપકરણ પુરવાર થશે એવી સંશોધનની ઊંડી શ્રદ્ધા ધરાવે છે.

## પ્રથમ સ્નાતક મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો

પટેલ સપનાબેન એચ.

પ્રસ્તુત સંશોધનના સારાંશ અંતર્ગત સમસ્યાકથન, સંશોધનના હેતુઓ, સંશોધનનો પ્રકાર, સંશોધન પદ્ધતિ, નમૂનો અને નમૂના પસંદગી, ઉપકરણ, માહિતી એકત્રીકરણની રીત અને માહિતી પૃથક્કરણની રીતની રજૂઆત અહીં કરેલ છે.

### સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધનમાં પોતાના પરિવારની મહિલાઓ પૈકી સૌપ્રથમ સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરનાર મહિલાઓની શૈક્ષણિક સિદ્ધિ પાછળના શૈક્ષણિક પ્રેરકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લાની બી.ઍડ્. કૉલેજોમાં અભ્યાસ કરતી આવી મહિલાઓ પાસેથી તેમના શૈક્ષણિક પ્રેરકો અંગે પ્રસંગ કથા લખાવવામાં આવી હતી અને તેના આધારે માહિતીનું વિશ્લેષણ અને પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનની સમસ્યા આ પ્રમાણે શબ્દ બદ્ધ કરવામાં આવી હતી.

પ્રથમ સ્નાતક મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા.

૧. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકો જાણવા.

૨. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો જાણવા.

3. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકો જાણવા.

૪. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો જાણવા.

૫. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકો જાણવા,

૬. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકો જાણવા.

### સંશોધનના પ્રશ્નો

સંશોધકે પ્રસ્તુત સંશોધનના હેતુઓને અનુરૂપ આ પ્રમાણેના પ્રશ્નોની રચના કરી હતી.

૧. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકો ક્યા ક્યા છે?

૨. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો ક્યા ક્યા છે?

3. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકો ક્યા ક્યા છે?

૪. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો ક્યા ક્યા છે?

૫. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકો ક્યા ક્યા છે?

૬. પ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકો ક્યા ક્યા છે?

### સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનના પરિણામો વ્યવહારિક રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ છે તેથી પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક સંશોધન ગણાય અને પ્રસ્તુત સંશોધનમાં માહિતી શાબ્દિક રીતે મેળવી તેનું પૃથક્કરણ તથા અર્થઘટન કરેલું હતું. તેથી પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું છે.

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં કુટુંબમાં સૌપ્રથમ સ્નાતક થયેલ મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો જાણવાના હતા. સંશોધનના પાત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી વર્ણનાત્મક કથા સ્વરૂપે હોવાથી તેમજ પૃથક્કરણ અને વિશ્લેષણ ગુણાત્મક હોવાથી

પ્રસ્તુત સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**નમૂનો અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના પસંદગીની વિવિધ પદ્ધતિ પૈકી સહેતુક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. તેમાં ભરૂચ જિલ્લાની બી.એડ્. કૉલેજોની પ્રશિક્ષણાર્થીનીઓમાંથી ૩૧ પ્રશિક્ષણાર્થીનીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ હેતુઓને આધારિત માહિતી ૭ પ્રશિક્ષણાર્થીનીઓ પાસેથી કથાઓમાંથી જ પ્રાપ્ત થઈ હતી તેથી પ્રસ્તુત સંશોધનમાં ૭ પ્રશિક્ષણાર્થીનીઓએ લખેલી કથાઓનો નમૂનામાં સમાવેશ કર્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં મુખ્ય ઉપકરણ તરીકે પ્રશિક્ષણાર્થીનીઓએ લખેલી પ્રસંગકથાઓ અને ગૌણ ઉપકરણ તરીકે નિમંત્રણ પત્ર અને નોંધપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધન માટે સૌપ્રથમ સંશોધકે સંસ્થાના આચાર્યને રૂબરૂ મળી તેમની પાસેથી પ્રશિક્ષણાર્થીનીઓની વિશેની માહિતી મેળવવા માટે પરવાનગી લેવામાં આવી હતી.

સંસ્થાના કાર્યને ખલેલ ન પહોંચે એની કાળજી રાખીને સંશોધકે પોતાને ફાળવેલા સમય દરમિયાન પ્રશિક્ષણાર્થીનીઓની રૂબરૂ મુલાકાત લઈને સંશોધકે પોતાના સંશોધન વિષય અંગે પાત્રોને પરિચિત કર્યા બાદ પોતે તૈયાર કરેલ નિમંત્રણ પત્ર પ્રશિક્ષણાર્થીનીઓની આપ્યો હતો. આ નિમંત્રણ પત્રમાં પ્રસંગકથા વિષયક બાબતો દર્શાવવામાં આવી હતી અને આ બાબતોને ધ્યાનમાં રાખીને પાત્રોએ પ્રસંગકથા લખી હતી. આ પ્રસંગકથા લખવા માટે પ્રશિક્ષણાર્થીનીઓને 15 દિવસનો સમય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ સંશોધકે સમયાંતરે પાત્રો સાથે ટેલિફોનિક વાતચીત કરીને સંશોધન અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ રૂબરૂ જઈને પ્રસંગકથા મેળવી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત ગુણાત્મક સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે સંશોધક પોતે દરેક પ્રસંગકથા શાંત ચિત્તે વાંચન કર્યું હતું. દરેક પ્રસંગકથાને અનેક વખત વાંચીને તેમાંથી મળતા પ્રેરકો અંગે કોંડિંગ યોજના તૈયાર કરી અને તેના આધારે માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણમાં નીચેના આંતરિક પ્રેરકો જાણવા મળ્યા હતા.

- ES
- દુ:ખ
- રસ
- ભય
- અનુકરણ
- અહમને પડકાર
- . સમજદારી

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહમાં દર્શાવવામાં આવ્યા છે.

તરેહ પરથી કહી શકાય છે કે પ્રાથમિક શિક્ષણના આંતરિક પ્રેરકોમાં અહમને પડકાર પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને અનુકરણ પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણમાં નીચેના બાહ્ય પ્રેરકો જાણવા મળ્યા હતા.

- માતા
- પિતા
- પરિવારના અન્ય સભ્ય
- શિક્ષક

- આચાર્ય

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહ ૫.૨માં દર્શાવવામાં આવ્યા છે,

તરેહ પરથી કહી શકાય છે કે પ્રાથમિક શિક્ષણના બાહ્ય પ્રેરકોમાં શિક્ષક પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને આચાર્ય પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ૫.૩.૩ પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકો પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણમાં નીચેના આંતરિક પ્રેરકો જાણવા મળ્યા હતા.

- દુ:ખ
- રસ
- ભય
- અનુકરણ
- અહમને પડકાર
- સમજદારી

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહમાં દર્શાવવામાં આવ્યા છે.

તરેહ પરથી કહી શકાય છે કે માધ્યમિક શિક્ષણના આંતરિક પ્રેરકોમાં અહમને પડકાર પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને સમજદારી પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણમાં નીચેના બાહ્ય પ્રેરકો જાણવા મળ્યા હતા.

- માતા
- પિતા
- પરિવારના અન્ય સભ્ય
- શિક્ષક
- મિત્ર
- સમાજની અન્ય વ્યક્તિ
- ખાનગી સંસ્થા

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહમાં પૃ. ૧૭૪ પર દર્શાવવામાં આવ્યા છે.

તરેહ પરથી કહી શકાય છે કે માધ્યમિક શિક્ષણના બાહ્ય પ્રેરકોમાં શિક્ષક પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને ખાનગી સંસ્થા પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણમાં નીચેના આંતરિક પ્રેરકો જાણવા મળ્યા હતા.

- આનંદ
- દુ:ખ
- અનુકરણ
- અહમને પડકાર
- સમજદારી
- જવાબદારી

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહમાં દર્શાવવામાં આવ્યા છે.

તરેહ પરથી કહી શકાય છે કે ઉચ્ચ શિક્ષણના આંતરિક પ્રેરકોમાં અહમને પડકાર પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને જવાબદારી પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણમાં નીચેના બાહ્ય પ્રેરકો જાણવા મળ્યા હતા.

- માતા
- પિતા
- પરિવારના અન્ય સભ્ય
- શિક્ષક
- આચાર્ય
- મિત્ર

- સમાજની અન્ય વ્યક્તિ
- પતિ
- પુસ્તક
- ટેલિવિઝન

➢ પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકો

પ્રથમ સ્નાતક મહિલાઓના ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકોને તેના પ્રમાણને આધારે તરેહમાં દર્શાવવામાં આવ્યા છે.

તરેહ પરથી કહી શકાય છે કે ઉચ્ચ શિક્ષણના બાહ્ય પ્રેરકોમાં શિક્ષક પ્રેરકનું પ્રમાણ વધારે જોવા મળે છે અને ટેલિવિઝન પ્રેરકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો આ મુજબ છે.

૧. પ્રેરકો મહિલાઓને અધ્યયન માટે માનસિક રીતે તત્પર બનાવે છે એટલે કે તેનામાં શીખવાનો ઈરાદો પેદા કરે છે.

૨. પ્રેરકો દ્વારા મહિલાઓને અધ્યયનની પ્રક્રિયા દરમિયાન સતત સક્રિય રાખી શકાય છે.

૩. કેટલીકવાર એવું પણ બને છે કે દુ:ખ, ભય, દંડ જેવા નકારાત્મક પ્રેરકો થકી પણ પ્રેરિત થઈ અભ્યાસમાં આગળ વધે છે.

૪. મહિલાઓને અભ્યાસ દરમિયાન માતા-પિતા તો મદદરૂપ થાય છે પરંતુ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના શિક્ષકો, મિત્રો, આચાર્યો અને વહીવટી કર્તા દ્વારા પ્રેરિત થઈને અધ્યયનને વ્યવસ્થિત અને અર્થપૂર્ણ બનાવે છે.

૫. પુસ્તક, ટેલિવિઝન, રેડિયો, ફિલ્મ વગેરે પ્રેરકો મહિલાઓને યોગ્ય દિશાસૂચન, દોરવણી કે માર્ગદર્શન પૂરાં પાડે છે.

૬. શાળા અને કૉલેજોમાં વિવિધ મહાપુરુષો, સંતો, ધાર્મિક પુરુષોના જીવનચરિત્રો અને જીવનપ્રસંગો દ્વારા મહિલામાં ચારિત્ર્ય વિષયક સદગુણો વિકસાવી તેનું ચારિત્ર્ય ઘડતર યોગ્ય રીતે થઈ શકે છે.

૭. સરકારને મહિલાઓનાં અભ્યાસ માટે પ્રોત્સાહન આપતી યોજનાઓ ઘડવામાં મદદ કરે છે.

૮. મહિલાનાં શિક્ષણ માટેની નીતિ ઘડવામાં મદદરૂપ કરે છે.

૯. વિવિધ એન.જી.ઓ.ને મહિલાઓનાં શિક્ષણ માટે કામ કરવામાં માર્ગદર્શન આપવા મદદ કરે છે.

૧૦. વિવિધ સમાજના આગેવાનોને તેમના સમાજની મહિલાઓનાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે મદદ કરે છે.

૧૧. શિક્ષક-પ્રશિક્ષણના વ્યવસાયિકોને શિક્ષક-પ્રશિક્ષણમાં અભ્યાસ કરતી મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે મદદરૂપ કરે છે.

૧૨. અલગ-અલગ સમાજમાંથી આવતી મહિલાઓને માર્ગદર્શન આપવા માટે મદદ કરે છે.

૧૩. ભાવિ પેઢીની મહિલાઓને અભ્યાસમાં સિદ્ધિ કે સફળતા પ્રાપ્ત કરવા માટે ઉપયોગી બને છે.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

૧. અનુસ્નાતક મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

૨. અનુસૂચિત જાતિ મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

૩. અનુસૂચિત જનજાતિ મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

૪. લઘુમતિ મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

૫. અધ્યાપકો તેમજ શાળાના શિક્ષકો પાસેથી પણ શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

૬. સ્નાતક શિક્ષિકાઓના શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય છે.

૭. પ્રસ્તુત સંશોધન સ્નાતક મહિલાઓ પર હાથ ધરવામાં આવ્યું હતું તેથી સ્નાતક પુરુષો પર પણ હાથ ધરી શકાય.

૮. અનુસ્નાતક પુરુષો પાસેથી પણ શૈક્ષણિક પ્રેરકો અંગે માહિતી મેળવી શકાય.

**ઉપસંહાર**

પ્રકરણ પાંચમાં માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન પરથી પ્રાપ્ત થયેલા સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો તેમજ ભાવિ સંશોધનના ક્ષેત્રો રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત સંશોધન પ્રથમ સ્નાતક મહિલાઓના શૈક્ષણિક પ્રેરકો પર હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધકે સંશોધન કાર્યને તટસ્થ રીતે મૂલવવાનો પ્રયત્નો કર્યો છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રેરકોને કેન્દ્રમાં રાખી પ્રેરકો વિષયક બાબતો તારવવામાં આવી છે જે વિદ્યાર્થી, વ્યક્તિ, સમાજ ઘડતર માટે દિશા સૂચનો કરશે તથા આ ક્ષેત્રમાં સંશોધન કરનારને સંશોધન માટે માર્ગદર્શન મળી રહેશે.

## ધોરણ આઠના ગણિત વિષયના "બૈજિક પદાવલી અને નિત્યસમ" એકમ માટે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમની રચના અને અજમાયશ

પટેલ શ્રેયા એચ.

**સંશોધન સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ આઠના ગણિત વિષયના બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિતની અસરકારકતાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો .પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હતું .

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યકમની રચના કરવી.

૨. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે સિદ્ધિ કસોટીની રચના કરવી.

3. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ પર વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલીની રચના કરવી.

૪. ધોરણ આઠના ગણિત વિષયના બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિત આધારિત શિક્ષણ કાર્યક્રમની વર્ગખંડમાં અજમાયશ કરવી.

૫. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિત આધારીત અધ્યાપન કાર્યક્રમની પરંપરાગત શિક્ષણની સાપેક્ષમાં અસરકારકતા તપાસવી.

૬. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે સમયના સંદર્ભે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમની પરંપરાગત શિક્ષણની સાપેક્ષમાં અસરકારકતા તપાસવી.

૭. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલિ અને નિત્યસમ એકમ માટે વિદ્યાર્થીઓના વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમ વિશે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

૧. પ્રાયોગિક જૂથની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં .

૨. નિયંત્રિત જૂથની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

3. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત જોવા મળશે નહીં.

૪. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના ઉત્તરો આપવામાં લીધેલા સમયના તફાવતના પ્રાપ્તાંકોના મધ્યસ્થો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

**ચલોની ઓળખ**

સંશોધનમાં સમાવિષ્ટ ચલોની ઓળખ સારણી ૫.૧ સ્વરૂપે પૃ.૧૦૮ પર દર્શાવેલ છે

અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત સંશોધનમાં સારણી ૫.૧માં દર્શાવેલ ચલોની ઓળખ કરી તેમની કક્ષાઓ નિર્ધારિત કરવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્ય ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં ધોરણ આઠમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

ઉચાટ(૨૦૧૨, પૃ.૧૮૦) ના મતે, માહિતી મેળવવાનાં હેતુથી નમૂનો પસંદ કરવા માટે ચોકસાઈપૂર્વક વ્યાખ્યાયિત કરેલા અને સીમિત કરેલાં પાત્રોનાં કુલ સમૂહને વ્યાવહારિક સુલભ વ્યાપવિશ્વ કહે છે.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સહેતુક નમૂના પદ્ધતિથી સુરત શહેરના ડભોલી વિસ્તારમાં આવેલી એલ.પી.સવાણી રિવરસાઇડ શાળાની પસંદગી કરી હતી. પ્રસ્તુત સંશોધન માટે જોડકાં નમૂના પસંદગીની પદ્ધતિથી નમૂનો પસંદ કરી બે સમકક્ષ જૂથો રચવામાં આવ્યા હતાં. યાચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડીને જૂથ - અ પ્રાયોગિક જૂથ અને જૂથ - બ નિયંત્રિત જૂથ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ થયેલ શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ધોરણ આઠના ૬૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. જેમાંથી ૩૨ વિદ્યાર્થીઓની પ્રાયોગિક જૂથ તરીકે અને બીજા ૩૨ વિદ્યાર્થીઓની નિયંત્રિત જૂથ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણો**

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાને અનુરૂપ માહિતી એકત્રીકરણ માટે સંશોધકે સંશોધન માટેના ઉપકરણની રચના કરી હતી.

૧. પ્રયોગ હાથ ધરવા માટેનાં ઉપકરણો

વૈદિક ગણિત આધારિત શિક્ષણ કાર્યક્રમ માહિતી એકત્રીકરણના ઉપકરણો

- સિદ્ધિ કસોટી
- અભિપ્રાયાવલી

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધન યોજના પૂર્ણ પ્રાયોગિક પ્રકારની હતી. પ્રાયોગિક પદ્ધતિથી સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. દેસાઇ અને દેસાઇ (૧૯૯૭, પૃ.૧૬૯) સૂચિત "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વ કસોટી - ઉત્તર કસોટી યોજના" પસંદ કરવામાં આવી હતી.

**અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત**

માહિતીનું પૃથક્કરણ કરવા માટે નમૂનાની સંખ્યા આધારિત પ્રાચલ્ય કસોટી અથવા અપ્રાચલ્ય કસોટીની પસંદગી કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં નમૂનાનું કદ મોટું હોવા છતાં પ્રાચલ્ય કસોટી માટે ટી - કસોટીની પૂર્વધારણા પૈકી એક પૂર્વધારણાનું પાલન થતું ન હતું. જેના પરિણામે આંકડાશાસ્ત્રની અપ્રાચલ્ય કસોટીઓ પૈકી વિલ્કોક્સન ચિહ્ન ક્રમાંક કસોટીનો માહિતી વિશ્લેષણ સંદર્ભે ગણતરી માટે પસંદગી કરવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધન માટે પસંદ થયેલ પ્રયોગ પાત્ર માટે તૈયાર કરેલ અભિપ્રાયાવલી સંદર્ભે

મળેલ અભિપ્રાયોનું પૃથક્કરણ ટકાવારી, સમાન સંભવની રીતે કાઈવર્ગ મૂલ્ય, સરેરાશ ભારાંક અને અગ્રતાક્રમના ઉપયોગથી કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના અંતે પ્રાપ્ત થયેલ તારણો આ મુજબ છે.

૧. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલી અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

૨. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલી અને નિત્યસમ એકમ માટે પરંપરાગત શિક્ષણ આધારીત શિક્ષણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

૩. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલી અને નિત્યસમ એકમ માટે પરંપરાગત શિક્ષણની સાપેક્ષમાં વૈદિક ગણિત આધારીત અધ્યાપન કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો.

૪. ધોરણ આઠના ગણિત વિષયમાં બૈજિક પદાવલી અને નિત્યસમ એકમ માટે સમયના સંદર્ભે વૈદિક ગણિત આધારીત શિક્ષણ કાર્યક્રમ અને પરંપરાગત શિક્ષણ સમાન રીતે અસરકારક જોવા મળ્યા હતા.

૫. વૈદિક ગણિત દ્વારા શિક્ષણ કાર્યક્રમ અંગેના પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના અભિપ્રાયોના મુખ્ય તારણો નીચે મુજબ છે.

- વૈદિક ગણિત દ્વારા બીજ ગણિતના દાખલાનો ઉકેલ ઝડપથી મેળવી શકાય છે.
- વૈદિક ગણિત દ્વારા થયેલ શિક્ષણ એ પરીક્ષાલક્ષી વૈકલ્પિક પ્રશ્નોની તૈયારી માટે ઉપયોગી નિવડશે.
- વૈદિક ગણિત પ્રયુક્તિથી ગણિત વિષયમાં સ્વાધ્યાય કાર્ય ઓછા સમયમાં કરી શકાય છે.
- વૈદિક ગણિત પ્રયુક્તિથી વિચાર શક્તિમાં વધારો થાય છે.
- પ્રસ્તુત સંશોધનના તારણો સૂચવે છે કે, ગણિત વિષયમાં પરંપરાગત અધ્યાપન કાર્ય કરતા વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્ય વધુ અસરકારક રહ્યું હતું. આથી કહી શકાય કે, જો શિક્ષક આ પ્રયુક્તિનો ઉપયોગ કરી અધ્યાપન કાર્ય કરે તો વિદ્યાર્થીઓ સારા પરિણામો મેળવી શકે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણો પરથી કહી શકાય કે, આજે જયારે શિક્ષણમાં વિવિધ અધ્યાપન પદ્ધતિ, પ્રયુક્તિના વિનિયોગની ભલામણ કરવામાં આવે છે ત્યારે આ સંશોધનના અંતે મળેલ પરિણામો ઉપયોગી નિવડે છે.

પ્રસ્તુત સંશોધનના મળેલા તારણોને આધારે તેના શૈક્ષણિક ફલિતાર્થો અહીં દર્શાવ્યા મુજબ છે.

(૧) શિક્ષક

૧. વૈશ્વિક પદાવલી અને નિત્યસમ એકમ માટે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી અપાતું શિક્ષણ અસરકારક રહ્યું હતું .પરંપરાગત શિક્ષણની સાપેક્ષમાં વૈદિક ગણિતનો પણ ઉપયોગ કરે તો શિક્ષણની ગુણવત્તાને સુધારી શકાય.

૨. વર્ગખંડમાં નિત્યક્રમ મુજબની માહિતી આપવાની પ્રવૃતિમાંથી શિક્ષકનો સમય બચે તે માટે શિક્ષક વર્ગખંડમાં નવીન અધ્યાપન પ્રયુક્તિનો ઉપયોગ કરી શકે છે.

૩. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી વિદ્યાર્થીઓ સંબંધિત ગાણિતીક સમસ્યાઓને દૂર કરી શકાય.

૪. અભિપ્રાયોમાં વિદ્યાર્થીઓ એ દાખલાનો ઉકેલ ઝડપથી મેળવી શકાય એવું જણાવ્યું હોવાથી પરંપરાગત અધ્યાપન કાર્યક્રમ ઉપરાંત શિક્ષક વૈદિક ગણિત આધારિત અધ્યાપન કાર્યક્રમનો વર્ગખંડમાં ઉપયોગ

કરી વિદ્યાર્થીઓની ગાણિતીક ઝડપમાં વધારો કરી શકશે.

૫. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી ગણિત વિષયને વધુ રસપ્રદ બનાવી શકાય છે.

૬. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી વર્ગખંડમાં હકારાત્મક વાતાવરણને સ્થાન મળે છે. તેમજ વર્ગખંડને વધુ જીવંત બનાવી શકાય છે.

(2) વિદ્યાર્થી

૧. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં ગાણિતીક કૌશલ્યો તેમજ તર્કબદ્ધ વિચાર કરવાની શક્તિનો વધારો કરી શકાય છે.

૨. વૈદિક ગણિતની પ્રયુક્તિનો ઉપયોગ કરી મર્યાદિત સમયગાળામાં ઝડપથી ગણતરી કરી દાખલાનો ઉકેલ મેળવી શકાય છે.

3. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન-અધ્યયન કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં માનસિક ક્ષમતાનો વધારો કરી શકાય છે.

૪. વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી ગણિત વિષય પ્રત્યેનો ડર ઘટાડી વિષયને વધુ રસપ્રદ બનાવી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય.

૫. વૈકલ્પિક પરીક્ષાની તૈયારી માટે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમ ઉપયોગી નિવડી શકે.

(3) શાળા

૧. પ્રસ્તુત સંશોધનના તારણો જાણી શાળામાં અન્ય વિષય તરીકે વૈદિક ગણિતનો સમાવેશ કરી શકાય. પ્રસ્તુત સંશોધનના તારણો જાણી ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે

૨. શાળામાં વૈદિક ગણિત વિષય પર સેમિનારનું આયોજન કરી શકાય.

3. પ્રાથમિક થી ઉચ્ચ શિક્ષણ સુધીના ગણિતના વિવિધ ક્ષેત્રો માટે વૈદિક ગણિત આધારિત અધ્યાપન કાર્યક્રમની રચના કરી, પરંપરાગત શિક્ષણ સાથે તેનો વિનિયોગ કરી વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું અસરકારક શિક્ષણ આપી શકાય.

(૪) પ્રકાશક

૧. પ્રાથમિક શાળામાં ગણિત પાઠ્ય પુસ્તકમાં આવતા દરેક મુદ્દાઓ માટે તે પ્રયુક્તિ માટેના પુસ્તકોનું પ્રકાશન કરી શકાય.

(૫) અન્ય

૧. શિક્ષણમાં પરિવર્તન ઈચ્છનારા શિક્ષકો અને ભાવિ સંશોધકો પરંપરાગત ગણિત શિક્ષણ પદ્ધતિની સાથે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે.

૨. પ્રસ્તુત સંશોધનના વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો પરથી કહી શકાય કે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમથી ગણિત વિષયને વધુ રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે.

3. શિક્ષણમાં નવીનીકરણ ઈચ્છનાર સરકાર, પ્રસ્તુત સંશોધનના તારણો ઉપરાંત અન્ય સંશોધનોના તારણો અને તેની ગુણવત્તા તેમજ વાસ્તવિકરણનો અભ્યાસ કરી ગુણવત્તાવાળું શિક્ષણ બનાવી શકશે.

**ભાવિ સંશોધન અંગેની ભલામણો**

પ્રસ્તુત સંશોધનને અનુરૂપ ભવિષ્યમાં આવા પ્રકારના સંશોધનને દિશા મળે તે માટે ભાવિ સંશોધન અંગેની ભલામણો અહીં દર્શાવ્યા મુજબ દર્શાવી શકાય.

૧. પ્રસ્તુત સંશોધન એક શાળા પૂરતું જ મર્યાદિત છે, પણ તાલુકા, જિલ્લા અને રાજયની વધુ શાળાને આવરી લઈ આ પ્રકારના વિસ્તૃત સંશોધનો હાથ ધરી શકાય.

૨. વય, વિસ્તાર, બુદ્ધિ કક્ષા જેવા ચલના સંદર્ભમાં વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમની અસરકારકતા તપાસી શકાય.

3. જુદી જુદી શિક્ષણ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપ્યા બાદ પ્રયોગપાત્ર પર તેની અસર કેટલા સમય સુધી રહે છે તે અંગે પણ સંશોધન હાથ ધરી શકાય.

૪. પ્રસ્તુત સંશોધન પ્રાથમિક કક્ષાના ધોરણ આઠ પૂરતું જ મર્યાદિત છે. પરંતુ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ સ્તરે પણ વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમની અસરકારકતા તપાસી શકાય.

૫. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કાર્યક્રમની રચના અને અજમાયશ કરી શકાય.

૬. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ સ્તરે વૈદિક ગણિત દ્વારા અધ્યાપન માટે શિક્ષકોની સજ્જતાનો અભ્યાસ કરી શકાય.

૭. વર્તમાન ગણિત વિષયના પાઠ્યપુસ્તકમાં વૈદિક ગણિતની પ્રયુક્તિઓ કેટલી છે? તે વિષે ગણિતના પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરી શકાય.

૮. પ્રસ્તુત સંશોધન ધોરણ આઠના બૈજિક પદાવલી અને નિત્યસમ એકમ પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ અન્ય એકમ માટે વૈદિક ગણિત આધારિત અધ્યાપન કાર્યક્રમની રચના અને અજમાયશ કરી શકાય.

### ઉપસંહાર

પ્રવર્તમાન સમયમાં શિક્ષણને ગુણવત્તાવાળું બનાવવા માટે ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે. આ માટે પરંપરાગત શિક્ષણને બદલે પ્રવૃતિલક્ષી શિક્ષણ તેમજ વિવિધ પદ્ધતિ, પ્રયુક્તિ દ્વારા શિક્ષણ પર ભાર મુકવામાં આવ્યો છે. આ સંદર્ભે વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખવો હોય ત્યારે વિશિષ્ટ રીતે અધ્યાપન કાર્ય કરાવવાની આવશ્યકતા ઉભી થાય છે. આ સંદર્ભે પ્રસ્તુત સંશોધનના તારણો સૂચવે છે કે, પરંપરાગત રીતે અધ્યાપન કરતા વિદ્યાર્થીની તુલનામાં વૈદિક ગણિત દ્વારા અધ્યાપન કરતા વિદ્યાર્થીઓના પરિણામો સારા મળ્યા હતા. આ પરથી નિષ્કર્ષ તારવી શકાય કે, વૈદિક ગણિત દ્વારા થયેલ અધ્યાપન કાર્ય એ વિદ્યાર્થીઓની ગણિત વિષયની શૈક્ષણિક સિદ્ધિના વધારા માટે ઉપયોગી છે. પરીક્ષામાં વૈદિક ગણિતની પ્રયુક્તિઓનો ઉપયોગ કરવાથી સમયનો બચાવ થાય છે.

## ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો

પટેલ તજના જી.

સંશોધકે "ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો" વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓ અને તેના આધારે તારવેલા પ્રશ્નોને ધ્યાનમાં લઈ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવેલ.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધના હેતુઓ નીચે મુજબ હતાં.

૧. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં વ્યકિતગત મૂલ્યોનો અભ્યાસ કરવો.

૨. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં સામાજિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૩. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૪. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં આર્થિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૫. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં કૌટુંબિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૭. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં નૈતિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૭. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં આધ્યાત્મિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

૮. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં બૌદ્ધિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબના હતાં.

૧. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં વ્યકિતગત મૂલ્યો કયા-કયા છે?

૨. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં સામાજિક મૂલ્યો કયા-કયા છે?

૩. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક મૂલ્યો કયા-કયા છે?

૪. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં આર્થિક મૂલ્યો કયા-કયા છે?

૫. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં કૌટુંબિક મૂલ્યો કયા-કયા છે?

૬. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં નૈતિક મૂલ્યો કયા-કયા છે?

૭. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં આધ્યાત્મિક મૂલ્યો કયા-કયા છે?

૮. ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં બૌદ્ધિક મૂલ્યો કયા કયા છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગુણાત્મક સંશોધન પદ્ધતિ તથા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે સંશોધકે સ્વરચિત નોંધપત્રકનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં ગિજુભાઈ બધેકા દ્વારા રચિત કુલ ૯૮ બાળવાર્તાઓ જે ૧ થી ૧૦ ભાગમાં પ્રકાશિત થયેલી છે, જેને સંશોધકે વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ નમૂના પસંદગી દ્વારા ગિજુભાઈ બધેકાની ૯૮ બાળવાર્તાઓમાંથી ૨૦ વાર્તાઓ પસંદ કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓના વાંચન દરમિયાન તેમાંથી હેતુઓ અનુસાર વિષયવસ્તુનાં સંદર્ભમાંથી વ્યકિતગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, કૌટુંબિક મૂલ્યો, નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો અને બૌદ્ધિક મૂલ્યો સંબંધિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિષયવસ્તુ પૃથક્કરણની પદ્ધતિ અપનાવી હતી.

**સંશોધનના તારણો**

ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી ફલિત મૂલ્યો નીચે મુજબ જોવા મળ્યાં હતાં.

(૧) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબ વ્યકિતગત મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- વ્યકિત સ્વભાવ (ભાગ-૧, બાપા ! કાગડો)
- સ્વ-શિસ્ત (ભાગ-૧, બાપા ! કાગડો)
- સ્વ-નિયંત્રણ (ભાગ-૧, બાપા ! કાગડો)
- સખત મહેન (ભાગ-૩, સો ના સાઠ)
- વ્યકિત - સન્માન (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- વ્યકિત સ્વમાનની જાળવણી (ભાગ-૫, હંસ અને કાગડો)
- અભિમાન ન કરવું. (ભાગ-૫, હંસ અને કાગડો)
- દંભ ન કરવું (ભાગ-૬, ટીડા જોશી)

- ઈન્દ્રિયો પરનો કાબૂ (ભાગ-૬, ટીડા જોશી)
- પશ્ચાતાપ (ભાગ-૭, દલો તરવાડી)
- વિશ્વાસઘાત ન કરવો (ભાગ-૯, દેડકો અને ખિસકોલી)
- પસ્તાવો થવો (ભાગ-૯, દેડકો અને ખિસકોલી)
- સખત મહેનત (ભાગ-૯, દેવલાં રે દેવલાં)
- શ્રમનું ગૌરવ (ભાગ-૯, દેવલાં રે દેવલાં)

(૨) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં સામાજિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- મહેમાનગતિ (ભાગ-૧, ભોળો ભટ)
- સહકાર (ભાગ-૨, મગર અને ગોવાળિયો)
- સામાજિક ન્યાય (ભાગ-૨, મગર અને ગોવાળિયો)
- ન્યાય (ભાગ-૨, મગર અને ગોવાળિયો)
- કરુણા (ભાગ-૨, મગર અને ગોવાળિયો)
- અતિથિ સત્કાર (ભાગ-૨, ટશુકભાઈ)
- સામાજિક ન્યાય (ભાગ-૩, સો ના સાઠ)
- સહકાર (ભાગ-૩, ચકી—ચકો)
- સેવા (ભાગ-૩, ચકી—ચકો)
- ક્ષમા (ભાગ-૪, વાણિયો અને કાગડો)
- દયા (ભાગ-૪, વાણિયો અને કાગડો)
- મદદરૂપ થવું (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- જીવદયા (ભાગ-૫, હંસ અને કોગડો)
- મદદ કરવી (ભાગ-૫, હંસ અને કાગડો)
- ક્ષમા (ભાગ-૫, હંસ અને કાગડો)
- યશ મેળવવું (ભાગ-૬, ટીડા જોશી)
- પ્રતિષ્ઠિા (ભાગ-૬, ટીડા જોશી)
- કીર્તિ મેળવવી (ભાગ-૭, તડતડ તુંબડી તડતડા)
- બંધુત્વ (ભાગ-૯, દેડકો અને ખિસકોલી) -
- જનસેવા લોક સેવા (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- પ્રતિષ્ઠતા મેળવવી (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- ચોરીની સજા (ભાગ-૧૦, શિયાળ)

(૩) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં સાંસ્કૃતિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- ખોટું ન બોલવું (ભાગ-૩, ચકી—ચકો)
- સાચું બોલવું (ભાગ-૩, ચકી—ચકો)
- જૂઠું ના બોલવું (ભાગ-૪, મા મને મંતોલે તલ્લી રે તલ્લી)
- ચોરી ન કરવી (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- સાચું બોલવું (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- ચોરી ન કરવી (ભાગ-૬, ટીડા જોશી)
- અપરિગ્રહ (ભાગ-૭, તડતડ તુંબડી તડતડા)
- અપરિગ્રહ (ભાગ-૭, દલો તરવાડી) - ચોરી ન કરવી (ભાગ-૭, દલો તરવાડી)

(૪) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં આર્થિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- ઉત્પાદકતા (ભાગ-૧, બાપા ! કાગડો)
- ધન-ઉપાર્જન (ભાગ-૩, સો ના સાઠ)
- ધન-ઉપાર્જન (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- ઉત્પાદકતા (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- મહેનતાણું (ભાગ-૬, ટીડા જોશી)
- ઉત્પાદકતા (ભાગ-૬, ટીડા જોશી)
- શોષણવિહીન અર્થ વ્યવસ્થા (ભાગ-૭, તડતડ તૂંબડી તડંતરા)

(૫) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં કૌટુંબિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- પિતા-પુત્ર પ્રેમ (ભાગ-૧, બાપા ! કાગડો)

- ભાતૃપ્રેમ (ભાગ-૧, ભોળો ભટ)
- માતૃપ્રેમ (ભાગ-૨, ટશુકભાઈ)
- ભાતૃપ્રેમ (ભાગ-૨, ટશુકભાઈ)
- માતૃપ્રેમ (ભાગ-૭, તડતડ તૂંબડી તડંતરા)

(૬) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં નૈતિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- સહનશકિત (ભાગ-૧, બાપા ! કાગડો)
- નીતિમય વ્યવહાર (ભાગ-૪, મા મને મંતોલે તલ્લી રે તલ્લી)
- વિવેકી વર્તન (ભાગ-૫, હંસ અને કાગડો)
- માનવતા (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)

(૭) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં આધ્યાત્મિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- ધાર્મિકતા (ભાગ-૧, ભોળો ભટ)
- પ્રભુપ્રેમ (ભાગ-૧, ભોળો ભટ)
- શ્રદ્ધા (ભાગ-૯, દેવલાં રે દેવલાં)

(૮) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નીચે મુજબનાં બૌદ્ધિક મૂલ્યો જોવા મળ્યાં હતાં.

- ચતુરાઈ (ભાગ-૨, મગર અને ગોવાળિયો)
- બુદ્ધિ ચાતુર્ય (ભાગ-૨, ટશુકભાઈ)
- યુકિત કરવી (ભાગ-૪, મા મને મંતોલે તલ્લી રે તલ્લી)
- બચાવ પ્રયુકિત (ભાગ-૪, વાણિયો અને કાગડો)
- ચિંતન (ભાગ-૫, ખડબડ ખડબડ ખોદત હૈ)
- હોંશિયારી (ભાગ-૬, દીકરીને ઘેર જાવા દે)
- બચાવ પ્રયુકિત (ભાગ-૬, દીકરીને ઘેર જાવા દે)
- તર્કશકિતનો ઉપયોગ (ભાગ-૮, ખોટું નગર)
- તાર્કિક વિચારણા (ભાગ-૮, ખોટું નગર)
- બુદ્ધિ ચાર્ય (ભાગ-૮, હજામ અને બાંડો વાઘ)
- ચાલાકી (ભાગ-૮, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- સમજદારી હોંશિયારી (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- વિવેક બુદ્ધિ (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- ચતુરાઈ (ભાગ-૧૦, રાજકન્યા અને ચાર પ્રવાસીઓ)
- બચવા ઉકેલ શોધવો (ભાગ-૧૦, શિયાળ)

**શૈક્ષણિક સૂચિતાર્થો**

સંશોધકે પૂર્વ નિર્ધારિત હેતુઓનાં સંદર્ભમાં સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું ગુણાત્મક માહિતી દ્વારા તારણો પ્રાપ્ત કર્યા હતાં અને તારણોને ધ્યાનમાં રાખીને હવે પછીના પરિચ્છેદમાં શૈક્ષણિક ફલિતતાર્થોનો નિર્દેશ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

(૧) વિદ્યાર્થીઓને ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓથી પરિચિત કરી, તેમને બાળવાર્તાઓ વાંચવા માટે રૂચી ઉત્પન્ન કરવી જોઈએ.

(૨) ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓનો અભ્યાસ કરવાથી વ્યકિતમાં પ્રામાણિકતા, માનવતા, ત્યાગ, હિંમત, દ્રઢતા,ફરજ વગેરે જેવા મૂલ્યોનું જીવન ઘડતર થઈ શકે.

(૩) વિદ્યાર્થીઓ અન્યને માન-સન્માન આપવું જોઈએ, તેમજ ધીરજ, સહનશકિત, પરિશ્રમ વગેરે જેવાં ઉચ્ચ ગુણો જીવનમાં કેળવવા જોઈએ.

(૪) વિદ્યાર્થી કે વ્યકિતએ સમાજમાં એકબીજાના સંપર્કમાં રહીને જીવન વ્યતીત કરવાનું હોવાથી લોકસેવા, પરોપકારની ભાવના, સહકાર, બંધુતા, કરૂણા, ક્ષમા, શાંતિ વગેરે

જેવા ગુણો કેળવાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

(૫) બાળકનું પ્રથમ શિક્ષણ કુટુંબ મારફતે જ થાય છે. તેથી એકબીજા પ્રત્યે ભાઈચારો, લાગણી, પ્રેમ હોવા જોઈએ અને બાળકોમાં યોગ્ય સંસ્કારોનું સિંચન થવું જોઈએ.

(૬) વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય એવું શિક્ષણ આપવું જોઈએ.

(૭) વિદ્યાર્થીઓમાં સારાં ગુણો વિકસે. શિક્ષક અને વિધાર્થી સાથેના સંબંધ ગાઢ બને તેવું વાતાવરણ ઊભું કરવંુ જોઈએ. જેથી માનવપ્રેમી, ભવિષ્યકર્તા, નિષ્ઠાવાન વગેરે ગુણોથી સંપન્ન થઈ વિદ્યાર્થીઓમાં આ ગુણો વિકસેલા હોવા જોઈએ.

(૮) વિદ્યાર્થી સમજદાર, ચતુર, વિનમ્ર, સાદગીપૂર્ણ, આજ્ઞાપાલક, પરિશ્રમી હોવો જોઈએ.

(૯) વિદ્યાર્થીએ ગુરૂ પ્રત્યે શ્રદ્ધા રાખીને અધ્યયન કરવું જોઈએ અને ગુરૂનો આદર કરવો જોઈએ.

(૧૦) વિદ્યાર્થીની કલ્પનાશકિતનો વિકાસ કરવો જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધન અનેક ભાવિ સંશોધનને દિશાસૂચન કરે છે. સંશોધનમાં વ્યકિત કે તેના વિચારોને ન્યાય આપવો મુશ્કેલ છે. ગિજુભાઈ બધેકાનાં સાહિત્યમાંથી વિવિધ ક્ષેત્રોના વિચારોનો અભ્યાસ કરવા હજી સંશોધનો કરી શકાય.

એમ છે. તેમના જેવા અન્ય કવિઓ, લેખકો અને ચિંતકો સાથે તેમના વિચારોનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય છે.

પ્રસ્તુત સંશોધનમાંથી ઉદ્ભવતા અન્ય સંશોધનો તરફ દિશાસૂચન કરવાનો સંશોધકે પ્રયાસ કર્યો છે. જે આ મુજબ છે.

(૧) ગિજુભાઈ બધેકાનાં સાહિત્યમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો.

(૨) ગિજુભાઈ બધેકાની દિવાસ્વપ્નમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો.

(૩) ગિજુભાઈ બધેકાનાં સાહિત્યમાંથી ફલિત થતાં શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.

(૪) ગિજુભાઈ બધેકાનાં સાહિત્યમાં ફલિત થતાં સાંપ્રત સમયના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.

(૫) ગિજુભાઈ બધેકાનું સાહિત્ય અને અન્ય સર્જકના સાહિત્ય સાથે તુલનાત્મક અભ્યાસ.

(૬) ગિજુભાઈ બધેકા અને અન્ય સર્જકના સાહિત્યમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો તુલનાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે "ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો" એ વિષય પર કાર્ય કર્યું છે.

પ્રત્યેક સંશોધન એ પૂર્ણવિરામ નહિ પરંતુ અલ્પવિરામ છે. પ્રસ્તુત સંશોધન એ આ દિશામાં માત્ર એક પ્રયાસ છે. સંશોધકનો મુખ્ય પ્રયાસ ગિજુભાઈ બધેકાની બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોને સમજવાનો છે. ગુણાત્મક પૃથક્કરણ પદ્ધતિ દ્વારા સંશોધન હાથ ધરી ગુણાત્મક સંશોધન કઈ રીતે હાથ ધરી શકાય તેનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.

# ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકના સંદર્ભે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો

રહેવર કિંજલ એચ.

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે "ધોરણ ૮નાં વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે વિધાર્થીઓ અને શિક્ષકોનાં અભિપ્રાયો" વિષય પસંદ કરી પ્રસ્તુત વિષય પર સંશોધન હાથ ધર્યું હતું. આ સંશોધન હાથ ધરતી વખતે સંશોધન દ્વારા જે હેતુઓ નિર્ધારિત કરવામાં આવ્યા હતા તે આ પ્રમાણે છે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ આ મુજબ હતા.

(૧) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકનો અભ્યાસ કરવો.

(૨) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના સંદર્ભે વિધાર્થીઓના નીચેની બાબતો અનુસંધાને અભિપ્રાયો જાણવા.

૨.૧ મુખપૃષ્ઠ બાબતે.

૨.૨ બાંધણી બાબતે.

૨.૩ પૂરક સામગ્રી બાબતે.

૨.૪ સ્વાધ્યાય કાર્ય બાબતે.

૨.૫ પાઠયપુસ્તક સંબંધીત બાબતે.

૨.૬ પાઠયપુસ્તક અંગે પ્રાપ્ત થયેલી બાબતે.

૨.૭ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની બાબતો અંગે

(૩) પ્રવર્તમાન ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકના સંદર્ભે શિક્ષકોના નીચેના બાબતે અનુસંધાને અભિપ્રાયો જાણવા.

૩.૧ બાહ્ય સ્વરૂપ સંદર્ભે.

૩.૨ આંતરિક સ્વરૂપના સંદર્ભે.

૩.૩ વિષયવસ્તુ સંબંધીત.

૩.૪ આકૃત્તિઓ બાબતે.

૩.૫ ભાષાકીય બાબતે.

૩.૬ સ્વાધ્યાયકાર્ય બાબતે.

૩.૭ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ બાબતે,

૩.૮ વિજ્ઞાન ધ્યેય સિધ્ધિ બાબતે.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રશ્નો નીચે પ્રમાણે હતા.

(૧) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક કેવું છે?

(૨) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના સંદર્ભે વિધાર્થીઓના અભિપ્રાયો કેવાં છે?

૨.૧ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે મુખપૃષ્ઠ બાબતે શું અભિપ્રાયો ધરાવે છે?

૨.૨ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે બાંધણી બાબતે અભિપ્રાયો કેવા છે?

૨.૩ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે પૂરક સામગ્રી બાબતે કેવાં છે?

૨.૪ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે સ્વાધ્યાય કાર્ય બાબતે શું છે?

૨.૫ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન સંદર્ભે પાઠયપુસ્તક સંબંધીત બાબતે અભિપ્રાયો કેવા છે?

૨.૬ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે પાઠયપુસ્તક અંગે પ્રાપ્ત

થયેલી બાબતો અંગે અભિપ્રાયો કેવા પ્રકારના છે?

૨.૭ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની બાબતો અંગે અભિપ્રાયો કેવા છે?

(૩) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

૩.૧ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકમાં બાહ્ય સ્વરૂપ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા પ્રકારના છે?

૩.૨ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના આંતરિક સ્વરૂપના સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

૩.૩ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના સંદર્ભે વિષયવસ્તુના સંબંધીત શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

૩.૪ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના આકૃત્તિઓ સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

૩.૫ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના ભાષાકીય બાબતો શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

૩.૬ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકના સ્વાધ્યાય કાર્ય બાબતે શિક્ષકોના અભિપ્રાયો કેવાં છે?

૩.૭ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તકની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ બાબતે શિક્ષકોના અભિપ્રાયો કેવા પ્રકારના છે?

૩.૮ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના વિજ્ઞાન ધ્યેય સિધ્ધિ બાબતે શિક્ષકોના અભિપ્રાયો કેવા પ્રકારના જણાય છે?

### સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન ધોરણ ૮ ના પ્રવર્તમાન વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તક સંદર્ભે વિધાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો સંદર્ભેનું હોવાથી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### વ્યાપવિશ્વ અને નમૂના પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં વાલીઆ તાલુક ની કુલ શાળાઓ પૈકી વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ ૯૫ શાળામાંથી ૩૦ શાળાઓનો નમૂના પસંદગીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક શાળામાંથી ૧૦ વિધાર્થીઓને યાદચ્છિક રીતે લેવામાં આવ્યા હતા. જેમાં કુલ ૩૦૦ વિધાર્થીઓને સંશોધનમાં નમૂના પસંદગી તરીકે લેવામાં આવ્યા હતા. તેમજ જે તે શાળામાંથી ૧ શિક્ષક દીઠ કુલ ૩૦ શિક્ષકોને લેવામાં આવ્યા હતા.

### સંશોધનના ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં વિધાર્થીઓ અને શિક્ષકો માટે સ્વરચિત અભિપ્રાયાવલિ બનાવવામાં આવી હતી. જેમાં વિધાર્થીઓમાં વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકનું મુખપૃષ્ઠ, બાંધણી, પાઠયપુસ્તક પૂરક સામગ્રી, પાઠયપુસ્તક સંબંધી બાબતો, પાઠયપુસ્તક અંગે પ્રાપ્ત થયેલ પ્રતિચારો, સ્વાધ્યાયની બાબતો, પ્રવૃત્તિ બાબતો અંગે ૭ વિભાગો રચીને કુલ ૪૪ કલમો બનાવવામાં આવી હતી. જયારે શિક્ષકોમાં વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તકની બાહ્ય સ્વરૂપ, આંતરિક સ્વરૂપ, વિષયવસ્તુ સંબંધી બાબતો,આકૃતિ બાબતે, ભાષાકીય બાબતે, સ્વાધ્યાય કાર્ય બાબતે, પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ બાબતે અંગે કુલ ૯૧ કલમો રચવામાં આવી હતી. તે ઉપરાંત શિક્ષકો માટે સ્વરચિત મુક્ત પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી. જેમાં પાઠયપુસ્તકની વિશેષતાઓ ખામીઓ, કઠિન લાગતા પ્રકરણો,સરળ લાગતા પ્રકરણો અને પાઠયપુસ્તકને અસરકારક બનાવવામાં સૂચનો એવા ૬ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

### માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રવર્તમાન પાઠયપુસ્તક સંદર્ભે વિધાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો અંગે સંશોધન હાથ ધરવાનું હોવાથી અભ્યાસક્રમ દ્વારા પાઠયપુસ્તકની અસરકારકતા સંદર્ભે

અભિપ્રાયાવલી વડે વિધાર્થીઓ અને શિક્ષકોનાં અભિપ્રાયો પ્રાપ્ત કરવામાં આવ્યા હતા.

પ્રસ્તુત અભ્યાસના સંદર્ભે એકત્રિત અભિપ્રાયાવલિ સમાવિષ્ઠ પ્રત્યેક વિધાર્થી અને શિક્ષકોનાં સંદર્ભે આલેખ, ટકાવારી, કાઈવર્ગ, સરેરાશ ભારાંકની સાર્થક્તા અને અગ્રતાક્રમ જેવી અંકશાસ્ત્રીય ગણતરીઓ કરી અને તરેહ સ્વરૂપે રજૂ કરેલ માહિતી પરથી સંશોધનાકત્મક તારણોની રજૂઆત કરી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

**વિધાર્થીના અગત્યના તારણ**

પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ય પરિણામોને આધારે અગત્યનાં તારણો નીચે મુજબ મળ્યાં હતા.

પ્રસ્તુત સંશોધનમાં વિધાર્થીઓના પ્રવર્તમાન પાઠયપુસ્તક અંગેના અગત્યનાં તારણો નીચે મુજબ છે.

**પાઠયપુસ્તકનું મુખપૃષ્ઠ**

(૧) વિધાર્થીને પાઠયપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક અને રંગીન લાગે છે.

(૨) પાઠયપુસ્તક મુખપૃષ્ઠ પર આવેલ આકૃત્તિ પાઠના આધારે આપેલ છે.

(૩) પાઠયપુસ્તકના મુખપૃષ્ઠ પર ધોરણ ૮ એ રોમન આકડામાં આપેલ વિગત સમજી શકાય છે.

**પાઠયપુસ્તકની બાંધણી**

(૧) પાઠયપુસ્તકની બાંધણી અને કદ પણ યોગ્ય લાગે છે.

**પાઠયપુસ્તકની પૂરક સામગ્રી**

(૧) પાઠયપુસ્તકના પહેલા પાને પ્રતિજ્ઞાપત્ર આપ્યું છે. એ વિધાર્થીને ગમે પણ છે. અને રોજ ગાન પણ કરે છે.

(૨) પાઠયપુસ્તકમાં પહેલી અને બુઝો દ્વારા અપાતી વિષયવસ્તુની સમજુતી વિધાર્થીઓને રસપ્રદ લાગે છે.

(૩) NCERT આધારિત તૈયાર થયેલ પુસ્તક વિધાર્થીઓને ગમે છે.

(૪) વિધાર્થીઓ પહેલી અને બુઝો જેવાં પ્રશ્નો પણ તેનો તેઓના મિત્રને પૂછે છે.

**વિધાર્થીઓના પાઠયપુસ્તક સંબંધી બાબતો**

(૧) પાઠયપુસ્તકમાં વિષયવસ્તુ વધારે હોવા છતાં વિધાર્થીઓ તેને સરળતાથી શકે તેવી સરળ ભાષામાં છે.

(૨) પાઠયપુસ્તકમાં પ્રયોગો વિધાર્થીની વયકક્ષાને આધારે આપવામાં આવેલા છે.

**પાઠયપુસ્તક અંગે પ્રાપ્ત થયેલા વિધાર્થીઓના પ્રતિચારો**

(૧) પાઠયપુસ્તકમાં આવતા જટિલ મુદ્દાઓની સરળતાથી સમજુતી આપવામાં આવે છે. તેના કારણે વિધાર્થીઓ મુક્તપણે પાઠયપુસ્તક વાંચવા માટે પ્રેરાય છે.

**વિધાર્થીઓના સ્વાધ્યાય કાર્ય અંગેની બાબતો**

(૧) પાઠયપુસ્તકમાં આપેલ સ્વાધ્યાયના કાર્યમાં પ્રશ્નો, કાર્યમાં વિવિધતા અને સ્વાધ્યાય કાર્યમાં યોગ્ય માર્ગદર્શન પણ મળે છે અને યોગ્ય સમય આપવામાં આવે છે.

(૨) સ્વાધ્યાય કાર્યમાં સંદર્ભગ્રંથનો ઉપયોગ થાય તેવા પણ પ્રશ્નો આપવામાં આવે છે.

**સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ અંગેની બાબતો**

(૧) પાઠયપુસ્તક સૂચિત પ્રયોગો જરૂરી છે માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે અલગ તાસનું આયોજન કરવામાં આવે છે.

(૨) પ્રવૃત્તિથી વિધાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય છે,વિધાર્થીઓને મઝા પણ આવે છે અને પ્રયોગોથી વિષયવસ્તુની સમજમાં દ્રઢતા આવે છે.

**શિક્ષકોના તારણો**

શિક્ષકોના અભિપ્રાયો આધારિત પ્રાપ્ત થયેલા અગત્યના તારણો

પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ય પરિણામોને આધારે અગત્યનાં તારણો નીચે મુજબ મળ્યાં હતા.

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોના પ્રવર્તમાન પાઠયપુસ્તક અંગેના અગત્યનાં તારણો મુજબ છે.

**પાઠયપુસ્તકના બાહ્ય સ્વરૂપ**

(૧) પાઠયપુસ્તકનું મુખપૃષ્ઠ વિધાર્થીઓની વયકક્ષા અનુસાર આકર્ષક છે.

(૨) પાઠયપુસ્તકની બાંધણી, કિંમત, છેલ્લું પૃષ્ઠ અને પાઠયપુસ્તક પર માત્ર વિજ્ઞાન જ લખ્યું છે. તે યોગ્ય છે.

**પાઠયપુસ્તકના આંતરિક સ્વરૂપ**

(૧) પાઠયપુસ્તકનું છાપકામ યોગ્ય શાહીથી, યોગ્ય કદનું, ક્રમિક વર્ણનની રજૂઆત અને વિષયવસ્તુનનાં શીર્ષક યોગ્ય છે.

(૨) પાઠયપુસ્તકમાં આપેલ પહેલી અને બુઝોના પાત્રો યોગ્ય અને આકર્ષક છે,

**પાઠયપુસ્તકની વિષયવસ્તુ સંબંધીત બાબતો**

(૧) પાઠયપુસ્તકનું વિષયવસ્તુ વિધાર્થીના સર્વાંગી વિકાસ કરે તેવું છે.

(૨) વિષયવસ્તુની યોગ્ય ગોઠવણી, સરળ ભાષા, દરેક પાઠના સ્વાધ્યાયમાં પ્રશ્નો અને પ્રવૃત્તિઓ આપેલ છે.

(૩) પાઠયપુસ્તકનું વિષયવસ્તુ યોગ્ય વ્યવહારિક જીવન સાથે અનુબંધ સાધે છે.

(૪) પાઠયપુસ્તકની રજૂઆત સરળતાથી કઠિનતા તરફની છે.

(૫) પાઠયપુસ્તકના વિષયવસ્તુની રજૂઆત યોગ્ય ઉદાહરણો આપી વિધાર્થીને રસ પડે તે રીતે સમજવવામાં આવ્યું છે.

**પાઠયપુસ્તકની આકૃતિઓની બાબતે**

(૧) પાઠયપુસ્તકમાં આકૃતિઓને કારણે વિષયવસ્તુ રસપ્રદ બને છે.

(૨) પાઠયપુસ્તકમાં પ્રવૃત્તિઓને અનુરૂપ આકૃતિઓ આપવામાં આવેલ છે.જેને કારણે વિષયવસ્તુ રસપ્રદ બને છે.

**પાઠયપુસ્તકની ભાષાકીય બાબતો**

(૧) પાઠયપુસ્તકમાં વિજ્ઞાનના નિયમોને સરળ અને સચોટ ભાષામાં સમજવાનો પ્રયત્નો કર્યો છે.

(૨) પાઠયપુસ્તકમાં ક્રમબધ્ધ રીતે વિષયવસ્તુની રજૂઆત યોગ્ય અને ક્ષતિયુક્ત જોડણી, અંગ્રેજી શબ્દાર્થ વગેરે યોગ્ય રીતે આપવામાં આવે છે.

**પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાયકાર્યની બાબત**

(૧) પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાય પ્રકરણને સાથે સુસંગત છે.

(૨) પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ સ્વાધ્યાયના પ્રશ્નોમાં વર્ગીકૃત પ્રકારના અને યોગ્ય પ્રવૃત્તિ આપવામાં આવેલ છે અને સ્વાધ્યાય વિધાર્થીના જ્ઞાનમાં વધારો કરે છે.

**પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટની બાબતો**

(૧) પાઠયપુસ્તકમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓના આધારે વિધાર્થીઓમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય છે.

(૨) વિધાર્થીઓને વિષયવસ્તુ સમજાવવામાં મદદરૂપ થાય છે.વિધાર્થીને વ્યવહારમાં જઈને કામ કરવાની તક પૂરી પાડે છે.

**વિજ્ઞાન વિષયના ધ્યેય સિધ્ધિ અને પાઠયપુસ્તક સંદર્ભેની બાબતો**

(૧) વિધાર્થી પ્રવર્તમાન પાઠયપુસ્તકના સત્યો તારવતા શીખે, વૈજ્ઞાનિક વલણ વિકસાવે છે, વાસ્તવિક જીવન સાથે સંબંધ જોડતા શીખે, વિજ્ઞાન વિષયની ઉપયોગીતાની કદર કરતા શીખે, તર્કબધ્ધ વિચાર કરતા શીખે છે.

**શિક્ષકોની મુક્ત પ્રશ્નાવલી**

શિક્ષકોના મુક્ત પ્રશ્નાવલીના આધારિત અગત્યના પ્રાપ્ત થયેલા તારણો નીચે પ્રમાણે છે.

(૧) પાઠયપુસ્તકની રચના માહિતી બોક્ષ સ્વરૂપની રચના આપવામાં આવેલ છે.
(૨) ક્યુઆર કોડ આપવામાં આવેલ છે.
(૩) પહેલી અને બુઝોના પાત્રો આકર્ષક છે.
(૪) પાઠયપુસ્તક બે સત્રમાં હોવું જોઈએ.
(૫) પાઠયપુસ્તકમાં લખાણ એક જ હરોળમાં હોવું જોઈએ.
(૬) ભૈતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનનાં વિભાગો અલગ પાડવા જોઈએ.
(૭) પાઠયપુસ્તકમાં કઠીન પ્રકરણો ઓછા હોવા જોઈએ.
(૮) પાઠયપુસ્તકમાં પ્રકરણો ઓછા હોવા જોઈએ.
(૯) આકૃતિઓ વધુ રંગીન અને થ્રીડી ફોટાનો ઉપયોગ કરવો,
(૧૦) અભ્યાસક્રમ ઓછો હોવો જોઈએ.
(૧૧) વધુ પડતી ચિત્રાત્મક રજૂઆત ઓછી કરવી.

**સંશોધનના સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના આધારે મેળવેલ તારણોને આધારે લક્ષમાં લઈ નીચે મુજબના સૂચિતાર્થો દર્શાવવામાં આવ્યા છે.

(૧) પાઠયપુસ્તકમાં જે પ્રકરણો કઠિન છે તેને પ્રયોગો કે આકૃત્તિઓ દ્વારા સરળ રીતથી સમજાવી શકાય છે.
(૨) શાળામાં પ્રયોગશાળા હોવી જોઈએ.
(૩) પ્રયોગશાળામાં પૂરતા સાધનો હોવા જોઈએ.
(૪) વિધાર્થીઓ પાસે સંદર્ભ પુસ્તકોનું વાંચન કરાવવું જોઈએ.
(૫) વિધાર્થીઓ વિજ્ઞાન વિષયને વધુ ઉડાણપુર્વકની સમજ પ્રાપ્ત કરવા માટે ICT નો ઉપયોગ કરવો જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

દરેક સંશોધન કાર્ય ભાવિ સંશોધન માટે નિતનવીન દિશા સૂચિત કરે છે. ભાવિ સંશોધન અંગેના સૂચનો પૂરા થયેલાં કાર્યની મર્યાદા દર્શાવે છે. કોઈપણ અભ્યાસ કરતાં સંશોધન કાર્ય કરે ત્યારે એ જે પ્રક્રિયામાંથી પસાર થાય એ દરમ્યાન અનુભવો અને મુશ્કેલીઓમાંથી ઘણાં બધાં મુદ્દાઓની ચકાસણી કરવાનો સમય સંશોધક પાસે રહેતો નથી. છતાં આ મુદ્દાઓ ભાવિ સંશોધનની દ્રષ્ટીએ અગત્યના હોય અને અન્ય સંશોધકોને તેનો લાભ મળી રહે તે હેતુથી તેને નોંધવા યોગ્ય ગણાય છે. આ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત વિષયને સ્પર્શતા કેટલાક શક્ય એવા અભ્યાસો અહીં સૂચવવામાં આવ્યા છે.

(૧) ધોરણ ૮ના નવાં પાઠયપુસ્તકો અને જુનાં પાઠયપુસ્તકોનો તુલનાત્મક અભ્યાસ.
(૨) ધોરણ ૮ના ગણિત,અંગ્રેજી, સામાજીક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત જેવાં વિષયો પર શિક્ષકોના અભિપ્રાયો.
(૩) ધોરણ ૮ના વિજ્ઞાન વિષયોમાં નડતી મુશ્કેલીઓ અંગેનો અભ્યાસ.
(૪) પાઠયપુસ્તકમાં રહેલ વિષયવસ્તુની સમીક્ષા અંગેનો અહેવાલ.
(૫) પાઠયપુસ્તકના સંદર્ભે સેવાકાલીન અને સેવાકાલીન વિનાના શિક્ષકોની શૈક્ષણીક સજ્જતાનો સંશોધન હાથ ધરી શકાય છે.

**ઉપસંહાર**

જ્ઞાનની સીમાઓ અસીમ છે.જેની પ્રાપ્તિ અશક્ય છે. સંશોધકે જ્ઞાનની અસીમ સીમાઓ તરફ ગતિ કરવા માટેનું આ પ્રથમ પગલું ભરવાનો પ્રયત્નો કર્યો છે.સંશોધક માને છે કે પ્રસ્તુત સંશોધન એ આ ક્ષેત્રમાં શરૂઆત છે.તેમાં ખેડાણ કરવાની ઘણી બધી શક્યતાઓ સંભવિત છે.સંશોધકે ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠયપુસ્તક એનસીઈઆરટી ગાંધીનગર દ્વારા અનુવાદિત કરેલ પાઠયપુસ્તકમાં જે આધુનિક

પરિવર્તનો કર્યા છે તે અંગે જ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું.પ્રસ્તુત સંશોધન પૂર્ણ કરતા સંશોધક હર્ષની લાગણી અનુભવે છે.

સંશોધક નમ્રપણે માને છે કે આ પ્રકારના સંશોધનો સમયાંતરે હાથ ધરી પાઠયપુસ્તકોની સુધારણા માટે તથા પુનઃસંસ્કરણ માટે દિશાદર્શન કરાવી શકાય.જેથી પાઠયપુસ્તકની ગુણવત્તા સુધારી શકાય. સંશોધન દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધનમાં વિધાર્થીઓ, શિક્ષકોને સહેજ પણ ઉપયોગી નીવડશે તો સંશોધક કૃતજ્ઞભાવે સંતોષ લાગણી અવશ્ય અનુભવશે.

## ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

રાજપુત પૂજા એસ.

પ્રસ્તુત સંશોધનનાં સારાંશ સ્વરૂપે સંશોધનનું શીર્ષક, સંશોધનનાં હેતુઓ, સંશોધનનાં પ્રશ્નો, સંશોધનની પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂનો, ઉપકરણોની પસંદગી અને સંરચના, માહિતી એકત્રીકરણની રીત, માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણની રજૂઆત નીચે ક્રમશઃ કરવામાં આવી છે.

### સંશોધનનું શીર્ષક

ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે પ્રમાણે છે.

૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય સાથે સંલગ્ન માનવ સંસાધનોની સાંખ્યિક માહિતી પ્રાપ્ત કરવી.

૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષકોની શૈક્ષણિક તથા વ્યાવસાયિક લાયકાત જાણવી

૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય માટે ઉપલબ્ધ ભૌતિક સંસાધનોનાં ઉપયોગ અંગેની માહિતી મેળવવી

૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયની અધ્યાપન પદ્ધતિઓ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૫. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનાં શૈક્ષણિક આયોજન સંબંધિત માહિતી પ્રાપ્ત કરવી.

૬. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયની સહભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવી.

૭. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયના મૂલ્યાંકન અંગે માહિતી મેળવવી.

૮. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયની સેવાકાલીન તાલીમ અંગે જાણકારી મેળવવી.

૯. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય સંબંધિત સ્વાધ્યાયકાર્ય અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૧૦. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનાં અભ્યાસક્રમ અંગે માહિતી મેળવવી.

૧૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ સમસ્યાઓ જાણવી.

૧૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના છેલ્લા ત્રણ વર્ષનાં અર્થશાસ્ત્ર વિષયના પરિણામોનો અભ્યાસ કરવો.

૧૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયના

પાઠ્યપુસ્તકમાં સરળ અને કઠિન લાગતા એકમો અંગે જાણકારી પ્રાપ્ત કરવી.

૧૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારના પ્રયત્નોની જાણકારી પ્રાપ્ત કરવી.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે પ્રમાણે છે.

૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય સાથે સંલગ્ન માનવ સંસાધનોની સાંખ્યિક માહિતી શું છે?

૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષકોની શૈક્ષણિક તથા વ્યાવસાયિક લાયકાતના સંદર્ભમાં પરિસ્થિતિ કેવી છે?

૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય માટે ઉપલબ્ધ ભૌતિક સંસાધનોનાં ઉપયોગ સંદર્ભમાં પરિસ્થિતિ કેવી છે?

૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયની કઈ કઈ અધ્યાપન પદ્ધતિઓનોઉપયોગ થાય છે?

૫. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનાં શૈક્ષણિક આયોજનનો ઉપયોગ થાય છે?

૬. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયની સહભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે?

૭. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનું મૂલ્યાંકન કેવી રીતે થાય છે?

૮. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનાંકઈ કઈ સેવાકાલીન તાલીમો યોજાય છે?

૯. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય સંબંધિત સ્વાધ્યાયકાર્ય કેવી રીતે થાય છે?

૧૦. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયનાં અભ્યાસક્રમમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

૧૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ સંબંધિત કઈ કઈ સમસ્યાઓ છે?

૧૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના છેલ્લા ત્રણ વર્ષનાં અર્થશાસ્ત્ર વિષયના પરિણામોનો અભ્યાસ કરવો?

૧૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષયના સરળ અને કઠિન એકમો કયા છે?

૧૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા સરકાર કેવા પ્રયત્નો કરે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. જે શાળાકીય સર્વેક્ષણ ક્ષેત્રનું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ અંતર્ગત ચોર્યાસી તાલુકાની ૧૪૮ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ૮૫ ગ્રાન્ટ ઇન એઇડ અને ૬૩ ખાનગી શાળાઓના તમામ આચાર્યો અને શિક્ષકોનો સમાવેશ થયો હતો.

ચોર્યાસી તાલુકાની ૧૪૮ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ૪૦% લેખે Rendom.org app દ્વારા યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા ૩૪ ગ્રાન્ટ ઇન એઇડ અને ૨૬ ખાનગી શાળાના ૩૪ આચાર્યો અને ૮૦ શિક્ષકોનો સમાવેશ નમૂનાના પાત્રો તરીકે કરવામાં આવ્યો હતો.

**ઉપકરણની પસંદગી અને સંરચના**

સંશોધનનાં હેતુઓને ધ્યાનમાં રાખીને માહિતી મેળવવા માટે સંશોધકે શિક્ષકો પાસેથી માહિતી એકત્રિત કરવા માટે પ્રશ્નાવલિ તથા આચાર્યો પાસેથી માહિતી એકત્રિત કરવા માટે

સાક્ષ્યપત્રકની તથા શાળાના ભૌતિક સંસાધનોની ઉપયોગિતા વિશે માહિતી મેળવવા માટે ઓળખયાદી તથા અર્થશાસ્ત્ર વિષય સંલગ્ન માનવ સંસાધનોની માહિતી એકત્રિત કરવા માટે નોંધપત્રકની ઉપકરણ તરીકે પસંદગી કરી હતી. સંશોધકે હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિ ,સાક્ષ્યપત્રકની, નોંધપત્રક અને ઓળખયાદી એમ તમામ ઉપકરણો ની રચના જાતે કરવામાં આવી હતી ઉપકરણોની રચના બે તબક્કામાં કરવામાં આવી હતી. પ્રથમ પ્રારંભિક સ્વરૂપનાં ઉપકરણની રચના માર્ગદર્શકનાં માર્ગદર્શન હેઠળ કરી હતી. ત્યારબાદ ઉપકરણોની તજજ્ઞો પાસે ચકાસણી કરાવવામાં આવી હતી. તજજ્ઞોનાં સૂચનોને લક્ષમાં લઈને યોગ્ય સુધારા વધારા કરીને માર્ગદર્શન સાથે ચર્ચા કરીને ઉપકરણોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

**માહિતી એકત્રિકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બંને પ્રકારે માહિતી એકત્ર કરવામાં આવી નમૂનામાં પસંદ કરેલ શિક્ષકો પાસે પ્રશ્નાવલી રૂબરૂ ભરાવી હતી આચાર્યો સાથે રૂબરૂ મુલાકાત લઇ સાક્ષપત્રકના પ્રશ્નોના ઉત્તરો મેળવી રૂબરૂ નોંધ કરી હતી દસ્તાવેજો તેમજ શાળા અવલોકન કરી સંશોધકે ઓળખયાદી તેમજ નોંધ પત્રક ની મદદથી માહિતી મેળવી હતી માહિતી એકત્રિકરણ જુલાઈ ૨૦૧૯માં કરવામાં આવી હતી.

**માહિતીનું અર્થઘટન અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક રીતે માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રશ્નાવલીના નિશ્ચિત જવાબી પ્રકારની પ્રશ્નોના સંદર્ભમાં આપવામાં આવેલ પ્રતિચારોનુ પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આવૃત્તિ ટકાવારી અને શતમાનના તફાવતની સાર્થકતા શોધવામાં આવી હતી મુક્ત જવાબી પ્રકારના પ્રશ્નોના પ્રાપ્ત ઉત્તરનું સામાન્યીકરણ કરી ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યો હતો ઓળખયાદી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવા માટે આવૃત્તિ ટકાવારી અને શતમાનના તફાવત નો ઉપયોગ કરવામાં આવ્યો હતો સાક્ષ્ય પત્રક ના ઉત્તરોનુ સામાન્યીકરણના આધારે ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યો હતો

**સંશોધનનાં તારણો**

ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ સંદર્ભે પ્રાપ્ત માહિતીના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને તેના અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો આ પ્રમાણે પ્રાપ્ત થયા હતા.

- **અર્થશાસ્ત્ર વિશેષણ સંલગ્ન માનવ સંસાધનોની સંખ્યાકીય માહિતીનો તારણો**

૧. અર્થશાસ્ત્ર વિષય શિક્ષકોની સાંખ્યિક માહિતી અંગે પ્રાપ્ત થયેલાં તારણો

૧. પુરુષ શિક્ષકોની તુલનામાં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા વધુ જણાય હતી. તેમજ ધોરણ ૧૧ કરતાં ધોરણ ૧૨માં ઓછા શિક્ષકો જોવા મળ્યા હતા.

૨. વિદ્યાર્થીઓની સાંખ્યિક માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો ધોરણ ૧૧ કરતાં ધોરણ ૧૨માં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે કુમારો કરતાં કન્યાઓની સંખ્યામાં વધારો જોવા મળેલ હતી.

- **શિક્ષકોની જાતિની માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો**

સામાન્ય વર્ગના શિક્ષકો કરતા અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તથા બક્ષીપંચના શિક્ષકોની સંખ્યા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

સામાન્ય વર્ગના સ્ત્રી પુરુષ શિક્ષકોની સંખ્યા વધુ જણાઈ હતી.

અનુસૂચિતા જાતિના શિક્ષકોની સંખ્યા વધુ જણાઈ હતી.

૪. શિક્ષકોની શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાતના આધારે પ્રાપ્ત થયેલા તારણો

બી.કોમ.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો ની તુલના માં બી.એ. ની લાયકાત ધરાવતા શિક્ષકો નું પ્રમાણ ઓછું જોવા મળ્યો હતો

એમ.કોમ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોનુ પ્રમાણ બી.કોમ.ની લાયકાત ધરાવતા શિક્ષકોની તુલનામાં વધારે જોવા મળી હતી

મોટાભાગના શિક્ષકો બી.એડ ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હતા.

એમ.એડ ની વ્યવસાયિક લાયકાત ધરાવતા શિક્ષકો નું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું

એમ.ફીલ. અને પી.એચ.ડીજેવી સંશોધન પદવી ધરાવનાર શિક્ષકો નું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું હતું.

મોટા ભાગના શિક્ષકો અનુસ્નાતકની પદવી સાથે બી.એડ. થયેલા હતા.

૫ શિક્ષકોના શૈક્ષણિક અનુભવ અંગે પ્રાપ્ત થયેલાં તારણો

૫ વર્ષથી ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવનાર શિક્ષકોની તુલનામાં ૬ થી ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો નું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું

૨૬ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવનાર શિક્ષકોનુ પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું.

મોટા ભાગના શિક્ષકો ૧૬ થી ૨૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા હતા.

૬.અર્થશાસ્ત્ર વિષયનાં છેલ્લા ત્રણ વર્ષના ધોરણ ૧૧ અને ૧૨ના પરિણામો અંગે પ્રાપ્ત થયેલાં તારણો

અર્થશાસ્ત્ર વિષયનાં ધોરણ ૧૧ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામમાં વધારો જોવા મળે છે.

અર્થશાસ્ત્ર વિષયના ધોરણ ૧૨ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામમાં વધઘટ જા મળે છે.

- **અર્થશાસ્ત્રના વિષય માટે ભૌતિક સંસાધનોની ઉપયોગીતા અંગે પ્રાપ્ત થયેલાં તારણો**

**૧ મકાન અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષયના વર્ગખંડો નો ઉપયોગ મહત્તમ જોવા મળ્યો હતો. જ્યારે અર્થશાસ્ત્ર વિષયના અલાયદો ખંડનો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતો.

આ વિષય માટે અલાયદો અર્થશાસ્ત્ર ખંડ અને સ્માર્ટ ક્લાસરૂમની વ્યવસ્થા પણ હોવો જોઈએએવા અભિપ્રાય શિક્ષકો પાસેથી પણ જાણવા મળ્યું હતું.

**૨ અર્થશાસ્ત્ર વિષયના વર્ગખંડમાં ફર્નિચર અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વર્ગખંડમાં ફર્નિચરોમાં નકશા સ્ટેન્ડ નો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા. જ્યારે સ્માર્ટ બોર્ડ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યો હતો.

આ વિષય માટે સ્માર્ટ બોર્ડની જરૂર પણ શિક્ષકોના અભિપ્રાય પરથી જાણવા મળ્યું હતું.

**૩. શૈક્ષણિક સાધનો અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષયના શૈક્ષણિક સાધનોમાં પાઠ્યપુસ્તકનો સૌથી વધુ પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળ્યો હતો. જ્યારે ટ્રાન્સપરન્સીનો નો ઉપયોગ સૌથી વધુ ઓછા પ્રમાણમાં જોવા મળ્યું હતું.

**૪ અર્થશાસ્ત્ર વિષય સંબંધિત સંદર્ભગ્રંથો અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષય સંબંધિત સંદર્ભગ્રંથોમાં શિક્ષક હાથપોથી, જાહેર અર્થશાસ્ત્ર, નાણુ અને બેંકિંગ, ભારતીય અર્થતંત્રનો સૌથી વધુ પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળ્યો હતો. જ્યારે અર્થશાસ્ત્રની પરિણાત્મક પદ્ધતિઓ-૨ સૌથી ઓછા પ્રમાણમાં ઉપયોગ થતો જોવા મળ્યો હતો.

અન્ય સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ માત્ર જોવા મળ્યો હતો.

**૫ સામાયિકો અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષયના સામાયિકોમાં Economicsનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યું હતું. જ્યારે Frontline ઉપયોગ જોવા મળ્યું હતું. જ્યારે અન્ય સામાયિકોનો ઉપયોગ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળ્યો હતો.

**૬ સમાચાર પત્રો અંગે મળેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષય સંબંધિત The Economics Time નો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા. જ્યારે Business Standard સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા.

જ્યારે અન્ય સમાચારાપત્રોનો ઉપયોગ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા.

**૭ ગ્રંથાલયમાં અલાયદુ કબાટ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

ગ્રંથાલયમાં અલાયદા કબાટનું પ્રમાણ ઓછુંજોવા મળ્યો હતો.

**અધ્યાપન પદ્ધતિ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

**૧ અધ્યાપન પદ્ધતિ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષય અધ્યાપન માટે વિવિધ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતું જણાયું.

વિદ્યાર્થી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં સક્રિય જણાયા હતા.

વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખીને વર્ગમાં અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતું હતું.

અર્તશાસ્ત્ર શિક્ષણના અધ્યાપન કાર્યનાં ટેક્નોલોજી આધારિત પદ્ધતિ ઉપયોગ કરવામાં આવતું હતું.

**૨ શૈક્ષણિક આયોજન અંગે પ્રાપ્ત થયેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ માટે આયોજન તૈયાર થતું હતું.

આયોજનમાં ફેરફાર કરતા હતા.

દૈનિક આયોજનનું ચુસ્ત પાલન કરવામાં આવતું હતું.

અર્થશાસ્ત્ર વિષય શિક્ષણનું આયોજન તૈયાર કરતી વખતે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લેવામાં આવતી હતી.

૩ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

શાળામાં અર્થશાસ્ત્ર મંડળની રચના કરવામાં આવતી નથી .

વિદ્યાર્થીઓ પાસે વિવિધ નોબેલ પુરસ્કૃત અર્થશાસ્ત્રીઓ સ્ક્રેપબુક તૈયાર કરવામાં આવતી નથી.

વિવિધ લેખો બુલેટીન બોર્ડ પર પ્રદર્શિત થાય છે.

વિવિધ પરિસંવાદો યોજવામાં આવે છે.

અર્થશાસ્ત્ર સંબંધિત વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરાવવામાં છે.

શાળામાં વિવિધ અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ સંદર્ભે સ્પર્ધાઓનું આયોજન થાય છે.

અર્થશાસ્ત્ર સંબંધી પર્યટન માટે લઈ જવામાં આવતું નથી.

**૪. અભ્યાસક્રમ અંગે પ્રાપ્ત થયેલાં તારણો**

અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ હેતુઓ સાથે સંબંધિત છે.

અર્થશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ વ્યવહારલક્ષી છે.

અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વયકક્ષા અનુરૂપ છે.

ધોરણ ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમ વચ્ચે ક્રમિકતા જોવા મળતી નથી.

સમયાંતરે અર્થશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમમાં પરિવર્તન જરૂરી જણાય છે.

**૫ સ્વાધ્યાયકાર્ય અંગે પ્રાપ્ત થયેલા તારણો**

સ્વાધ્યાયકાર્યથી વિદ્યાર્થીઓની અધ્યયન ટેવો વિકસે છે.

વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્ય દરમિયાન ઉદ્દભવેલ મુશ્કેલીઓનો ઉકેલ વર્ગખંડમાં આપવામાં આવતો હતો.

વિદ્યાર્થીઓ સ્વાધ્યાયકાર્ય નિયમિત કરે છે.

૪ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણના મૂલ્યાંકન અંગે પ્રાપ્ત થયેલા તારણો

પ્રશ્નો બ્લૂપ્રિન્ટ આધારિત તૈયાર થાય છે.

વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન થાય છે.

પ્રત્યેક પ્રકરણ અંતે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થાય છે.

રચનાત્મક મૂલ્યાંકન ગૃહકાર્ય દ્વારા કરવામાં આવતું નથી.

વિદ્યાર્થીઓની કચાસને દૂર કરવા નિદાનાત્મક કાર્ય કરવામાં આવે છે.

સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના કારણે શિક્ષકો કંટાળો અનુભવે છે.

**૪.૧ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ સંબંધિત સમસ્યાઓ અંગે થયેલા તારણો**

શિક્ષકોને અન્ય શિક્ષણેત્તર કાર્ય સોંપવામાં આવે છે.

અધ્યાપન કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર સમજવામાં તકલીફ પડે છે.

વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી વ્યક્તિગત માર્ગદર્શન આપી શકાતું નથી.

શાળાઓમાં અર્થશાસ્ત્રના ઉપકરણો મર્યાદિત છે.

અલાયદો અર્થશાસ્ત્ર ખંડ માટે શાળાનો સહકાર પ્રાપ્ત થતો નથી.

અર્થશાસ્ત્ર શિક્ષણ માટે નવીનતમ શૈક્ષણિક સાધનોનો અભાવ જોવા મળે છે.

અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સહકારી તંત્રનો પૂરતો સહકાર મળતો નથી.

૫ સેવાકાલીન તાલીમ અંગે પ્રાપ્ત થયેલા તારણો

શિક્ષકો માટે નિયમિત તાલીમ યોજવામાં આવતી નથી.

શિક્ષકોને સેવાકાલીન તાલીમ માટે આયોજકો જાણ કરતા નથી.

શિક્ષકોને સેવાકાલીન તાલીમમાં જોડાવા માટે આચાર્ય તરફથી પ્રોત્સાહન આપવામાં આવે છે.

નવીનીકરણના સંદર્ભમાં સેવાકાલીન તાલીમ આવકારદાયક લાગે છે.

સેવાકાલીનમાં મળેલ જ્ઞાન વર્ગખંડમાં ઉપયોગી નીવડે છે.

સેવાકાલીન તાલીમથી શિક્ષકનો વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ થાય છે.

સેવાકાલીન તાલીમથી અધ્યાપનકાર્યમાં થતી સમસ્યાઓનો હલ મળે છે.

૬ શિક્ષકોના મુક્ત જવાબી પ્રશ્નાવલિને આધારે પ્રાપ્ત થયેલા તારણો

**૧. અર્થશાસ્ત્ર વિષમાં પ્રવર્તતી સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં અદ્યતન આંકડાકીય માહિતીનો અભાવ જણાયું હતું.

ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ના અભ્યાસક્રમમાં ક્રમિકતા નથી એવું જાણવા મળ્યું હતું.

પ્રોજેક્ટ પ્રવૃત્તિનો અભાવ જાણવા મળ્યું હતું.

વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ પડતી જણાઈ હતી.

**૨. અર્થશાસ્ત્ર વિષય શિક્ષણમાં પ્રવર્તતી સમસ્યાઓના ઉકેલો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

દ્વારા નવીનત્તમ માહિતીનો વર્ગખંડમાં ઉપયોગ કરવો જોઈએ એવું જણાયું હતું.

સેવાકાલીન તાલીમ યોગ્ય ગુણવત્તાવાળી હોવી જોઈએ.

ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરવું એવું જણાયું હતું.

શિક્ષકોને અન્ય શિક્ષણેત્તર કાર્ય બોજ ઓછું કરવું.

**૩. અર્થશાસ્ત્ર વિષયમાં સરળ લાગતા એકમો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષયમાં ધોરણ ૧૧માં માગ, બજાર, પૂરવઠાના નિયમો, અર્થશાસ્ત્ર વિષય પ્રવેશ, આર્થિક સુધારાઓ એકમો અત્યંત સરળ જોવા મળ્યા હતા.

જ્યારે ધોરણ ૧૨માં ગરીબી, બેરોજગારી, નાણુ અને ફુગાવો, આર્થિક વિકાસ, બેંક નાણાં નીતિ જેવા એકમો સરળ માલૂમ પડ્યા હતા.

**૪. અર્થશાસ્ત્ર વિષયમાં કઠિન લાગતા એમકો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

અર્થશાસ્ત્ર વિષયમાં ધોરણ ૧૧માં આવક ખર્ચના ખ્યાલ, ભારતીય અર્થતંત્ર, અંદાજપત્ર, રાષ્ટ્રીય આવક પૂરવઠો જેવા એકમો કઠિન જોવા મળ્યા હતા.

જ્યારે ધોરણ ૧૨માં વિદેશ વ્યાપાર, કૃષિક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર, વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો કઠિન માલૂમ પડ્યા હતા.

**૫. અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે પ્રાપ્ત થયેલા તારણો**

વિષયવસ્તુને અનુરૂપ અધ્યાપન પદ્ધતિ અપનાવવી એવું જાણવા મળ્યું હતું.

વર્તમાન સમયના આંકડાઓથી માહિતગાર કરવું એવું જાણવા મળ્યું હતું.

શિક્ષકોને અર્થતંત્રની અદ્યતન માહિતીથી સજ્જ રહેવું એવું જણાયું હતું.

વિદ્યાર્થીઓને યોગ્ય અધ્યાપન અનુભવો પૂરા પાડવા જોઈએ એવું જણાયું હતું.

**૬. અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે સરકાર પાસેથી અપેક્ષા અંગે પ્રાપ્ત થયેલા તારણો**

સમયે-સમયે તાલીમનું આયોજન કરવું જોઈએ એવું જાણવા મળ્યું હતું.

આંકડાકીય માહિતીમાં સમયસર ફેરફાર લાવવા જોઈએ એવું જાણવા મળ્યું હતું.

સામાયિકો અને મેગેઝિનો માટે પ્રોત્સાહન પૂરા પાડવા જોઈએ.

વિવિધ રાષ્ટ્રીય કે જિલ્લા સ્તરે સ્પર્ધા યોજવું.

વર્તમાન જરૂરિયાત પ્રમાણે અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત જાણવા મળ્યું હતું.

**૫.૩.૭ આચાર્યોના મુક્તજવાબોને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

૧. અર્થશાસ્ત્ર વિષય શિક્ષકોની સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલાં તારણો

- અર્થશાસ્ત્રની વધુ માહિતી માટે તજજ્ઞો બોલાવવા એવું જાણવા મળ્યું હતું.
- સમયાંતરે સેવાકાલીન તાલીમ યોજવી એવું જાણવા મળ્યું.
- સ્માર્ટ બોર્ડની વ્યવસ્થા શાળાઓમાં કરવી.
- સામાયિકો અને સંદર્ભગ્રંથો ગ્રંથાલયમાં ઉપલબ્ધ કરાવવા જોઈએ.
- શાળામાં અલાયદો અર્થશાસ્ત્ર ખંડની વ્યવસ્થા કરવી જોઈએ એવું જાણવા મળ્યું.

૨. અર્થશાસ્ત્ર શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શૈક્ષણિક સુવિધાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

- અર્થશાસ્ત્ર શિક્ષણ માટે નવીનતમ સ્માર્ટબોર્ડની વ્યવસ્થા કરવી જોઈએ.
- ચાર્ટ નકશા આલેખોની વ્યવસ્થા કરવી એવું જાણવા મળ્યું હતું.
- પ્રોજેક્ટરની વ્યવસ્થા જરૂરી જણાય હતી.
- વિવિધ સંદર્ભ પુસ્તકો અને સામાયિકો જરૂરી જણાય હતી.

**શૈક્ષણિક સૂચિતાર્થ**

સંશોધકે પૂર્વેના પરિચ્છેદોમાં સંશોધનના સાર સ્વરૂપે મહત્ત્વના તારણો દર્શાવ્યા અને તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે. શૈક્ષણિક સૂચિતાર્થોનું મહદ્અંશે અમલીકરણ થાય તો ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણને સંગીન બનાવવામાં અવશ્ય સહાયક બની શકાય એ દૃષ્ટિએ શૈક્ષણિક સૂચિતાર્થોની અગત્યતા વિશેષ છે.

૧. ઉચ્ચતર માધ્યમિક સ્તરે અર્થશાસ્ત્ર વિષય શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે યુનિવર્સિટીઓને પાર્ટ ટાઈમ એમ.ઍડ્. ની જોગવાઈ કરવી જોઈએ.

૨. અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના શિક્ષકોનાં ભરતી માટે સરકારે વિવિધ પ્રોત્સાહન આપવું જોઈએ.

૩. અર્થશાસ્ત્ર વિષય સંબંધિત વિવિધ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવા માટે શાળામાં અલાયદો અર્થશાસ્ત્ર ખંડ ની વ્યવસ્થા કરવી જોઈએ.

૪. શાળામાં સ્માર્ટ ક્લાસ રૂમ ની વ્યવસ્થા પણ કરવી જોઈએ.

૫. શિક્ષકોને વસ્તી ગણતરી સિવાય અન્ય કોઈ પણ શિક્ષણેતર કાર્ય સોંપવું જોઈએ નહીં જેથી તેઓ વિદ્યાર્થીઓને વધુ ન્યાય આપી શકે.

૬. શાળાના શિક્ષકો જાતે શિક્ષક રચિત ઉપકરણ અર્થશાસ્ત્ર વિષય માટે બનાવે તે માટે સરકારે પ્રોત્સાહન આપવું જોઈએ.

૭. સેવાકાલીન તાલીમમાં તજજ્ઞનો સાહિત્ય સાથે આવે તે માટે આયોજકોને ધ્યાન રાખવું જોઈએ.

૮. અર્થશાસ્ત્રના અધ્યાપનકાર્યને જીવંત બનાવવા માટે શિક્ષકોએ વ્યાવહારીક અને વર્તમાન માહિતીનો ઉપયોગ કરવો જોઈએ.

એ માટે સંદર્ભ પુસ્તકો, સામયિકો અને વર્તમાનપત્રોનો ઉપયોગ શિક્ષણકાર્ય કરતી વખતે કરવો જોઈએ. એ માટે શાળામાં આર્થિક ભંડોળની વૃદ્ધિ પણ થવી જોઈએ.

૯. શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શીખવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય તે માટે તથા વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિષયની પૂરતી સમજ આપી શકાય એ માટે વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત રાખવી જોઈએ તથા નવા વર્ગોની શરૂઆત કરવી જોઈએ અને એ અનુસાર શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

૧૦. શિક્ષકોની સંખ્યા કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વર્ગખંડમાં શાળામાં વધુ જણાઈ હતી. જેથી શાળાનો પરિણામ ઓછું આવે છે. શિક્ષક અને વિદ્યાર્થીનો ગુણોત્તર જળવાઈ રહે તે પ્રમાણે શિક્ષકોની નિમણૂકનો આગ્રહ રાખવો જોઈએ.

૧૧. અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને સમાજ ઉપયોગી બનાવી શકાય છે. આથી શાળાઓમાં અર્થશાસ્ત્ર મંડળની રચના કરવી જોઈએ. તેના દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાવી જોઈએ. એ માટે અર્થશાસ્ત્ર શિક્ષકે પૂરતું માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

૧૨. ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના અભ્યાસક્રમો વચ્ચે ક્રમિકતા જોવા મળતી નથી જેથી અર્થશાસ્ત્રના અભ્યાસક્રમની રચના વખતે સરકાર નિયુક્ત મંડળ વિષય શિક્ષકોના અભિપ્રાય મેળવે એ જરૂરી છે. એ માટે પ્રત્યેક જિલ્લામાંથી વિશેષ અનુભવી શિક્ષકોની સહાય લઈને જિલ્લાથી રાજ્યકક્ષા સુધીના શિક્ષકોની પસંદગી હાથ ધરીને તેઓના અભિપ્રાયો એકત્ર કરવા માટે સર્વેક્ષણ કાર્ય હાથ ધરવું જોઈએ.

૧૩. પરિવર્તન થતા અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં નવી માહિતી ઉમેરાય તેમજ અર્થશાસ્ત્ર અભ્યાસક્રમમાં સમાવિષ્ટ થતા વિવિધ પ્રકારના એકમોને પૂરતા પ્રમાણમાં સ્થાન અપાય તે જરૂરી છે. એ માટે રાજ્યકક્ષાએ આ વિષયના તજજ્ઞોની પસંદગી હાથ ધરીને અભ્યાસક્રમના બધા જ મુદ્દાઓ આવરી લઈ શકાય એ માટે સલાહકાર મંડળની રચના થવી જોઈએ.

૧૪. અર્થશાસ્ત્ર વિષયને અસરકારક બનાવવા માટે શાળાના ગ્રંથાલયને વિવિધ પુસ્તકોથી અને અર્થશાસ્ત્ર સંબંધિત વિવિધ સંદર્ભ સાહિત્ય થી, સામાયિકોથી સમૃદ્ધ બનાવવું જોઈએ. તેમજ અર્થશાસ્ત્ર વિષયને રસપ્રદ બનાવવા માટે અંગ્રેજી ભાષાના સંદર્ભ ગ્રંથો પણ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવા જોઈએ.

૧૫. અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય વખતે નૂતન અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ. જેથી વિદ્યાર્થીઓ ઉદાહરણો આપીને ચર્ચા દ્વારા એકમોની પૂરતી સમજ પ્રાપ્ત કરી શકે. શક્ય હોય તો શાળામાં અર્થશાસ્ત્રના અધ્યાપન માટે વિશેષખંડની વ્યવસ્થા કરવી જોઈએ.

૧૬. વિદ્યાર્થીઓના ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયમાં ઊંચા પરિણામ આવે એ માટે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રના માળખા પ્રમાણે સ્વાધ્યાયપ્રશ્નો આપવા જોઈએ. એ માટે સ્વાધ્યાયપોથી અને આ વિષયના વિવિધ કસોટીપત્રોનો ઉપયોગ કરવો જોઈએ.

૧૭. અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય વખતે જટીલ આંકડાકીય માહિતીની અને વિષયવસ્તુની સમજ આપવા માટે અનુસૂચિઓની રચના, આકૃત્તિઓ, આલેખોની રજૂઆત અને તેના અર્થઘટનમાં વિદ્યાર્થીઓની સહાય લઈ શકાય છે.

૧૮. વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રના કઠિન એકમોને સરળ બનાવવા તેમજ નવી આંકડાકીય માહિતીઓને સારણીઓ દ્વારા તૈયાર કરવા માટેના પ્રોજેક્ટ કાર્ય સોંપી શકાય. એ માટે શિક્ષકે વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપતા રહેવું જોઈએ.

૧૯. અર્થશાસ્ત્ર વિષયના પ્રત્યેક પ્રકરણના શિક્ષણકાર્યના અંતે વિદ્યાર્થીઓની કસોટી લેવી જોઈએ. જેના દ્વારા પરિણામોને

આધારે વર્ગખંડના નબળા વિદ્યાર્થીઓની ઓળખ મેળવીને તેમના માટે ઉપચારાત્મક કાર્ય હાથ ધરી શકાય છે.

૨૦. આ કક્ષાએ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણમાં સમયાંતરે પુનરાવર્તન થાય એ જરૂરી છે. આવશ્યકતા અનુસાર જે જે કઠિન એકમો હોય તેનું પુનરાવર્તન વર્ગખંડોમાં થાય એ અનિવાર્ય બાબત છે.

૨૧. અર્થશાસ્ત્ર વિષયના પરિણામો ઉચ્ચ સ્તરના આવે તે માટે વિદ્યાર્થીઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વિષયને સરળ બનાવવા માટે ખાસ કાર્યશિબિરના આયોજનથી અને ગ્રીષ્મની રજાઓમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિશેષ સાહિત્ય તૈયાર કરવું જોઈએ. ઉપરાંત શાળા સમય અને પૂર્વે નબળા વિદ્યાર્થીઓ માટે વિશેષ વર્ગોની સુવિધા શાળા તરફથી થવી જોઈએ.

૨૨. ધોરણ ૧૧ અને ૧૨માં ઉપયોગમાં લેવાતા અર્થશાસ્ત્રના પાઠ્યપુસ્તકમાં ઉદાહરણો, આકૃતિઓ, આલેખો અને પ્રવર્તમાન આંકડાકીય માહિતી ઓછા પ્રમાણમાં છે. જે ઉચિત ન ગણાય. અર્થશાસ્ત્રના શિક્ષણકાર્ય કરતી વખતે વિષય શિક્ષકે પૂરતાં ઉદાહરણો આપવા જોઈએ. તે સંદર્ભમાં પ્રવર્તમાન માહિતી અને તેની આલેખો દ્વારા રજૂ કરવી આવશ્યક ગણાય.

૨૩ આ વિષયમાં આવેલ નવીન અભિગમોની જાણકારી તેમજ શિક્ષણકાર્યની તાલીમ માટે જિલ્લા શિક્ષણાધિકારી તરફથી સેમિનારોનું સમયાંતરે આયોજન થવું જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધનનું ક્ષેત્ર એ અત્યંત વિશાળ હોય છે. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનને વેગ મળે અને ભાવિ સંશોધકોને પથદર્શકરૂપ બને એ હેતુથી ભાવિ સંશોધનના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

૧. પ્રસ્તુત અભ્યાસ માત્ર ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૂરતો જ મર્યાદિત હતો. વધુ અભ્યાસ માટે સુરત જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ - એક સર્વેક્ષણ હાથ ધરી શકાય.

૨. પ્રસ્તુત અભ્યાસ માત્ર અર્થશાસ્ત્ર શિક્ષકોના અભિપ્રાયોને આધારે હાથ ધરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ, આચાર્યો તેમજ અર્થશાસ્ત્ર વિષયના તજજ્ઞોના અભિપ્રાયોને આધારે પણ સંશોધન હાથ ધરી શકાય.

૩. કોઈપણ જિલ્લા કે તાલુકાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના અર્થશાસ્ત્ર શિક્ષકો કે વિદ્યાર્થીઓના અભિપ્રાયોને આધારે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૪. કોઈ બે જિલ્લા કે તાલુકાના અર્થશાસ્ત્ર શિક્ષકો કે વિદ્યાર્થીઓના અભિપ્રાયોને આધારે બે જિલ્લા કે તાલુકાની અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૫. ગુજરાત રાજ્ય સ્તરે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અર્થશાસ્ત્ર વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધરી શકાય.

૬. અર્થશાસ્ત્ર વિષયની વ્યવહારમાં ઉપયોગિતા - એક અભ્યાસ હાથ ધરી શકાય.

૭. ઉચ્ચતર માધ્યમિક સ્તરે અર્થશાસ્ત્ર વિષયના ધોરણ ૧૧ અને ૧૨નાં પાઠ્યપુસ્તકોનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૮. ઉચ્ચતર માધ્યમિક સ્તરે અર્થશાસ્ત્ર વિષય શીખવતા શિક્ષકોના અધ્યાપન કૌશલ્યના સર્વેક્ષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૯. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણમાં નડતી મુશ્કેલીઓનો અભ્યાસ હાથ ધરી શકાય.

૧૦. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સ્તરે શીખવવામાં આવતા પ્રત્યેક વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર અભ્યાસને અંતે નિષ્પન્ન થયેલાં મુખ્ય તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો.

સમયમાં પ્રત્યેક રાષ્ટ્રની ઉન્નતિ અને આર્થિક વિકાસ અર્થશાસ્ત્ર વિષય શિક્ષણ ઉપર અવલંબે છે. દેશના વેપાર અને વાણિજ્યની પ્રગતિમાં તેમજ શિક્ષણ ક્ષેત્રે થયેલા માનવ મૂડીરોકાણની સફળતા માટે અર્થશાસ્ત્ર વિષય શિક્ષણને શાળાઓમાં ફરજિયાત બનાવવાની તાતી જરૂરિયાત છે. એ માટે આ પ્રકારના અર્થશાસ્ત્રનાં સંશોધનો વિશેષ મહત્તા ધરાવે છે. એથી જ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ પર પ્રકાશ પાડતો આ અભ્યાસ માર્ગદર્શક નીવડશે એવી અપેક્ષા સાહજિક રીતે રાખી શકાય.

પ્રસ્તુત અભ્યાસ દ્વારા સંશોધક આ દિશામાં યોગ્ય ન્યાય આપવાનો અલ્પ પ્રયાસ આદર્યો છે. સંશોધકને શ્રદ્ધા છે કે અર્થશાસ્ત્ર વિષય શિક્ષણને અસરકારક બનાવવા માટે તેમજ આગામી સંશોધકો માટે પ્રસ્તુત અભ્યાસ દિશાસૂચક બની રહેશે તો સંશોધક અવશ્ય પરિતોષની લાગણી અનુભવશે.

## બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયનની સમસ્યાઓ

રાઠોડ રેખા બી.

સંશોધકે બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયનની સમસ્યાઓ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓને કેન્દ્રમાં રાખી હાથ ધરવામાં આવ્યું હતું.

૧. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયન સંબંધિત સમસ્યાઓ અંગે માહિતી મેળવવી.

૨. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ અંગે માહિતી મેળવવી.

3. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં વાંચન- લેખન સંબંધિત સમસ્યાઓ જાણવી.

૪. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ જાણવી.

૫. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ જાણવી.

૬. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં મુલ્યાંકન સંબંધિત સમસ્યાઓ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૭.ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં સંદર્ભ સાહિત્ય સંબંધિતસમસ્યાઓ અંગે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધન દરમિયાન સંશોધકે હેતુઓને આધારે ઉત્તર મેળવવા માટે નીચે મુજબના પ્રશ્નોના તૈયાર કર્યા છે.

૧. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં અધ્યયન સંબંધિત કઈ ક ઈ સમસ્યાઓ અનુભવે છે?
૨. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં પાઠ્યપુસ્તક સંબંધિત કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?
૩. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં વાંચન લેખન સંબંધિત ક ઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?
૪. ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં વ્યાકરણ સંબંધિત કઈ ક ઈ સમસ્યાઓ અનુભવે છે?
૫. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં ગૃહકાર્ય સંબંધિત કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?
૬. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં મુલ્યાંકન સંબંધિત કઈ ક ઈ સમસ્યાઓ અનુભવે છે?
૩. ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ હિન્દી વિષયમાં કઈ કઈ સમસ્યાઓ અનુભવે છે. એ જાણવા માટે સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમુના પસંદગી**

પ્રસ્તુત સંશોધન બારડોલી તાલુકાની કુલ ૪૯ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વ્યાપવિશ્વ બને છે. ૪૯ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાંથી ૩૦% લેખે યાદરિછક નમુના પ્રયુક્તિની રીતે ૧૪ શાળાઓ પસંદ કરી હતી.ધોરણ ૮ના કુલ ૧૪૦ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હિન્દી વિષયનું અધ્યાપન કરાવતા તમામ ૧૪ શિક્ષકો સંશોધનના પાત્રો બન્યા હતા.

**સંશોધન ઉપકરણ**

સ્તુત સંશોધનમાં હેતુઓને અનુરૂપ માહિતી એકત્રીકરણ અર્થે વિદ્યાર્થીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અને શિક્ષકો માટે મુક્તજવાબી પ્રશ્નાવલી ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ નમુનામાં સમાવિષ્ટ બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ નો ઉપયોગ કર્યો અને શિક્ષકો મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્રિત કરી હતી.

વિધાર્થી પાસેથી પ્રાપ્ત થયેલા પ્રતિચારો હા કે ના ના આધારે ટકાવારી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અને વિધાનોને અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા. તથા મુક્ત જવાબી પ્રશ્નાવલી માહિતી ગુણાત્મક હોવાથી તે પ્રશ્નોના પ્રતિચારોનુ પૃથક્કરણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં નમૂનામાં પસંદ કરેલ શાળાઓના વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓના સંદર્ભમાં પ્રાપ્ત ઉત્તરોના પૃથક્કરણ પરથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયાં હતાં.

સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલ પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

હિન્દી અધ્યયન સંબંધિત સમસ્યાઓ ના પ્રાપ્ત થયેલા તારણો

શિક્ષક નિબંધપોથીની તપાસ કરી ભુલો નિર્દેશિત કરતા નથી.

હિન્દી શિક્ષક પાઠનું ફક્ત ભાષાન્તર કરીને ભણાવે છે.

હિન્દી તાસમાં હિન્દી ભાષામાં બોલવામાં મુશ્કેલી અનુભવાય છે.

હિન્દી શિક્ષક શિક્ષણ દરમિયાન હિન્દી ભાષા બરાબર બોલતા નથી.

શિક્ષક પદ્ય વાંચી જાય છે,ચર્ચા કરતા નથી.

પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ ના પ્રાપ્ત થયેલા તારણ

હિન્દી પાઠ્યપુસ્તકમાં આપેલા ગદ્ય રસપ્રદ નથી.

હિન્દી પાઠ્યપુસ્તકમાં આપેલ કાવ્યોની સંખ્યા વધારે છે.

હિન્દી પાઠ્યપુસ્તક પસંદ પડે તેવું નથી. પાઠ્યપુસ્તકમાં એકમો જીવન ઉપયોગી અને બોધદાયક છે.

હિન્દી શિક્ષક શિક્ષણ દરમિયાન હિન્દી ભાષા બરાબર બોલતા નથી. શિક્ષક પદ્ય વાંચી જાય છે.ચર્ચા કરતા નથી,

પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ ના પ્રાપ્ત થયેલા તારણ

હિન્દી પાઠ્યપુસ્તકમાં આપેલા ગદ્ય રસપ્રદ નથી.

હિન્દી પાઠ્યપુસ્તકમાં આપેલ કાવ્યોની સંખ્યા વધારે છે.

હિન્દી પાઠ્યપુસ્તક પસંદ પડે તેવું નથી.

પાઠ્યપુસ્તકમાં એકમો જીવન ઉપયોગી અને બોધદાયક છે.

હિન્દી પાઠ્યપુસ્તક સહેલાઈથી સમજમાં આવે તેવું નથી.

વાંચન લેખન સંબંધિત સમસ્યાઓ અંગેના પ્રાપ્ત થયેલા તારણો

શિક્ષક દ્વારા શ્રુતલેખન કરાવાતું નથી.

શિક્ષક દ્વારા અનુલેખન કરાવાતું નથી

વર્ગખંડમાં મોટેથી પાઠ વાંચવાનો મહાવરો પૂરો પાડવામાં આવતો નથી.

હિન્દી લેખન કાર્યોમાં જોડણીની ભૂલો થાય છે.

હિન્દી પદનું ગાન કરવામાં મુશ્કેલી અનુભવાય છે

વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ અંગેના પ્રાપ્ત થયેલા તારણો

વ્યાકરણના નિયમો ન સમજતા ગોખવા પડે છે.

નબળા વિદ્યાર્થીઓ માટે તાસનું આયોજન થતું નથી.

હિન્દી વ્યાકરણ ભણવામાં રસ પડતો નથી.

વ્યાકરણ માટે અલગ તાસની ફાળવણી થતી નથી.

ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓ અંગેના પ્રાપ્ત થયેલા તારણો

ગૃહકાય માટે સંદર્ભ પુસ્તકો ગાઈડો માંથી ઉતારો કરવો પડે છે.

ગૃહકાર્ય માટે શાળામાં સંદર્ભ પુસ્તકો ઉપલબ્ધ નથી.

ગૃહકાર્યની ચકાસણી વિધાર્થીઓ પ્રતિનિધિઓ દ્વારા થતી હોવાથી માર્ગદર્શન મળતું નથી.

ગૃહકાર્ય નિયમિત તપાસવામાં આવતું નથી.

ગૃહકાર્ય માટે યોગ્ય સમય આપવામાં આવતો નથી.

મુલ્યાંકન સંબંધિત સમસ્યાઓ અંગેના પ્રાપ્ત થયેલા તારણો

મુલ્યાંકન માટે પુરતો સમય ફાળવવામાં આવે છે.

પરીક્ષા હિન્દી પ્રશ્નોના ઉત્તરો લખવામાં શિરોરેખા દોરવાની હોવાથી સમય ઓછો પડે છે.

વ્યાકરણના પ્રશ્નોના જવાબ આપવામાં મુશ્કેલી થાય છે.

શિક્ષક પ્રશ્નો હિન્દીમાં પુછતા નથી.

શિક્ષક દ્વારા અપાયેલ પ્રશ્નોના જવાબ હિન્દીમાં આપી શકાતા નથી

શિક્ષક વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતીમાં અપાયેલા જવાબો સ્વીકારે છે.

સંદર્ભ સાહિત્ય સંબંધિત સમસ્યાઓ અંગેનાં પ્રાપ્ત થયેલા તારણો

ગ્રંથાલયમાં હિન્દી વિષયમાં સંબંધિત સાહિત્ય પુરતા નથી.

ગ્રંથાલયમાં વિષયને લગતા સંદર્ભ ગ્રંથો પ્રાપ્ત નથી,

હિન્દી વિષયમાં નિબંધની નોંધ માટે સંદર્ભ પુસ્તકો નો ઉપયોગ થતો નથી.

જુદા જુદા પ્રકાશનના સંદર્ભ પુસ્તકો મળતાં નથી.

મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા શિક્ષક પાસેથી મેળવેલાં પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧. વિધાર્થીઓને હિન્દી વિષય અધ્યયનની સમસ્યાઓ માટે શિક્ષકઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

શિરોરેખા બાંધવાની ભુલ કરે છે.

બીજા વિષયોની જેમ હિન્દી વિષયને મહત્વ આપવામાં આવતું નથી.

વિધાર્થીઓ માતૃભાષા ગુજરાતી હોવાથી અધ્યયનમાં થોડીક તકલીફ પડે છે.

બાળકોને વર્ણમાલા ની સમજ નથી.

હિન્દી વિષય અધ્યયનમાં વાંચન લેખન કરાવવું પડે.

૨. વિધાર્થીઓને પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ માટે શિક્ષકઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

બાળકોની ક્ષમતા મુજબનો અભ્યાસક્રમ હોવો જોઈએ.

વિધાર્થીઓને ભાષા સજ્જતામાં લેખનમાં તકલીફ પડે છે.

બાળકને વયકક્ષાને અનુરૂપ વિષયવસ્તુ હોવું જોઈએ.

૩ વિધાર્થીઓને હિન્દીમાં વાંચન સંદર્ભે સમસ્યાઓ માટે શિક્ષકઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

હિન્દીમાં સ્વર અને વ્યંજનની પુરતી સમજ નથી.

જોડાક્ષરોની સમજ નથી.

હિન્દી વાંચનમાં ગુજરાતી ભાષા કે પોતાની બોલીનો પ્રભાવ પડે છે.

ઉચ્ચાર સંબંધિત સમસ્યા વધુ થાય છે.

સરળ લેખન અને વાંચન વાક્યોના શબ્દો હોવા જોઈએ.

૪. વિધાર્થીઓને હિન્દી લેખન સંદર્ભે સમસ્યાઓ માટે શિક્ષકઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

શિરોરેખા બાંધતા નથી.

વર્ણમાલાની સ્પષ્ટતા ન હોવાને કારણે અક્ષરોની ઓળખ થઈ શકતી નથી.જેમ કે ट, ठ, द ,ध

હિન્દી લેખનમાં જોડાક્ષરો અક્ષરોની ભુલો થાય છે.

સ્વરોની ભુલ થાય છે.

અનુલેખન અને શ્રુતલેખનના સતત મહાવરા કરાવવાથી સમસ્યા નડતી નથી.

૫ .વ,કફ જેવા વર્ણ લખવામાં ભુલો કરે છે.

લ,ભ જેવા મુળાક્ષરો ઓળખવામાં તકલીફ પડે છે.

વિધાર્થીઓને હિન્દી વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ માટે શિક્ષકઓના પ્રતિચારોને
આધારે પ્રાપ્ત થયેલા તારણો
પાઠ્યક્રમમાં વ્યાકરણ વધુ હોવું જોઈએ
વ્યાકરણ બાળકોને ખૂબ જ કઠિન પડે તેવું હોય છે. શબ્દોના ભેદ સમજી નથી, જેથી સરળ ભાષામાં હોવું જોઈએ
હિન્દી વિષયમાં વ્યાકરણ શબ્દની પરખ હોતી નથી.

ધોરણ ૬.૭માં વ્યાકરણ ભાષા સજ્જતાનુ પદ્ધતિનું જ્ઞાન આપવામાં આવતું
નથી.

૬. હિન્દી અધ્યયનની સમસ્યાઓ નિવારવા અંગે શિક્ષકોના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો બાળકોની કક્ષાએ તેમજ સ્થાનિક સમાજની ભાષા માં સરળ વાક્યો શબ્દોમાં લેખન હોવું જોઈએ.

હિન્દી રાષ્ટ્રભાષા છે. જેને વધુ મહત્વ હોવુ જોઈએ ઉચ્ચ શિક્ષણ સુધીફરજિયાત વિષય તરીકે દાખલ કરવો જોઈએ.

હિન્દીમાં લેખનની પ્રવૃત્તિ વિકસાવવી જોઈએ.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધન અગત્યના તારણો રજૂ કર્યા આ તારણો પરથી ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની હિન્દી અધ્યયનની સમસ્યા હલ કરી શકાય તે માટેના સંભવિત ઉકેલો નીચે મુજબ કરવામાં આવ્યા છે.

1 હિન્દી ભાષામાં લેખન અને શુદ્ધતા તેમજ સ્પષ્ટ શબ્દો ઉચ્ચારણ પર શિક્ષક દ્વારા વર્ગખંડમા ભાર મૂકી શકાય.

2 વર્ગખંડમાં વિદ્યાર્થીઓ ચર્ચામાં ભાગ લે અને ચર્ચા દરમિયાન જ્યારે ગુજરાતી શબ્દોનો ઉપયોગ થઈ જાય ત્યારે એમને રોકવા જોઈએ. અને શિક્ષકો ગુજરાતી શબ્દોના હિન્દીમાં પર્યાય આપી હિન્દી ભાષા સુધારવી, શિક્ષકે વ્યાકરણ ની સમજ સરળતાથી કઠિનતા નો સિદ્ધાંત જળવાય એ રીતે આપી

3. શકાય તેવું આયોજન કરવું જોઈએ. પાઠ્યપુસ્તક ના એકમો જીવન ઉપયોગી અને બોધદાયક બને તે માટે પાઠ્યપુસ્તક

૪ પાઠ્યપુસ્તક ના એકમો જીવન ઉપયોગી અને બોધદાયક બને તે માટે પાઠ્યપુસ્તક. મંડળ દ્વારા આયોજન થવું જોઈએ

૫. શાળામાં હિન્દી દિનની ઉજવણી કરવી જોઈએ જેથી દરેક વિદ્યાર્થીઓ રાષ્ટ્ર ભાષા નું મહત્વ સમજી શકે તે દિવસે શાળાઓમાં કાર્યક્રમો રાખવા જોઈએ હિન્દી ભાષામાં નાટકો પ્રવચનોનું આયોજન કરવુ જોઈએ.

5. હિન્દી પાઠ્યપુસ્તક બાળકની વયકક્ષા અનુરૂપ તેમાં ચિત્રો આકૃતિઓ બનાવી શકાય તે માટે ગુજરાત સારા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા હોવું જોઈએ.

જે વિદ્યાર્થીઓ વ્યાકરણમાં નબળા છે. તેવા વિદ્યાર્થીઓ માટે શાળા તથા શિક્ષકો દ્વારા અલગ ઉપચારાત્મક તાસોનું આયોજન થવું જોઈએ.

૮. ગૃહકાર્યની યોગ્ય તપાસ અને નિયમિત ચકાસણી થાય એવું દરેક હિન્દી

શિક્ષકોએ વિદ્યાર્થીઓના ભૂલો પ્રતિ સૂચનો અપાય તે માટે વાલી તથા વ્યવસ્થાપકો જાગૃત હોવા જોઈએ.

૯. વિદ્યાર્થીઓને હિન્દીના તાસ દરમિયાન હિન્દીમાં ભાષામાં જ વાત કરવા પ્રેરવા તેમજ હિન્દી ભાષામાં પ્રત્યાયન કૌશલ્ય વિકસાવવા વિવિધ પ્રવૃત્તિઓનું અને સ્પર્ધાનું આયોજન શાળા અને શિક્ષકો દ્વારા થાય એવું થવું જોઈએ.

૧૦. વિદ્યાર્થીઓ માટે સ્વાધ્યાય કરવા અર્થે માર્ગદર્શન મળી રહે તે માટે સંદર્ભ સાહિત્ય ઉપલબ્ધ બને અને પ્રાપ્ય બની રહે તે માટેના પ્રયત્નો શાળાએ કરવા જોઈએ.

**ભાવિ સંશોધનના નિર્દેશો**

વિદ્યાર્થીઓને અધ્યયનની સમસ્યા પર હાથ ધરવામાં આવ્યું હતું.આ પ્રકારનું સંશોધન માધ્યમિક ક્ષેત્રે, ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે હાથ ધરી શકાય ઉપલબ્ધ બને અને પ્રાપ્ય બની રહે તે માટેના પ્રયત્નો શાળાએ કરવા જોઈએ.

૧. પ્રસ્તુત સંશોધન માત્ર બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને અધ્યયનની સમસ્યા પર હાથ ધરવામાં આવ્યું હતુ.આ પ્રકારનું સંશોધન માધ્યમિક ક્ષેત્રે, ઉચ્ચતર માધ્યમિક ક્ષેત્રે હાથ ધરી શકાય.

૩. આ પ્રકારના સંશોધનો જિલ્લા, રાજ્યો અને રાષ્ટ્રીય કક્ષાએ પણ હાથ ધરી,

3. પ્રસ્તુત સંશોધન હિન્દી વિષય પૂરતું મર્યાદિત છે. હિન્દી વિષય ઉપરાંત અન્ય વિષયોના અધ્યયનમાં નડતી સમસ્યાઓના સંદર્ભમાં હાથ ધરી શકાય

૪ વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યના લોકોને હિન્દી ભાષા પ્રત્યેની જાગૃતિ અંગેના અભિપ્રાયો જાણવા અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સંશોધન સારાંશ તથા પ્રાપ્ત થયેલી માહિતીના સાર રૂપે સંશોધનના તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો તથા ભાવિ સંશોધન માટેના ક્ષેત્રો અંગેનો પણ નિર્દેશ કર્યો છે.

સંશોધકે પ્રસ્તુત સંશોધન દ્વારા બારડોલી તાલુકાની ઉચ્ચતર પ્રાથમિક શાળાની અધ્યયનની સમસ્યાઓનો અભ્યાસ કર્યો છે. પ્રસ્તુત સંશોધન અન્ય પ્રકારના સંશોધન માટે ઉકેલની દિશામાં બની રહેશે તેમજ બારડોલી તાલુકાની શાળાની સમસ્યાઓ નિવારવા માટે ઉપકારક પુરવાર થશે એવી સંશોધક ઊંડી શ્રદ્ધા ધરાવે છે.

## ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

સેન અંતિમા બી.

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલા સંશોધનના સારાંશમા સંશોધનના હેતુઓ, સંશોધનના પ્રશ્નો, સંશોધનની પદ્ધતિ, સંશોધનના ઉપકરણો, વ્યાપવિશ્વ અને નમૂના, માહિતી એકત્રીકરણની રીત, પૃથક્કરણની રીત વિશેની ટૂંકમાં માહિતી અહી રજૂ કરેલ છે.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબ ના હેતુઓને ધ્યાન માં રાખવામાં આવ્યા હતા.

૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય સાથે સંકળાયેલા માનવ સંસાધનો ની સાંખ્યિક માહિતી પ્રાપ્ત કરવી.

૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનાં શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ અને વ્યવસાયિક લાયકાત જણાવો.

3. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે ભૌતિક સંસાધનોનો માહિતી પ્રાપ્ત કરવી.

૪. નામાનાં મૂળતત્વો ના ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના શૈક્ષણિક આયોજન સંબંધિત માહિતીવગેરેને સાહાયભૂત બની રહેશે એવી નમ્ર માન્યતા અને ઊંડા સંતોષ ની લાગણી સાથે સંશોધક અહીં વિરમે છે. પ્રાપ્ત કરવી.

૫. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના અભ્યાસક્રમ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૬. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે ઉપયોગમાં લેવાતી અધ્યાપન પદ્ધતિઓ જાણવી.

ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો શિક્ષણમાં ઉદભવતી સમસ્યાઓ જાણવી.

૮. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો શિક્ષણની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની માહિતી પ્રાપ્ત કરવી.

૯. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના સ્વાધ્યાય કાર્ય અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૧૦. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમ ની માહિતી જાણવી.

૧૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના મુલ્યાંકન અંગે માહિતી પ્રાપ્ત કરવી.

ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમોની જાણકારી મેળવવી.

૧૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના પાછલા ત્રણ વર્ષના વિષયના પરિણામોની જાણકારી મેળવવી.

૧૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારના પ્રયત્નો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનનાં પ્રશ્નો અહીં રજૂ કરેલ છે.

૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય સાથે સંકળાયેલા માનવ સંસાધનો ની સાંખ્યિક માહિતી શું છે?

૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષકો કેટલો શૈક્ષણિક અનુભવ અને કઈ કઈ વ્યવસાયિક લાયકાતો ધરાવે છે?

3. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વોના શિક્ષણ માટે ક્યાં ક્યાં ભૌતિક સંસાધનો ઉપલબ્ધ છે?

૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનું શૈક્ષણિક આયોજન કઈ રીતે થાય છે?

૫. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનો અભ્યાસક્રમ કેવો છે?

૬. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે કઈ કઈ અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે?
૭. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણમાં ઉદ્દભવતી સમસ્યાઓ કઈ કઈ છે?
૮. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય સંબંધિત કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે.
૯. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયમાં સ્વાધ્યાય કાર્ય શું અપાય છે?
૧૦. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનાં શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમ અંગે શી સ્થિતિ છે?
ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનું મુલ્યાંકન કઇ રીતે થાય છે?
૧૨. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમો કયા કયા છે?
૧૩. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયનાં પાછલા ત્રણ વર્ષના ના પરીણામો કેવા છે.
૧૪. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારના ક્યાં કર્યા પ્રયત્નો છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યો હતો.

### સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ ને ધ્યાનમાં રાખીને માહિતી એકત્રીકરણ માટે નોંધપત્રક ઓળખયાદી, પ્રશ્નાવલી, સાક્ષ્યપત્રકની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ ઉપકરણો સ્વરચિત હતા.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ચોર્યાસી તાલુકા ની કુલ ૧૪૭ ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ સંશોધનનું વ્યાપવિશ્વ બન્યું હતું.

વ્યાપવિશ્વના ૪૦% લેખે ૬૦ શાળાઓ પસંદ કરવા Random.org.app દ્વારા યાદચ્છિક આંકડાઓ મેળવવામાં આવ્યા હતા. આ ૬૦ શાળાઓ પૈકી ૧૫ શાળાઓએ સંસ્થાકીય કારણો દર્શાવી માહિતી આપી ન હતી તે શાળાઓના શિક્ષકો અને આચાર્યો ને નામુનામાં સમાવી શકાયા ન હતા. પરિણામે પ્રસ્તુત સંશોધનમાં સરળ યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા ૪૫ શાળાઓના ૪૫ આચાર્યો અને ૫૫ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

### માહિતી એકત્રીકરણની રીત

સંશોધકે સર્વપ્રથમ ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ પસંદ કરેલ ૬૦ શાળાઓની રૂબરૂ મુલાકાત લઈ પોતાના સંશોધન માટે મદદરૂપ થાય તે માટે પરવાનગી મેળવી હતી. સંશોધન સાથે સંકળાયેલ નામાનાં મૂળતત્વ વિષયના શિક્ષકો પાસેથી બંધ જવાબી અને મુક્તજવાબી પ્રશ્નાવલિ ભરાવી હતી, આચાર્યો પાસેથી પ્રાપ્ત માહિતીને સાશ્યપત્રકમાં નોંધ કરી હતી અને સંશોધકે ઓળખયાદી અને નોંધપત્રક ભરવાનો પ્રયાસ કર્યો હતો જે માહિતી સમયસર પ્રાપ્ત થઈ હતી. માહિતી એકત્રીકરણ જુલાઈ ૨૦૧૯ માં કરવામાં આવી હતી.

### માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધન સંબંધિત માહિતી પૃથક્કરણ માટે શિક્ષકોને આપવામાં આવેલ પ્રશ્નાવલીના આધારે પ્રાપ્ત થયેલ પ્રતિચારોનુ આવૃત્તિ વિતરણ, ટકાવારી અને ટકાવારીના આધારે શતમાનના તફાવતની સાર્થકતા તપાસવામાં આવી હતી અને તેના પરથી અગ્રતાક્રમ આપવામાં આવી હતી. ત્યારબાદ ઓળખયાદી અને નોંધપત્રકના આધારે પ્રાપ્ત થયેલા પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ,

ટકાવારી શોધી હતી, જ્યારે સાક્ષ્યપત્રકઅને મુક્ત જવાબી પ્રશ્નાવલિ માટે ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં ચોર્યાસી તાલુકા ની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વ વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ જાળવા માટે નોંધપત્રક, ઓળખયાદી, પ્રશ્નાવલી અને સાશ્યપત્રક પરથી જે માહિતી પ્રાપ્ત થઈ હતી તેના પૃથક્કરણ અને અર્થઘટન અંતે નિપજતાં સંશોધનનો મુખ્ય તારણો નીચે મુજબ છે.

ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય સાથે સંકળાયેલા માનવ સંસાધનોની સાંખ્યિક માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો

ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નામાંના વિષય શીખવતા કુલ શિક્ષકો પૈકી પુરુષ શિક્ષકોની તુલનમાં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા ઓછી જણાય હતી.

- ચોર્યાસી તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કન્યાઓની કુલ સંખ્યાની ટકાવારી કરતાં કુમારની કુલ સંખ્યાની ટકાવારીનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

નામાનાં મૂળતત્વો વિષયના શિક્ષકોનો શૈક્ષણિક અનુભવો અને વ્યવસાયિક લાયકાત અંગે પ્રાપ્ત થયેલા તારણો

ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં વિષયનું શિક્ષણ કાર્ય કરાવતા કુલ શિક્ષકો પૈકી ૬ થી ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોની ટકાવારી સૌથી વધુ જોવા મળી હતી જ્યારે ૨૧ થી ૨૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોની ટકાવારી સૌથી ઓછી જોવા મળી હતી.

- ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મોટા ભાગના શિક્ષકો એમ. કૉમ. ની પદવી સાથે બી.એડ્. થયેલા હતા. અને બિનતાલીમી શિક્ષકો પણ જોવા મળ્યા હતા.

નામાનાં મૂળતત્વોના શિક્ષણ માટે ભૌતિક સંસાધનો ની માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો

- નામાનાં મૂળતત્વોના વર્ગખંડોનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યો હતો જ્યારે નામાં મૂળતત્વોના અલાયદોખંડ નો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતાં.

આ વિષય માટે સ્માર્ટ ક્લાસરૂમની વ્યવસ્થા પણ હોવા જોઈએ એ પણ જાણવા મળ્યું હતું.

- વાંચનાલય અને પુસ્તકાલયની વ્યવસ્થા પણ હોવી જોઈએ એ પણ જાણવા મળ્યું હતું.

નામાનાં વર્ગખંડમાં ફર્નિચર

- નામાનાં વર્ગખંડમાં ફર્નિચરોમાં પાટલીનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા જ્યારે વ્હાઈટ બોર્ડનો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા.

શૈક્ષણિક સાધનો

આ વિષયના શૈક્ષણિક સાધનો માં કેલ્કયુલેટરનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતા જ્યારે ટી.વીનો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા.

આ વિષયના શૈક્ષણિક સાધનો - ભૌતિક સુવિધાઓ માટે ટ્રસ્ટી મંડળ દ્વારા સહકાર પ્રાપ્ત થતો હતો.

**સંદર્ભ સાહિત્ય**

- સંદર્ભ સાહિત્યોમાં નામાંના પાઠ્યપુસ્તકનો ઉપયોગ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળ્યા હતાં જ્યારે સામાયિકો અને સ્વાધ્યાયપોથીનો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણમાં જોવા મળ્યા હતા.

આ વિષયના સંદર્ભ સાહિત્યોમાં સામાયિકો અંતર્ગત કોમર્સ, અર્થ સંકલન અને ટેક્ષવ્યાપારનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળ્યા હતાં

જ્યારે અન્ય સામાયિકો નો ઉપયોગ સૌથી ઓછા પ્રમાણ માં જોવા મળ્યા હતા.

નામાનાં મૂળતત્વો વિષયનાં શૈક્ષણિક આયોજન અંગે પ્રાપ્ત થયેલા તારણો

- નામાનાં મુળતત્વો વિષય માટે વાર્ષિક આયોજન, માસિક આયોજન અને દૈનિક આયોજન થતો હતો.
- નામાનાં વિષયના અધ્યાપન માટે આયોજન કરતાં સમયે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખે છે એવા જોવા મળ્યું હતું.
- આ વિષયના શૈક્ષણિક આયોજન પ્રમાણે શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ ટ્રસ્ટી મંડળ દ્વારા પ્રાપ્ત થતો હતો.
- નામાનાં મૂળતત્વો વિષયના નાણાકીય વ્યવસ્થા સરકારી ગ્રાન્ટ માંથી થતો હતો.

નામાનાં મૂળતત્વો વિષયનાં અભ્યાસક્રમ અંગે પ્રાપ્ત થયેલા તારણો

ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના નામાનાં મૂળતત્વો વિષયનાં અભ્યાસક્રમમાં ક્રમિકતા અને તાર્કિકતા જોવા મળ્યું હતું.

- નામાનાં વિષયના અભ્યાસક્રમના અન્ય વિષયો સાથે અનુબંધ હતો.

**નામાનાં વિષયના અભ્યાસક્રમ વ્યવસાયલક્ષી હતો.**

- નામાનાં અભ્યાસક્રમ પ્રવર્તમાન નુતન નામા પદ્ધતિ અને ઘટનાઓને પ્રધાન્ય આપતા હતા.
- નામાનાં મૂળતત્વો વિષયનો અભ્યાસક્રમ વિધાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે એવું જાણવા મળ્યું હતું.
- અભ્યાસક્રમમાં નવા પ્રકરણ GST નો સમાવેશ એવા જોવા મળ્યું હતું.
- અભ્યાસક્રમને અસરકારક બનાવવા માટે શૈક્ષણિક પર્યટનનું આયોજન કરવું જોઈએ એવા જાણવા મળ્યો હતો.

નામાનાં મૂળતત્વો વિષયની અધ્યાપન પદ્ધતિ અંગે પ્રાપ્ત થયેલા તારણો

- નામાનાં મૂળતત્વો માટે પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ થતો હતો.
- નામાનાં મૂળતત્વો વિષય માટે જૂથ ચર્ચા પદ્ધતિનો ઉપયોગ થતો હતો.
- નામાનાં વિષય માટે આગમન - નિગમન અને સમસ્યા ઉકેલ પદ્ધતિનો ઉપયોગ થતો હતો.
- નામાનાં વિષય માટે કથન પદ્ધતિનો ઉપયોગ થાય છે એવું જાણવા મળ્યું હતો.

**નામાંના મૂળતત્વો શિક્ષણમાં ઉદભવતી સમસ્યાઓ અંગે થયેલા તારણો**

- નામાનાં વિષયના અધ્યાપન માટે સમયનો અભાવ જોવા મળ્યા હતાં.

**અભ્યાસક્રમ લાંબો છે એવા જાળવા મળ્યો હતો.**

- વ્યવહારિક ઉદાહરણો દ્વારા સમજૂતી નો અભાવ જોવા મળ્યો હતો.

### ૫.૩.૮ નામાનાં મૂળતત્વો શિક્ષણની સહભ્યાસિક પ્રવૃત્તિઓની માહિતી અંગે પ્રાપ્ત થયેલા તારણો

વિદ્યાર્થીઓ જાતે બેંક સિલક મેળના નમુના તૈયાર કરે છે. એવું જાણવા મળ્યું હતું.

**વિદ્યાર્થીઓ વેપારી તથા બેંકની મુલાકાત લે છે એવું જાણવા મળ્યું હતું.**

● નામાનાં મૂળતત્વો મંડળની રચના કરવામાં આવતો નથી એવું જોવા મળ્યું હતું.

નામાનાં મૂળતત્વો વિષયવસ્તુ ને લગતા પ્રદર્શનો યોજવામાં આવતો નથી એવું જાણવા મળ્યું હતું.

નામાનાં મૂળતત્વો વિષયના સ્વાધ્યાય કાર્ય અંગે પ્રાપ્ત થયેલા તારણો

● વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્વો નાં સ્વાધ્યાય કાર્યમાં રસ લે છે એવું જાણવા મળ્યું હતું.

● નામાનાં વિષયના સ્વાધ્યાય કાર્ય પહેલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવતા હતા.

● સ્વાધ્યાયકાર્યથી નબળા વિદ્યાર્થીઓ ને ફાયદો થાય છે એવું જાણવા મળ્યું હતું.

● સ્વાધ્યાયકાર્યથી વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયન ની અસરકારક ટેવો વિકસે છે એવું જાણવા મળ્યું હતું.

● નામાનાં મૂળતત્વો વિષયનું સ્વાધ્યાય કાર્ય નિયમિત આપતા હતા.

સ્વાધ્યાયકાર્ય યોગ્ય રીતે તપાસી તે અંગે સૂચનો આપતા હતા.

* વિધાર્થીઓ સ્વાધ્યાયકાર્ય માટે સંદર્ભગ્રંથ નો ઉપયોગ કરે છે એવું જાણવા મળ્યો હતો.

નામાનાં મૂળતત્વો વિષયના શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમ અંગે પ્રાપ્ત થયેલા તારણો

સેવાકાલીન તાલીમ નું આયોજન સમયસર થતું નથી એવું જોવા મળ્યું હતું.

● શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય છે એવું જાણવા મળ્યું હતું.

સેવાકાલીન તાલીમથી નૂતન શિક્ષણ પદ્ધતિઓ જાણવા મળે છે એવું જણાયું હતું.

● સેવાકાલીન તાલીમથી ટેકનોલોજીનું જ્ઞાન મળે છે એવું જાણવા મળ્યું હતું.

* સેવાકાલીન તાલીમથી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કઠિન મુદ્દાઓ ની સંકલ્પના સ્પષ્ટ થાય છે એવું જણાયું હતું.

● નામાનાં વિષયની ગુણવત્તા અર્થે સેવાકાલીન તાલીમની અગત્યતા જણાય છે એવું જાણવા મળ્યું હતું.

નામાનાં મૂળતત્વો વિષયના મૂલ્યાંકન અંગે પ્રાપ્ત થયેલા તારણો

નામાનાં મૂળતત્વો વિષયનું લેખિત સ્વરૂપે સ્વરૂપે મૂલ્યાંકન થતો હતો.

● વર્ષ દરમિયાન પરીક્ષા દ્વારા સતત સર્વગ્રાહી મુલ્યાંકન થાય છે એવું જણાયું હતું.

● નામાનાં વિષયના મૂલ્યાંકન નિદાનાત્મક કાર્ય પછી ઉપચારાત્મક કાર્ય થતો હતો.

● લેખિત કસોટી ના પ્રશ્નપત્ર બ્લુપ્રિન્ટ આધારે બનાવવામાં આવે છે એવુ જાણવા મળ્યું હતું.

નામાનાં મૂળતત્વો વિષયનું મૌખિક સ્વરૂપે મૂલ્યાંકન થતો હતો.

● નામાનાં મૂળતત્વો વિષયનું પ્રાયોગિક સ્વરૂપે મૂલ્યાંકન થતો હતો.

**૫.૩.૧૨ નામાનાં મૂળતત્વો વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમો અંગે પ્રાપ્ત થયેલા તારણો**

ધોરણ ૧૧ માં પેટાનોંધ, કાચુ સરવૈયુ અને વ્યવહારો ની અસર એવા ત્રણ એકમો સરળ જોવા મળ્યા હતા જ્યારે વાર્ષિક હિસાબો, ઘસારાના હિસાબો અને બેંક સિલક એવા ત્રણ એકમો કઠીન જોવા મળ્યા હતા.

ધોરણ ૧૨ માં પાઘડીનું મૂલ્યાંકન, ભાગીદારીનું પુનર્ગઠન અને ભાગીદારનો પ્રવેશ એવા ત્રણ એકમો સરળ જોવા મળ્યા હતા જ્યારે વાર્ષિક હિસાબો, શેરમૂડી, રોકડ પ્રવાહ પત્રક એવા ત્રણ એકમો કઠિન જોવા મળ્યો હતો.

નામાનાં મૂળતત્વો વિષયના પાછલા ત્રણ વર્ષનાં વિષયના પરિણામો અંગે પ્રાપ્ત થયેલા તારણો

- નામાનાં મૂળતત્વો વિષયના પરીણામો વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીમાં ૯૧૪ થી ૧૦૦% વચ્ચેનું પરિણામ લાવતી શાળાઓ વધુ જોવા મળી હતી.

નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારના પ્રયત્નો અંગે પ્રાપ્ત થયેલા તારણો

સરકાર દ્વારા કોઈ વિશેષ પ્રયત્ન થતો નથી એવું જાણવા મળ્યું હતું.

બેંક કે કંપનીની મુલાકાત દ્વારા પ્રાયોગિક શિક્ષણ મળે તેવા પ્રયત્નો હોવા જોઈએ એવું જાણવા મળ્યું હતું.

ભૌતિક - શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડે છે એવું જણાયું હતું.

પાઠ્યપુસ્તકોની વ્યવસ્થા કરે છે એવું જાણવા મળ્યું હતું.

જાહેર પરિક્ષાઓનું આયોજન કરે છે એવું જોવા મળ્યું હતું.

સરકાર દ્વારા બાયસેગ કાર્યક્રમનું આયોજન થવું જોઈએ એ પણ જાણવા મળ્યું.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલા તારણો પરથી કેટલાક મહત્વનાં સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ સંશોધક દ્વારા અહીં કરવામાં આવ્યો છે. પ્રસ્તુત શૈક્ષણિક સૂચિતાર્થોનું અમલીકરણ કરવાથી ઉપસ્થિત પ્રશ્નો દૂર થઈ શકે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણને સંગીન બનાવવામાં આવશ્યક બની શકાય તેમજ તે તારણો પ્રાપ્ત થાય છે તેના સૂચિતાર્થો નીચે મુજબ છે.

૧. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુમાર કરતાં કન્યાઓ ની સંખ્યા ઓછી જોવા મળી હતી તે માટે સ્ત્રી કેળવણી પર વધુ ભાર મૂકવું જોઈએ.

૨. નામાંના મૂળતત્વો વિષયના અભ્યાસક્રમનું વિષયવસ્તુ વધુ વિસ્તૃત પ્રમાણમાં જણાય છે તેના ચયન માટે અનુભવી અને ઉચ્ચ લાયકાત ધરાવતા વધુ શિક્ષકોના સૂચનો મેળવી માર્ગદર્શન પ્રાપ્ત કરવું જોઈએ. નામાનાં મૂળતત્વોનાં રાજ્ય સરકારના પાઠ્યપુસ્તકોની ગુણવત્તા વધુ સારી બનાવવા માટે તકો જણાય છે

૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષયના અભ્યાસક્રમ ને વધુ અસરકારક બનાવવા માટે શૈક્ષણિક પર્યટનનું આયોજન કરવું જોઈએ .

૪. વર્ગ અધ્યાપનમાં નુતન અધ્યાપન પદ્ધતિઓનો અને પ્રયુક્તિનો તથા શૈક્ષણિક ઉપકરણોના યોગ્ય ઉપયોગ માટે શિક્ષકો ને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવી જોઈએ.

૫. વિદ્યાર્થીઓનું વાંચન સમૃદ્ધ બને તે અંગે તેમને સંદર્ભ પુસ્તકોના ઉપયોગ તરફ વાળવા અંગે યોગ્ય આયોજન થવું જોઈએ.જે માટે સરકારશ્રીએ નાણાકીય સહાય પૂરી પાડી પુસ્તકાલયો અને વંચનાલયોની વ્યવસ્થા કરવી જોઈએ .

૬. શિક્ષકો એ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય કરાવવું જોઈએ. વર્તમાન યુગ કમ્પ્યુટર યુગ હોવાથી શિક્ષકે ચોક ડસ્ટરની ચીલાચાલુ પદ્ધતિ માથી બહાર આવવું પડશે. જેથી શિક્ષકોએ કમ્પ્યુટર ટેક્નોલોજીથી માહિતિગાર બની તેનો ઉપયોગ વર્ગખંડ માં કરી શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ જેના માટે દરેક વર્ગખંડ એ સ્માર્ટ વર્ગખંડ હોવા જોઈએ. જેના માટે શાળા સંચાલકો અને સરકારશ્રીએ આર્થિક બોજ ઉપાડી લેવા જોઈએ.

૭. ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાના મૂળતત્વનાશિક્ષણ પદ્ધતિમાં ટેલિવિઝન દ્વારા શિક્ષણ કાર્ય

બાયસેગ અને વંદેમાતરમ ચેનલોનું પ્રસારિત કાર્યક્રમ ચાલુ રાખવું જોઈએ.

૯. ઉચ્ચતર માધ્યમિક સ્તરે આ વિષયને સમૃદ્ધ બનાવવા અર્થે ગ્રંથાલયમાં સમાવેશ થતાં વિવિધ પ્રકારના ગ્રંથોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય તે માટે વર્ગખંડમાં જ શિક્ષકો તરફથી તેનાં ઉપયોગ માટે ઉચિત માર્ગદર્શન પૂરૂં પાડવું જોઈએ.

૯. નામા વિષયક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનને વધુ મહત્વ અપાવું જોઈએ.

૧૦. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સ્તરે નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની ગુણવત્તા જાળવવી આવશ્યક છે. એ માટે આ વિષયનાં શિક્ષકો માટે સેવાકાલીન તાલીમની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. ઉપરાંત ગ્રીષ્મની રજાઓમાં કાર્યશિબિરોનુ આયોજન ખાસ વિષયના તજજ્ઞોની સહાયથી થવું જોઈએ.

૧૧. વિદ્યાર્થીઓને આ વિષયમાં કઠિન લાગતા એકમોને સરળ બનાવવા માટે પુનરાવર્તન થાય એ જરૂરી છે.

૧૨. નામાનાં મુળતત્વો વિષય સંદર્ભમાં વિધાર્થીઓ માટે ક્ષેત્રીય કાર્યનું આયોજન કરવું જોઈએ.

૧૩. ધોરણ ૧૧ અને ૧૨ નાં પાઠ્યપુસ્તકોમાં આ વિષયના પારિભાષિક શબ્દોની પૂરતી સમજ આપવી જોઈએ.

૧૪. નામાનાં મુળતત્વો વિષયનાં અભ્યાસક્રમ સમયસર પૂર્ણ થઈ જાય તે માટે શાળાના સમયપત્રકમાં પૂરા તાસોની ફાળવણી થવી જોઈએ.

૧૫. આ વિષયના તજજ્ઞોની પસંદગી હાથ ધરીને અભ્યાસક્રમમાં બધા જ મુદ્દાઓને આવરી લઈ શકાય એ માટે નામાંના મૂળતત્વો મંડળની રચના થવી જોઈએ.

૧૬. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કક્ષાએ નામાનાં મૂળતત્વો વિષયને સંગીન બનાવવા માટે સમયાંતરે સેવાકાલીન તાલીમની સુવિધા સરકાર તરફથી ઊભી થવી જોઈએ.

૧૭. આ વિષયમાં આવેલ નવીન અભિગમોની જાણકારી તેમજ શિક્ષણકાર્યની તાલીમ માટે જિલ્લા શિક્ષણાધિકારી તરફથી સેમિનારોનું સમયાંતરે આયોજન થવું જોઈએ.

### ભાવિ સંશોધનનાં ક્ષેત્રો

સંશોધક એવું સ્વીકારે છે કે કોઈ પણ અભ્યાસ સંપૂર્ણ હોઈ શકે નહીં તે જ રીતે પ્રસ્તુત સંશોધન પણ અંતિમ નથી. અન્ય સંશોધનનોમાં રહેલી મર્યાદાઓની જેમ પ્રસ્તુત સંશોધનની પણ મર્યાદા હતી. શિક્ષણની ક્ષિતિજો હંમેશા વિચરતી રહે એ માટે શિક્ષણ ક્ષેત્રે સંશોધનનો થતો રહે તે પણ જરૂરી છે. સંશોધકે આ વાતને ધ્યાનમાં રાખીને ભાવિ સંશોધનો માટેનાં ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

૧. ગુજરાત રાજ્ય કક્ષાએ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમા નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

૨. ચોર્યાસી તાલુકા સિવાય અન્ય તાલુકામાં નામાનાં મૂળતત્વો વિષય અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

3. ઉચ્ચતર માધ્યમિક સ્તરે નામાનાં મૂળતત્વો વિષય શીખવતા શિક્ષકોના અધ્યાપન કૌશલ્યનો સર્વેક્ષણાત્મક અભ્યાસ.

૪. નામાનાં મૂળતત્વો વિષયની વ્યવહારમાં ઉપયોગીતા : એક અભ્યાસ

૫. ચોર્યાસી તાલુકામાં ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ નામાનાં મૂળતત્વ વિષય શિક્ષણમાં નડતી મુશ્કેલીઓ નો અભ્યાસ,

૬. પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકો અને આચાર્યોનાં પ્રતિચારો ને જ ધ્યાનમાં લેવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વિધાર્થીઓના પ્રતિયારો લઈને પણ સંશોધન હાથ ધરી શકાય.

૭. કોઈપણ જિલ્લા કે તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના નામાનાં મૂળતત્વો વિષયનાં શિક્ષકો કે વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં નામાનાં મૂળતત્વો શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૮. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સ્તરે શીખવવામાં આવતા પ્રત્યેક વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ નો અભ્યાસ હાથ ધરી શકાય.

ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન ચોર્યાસી તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નામાનાં મૂળતત્વો વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરતું નાનકડું સંશોધન છે. જે અંતર્ગત નામાનાં મૂળતત્વો વિષય સાથે સંકળાયેલા માનવ સંસાધનોની સાંખ્યિક માહિતી, શિક્ષકોનો શૈક્ષણિક અનુભવ અને વ્યવસાયિક લાયકાત, ભૌતિક સંસાધનો શૈક્ષણિક આયોજન, અભ્યાસક્રમ, અધ્યાપન પદ્ધતિ, શિક્ષણમાં ઉદભવતી સમસ્યાઓ, સહઅભ્યાસિક પ્રવૃત્તિ, સેવાકાલીન તાલીમ, મુલ્યાંકન, પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને કઠિન એકમો, પાછલા ત્રણ વર્ષનાં વિષયના પરિણામો, શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકારના પ્રયત્નોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.નામાનાં મુળતત્વો અંતર્ગત જે સમસ્યાઓ ઉકેલી શિક્ષણને વધુ અસરકારક બનાવી શકાય. પ્રસ્તુત સંશોધન શાળાઓ, શિક્ષકો, આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ, સરકાર વગેરેને સાહાયભૂત બની રહેશે એવી નમ્ર માન્યતા અને ઊંડા સંતોષ ની લાગણી સાથે સંશોધક અહીં વિરમે છે.

## જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ

ટંડેલ ભૂમિકાબેન આર.

પ્રસ્તુત પ્રકરણમાં દર્શાવવામાં આવેલ સંશોધન સારાંશમાં અગાઉ જણાવ્યા મુજબ જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ વિષય ઉપર સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું.જેનાં વિશેની ટૂંકમાં માહિતી નીચે મુજબ હતી.

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓ નીચે મુજબ હતાં.

૧. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણની અધ્યયન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

૨. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણની અભ્યાસક્રમ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

3. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણની વ્યાકરણ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણની ગૃહકાર્ય સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૫. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણની મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની અધ્યાપન સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

૭. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની અભ્યાસક્રમ સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

૮. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની વ્યાકરણ સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

૯. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા

૧૦. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની ભાષા-કૌશલ્ય સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની મૂલ્યાંકન સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

૧૨. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સંદર્ભ-સાહિત્ય સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

૧૩. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની વહીવટી સંબંધિત સમસ્યાઓ અંગે અંગ્રેજી શિક્ષકોનાં પ્રતિભાવો મેળવવા.

**સંશોધનના પ્રશ્નો**

૧. જલાલપોર તાલુકાના માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં અધ્યયન સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૨. જલાલપોર તાલુકાના માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

3.જલાલપોર તાલુકાના માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના વ્યાકરણ સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૪. જલાલપોર તાલુકાના માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં ગૃહકાર્ય સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૫. જલાલપોર તાલુકાના માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયના મૂલ્યાંકન સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૬. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકોને અંગ્રેજીના અધ્યાપનકાર્યમાં કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૭. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકો અંગ્રેજીના અભ્યાસક્રમ સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવે છે?

૮. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકો વ્યાકરણના **શિક્ષણકાર્યમાં કઈ- કઈ સમસ્યાઓ અનુભવે છે?**

૯. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકો અંગ્રેજીના પાઠ્યપુસ્તક સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ અનુભવે છે?

૧૦.જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકો અંગ્રેજી **શિક્ષણમાં ભાષા-કૌશલ્ય સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવે છે?**

૧૧. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકોને અંગ્રેજીના મૂલ્યાંકન સંબંધિત કઈ - કઈ સમસ્યાઓ અનુભવાય છે?

૧૨. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકો સંદર્ભ - સાહિત્ય સંબંધિત કઈ- કઈ સમસ્યાઓ અનુભવે છે?

૧૩. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકોને અંગ્રેજી શિક્ષણમાં વહીવટ સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ અનુભવાય છે?

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધન માટે જલાલપોર તાલુકાની ૨૫ માધ્યમિક શાળાઓ વ્યાપવિશ્વ બની હતી.જેમાં ૨૦૧૯-૨૦૨૦ નાં વર્ષ દરમિયાન ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને અંગ્રેજીનું શિક્ષણકાર્ય કરાવતાં શિક્ષકો સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

આ વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ તમામ માધ્યમિક શાળાઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.જેમાં ૨૫ શાળાઓનાં ૨૫૦ વિદ્યાર્થીઓ અને ૨૫ શિક્ષકોની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ ૨૫૦ વિદ્યાર્થીઓની પસંદગી યાદ્રચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા અને ૨૫ શિક્ષકોની સહેતુક પદ્ધતિથી પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા માહિતી એકત્રીકરણ માટે વિદ્યાર્થીઓ માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ તથા શિક્ષકો માટે સ્વરચિત સમસ્યા ઓળખસૂચિ અને મુક્તજવાબી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સમસ્યા ઓળખસૂચિનાં આધારે પ્રાપ્ત માહિતીનાં પૃથક્કરણ માટે ટકાવારી અને વિધાનોના અગ્રતાક્રમ જેવી અંકશાસ્ત્રીય પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને મુક્ત જવાબી પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત થયેલ માહિતીનું અનાત્મલક્ષી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનનાં તારણો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત જે માહિતી એકત્રીત કરવામાં આવી હતી તેનું અંકશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.આ વિશ્લેષણને અંતે જે પરિણામો પ્રાપ્ત થયાં તેનાં આધારે નીચે પ્રમાણેનાં તારણો દર્શાવવામાં આવ્યાં છે.

**સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત તારણો**

**અધ્યયન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો**

શિક્ષકો અંગ્રેજીમાં ICT દ્વારા અધ્યાપન કરાવતાં નથી.

શિક્ષક માર્ગદર્શિકાનો વધુ ઉપયોગ કરી અધ્યાપન કરાવે છે.

- અંગ્રેજીમાં શુદ્ધ ઉચ્ચારણ કરવું મુશ્કેલ બને છે.

શિક્ષક વિવિધ ચિત્રો અને ચાર્ટ દ્વારા શીખવતા નથી.

**અભ્યાસક્રમ સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો**

અંગ્રેજીના અભ્યાસક્રમમાં પ્રવૃત્તિઓ ઘણી ઓછી છે.

અંગ્રેજીનો અભ્યાસક્રમ ખૂબ જ લાંબો છે. અંગ્રેજીના અભ્યાસક્રમમાં માત્ર વર્ગખંડની જ પ્રવૃત્તિઓ છે.

વ્યાકરણ સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

અંગ્રેજીમાં શબ્દભંડોળ ઓછું હોવાથી વ્યાકરણમાં મુશ્કેલી અનુભવાય છે.

અંગ્રેજી વ્યાકરણમાં નિયમો વધુ હોવાથી વ્યાકરણ નીરસ લાગે છે.

ગૃહકાર્ય સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

ગૃહકાર્યમાં માત્ર પાઠ્યપુસ્તકની જ પ્રવૃત્તિઓ આપવામાં આવે છે.

ગૃહકાર્યમાં માત્ર લેખન કૌશલ્યને લગતી જ પ્રવૃત્તિઓ આપવામાં આવે છે.

સમયના અભાવે ગૃહકાર્ય માર્ગદર્શિકામાંથી ઉતારવું પડે છે.

ગૃહકાર્યમાં વિવિધ પ્રવૃત્તિઓ આપવામાં આવતી નથી.

મૂલ્યાંકન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

અંગ્રેજીના પ્રશ્નપત્રમાં જોડણીની ભૂલોને કારણે વધુ ગુણ કપાય છે.

અંગ્રેજીમાં લેખિત રીતે જ મૂલ્યાંકન કરવામાં આવે છે.

અંગ્રેજીમાં સૂચના સમજવી કઠિન પડે છે.

. અંગ્રેજીનું પ્રશ્નપત્ર ખૂબ જ લાંબુ હોય છે.

સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત શિક્ષકોના પ્રતિચારોને આધારે પ્રાપ્ત તારણો

અધ્યાપન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન કૌશલ્યમાં કચાશ જોવા મળે છે.

વિદ્યાર્થીઓ અસરકારક રીતે પ્રત્યાયન કરી શકતા નથી.

- વિદ્યાર્થીઓની અંગ્રેજી લેખન કૌશલ્યમાં કચાશ જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં સૂચના સમજી શકતા નથી.

ICT અંગેનું જ્ઞાન ન હોવાથી ICT નો ઉપયોગ કરી શકાતો નથી.

અભ્યાસક્રમ સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

અભ્યાસક્રમ નિયમિત સમયમાં પૂરો કરવાનો હોવાથી વિદ્યાર્થીઓને પૂરી સમજ આપી શકાતી નથી.

અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓ માત્ર વર્ગખંડ પૂરતી જ મર્યાદિત છે.

વ્યાકરણ સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

- વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણ શીખવવામાં સમય વધુ જાય છે.
- વિદ્યાર્થીઓની વાંચન અને લેખન કૌશલ્યમાં કચાશ હોવાથી વ્યાકરણ શીખવવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડે છે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં કાળ સમજવામાં ઘણી ભૂલો કરે છે.
- વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણ ખૂબ જ કઠિન લાગે છે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજી વ્યાકરણને પૂરતું મહત્વ આપતા નથી.

વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણ કંટાળાજનક લાગે છે.

- અપૂરતા સમયને કારણે વ્યાકરણના એકમને યોગ્ય ન્યાય આપી શકાતો નથી.

પાઠ્યપુસ્તક સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

- પાઠ્યપુસ્તકમાં ચિત્રાત્મક રજૂઆતો ખૂબ ઓછી છે.

ભાષા-કૌશલ્ય સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

વિદ્યાર્થીઓનું અંગ્રેજી શબ્દભંડોળ ખૂબ જ ઓછું છે.

વિદ્યાર્થીઓ અંગ્રેજી શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરી શકતા નથી.

વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષાનું પાયાનું જ્ઞાન ખૂબ જ નબળું છે.

વિદ્યાર્થીઓ અંગ્રેજી વાંચન અને લેખનમાં ભૂલો કરે છે.

વિદ્યાર્થીઓની અંગ્રેજી ઉચ્ચારણમાં માતૃભાષાની અસર થતી જોવા મળે છે.

વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ જોવા મળતું નથી.

સમયના અભાવે ICT અને TLM નો ઉપયોગ કરી શકાતો નથી.

વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાને વધુ મહત્વ આપતા નથી.

મૂલ્યાંકન સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

- વિદ્યાર્થીઓના વ્યાકરણ વિભાગમાં વધુ ગુણ કપાય છે.
- મોટાભાગના વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં ખૂબ જ ઓછા ગુણ પ્રાપ્ત કરી શકે છે.

  સમયના અભાવે દરેક વિદ્યાર્થીઓનું એકસરખી પદ્ધતિથી મૂલ્યાંકન કરવું પડે છે.
- સમયના અભાવે વર્ગના નબળા વિદ્યાર્થીઓને અલગ પાડી વધુ ઉપચારકાર્ય થઇ શકતું નથી.
- વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર પૂર્ણ કરી શકતા નથી.

મૂલ્યાંકન બાદ પુનઃ અધ્યાપન કાર્ય હાથ ધરી શકાતું નથી

- વિદ્યાર્થીઓના સતત મૂલ્યાંકન માટે સમય ઓછો પડે છે.
- અધ્યાપન દરમિયાન સતત રીતે મૂલ્યાંકન કરી શકાતું નથી.

. સંદર્ભ-સાહિત્ય સંબંધિત સમસ્યા અંગે પ્રાપ્ત તારણો

ટેકનોલોજીનાં શિક્ષણનાં અભાવે અંગ્રેજી શિક્ષણમાં ઓનલાઈન સંદર્ભ-સાહિત્યનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડે છે.

**મુક્ત જવાબી પ્રશ્નોના આધારે પ્રાપ્ત તારણો**

૧. તમને અંગ્રેજી શિક્ષણમાં અધ્યાપન સંબંધિત સમસ્યા અનુભવાય છે?કઈ-કઈ?

- પ્રસ્તુત પ્રશ્ન સંદર્ભમાં મળેલ માહિતી પરથી આ તારણો ફલિત થાય છે.
- વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શિક્ષણ સંદર્ભે પાયાના જ્ઞાનનો અભાવ જોવા મળે છે.
- વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વાંચન,લેખન અને વ્યાકરણની સમસ્યા જોવા મળે છે.
- વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં સૂચના સમજી શકતા નથી.
- સમયના અભાવની સમસ્યા રહે છે

વિદ્યાર્થીઓમાં માતૃભાષાનો પ્રભાવ જોવા મળે છે.

વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં અભિરુચિ ધરાવતા નથી.

વર્ગમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યાને કારણે કેટલીક સમસ્યા ઉભી થાય છે.

વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળ ઓછું જોવા મળે છે.

- કેટલાક વિદ્યાર્થીઓને અંગ્રેજીનો હાવ રહે છે.

* વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં પ્રત્યાયન કરી શકતા નથી.

૨. અંગ્રેજી શિક્ષણમાં વિદ્યાર્થીઓ અધ્યયન સંબંધિત કઈ-કઈ સમસ્યાઓ અનુભવે છે?

* વિદ્યાર્થીઓને LSRW Skill ની સમસ્યા અનુભવાય છે.

- વિદ્યાર્થીઓમાં સમજણનો અભાવ જોવા મળે છે. વિદ્યાર્થીઓ વ્યાકરણમાં મુશ્કેલી અનુભવે છે
- વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાનો ડર અનુભવે છે.

વિદ્યાર્થીઓનું અંગ્રેજી શબ્દભંડોળ ઓછું હોવાના કારણે તેમને સમસ્યા અનુભવાયછે.

વિદ્યાર્થીઓને માતૃભાષાની અસરને કારણે અંગ્રેજીમાં સમસ્યા અનુભવાય છે.

3. તમે અંગ્રેજી શિક્ષણ સંબંધિત વહીવટી સમસ્યા અનુભવો છો?કઈ-કઈ?

અંગ્રેજીના સંદર્ભ-પુસ્તકોનો અભાવ રહે છે.

અંગ્રેજી દ્રશ્ય-શ્રાવ્ય સાધનોનો અભાવ વર્તાય છે.

slow learaner માટે અલગ વર્ગખંડની સુવિધાનો અભાવ રહે છે,અન્ય પરિક્ષાલક્ષીકાર્ય વધુ હોય છે.

- વર્ગખંડ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાને કારણે યોગ્ય ન્યાય આપી શકાતો નથી.

શાળામાં ઈન્ટરનેટની સમસ્યા અનુભવાય છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનનાં અંતે પ્રાપ્ત થયેલા તારણોને આધારે સંશોધકે અંગ્રેજી શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા અર્થે નોંધપાત્ર શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. વિદ્યાર્થીઓનું અધ્યયન અસરકારક બની રહે તે માટે અંગ્રેજીના શિક્ષકોએ ICT દ્વારા અધ્યાપન કરાવવું જોઈએ.

૨. શિક્ષકોએ અંગ્રેજીના અધ્યાપનમાં વિવિધ ચિત્રો અને ચાર્ટનો ઉપયોગ કરવો જોઈએ.

3. અંગ્રેજી અભ્યાસક્રમમાં વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ થાય એ બાબતની અભ્યાસક્રમ રચના સમયે ધ્યાન રાખવું જોઈએ.

૪. શિક્ષકોએ વિદ્યાર્થીઓનું અંગ્રેજી શબ્દભંડોળ સમૃદ્ધ બને તે માટેના પ્રયાસો કરવા જોઈએ.

૫. વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગૃહકાર્ય કરી શકે એ પ્રકારનું ગૃહકાર્ય તેમને આપવું જોઈએ.

૬. શિક્ષકોએ વિદ્યાર્થીઓને સાચી જોડણી માટેની વિવિધ પ્રેક્ટીસ કરાવવી જોઈએ.

૭. શિક્ષકોએ વિદ્યાર્થીઓને અંગ્રેજી વાંચન,લેખન અને પ્રત્યાયન માટેની પ્રેક્ટીસ કરાવી

એમની કચાશ દૂર થાય એ માટેના પ્રયત્ન કરવા જોઈએ.

૮. અંગ્રેજી અભ્યાસક્રમ માટે શિક્ષકોએ અન્ય રીતે વધુ સમય ફાળવી વિદ્યાર્થીઓને ઉંડાણપૂર્વકની સમજ આપવી જોઈએ.

૯. વિદ્યાર્થીઓને અંગ્રેજી વ્યાકરણ ઓછા સમયમાં સરળતાથી શીખવી શકાય એ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ અને વિવિધ ઉદાહરણો શિક્ષકોએ પૂરા પાડવા જોઈએ.

૧૦. અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં ચિત્રાત્મક રજુઆતો યોગ્ય હોય એ માટે અભ્યાસક્રમ રચતા સમયે ધ્યાન રાખવું જોઈએ.

૧૧.વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી શકે એ માટેના પ્રયત્નો વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા થવા જોઈએ.

૧૨. વિદ્યાર્થીઓ વ્યાકારણમાં સારા ગુણ પ્રાપ્ત કરી શકે તે માટે તેમને વ્યાકરણની ઉંડાણપૂર્વક સમજણ આપવી જોઈએ.

૧૩. શિક્ષકો અંગ્રેજીમાં ઓનલાઈન સંદર્ભ-સાહિત્યના ઉપયોગ અંગે જ્ઞાન મેળવી શકે તે માટે તાલીમનું આયોજન કરવું જોઈએ.

૧૪. શિક્ષકો દરેક વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય આપી શકે તે માટે વર્ગખંડ દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા યોગ્ય રાખવી જોઈએ.

૧૫. વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયનો ડર દૂર થાય એ માટેના પ્રયત્નો શિક્ષકોએ કરવા જોઈએ.

૧૬. શિક્ષકોને અન્ય પરિક્ષાલક્ષીકાર્ય ઓછા આપવા જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંસોધનનાં ઉપલક્ષ્યમાં સંશોધકે ભાવિ સંશોધનનાં ક્ષેત્રો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

૧. નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ.

૨. જલાલપોર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી વિષયની અધ્યયન-અધ્યાપન સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

3. નવસારી તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી વ્યાકરણ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

૪. ગણદેવી તાલુકાના માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અંગ્રેજી શિક્ષણ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

૫. ચીખલી તાલુકાની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓનો અભ્યાસ.

૬. જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની પ્રવર્તમાન પરીસ્થિતિનો અભ્યાસ.

૭. નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણનો સમિક્ષાત્મક અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધનનો સારાંશ,તારણો,શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધનનાં ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો હતો.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણનું મહત્વ દિન-પ્રતિદિન વધી રહ્યું છે અને અંગ્રેજી શિક્ષણનું મહત્વ પણ વધતું જાય છે. અંગ્રેજીએ વેપાર અને ઉદ્યોગની ભાષા છે. અંગ્રેજી આપણને વિશ્વભરમાં મુક્તપણે વાતચીત કરવામાં મદદ કરે છે. અંગ્રેજી સાહિત્ય સંશાધનોથી ભરપૂર છે. શાળાઓ અને કોલેજોમાં અંગ્રેજીને એક વિષય તરીકે શીખવવામાં આવે છે. તેથી શાળાઓ અને કોલેજોમાં અંગ્રેજી શિક્ષણ સંબંધિત કેટલીક સમસ્યાઓ પણ સર્જાય છે. આ સમસ્યાઓના સંદર્ભમાં સંશોધન હાથ ધરવામાં આવે તો યોગ્ય ઉકેલ પ્રાપ્ત થઈ શકે છે. તેથી પ્રસ્તુત સંશોધન જલાલપોર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી શિક્ષણની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરતો અભ્યાસ સંશોધક દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. આ અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો કેળવણીકારો, આચાર્યો, અંગ્રેજી વિષયના શિક્ષકોને તેમજ અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા સંશોધકોને ઉપયોગી નીવડશે તો સંશોધકનો પ્રયાસ સાચા અર્થમાં યોગ્ય ગણાશે.

# જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળામાં મિશન વિદ્યા કાર્યક્રમની અસરકારકતા

ટંડેલ છાયા આર.

સમગ્ર સંશોધનને સરળતાથી સમજી શકાય તેમજ શું નિર્ણય મેળવી શકાય તે અંગેની વિસ્તૃત ચર્ચા સંશોધન સાર સ્વરૂપે કરવામાં આવી છે.

**સમસ્યાકથન**

જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળામાં મિશનવિદ્યા કાર્યક્રમની અસરકારકતા. જેમાં શિક્ષકોના અને આચાર્યોના અનુભવો તથા વિચારો દ્વારા કાર્યક્રમની અસરકારકતા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમજ મિશન વિદ્યા કાર્યક્રમ દ્વારા પ્રિય વિદ્યાર્થીઓના વાંચન, લેખન અને ગણનમાં કેટલો સુધારો જોવા મળ્યો તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચે દર્શાવેલ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવાનું સંશોધકે નિર્ધારિત કરેલ છે.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમના બાળકોનું વાંચનનું મૂલ્યાંકન કરવું.

1. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમના બાળકોનું લેખનનું મૂલ્યાંકન કરવું.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમના બાળકોનું ગણનનું મૂલ્યાંકન કરવું.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા અંગે આચાર્યોના મંતવ્યોનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યાની મૂલ્યાંકન પ્રક્રિયા અંગે આચાર્યોના મંતવ્યો જાણવા.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમની સફળતા અંગે આચાર્યોના મંતવ્યો જાણવા.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા અંગે શિક્ષકોના મંતવ્યોનો અભ્યાસ કરવો.

જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમની મૂલ્યાંકન પ્રક્રિયા અંગે શિક્ષકોના મંતવ્યો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

સંશોધનના હેતુઓને આધારે સંશોધકે નીચેના પ્રશ્નોના ઉત્તર મેળવવાનું નિર્ધારિત કર્યું હતું.

I. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમના બાળકોનું વાંચન કેવું છે?

II. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમના બાળકોનું લેખન કેવું છે?

. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમના બાળકોનું ગણન કેવું છે?

V.જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા અંગે આચાર્યોના મંતવ્યો કેવા છે?

V. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યાની મૂલ્યાંકન પ્રક્રિયા આચાર્યોના મત મુજબ કેવી છે?

VI. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમની સફળતા અંગે આચાર્યોના મંતવ્યો કેવા છે?

VII. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા અંગે શિક્ષકોના મંતવ્યો કેવા છે?

VIII. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમની મૂલ્યાંકન પ્રક્રિયા અંગે શિક્ષકોના મંતવ્યો મુજબ કેવી છે?

### સંશોધનનું મહત્વ

કોઈપણ કાર્ય હાથ ધરવામાં આવે ત્યારે તે ઉપયોગી થશે ? એ પ્રશ્નના ઉત્તર સંશોધનના મહત્વમાં બતાવ્યો છે.જો સંશોધન મહત્વપૂર્ણ ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી. પ્રસ્તુત સંશોધન દ્વારા મિશન વિદ્યા કાર્યક્રમના ફાયદાઓ અને મર્યાદાઓ જાણવા સહાયરૂપ બનશે જેથી આ સંશોધન અગાઉના સમયમાં આ કાર્યક્રમની મર્યાદા દૂર કરવા માટે ઉપયોગી બનશે. આ કાર્યક્રમ અંગેના શાળાના આચાર્યો અને શિક્ષકોના મંતવ્યો જાણી શકાશે જેથી મિશન વિદ્યા કાર્યક્રમને લગતી આચાર્યો અને શિક્ષકોને પડતી મુશ્કેલીઓ વિશે જાણવા ઉપયોગી બનશે જેથી ભવિષ્યમાં તાલીમનું આયોજન કરી સમસ્યાઓનું નિરાકરણ લાવવા સહાયરૂપ બનશે.

### સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિ એ હાથ ધરવામાં આવ્યું હતું.

### સંશોધનનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મિશનવિદ્યા કાર્યક્રમની અસરકારકતા એ વિષય પર અભ્યાસ હાથ ધર્યો છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાની કુલ ૯૭ પ્રાથમિક શાળાઓ આવેલી છે. જલાલપોર તાલુકામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓના આચાર્યો, ધોરણ ૬ થી ૮ના શિક્ષકો તથા પ્રિય વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બનશે.

### નમૂના પસંદગીની રીત

જલાલપોર તાલુકાની ૯૭ પ્રાથમિક શાળાઓ પૈકી ૪૦% મુજબ ૩૧ શાળાઓ પસંદ કરવામાં આવી છે. આ ૩૧ શાળાઓની પસંદગી યાદચ્છિક રીતે ચિઠ્ઠી ઉપાડ પધ્ધતિ દ્વારા કરવામાં આવી છે. ૩૧ શાળાઓના ૮૭ શિક્ષકો અને ૩૧ આચાર્યો પાસેથી માહિતી લેવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં વાંચન, લેખન અને ગણન સંદર્ભે મિશન વિદ્યા કાર્યક્રમની અસરકારકતા જાણવા માટે જલાલપોર તાલુકાના તમામ પ્રિય વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રિય વિદ્યાર્થીઓનું વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો. જલાલપોર તાલુકાના ૩૭૭૬ પ્રિય વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતા.

### સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં મિશનવિદ્યા કાર્યક્રમની અસરકારક્તા જાણવા માટે શિક્ષકો અને આચાર્યો માટે ઉપકરણની રચના કરી હતી.સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકો પાસેથી માહિતી મેળવવા માટે અભિપ્રાયાવલિની રચના કરી હતી. આચાર્ય પાસેથી માહિતી મેળવવા માટે સાક્ષ્યપત્રકની રચના કરવામાં આવી હતી.

### માહિતી એકત્રીકરણ

મિશન વિદ્યા કાર્યક્રમના ૪૧, ૪૨, ૪૩, ૪૪ અને ૪૫ માં ૦ થી ૫ ગુણ ધરાવતા પ્રિય વિદ્યાર્થીઓની સંખ્યા જલાલપોર તાલુકાનાં બી.આર.સી. ભવન પરથી મેળવવામાં આવી હતી. નમૂનામાં પસંદ કરવામાં આવેલ ૩૧ શાળાઓમાં જઈ આચાર્યની પરવાનગી દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો પાસે અભિપ્રાયાવલિ ભરાવવામાં આવી હતી તથા આચાર્યને સાક્ષ્યપત્રકના પ્રશ્નો પૂછી સંશોધકે ઉત્તરો નોંધ્યા હતા.

### માહિતીનું પૃથક્કરણ

પ્રિય વિદ્યાર્થીઓના વાંચન, લેખન, ગણનની અસરકારકતા જાણવા માટે ટકાવારીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધકે માહિતી એકત્રીકરણ માટે શિક્ષકો માટે અભિપ્રાયાવલિની રચના કરી હતી. શિક્ષકોએ પંચબિંદુ આધારિત અભિપ્રાયાવલિમાં પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા. આ માહિતી માટે કાઈ વર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આચાર્યો પાસેથી સાક્ષ્યપત્રક દ્વારા પૃથક્કરણનો ઉપયોગ કરી

અર્થઘટન કરવામાં આવ્યું હતું. મળેલ માહિતી માટે ગુણાત્મક

**અભ્યાસના તારણો**

કોઈપણ કાર્ય નિશ્ચિત હેતુથી જ કરતા હોઈએ છીએ. કાર્ય પૂર્ણ થયા પછી હેતુ સિદ્ધ થયો છે કે નહિ તે સમગ્ર કાર્યના તારણો દ્વારા જ જાણી શકાય. આમ, મિશન વિદ્યા કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ કરતાં મળતા પરિણામોનું અર્થઘટન કરતાં કેટલાક મુખ્ય તારણો સ્પષ્ટ કરવામાં આવ્યા હતા.

પ્રિય વિદ્યાર્થીઓનું વાંચન સંદર્ભેનું તારણ

જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમમાં વાંચનમાં પ્રિય વિદ્યાર્થીઓની અસરકારક્તા સંદર્ભે જણાય છે કે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૪૧.૮૬% પ્રિય વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૫૮.૧૪% વિદ્યાર્થીઓના વાંચનમા સુધારો જોવા મળ્યો ન હતો.

પ્રિય વિદ્યાર્થીઓનું લેખન સંદર્ભેનું તારણ

જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમમાં લેખનમાં પ્રિય વિદ્યાર્થીઓની અસરકારક્તા સંદર્ભે જણાય છે કે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૨૮.૭૩% પ્રિય વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૭૧.૨૬% વિદ્યાર્થીઓના લેખનમાં સુધારો જોવા મળ્યો ન હતો.

પ્રિય વિદ્યાર્થીઓનું ગણન સંદર્ભેનું તારણ

જલાલપોર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં મિશન વિદ્યા કાર્યક્રમમાં ગણનમાં પ્રિય વિદ્યાર્થીઓની અસરકારક્તા સંદર્ભે જણાય છે કે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૫૩.૬૪% પ્રિય વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ઉપચારાત્મક કાર્ય થયા પછી ૪૬,૩૬% વિદ્યાર્થીઓના ગણનમા સુધારો જોવા મળ્યો ન હતો.

શિક્ષકો સબંધિત તારણો

અભિપ્રાયાવલિ પર મળેલ અભિપ્રાયોને આધારે પ્રાપ્ત થયેલ મુખ્ય તારણો નીચે મુજબ છે.

મિશન વિદ્યા કાર્યક્રમ અંગેના તારણો

૧. પ્રિય વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવતું હતું.

૨. મિશન વિદ્યા અંતર્ગત આપવામાં આવેલાં સૂચનનો અમલ થતો હતો.

3. ગણન, વાંચન અને લેખનમાં બાળકોને નડતી સમસ્યા વિશે ચોક્કસ રીતે જાણી શકાયું હતું.

૪. મિશન વિદ્યા કાર્યક્રમ માટે આચાર્યનો સહકાર મળ્યો હતો.

૫. ઉપચારાત્મક કાર્ય માટે ટી.એલ.એમનો ઉપયોગ થયો હતો.

૭. પ્રિય વિદ્યાર્થીઓના વાલીઓને તેમની પ્રગતિની જાણ કરવામાં આવતી હતી.

પ્રિય વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓનો સહકાર મળી રહ્યો હતો.

૯. મિશન વિદ્યા કાર્યક્રમ માટે અન્ય શિક્ષકોનો સહકાર મળ્યો હતો.

૯. પ્રિય વિદ્યાર્થીઓના વાલીઓ સાથે સંપર્ક સાધવામાં આવ્યો હતો.

૧૦. પ્રિય વિદ્યાર્થીઓને જરૂરી સહકાર મળી રહ્યો હતો.

૧૧. મિશન વિદ્યા કાર્યક્રમ માટેનું યોગ્ય માર્ગદર્શન મળ્યું હતું.

મિશન વિદ્યા એ ગુજરાતની તમામ શાળાઓ માટે અનમોલ હતું.

૧૩. મિશન વિદ્યા કાર્યક્રમથી બાળકોના પ્રશ્નોથી શિક્ષકો વાકેફ થયા હતા.

૧૪. મિશન વિદ્યા કાર્યક્રમના કારણે શાળાની ગુણવત્તામાં વધારો થયો હતો.

૧૫. મિશન વિદ્યાથી પ્રિય વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો હતો.

૧૬. મિશન વિદ્યા કાર્યક્રમની વિષયવસ્તુ સામગ્રી યોગ્ય ગુણવત્તાવાળી હતી.

૧૭.મિશન વિદ્યા કાર્યક્રમથી બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતતા આવી હતી.

મિશન વિદ્યા કાર્યક્રમથી હોશિયાર વિદ્યાર્થીઓને અન્યાય થયો હતો.

મિશન વિદ્યા કાર્યક્રમથી કાર્યબોજ વધ્યો હતો.

મિશન વિદ્યા કાર્યક્રમ માટે ટી.એલ.એમ. બનાવવા શિક્ષકોને યોગ્ય નાણાંકીય સહાય આપવામાં આવી ન હતી.

મૂલ્યાંકન પ્રક્રિયા અંગેના તારણો

૧. વિદ્યાર્થીઓના પ્રત્યેક ઉપચારાત્મક કાર્ય પછી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

૨. X૧, X૨, X૩, X૪ દરમિયાન સમયાંતરે યોગ્ય રીતે મૂલ્યાંકન થતું હતું.

3. પ્રિય વિદ્યાર્થીઓના ઉપચાર પછી પ્રગતિની નોંધ નિયમિત કરવામાં આવી હતી.

૫ પ્રિય વિદ્યાર્થીઓના ઉપચારાત્મક કાર્યનું દૈનિક મૂલ્યાંકન કરવામાં આવતું હતું.

પ્રિય વિદ્યાર્થીઓના મૂલ્યાંકનના રેકોર્ડ સંગ્રહિત કરવામાં આવ્યા હતા.

આચાર્યશ્રી દ્વારા પ્રિય વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવતું હતું.

૭. પ્રિય વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે સી.આર.સી.કો-ઓર્ડીનેટર નિયત સમયે આવતા હતા.

૮. પ્રિય વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં સમયે-સમયે પરિવર્તન જોવા મળ્યું હતું.

૯. પ્રિય વિદ્યાર્થીઓને તેમના મૂલ્યાંકનની જાણ કરવામાં આવતી હતી.

૧૦. વિદ્યાર્થીઓના મૂલ્યાંકન કરવા માટે કસોટીઓ વર્ગ શિક્ષક તૈયાર કરતા હતા.

૧૧. પ્રિય વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની જાણ તેમના વાલીઓને કરવામાં આવતી હતી.

૧૨. મિશન વિદ્યા કાર્યક્રમ X૫ નું મૂલ્યાંકન યોગ્ય રીતે થયું હતું.

૧૩. વિદ્યાર્થીઓને તેમના નબળા દેખાવ બદલ ઠપકો આપવામાં આવતો ન હતો.

૧૪. મૂલ્યાંકન થયા પછી પ્રિય વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં તફાવત જોવા મળ્યો હતો.

૧૫. પ્રિય વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે વિવિધ મૂલ્યાંકન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**આચાર્યો સંબંધિત તારણો**

સાક્ષ્યપત્રકના આધાર પર પ્રાપ્ત થયેલા તારણો નીચે મુજબ હતા.

૧. પ્રિય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સારો કાર્યક્રમ હતો.

૨. પ્રિય વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્ય કરી સુધારાઓ કરી શક્યા હતા.

3. શિક્ષકો તરફથી સહકાર ભર્યું અને હકારાત્મક પ્રતિભાવો મળ્યા હતા.

૪. બાળકોના હિત માટે કાર્ય કરવામાં આવ્યું હતું.

૫. બાળકોની કચાસને દૂર કરવા પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

૬. આયોજન અને માર્ગદર્શન કરવામાં આચાર્યશ્રીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

૭. પ્રિય બાળકોની પ્રગતિ પર ધ્યાન આપવામાં આવ્યું હતું.

૮. નિયત સમયે મૂલયાંકન થતું રહ્યું હતું.

૯. બાહ્ય મૂલ્યાંકનમાં સંતોષ મળ્યો ન હતો.

૧૦. એક જ દાખલાના આધારે તટસ્થ મૂલ્યાંકન થયું એમ કહી શકાતું નથી એમ જાણવા મળ્યું હતું

૧૧. અન્ય વિદ્યાર્થીઓએ પ્રિય વિદ્યાર્થીઓને પૂરો સહકાર આપ્યો હતો.

૧૨. હોશિયાર વિદ્યાર્થીઓને અન્યાય થયો હતો.

૧૩. જરૂરિયાત મુજબના શૈક્ષણિક સાધનો તૈયાર કરાયા હતા.

૧૪. શૈક્ષણિક સાધનો શિક્ષકોએ પણ બનાવ્યા હતા.

૧૫. પ્રિય વિદ્યાર્થીઓ માટે અલગ વર્ગખંડની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧૬. સંદર્ભ સાહિત્યનો અભાવ જણાયો હતો.

૧૭.બાળકોના વાંચન, લેખન, ગણનમાં સુધારો જોવા

મળ્યો હતો.

૧૮. બાળકો નિયમિત થયા હતા.

૧૯. બાળકોની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો હતો.

સી.આર.સી.કો-ઓર્ડીનેટર તરફથી શિક્ષકને જરૂરી સૂચનો અને માર્ગદર્શન મળી રહેતું હતું.

૨૧. બાળકોની વાંચન, લેખન, ગણન ની સમસ્યાઓને દૂર કરી શકાય હતી.

પ્રિય વિદ્યાર્થીઓમાં નબળા હોવાની લઘુતાગ્રંથિ દૂર કરી શકાય હતી.

પ્રિય વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપી શકાયું હતું.

બાળકોની અનિયમિતતાને કારણે સમસ્યાઓ ઉદભવી હતી. કાર્યક્રમનો સમય યોગ્ય જણાયો ન હતો.

૨૬ નિશ્ચિત સમય પત્રકના સ્થાને ત્રણ કલાક ઉપચારાત્મક કાર્ય કરવા માટે શિક્ષકોને મુક્ત રાખવાની જરૂર હતી.

૨૭. દૈનિક શિક્ષણ કાર્ય અને અભ્યાસક્રમ પૂર્ણ કરવા બાબતે સમસ્યાઓ સર્જાઈ હતી.

૨૮. વાલીઓમાં સમજણ શક્તિનો અભાવ જણાયો હતો.

૨૯. બેરોજગારને વેતન આપી આ કાર્યક્રમમાં સાંકળવાથી વધુ ફાયદાકારક બની શક્યો હોત,એવું જણાવ્યું હતું

૩૦. પ્રિય વિદ્યાર્થીઓના ઉપચાર કરવા બાબતે શિક્ષકને સ્વતંત્રતા હોવી જોઈતી હતી.

૩૧. પ્રિય બાળક રહેવા માટે અન્ય કારણો પણ જવાબદાર હોઈ શકે તે બાબતો પર પણ ધ્યાન આપવું જરૂરી હતું.

૩૨. હોશિયાર વિદ્યાર્થીઓના અભ્યાસને અસર થઇ હતી.

૩૩. ગુણોત્સવના મોડ્યુલનો વિષયવસ્તુ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૩૪.મિશન વિદ્યા કાર્યક્રમથી પ્રિય વિદ્યાર્થીઓમાં સુધારો જોવા મળ્યો હતો.

૩૫. મિશન વિદ્યા કાર્યક્રમનો હેતુ મહદઅંશે સિદ્ધ થયો હતો.

કાર્યક્રમ ચાલુ રાખવામાં આવે તો હોશિયાર વિદ્યાર્થીઓ માટે પણ યોગ્ય નિર્ણય લેવો જરૂરી બને, એવું જાણવા મળ્યું હતું.

૩૭. પ્રાથમિક કક્ષાએથી આ હેતુ સિદ્ધ થાય એ જરૂરી છે, એવું જણાવ્યું હતું.

૩૮. કાર્યક્રમમાં શિક્ષક પક્ષે થોડી સ્વતંત્રતા હોવી જરૂરી હતી.

ફિલ્ડના શિક્ષકો સાથે ચર્ચા કરી તેમના મંતવ્ય જાણી કાર્યક્રમનું આયોજન થવું જોઈતું હતું.

૪૦. પ્રિય વિદ્યાર્થીઓ ન રહે તે માટે કાર્યક્રમ ચાલુ રાખવો યોગ્ય છે પરંતુ હોશિયાર વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તેવી વ્યવસ્થા કરવી અનિવાર્ય હતી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણો પરથી નીચે મુજબના ફલિતાર્થો સ્પષ્ટ થાય છે.

૫.૪.૧ સરકારશ્રી માટે

પ્રાથમિક (૧ થી ૫) કક્ષાએથી જ બાળક વાંચન,લેખન,ગણન કરી 14/19 ધ્યાન રાખવું જોઈએ

ઉપચારાત્મક શિક્ષણ કાર્ય અસરકારક રીતે થઈ શકે અને વિદ્યાર્થીઓ નો રસ જળવાઈ રહે તે માટે મિશન વિદ્યા કાર્યક્રમમાં ટી.એલ.એમ. બનાવવા શિક્ષકોને નાણાંકીય સહાય પૂરી પાડવી જોઈએ.

કાર્યક્રમના આયોજનમાં ફિલ્ડના શિક્ષકોનો પણ સમાવેશ કરવો જોઈએ તથા તેમના મંતવ્યોને પણ સ્થાન આપવું જોઈએ.

અમલીકરણ સમિતિ માટે

૧. કાર્યક્રમ માટેના શૈક્ષણિક સાધનો તથા સંદર્ભ સાહિત્યને લગતી માહિતી આપવી જોઈએ.

૨. મિશન વિદ્યા કાર્યક્રમ શિક્ષકોનો કાર્યબોજ વધ્યો હતો જેનું યોગ્ય નિરાકરણ થવું જોઈએ.

3. શિક્ષકોને થતી મુશ્કેલીઓ પર ભાર આપી તેના નિવારણ માટે પણ કાર્ય કરવું જોઈએ.

૪. અન્ય વિદ્યાર્થીઓ નો સમય અને શક્તિનો યોગ્ય ઉપયોગ થાય તેવું આયોજન કરવું જોઈએ.

**મોનીટરીંગ સમિતિ માટે**

૧. મિશન વિદ્યા કાર્યક્રમના કારણે અભ્યાસક્રમ સમયસર પૂર્ણ થઇ શકયો ન હતો કાર્યક્રમના આયોજન વખતે આ બાબતે પણ ધ્યાન આપવું જોઈએ.

૨. દૈનિક શિક્ષણકાર્યમાં વધુ અવરોધ ન અનુભવાય એ માટે શિક્ષકોને પોતાના સમય પર ઉપચારાત્મક શિક્ષણ કરાવી શકે એવી સ્વતંત્રતા હોય તેના પર પણ ધ્યાન આપવું જોઈએ.

3. મોનીટરીંગ સમિતિના સભ્યોએ કાર્યક્રમ દરમિયાન નિયત સમયે મૂલ્યાંકન કરવું જોઈએ.

આચાર્યો માટે

૧. આચાર્યોએ શિક્ષકોને સંપૂર્ણ સહકાર આપવો જોઈએ.

૨. આચાર્યોએ પ્રિય બાળકો અને શિક્ષકોના કાર્યનું મૂલ્યાંકન કરવું જોઈએ.

3. આચાર્યોએ સંદર્ભ સાહિત્યની વ્યવસ્થા કરવામાં મદદરૂપ થવું જોઈએ.

૪. શિક્ષકોની મુશ્કેલીઓ દૂર કરવાના પ્રયત્ન કરવા જોઈએ.

૫. કાર્યક્રમ યોગ્ય રીતે થઇ રહ્યો છે કે નહીં તેના પર ધ્યાન આપવું જોઈએ.

પ્રિય બાળકો સિવાયના બાળકો માટે અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. અન્ય બાળકોના સમયનો યોગ્ય ઉપયોગ થાય એ પ્રકારનું આયોજન કરવું જોઈએ.

૯. પ્રિય વિદ્યાર્થીઓમાં ઉપચારાત્મક કાર્ય સફળતાપૂર્વક થાય છે તેની તકેદારી રાખવી જોઈએ.

૯. આચાર્યોએ પ્રિય બાળકોની પ્રગતિ પર ધ્યાન આપવું જોઈએ.

૧૦. આચાર્ય દ્વારા જરૂરિયાત અનુસાર શૈક્ષણિક સાધનોની રચના કરાવવી જોઈએ.

૧૧. આચાર્યોએ પ્રિય વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય માટે અલગ વર્ગખંડની વ્યવસ્થા કરાવવી જોઈએ.

૧૨. આચાર્યોએ શિક્ષકોને શૈક્ષણિક સાધનો અને સંદર્ભ સાહિત્ય પૂરા પાડવા જોઈએ.

૧૩. પ્રિય વિદ્યાર્થી નિયમિત રહે એવા પ્રયત્નો કરવા જોઈએ

. શિક્ષકો માટે

૧. પ્રિય વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપવું જોઈએ.

૨. કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવેલા સૂચનનો યોગ્ય અમલ કરવો જોઈએ.

3.બાળકોને નડતી ચોક્કસ સમસ્યા વિશે જાણવું જોઈએ.

૪. ઉપચારાત્મક કાર્ય માટે ટી.એલ.એમ.નો ઉપયોગ કરવો જોઈએ.

૫. પ્રિય વિદ્યાર્થીઓની માહિતી તેમના વાલીઓ પાસેથી પણ મેળવવી જોઈએ.

પ્રિય વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સહકાર આપવો જોઈએ.

૭. પ્રિય વિદ્યાર્થીઓની વાંચન, લેખન, ગણનની સમસ્યાઓ દૂર કરવાના પ્રયાસ કરવું જોઈએ.

૮. પ્રિય વિદ્યાર્થીઓ માટે યોગ્ય ગુણવત્તાવાળી વિષયવસ્તુનો ઉપયોગ કરવો જોઈએ.

૯. પ્રિય વિદ્યાર્થીઓના પ્રત્યેક ઉપચારાત્મક કાર્ય પછી મૂલ્યાંકન કરવું જોઈએ.

૧૦. પ્રિય વિદ્યાર્થીઓની પ્રગતિની નોંધ નિયમિત કરવી જોઈએ.

પ્રિય વિદ્યાર્થીઓના પ્રત્યેક મૂલ્યાંકનની જાણ તેમને કરવી જોઈએ.

૧૨. પ્રિય વિદ્યાર્થીઓની પ્રગતિની જાણ તેમના વાલીઓને પણ કરવી જોઈએ.

૧૩. પ્રિય વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ મૂલ્યાંકન પ્રવિધિઓ ઉપયોગ થવો જોઈએ.

૧૪. પ્રિય વિદ્યાર્થીઓને ઠપકો કે સજા કરવી જોઈએ નહીં.

પ્રિય વિદ્યાર્થીઓ સાથે લાગણીભર્યો વ્યવહાર કરવો જોઈએ.

૧૬. પ્રિય વિદ્યાર્થીઓની સમસ્યાઓને શિક્ષકે સમજી તે સમસ્યાઓનું નિરાકરણ કરવું જોઈએ.

૧૭. પ્રિય વિદ્યાર્થીઓ લઘુતાગ્રંથિ ન અનુભવે તેનું ધ્યાન રાખવું જોઈએ.

વિદ્યાર્થીઓ માટે

૧. વિદ્યાર્થીઓએ નિયમિત હાજરી આપવી જોઈએ.

૨. વિદ્યાર્થીઓએ લઘુતાગ્રંથિ દૂર કરવી જોઈએ અને શીખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

3. મિશન વિદ્યા ગુજરાતની તમામ શાળાઓ માટે અનમોલ કાર્યક્રમ રહ્યો હતો જેથી વિદ્યાર્થીઓએ પણ પોતાનો રસ અને અભિરૂચિ જાળવી ઉપચારાત્મક શિક્ષણમાં ધ્યાન આપવું જોઈએ.

૪. વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રત્યે જાગૃત થવું જોઈએ.

### ભાવિ સંશોધન અંગેની ભલામણ

પ્રસ્તુત સંશોધનના આધારે હાથ ધરી શકાય તેવા કેટલાક ભાવિ સંશોધનો નીચે મુજબ છે.

૧. પ્રસ્તુત સંશોધન ઉચ્ચ પ્રાથમિક શાળા માટે હાથ ધરાયું છે જે નિમ્ન પ્રાથમિક શાળાના મિશન વિદ્યા કાર્યક્રમ પર પણ હાથ ધરી શકાય.

૨. ૪૧, X૨, X૩, ×૪ અને X૫ના મૂલ્યાંકનનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

3. પ્રિય વિદ્યાર્થીઓ રહેવાના કારણો પર અભ્યાસ હાથ ધરી શકાય.

૪. પ્રિય વિદ્યાર્થીઓના ગુણોનો સંખ્યાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૫. પ્રિય વિદ્યાર્થીઓના વાલીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય.

૬. આ પ્રકારનો અભ્યાસ જિલ્લાકક્ષાએ, રાજ્યકક્ષાએ અને તાલુકા કક્ષાએ હાથ ધરી શકાય.

૭. મિશન વિદ્યા કાર્યક્રમ દરમિયાન અન્ય વિદ્યાર્થીઓ પર અભ્યાસ હાથ ધરી શકાય.

૮. પ્રિય વિદ્યાર્થીઓની મન:સ્થિતિનો અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે મળેલ માહિતીનું પૃથક્કરણ કરી અર્થઘટન કરતા મળેલ મુખ્ય તારણોની ચર્ચા કરી અને તારણોને આધારે સૂચિતાર્થો આપવામાં આવ્યા છે. મિશન વિદ્યા કાર્યક્રમની અસરકારકતા જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરાયું હતું જેમાં શિક્ષકો અને આચાર્યોના મંતવ્યો પણ લેવામાં આવ્યા હતા. અહીં સંશોધન દ્વારા મળેલ તારણોને આધારે સૂચનો આપવામાં આવ્યા છે, જેના આધારે ભવિષ્યમાં પણ મિશન વિદ્યા કાર્યક્રમમાં સુધારાઓ કરવા અને અસરકારક બનાવવા ઉપયોગી બની રહે.

## જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની અનિયમિતતાના કારણોનો અભ્યાસ

**ટંડેલ ખુશ્બુ. ડી.**

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ સંશોધનના સારાંશમા અગાઉ જણાવ્યા મુજબ "જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની અનિયમિતતાના કારણોનો અભ્યાસ" એ વિષય પર સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓ ધ્યાનમાં રાખી કરવામાં આવ્યા હતા.

૧. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ગેરહાજર અને અનિયમિત રહેતા બાળકોની યાદી તૈયાર કરવી.

૨. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે શૈક્ષણિક કારણોનો અભ્યાસ કરવો.

૩. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે સામાજિક કારણોનો અભ્યાસ કરવો.

૪.વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે આર્થિક કારણોનો અભ્યાસ કરવો.

૫. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે કૌટુંબિક કારણોનો અભ્યાસ કરવો.

૬. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે મનોવૈજ્ઞાનિક કારણોનો અભ્યાસ કરવો.

૭. જલાલપોર તાલુકાના પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતા અંગે શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો નીચે મુજબના હતા.

૧. જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ગેરહાજર અને અનિયમિત રહેતા એવા કેવા બાળકો હોઈ શકે?

૨. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે શૈક્ષણીક કારણો કયા છે?

૩. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે સામાજિક કારણો કયા છે?

૪. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે આર્થિક કારણો કયા છે?

૫. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે કૌટુંબિક કારણો કયા છે?

૬. વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે મનોવૈજ્ઞાનિક કારણો કયા છે?

૭. જલાલપોર તાલુકાના પ્રાથમિક શાળાઓના વિધાર્થીઓની અનિયમિતતા અંગે શિક્ષકોના કેવા અભિપ્રાયો હોઈ શકે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત પ્રકરણમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અનિયમિત વિધાર્થીઓના જવાબદાર કારણો જાણવાના હોવાથી વ્યાપવિશ્વમાં જલાલપોર તાલુકાની ૯૭ શાળાઓની પસંદગી કરવામાં આવી હતી

**નમૂનો**

સમગ્ર વ્યાંપવિશ્વમાંથી નમૂના તરીકે ૩૦ પ્રાથમિક શાળાઓની પસંદગી સ્તરીકૃત સહેતુક પદ્ધતિ દ્વારા કરવામાં આવી હતી અને આ નમૂનાની શાળામાંથી ૬૭ વિધાર્થીઓને યાદ ૭૦ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ નીચેના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૧) બંધ પ્રશ્નાવલી (વિધાર્થી માટે)

(૨) અભિપ્રાયવલી (શિક્ષકો માટે )

(૩) મુક્ત જવાબી પ્રશ્નાવલી (શિક્ષકો માટે )

**૧.બંધ પ્રશ્નાવલી**

બંધ પ્રકારની પ્રશ્નાવલી દ્વારા પ્રાથમિક શાળાના અનિયમિત વિધાર્થીઓના જવાબદાર કારણો જાણવા અંગે "હા" અને "ના" માં પ્રતિચારો મેળવ્યા હતા.જેમાં ૮૬ વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૨. અભિપ્રાયાવલી**

અભિપ્રાયવલીમાં કુલ ૨૦ વિધાનોની રચના કરવામાં આવી હતી.જેમાં શિક્ષકોએ વિધાર્થીઓની અનિયમિતતાના કારણો અંગેના પ્રતિચારો આવ્યા હતા.

**૩. મુક્ત જવાબી પ્રશ્નાવલી**

મુક્ત જવાબી પ્રશ્નાવલીની રચનામાં કુલ ૯ પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.જેમાં શિક્ષકોએ વિધાર્થીઓની અનિયમિતતા સંદર્ભે કયા જવાબદાર કારણો છે એ અંગેના મુક્ત પ્રતિચારો દર્શાવ્યા હતા.

**માહિતી એકત્રીકરણની રીત**

સંશોધકે જલાલપોર તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.જેમાં શિક્ષકો પાસેથી શાળાના Hyderabad અનિયમિત બાળકોની નામની યાદી મેળવી હતી.અનિયમિત ૬૭ વિદ્યાર્થીઓ પાસેથી "હા", "ના" ના પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા.અને ૭૦ શિક્ષકો પાસેથી અભિપ્રાયો અને મુક્ત પ્રતિચારો મેળવવામાં આવ્યા હતા.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં બંધ પ્રકારની પ્રશ્નાવલીમાં આવૃત્તિ વિતરણ તૈયાર કરી તેને આધારે આવૃત્તિ અને ટકાવારીની ગણતરી કરવામાં આવી હતી.અભિપ્રાયાવલિ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરી ટકાવારી, કાઈવર્ગ મૂલ્ય, સરેરાશ ભારાંક શોધી અગ્રતાક્રમ આપવામાં આવ્યા હતા. મુક્તજવાબી પ્રશ્ન દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ કરી અર્થ ઘટનાત્મક તરેહો વિકસાવવામાં આવી હતી.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય પદ્ધત્તિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.આ વિશ્લેષણને અંતે જે પરિણામો પ્રાપ્ત થયાં તેને આધારે નીચે પ્રમાણેના તારણો પ્રાપ્ત થયાં હતાં.

➢ બંધ પ્રકારની પ્રશ્નાવલી દ્વારા વિદ્યાર્થીઓના પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા ક્રમિક તારણો

૧ શૈક્ષણિક કારણો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

શિક્ષકો ભણાવે એમાં સમજ પડતી નથી.

- શિક્ષકની ભાષા સમજાતી નથી એટલે શાળાએ આવવાનું ગમતું નથી.
- ગૃહકાર્ય કરીને ન જાય તો શિક્ષકો સજા કરે છે.
- અંગ્રેજી કે ગણિત જેવા ભારે વિષય ભણવો ન ગમતો હોવાથી શાળાએ આવવાનું ગમતું નથી.

૨ સામાજિક કારણો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

વિવિધ સામાજિક ઉત્સવોની ઉજવણી થયા કરે છે તો અભ્યાસ બગડે છે એવું લાગે છે.

- સમાજની અંધશ્રદ્ધાને કારણે માતા- પિતા વધુ અભ્યાસ માટે બહાર મોકલતા નથી.
- લગ્નપ્રસંગ કે ધાર્મિક પ્રસંગમાં જવાને કારણે શાળામાં આવતા નથી.
- ઘરનું વાતાવરણ અભ્યાસ માટે અનુકૂળ નથી.

શાળા કરતા સામાજિક પ્રસંગોમાં જવાનું ગમે છે.

વાર - તહેવારના કારણે રજા પડે છે.

૩ આર્થિક કારણો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

સ્કૂલમાં ફી ન ભરી શકવાને કારણે શાળાએ આવતા નથી.

ઘરેથી શાળાએ ચાલતું જવું પડે તો શાળાએ સમયસર પહોંચાતું નથી.

શિક્ષણ મેળવ્યા પછી પણ ઘરની સ્થિતિ સુધરશે એવી આશા રહી નથી.

ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી મજૂરી કરવા જવું પડે છે.

- ઘરમાં સભ્યોની સંખ્યા વધારે હોવાથી શિક્ષણની જરૂરિયાત પૂર્ણ થઇ શકતી નથી માટે ગેરહાજર રહે છે.
- ઘરમાં વારંવાર પૈસાની તંગી ઊભી થવાને કારણે શાળાએ આવી શકતા નથી. અભ્યાસ પછી પણ નોકરી મળશે? એવું લાગે છે માટે શાળાએ આવતા નથી.

નાણાની તંગીને કારણે વધુ અભ્યાસ કરવાનું મુશ્કેલ જણાય છે તેમજ પૂછી આવકને કારણે અભ્યાસ આદર્શની પહોંચી શકાતું નથી.

દફતર-નોટબુક માટે ઘરમાંથી પૈસા મળતા નથી તેમજ અભ્યાસને લગતી બધી સાધન-ખરીદી શકાતી નથી માટે શાળાએ આવતા નથી.

મારા વાલી તરફથી નિયમિત ખિસ્સા ખર્ચ મળતો નથી.

૪ કૌટુંબિક કારણો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

ઘરમાં વાંચન માટે યોગ્ય વાતાવરણ ઉપલબ્ધ નથી માટે શાળાએ આવવાનું ગમતું નથી.

- અંગત પ્રશ્નોની ચર્ચા કરવા માટે માતા-પિતા સમય ફાળવી શકતા નથી.
- અભ્યાસ અંગે મમ્મી- પપ્પા ને કંઈક પૂછવામાં આવે તો તેઓ ગુસ્સે થઈ જાય છે.
- મમ્મી- પપ્પા ખેતી/મજુરી માટે જાય છે તો નાના ભાઈ-બહેનોની સંભાળ રાખવી પડે છે.

૫ મનોવૈજ્ઞાનિક કારણો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

પરિણામ હંમેશા ઓછું આવતું હોવાને કારણે ભણવા માટેનો ઉત્સાહ રહેતો નથી.

- શિક્ષકે ભણાવેલું ભૂલી જવાય છે.
- નાના ભાઈ-બહેનોની ચિંતા થયા કરે છે.
- વર્ગખંડમાં મારી લાગણીઓને સમજવાનો કોઈ પ્રયત્ન કરતું નથી.
- શાળામાંથી વારંવાર તાસ છોડીને જવાનું મન થાય છે.

  શાળા કરતા ઘરે રહેવું વધારે ગમે છે.

  શિક્ષકો સામે મારાથી જવાતું નથી.
- શિક્ષકે પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપી શકાતો નથી.

અભિપ્રાયાવલી દ્વારા શિક્ષકોના પ્રાપ્ત તારણો

- બાળક ગેરહાજર રહે છે તો તેને વ્યક્તિગત બોલાવી સમજાવવામાં આવે છે.

ગેરહાજર વિદ્યાર્થીઓ માટે વાલી સંપર્ક થાય છે.

- તાસ પ્રમાણે શિક્ષણકાર્ય કરાવાય છે.

વિષયવસ્તુનું અન્ય વિષય સાથે અનુબંધ બાંધી સમજાવાય છે.

- અધ્યાપન સમયે વિષયવસ્તુ અનુરૂપ પ્રશ્નોત્તરી કરાવાય છે.
- વર્ગખંડમાં બાળકોને યોગ્ય સુદ્રઢક આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- શાળામાં યોગ્ય શિક્ષણ મળતું નથી માટે વિદ્યાર્થીઓ ગેરહાજર રહે છે.

  વિષયવસ્તુનું વાર્તાકથન કે અન્ય પદ્ધતિથી અધ્યાપન કરાવે એ વિદ્યાર્થી સમજી શકે છે.

- બાળકોના વ્યક્તિગત તફાવતો ને જોઈ શકાય છે.
- શિક્ષક ભણાવે એ વિદ્યાર્થીઓ સમજી શકે છે.
- પુસ્તકાલય ઉપલબ્ધ છે

  શાળામાં પ્રયોગશાળાની સગવડ છે.

  શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે એ વિદ્યાર્થીને ગમતું નથી.

  શાળામાં વિદ્યાર્થીઓને ગૃહકાર્ય વધુ આપવામાં આવે છે. વધુ ગૃહકાર્યને કારણે વિદ્યાર્થીઓ અનિયમિત છે.

- વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવું ગમતું નથી.
- વિદ્યાર્થીઓ ટ્યુશન ક્લાસમાં જાય છે માટે તેઓ અનિયમિત છે.
- શિક્ષણકાર્ય સમયે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનો ઉપયોગ કરવામાં આવતો નથી.
- બાળકોને શિક્ષણ પદ્ધતિ અનુકૂળ લાગતી નથી.
- એકમ કસોટી લેવામાં આવે છે માટે તેઓ શાળાએ આવતા નથી. વિદ્યાર્થીઓની સમસ્યાઓ નિવારી શકે છે.

  મુક્ત જવાબી પ્રશ્નાવલી ને આધારે શિક્ષકોના પ્રાપ્ત તારણો

૧. શાળામાં અનિયમિત વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ

- વાંચનમાં નબળા હોવાથી અભ્યાસમાં નબળા જેથી નિયમિત

શિક્ષણ પ્રત્યે નિરસ વલણ શીખવાની ધીમી ગતિ જેથી લઘુતાગ્રંથિ અનુભવે

* શિક્ષણ પ્રત્યેનો માતાપિતાનો અસહકાર

- ગૃહકાર્ય ન ગમતું હોવાથી શિક્ષકની પ્રાદેશિકતાને કારણે વિદ્યાર્થી સમજી શકતું નથી

ગણિત-અંગ્રેજી જેવા વિષયો ભારે લાગતા હોવાથી

અભ્યાસ માટે ઘરનું યોગ્ય વાતાવરણ

શાળામાં આવતા શૈક્ષણિક સાધનોને કારણે

વિષયવસ્તુનું પૂર્વજ્ઞાન ન હોવાના કારણે

- આર્થિક પરિસ્થિતિને કારણે શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા હું ફળિયા કે મિત્રવર્તુળની અસર
- વાલીઓની શિક્ષણ પ્રત્યેની ઓછી જાગૃતતા
- ઘરની જવાબદારીઓને કારણે નબળા પરિણામને કારણે સંકોચ અનુભવે

અભ્યાસની પદ્ધતિ અનુકુળ ન હોવાને કારણે

૨. શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયાસો

અભ્યાસ માટેના કલાકો વધારી અભ્યાસ કરાવી

- વ્યક્તિગત પૂરતો મહાવરો આપી સમજાવીશું

શાળાનું યોગ્ય ભાવાવરણ ઊભું કરી વ્યક્તિગત ધ્યાન આપી

- વિદ્યાર્થીઓની સમસ્યા સમજી T.L.M,નવીન પ્રયુક્તિ દ્વારા સમજ આપી

વાંચન-લેખન-ગણનમાં નબળા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અલગ સમય ફાળવી બાળકની ક્ષમતાને અનુરૂપ શિક્ષણ

- વિદ્યાર્થીઓને ગમતું ગૃહકાર્ય આપી
- વાલી/વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે સમજ આપી
- મંદ અધ્યેતા છે તો તેમને શાળામાં મોકલી અભ્યાસ કરાવીશું

3. એકલતા અનુભવતા વિદ્યાર્થીઓ ગેરહાજર રહે તે માટેના શિક્ષકોના પ્રયાસો

- સહઅભ્યાસી સાથે મિત્રતા કેળવાય તેવા પ્રયાસો
- સાથી જૂથ અધ્યયન, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ એકલતાનું કારણ જાણીશું
- પ્રેમભર્યો વ્યવહાર, લાગણીને સમજવાનો પ્રયાસ
- વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહન
- વિદ્યાર્થીને મુઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રોત્સાહન
- વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં રહી
- પ્રાર્થના સભામાં પ્રોત્સાહિત કરી

૪. શાળામાં અનિયમિત વિદ્યાર્થીઓની આર્થિક-સામાજિક સમસ્યાઓ

મજૂરી અર્થે જતાં વાલીઓના વિદ્યાર્થીઓ પર પૂરતું ધ્યાન આપી શકતા નથી

આર્થિક તંગીને કારણે

- ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી યોગ્ય ભરણપોષણ થતું નથી
- શાળા ઘરથી દૂર હોવાથી ચાલીને જવું પડે તો આવતા નથી
- આજુબાજુનું વાતાવરણમાં લોકો અશિક્ષિત તેની અસર.

બાળક મજુરી અર્થે જાય.

- શૈક્ષણિક સામગ્રીનો અભાવને કારણે,
- અભ્યાસ બાદ મજુરી જ કરવાની છે એવી લઘુતા ગ્રંથી.
- નાના ભાઈ-બહેનની સંભાળ.
- ઘર કામમાં રોકાયેલા હોવાથી.

- મમ્મીપપ્પા નું મૃત્યુ થવાથી બાળકોની સારસંભાળ માટે કોઈ નથી.
- બાળકોને શૈક્ષણિક જરૂરીયાત ન સંતોષાતા ગેરહાજર રહે છે.

  ઘરના સભ્યોની સંખ્યા વધુ હોવાથી ભરણપોષણ થતું નથી.
- બાળકને સામાજિક પ્રસંગોમાં જવું વધુ ગમે માટે શાળાએ આવતા નથી.

૫. આર્થિક-સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયાસો

- વાલીઓને સમજાવીશું.આર્થિક મદદ કરી.
- વાલીઓને શાળામાંથી સહાય મળે એવી સલાહ/જાગૃતતા કેળવીને.
- વાલીને શિક્ષણ તરફ અભિમુખ કરી.
- વ્યવસાયલક્ષી શિક્ષણ આપી.
- મહોલ્લામાં જઈ SMCના સભ્યો સાથે વાલી મીટીંગ.
- અપડાઉનની સમસ્યા છે નિવારવાના પ્રયાસો કરી.
- સ્વપ્રયત્ને સહાય કરવાનો પ્રયાસ.

૬. માનસિક રીતે અસ્વસ્થ (ધીમી ગતિએ શીખતા) વિદ્યાર્થીઓને શાળાએ લાવવા માટેના પ્રયાસો

- બુદ્ધિકક્ષા (ક્ષમતા અનુસાર) શિક્ષણ આપી.
- કારણ જાણવાનો પ્રયાસ.

  વર્ગખંડનું અનુરૂપ વાતાવરણ પૂરું પાડવાનો પ્રયાસ.

  રસ પડે તેવી પ્રવૃત્તિઓ કરાવીને.
- વિદ્યાર્થીઓને સમૂહમાં રાખી.

  બાળક સાથે બાળક બનીને પ્રેમભર્યો વ્યવહાર કરવો.

  વ્યક્તિગત રીતે તૈયાર કરીશું.
- તેમને ગમતી પ્રવૃત્તિ કરાવી.

  ધીરજથી પ્રેમપૂર્વક સમજ આપી.

  અલાયદા શિક્ષણ પદ્ધતિની વ્યવસ્થા કરી.

તેમના પ્રશ્નો સમજી આત્મીયતાથી વર્તીશ, સ્વમાન સચવાય તેની તકેદારી.

BRP-IED ને મળી એ બાળકો માટે તાલીમની વ્યવસ્થા કરી.

બાળકો સાથે વાતચીત કરી સાયકોલોજીસ્ટ પાસે કાઉન્સેલિંગ કરાવવું.

૭. અનિયમિત વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ

- માતા-પિતા મજૂરી અર્થે જતા હોવાથી નાના ભાઈ બહેનોને સાચવવાની જવાબદારી.
- માતા-પિતાનો પરસ્પર અયોગ્ય વ્યવહાર.
- કુટુંબમાં પ્રવર્તતા વ્યસનો.
- બાળકોના માબાપ અભણ છે.

  મજુરીકામે રોકાયેલા માબાપ.

  ઘરનું કંકાસ ભર્યુ વાતાવરણ.
- વાલીની કુટેવ, જાગૃતતાનો અભાવ.
- ગરીબ માબાપ ધંધા અર્થે બહાર જતાં બાળક પર ધ્યાન ન અપાય,
  - ઘરના આસપાસનું અયોગ્ય વાતાવરણ જેથી શાળાએ આવવામાં રસ નથી.
  - વાલીઓની બિનકાળજી.
  - ઘરમાં વારંવાર ઝઘડાથી મા-બાપ અલગ થતાં બાળક પર તેની અસર.
  - વાલીઓને શિક્ષણના મૂલ્યોની સમજ નથી.
  - માતા-પિતાનું મૃત્યુ ને કારણે.
  - માંદગીને કારણે.
  - સ્થળાંતરને કારણે.

વાલીઓ કામ ધંધા પર જતાં હોવાથી તેઓ પોતાનું કામ જાતે કરીને આવતા જેથી અનિયમિત.

૮. કૌટુંબિક સમસ્યાઓના ઉકેલ માટેના પ્રયાસો

વાલી સંપર્કથી વાલીઓને સમજાવી શકાય.

બાળકના ભાવિ(ભવિષ્ય) માટે મા-બાપને સમજાવીશું.

કૌટુંબિક ઝઘડા ઓછા કરવા માટે સમજાવીશું.

- વાલીઓને વ્યસનોથી મુક્ત રહેવા અંગેના સૂચનો કરવાના પ્રયાસો.

વ્યસન મુક્તિના વિડીયો/સેમિનાર યોજી તેમાં સામેલ કરી સલાહ સૂચનો આપવાના પ્રયાસો.

આર્થિક સહાયમાં મદદ.

શાળામાં યોગ્ય ભાવાવરણ ઊભું કરીશું.

ગામના આગેવાનો દ્વારા સમજ અપાય તેવા પ્રયાસો.

. પ્રત્યક્ષ મુલાકાત કરી અન્ય લોકો સાથેની મુલાકાત કરી માર્ગદર્શન.

૯.અનિયમિત વિદ્યાર્થીઓને નિયમિત બનાવવા માટેના પ્રયાસો વાલી સંપર્ક.

વાલીઓ બાળકોને શાળાએ મોકલે તેવી સમજ આપીશું.

શાળાનું આત્મીયતાભર્યું વાતાવરણ, વિવિધ સ્પર્ધાની ઉજવણી કાર્યક્રમ યોજવા.

નિયમિત આવતા બાળકોનું જાહેરમાં સન્માન.

- SMCના સભ્યો,ગામના સરપંચ સાથે મુલાકાત દ્વારા,

પ્રવૃત્તિમય શિક્ષણ આપવું.

જૂથકાર્યમાં નેતાગીરી માટે પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો.

વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રેરિશું.

- અંગત સમસ્યા જાણી ઉકેલ.

અભ્યાસની જરૂરિયાત વિશે વાલી સમજ આપી.

બીમાર બાળક હોય તો ડોક્ટરનું સર્ટીફીકેટ માગવું.

શિક્ષણમાં કોઈ સમસ્યા નડે તો તેને સમજવાનો પ્રયાસ. માસિક હાજરીની ચકાસણી.

- રમત-ગમત માટે પૂરતો સમય આપવો.

શાળા પ્રત્યેનો જે હાવ (બીક)તે દૂર કરી.

* બાળક સાથે સતત સંપર્કમાં રહી.

ગેરહાજર રહેવાનું કારણ પૂછી ઉકેલો લાવવાના પ્રયાસો.

- વાલીઓ વિદ્યાર્થીઓને અન્ય ઘરકામમાં ન જોડે તે સમજાવીશું.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રાથમિક શિક્ષણએ શિક્ષણના દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના તબક્કે સમસ્યાઓના ઉપસ્થિતિ માટે ઉકેલો અવશ્ય હાથ ધરાવા જોઈએ.શિક્ષણના દરેક સ્તરે સમસ્યાના અનુસંધાને કયા કારણો જવાબદાર છે તે જાણવા જિલ્લા અને રાજ્ય સ્તરેથી અધિકારી વર્ગ તરફથી પણ આ કક્ષાની સમસ્યાઓ દૂર કરવા સઘન પ્રયાસો થવા જોઈએ.ઉપરાંત શાળાના આચાર્યો, શિક્ષકો, વાલીઓ તરફથી પણ કારણો શોધી નિવારવાના પ્રયાસ થવા જોઈએ. સંશોધકે મર્યાદિત પરંતુ ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ પ્રસ્તુત સંશોધનની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તારણો એવું દર્શાવે છે કે, તેના શૈક્ષણિક ફલિતાર્થો ખૂબ જ વ્યાપક અને સૂચક છે. આવા કેટલાક મહત્વપૂર્ણ ફલિતાર્થોની ચર્ચા અહીં હાથ ધરવામાં આવી છે.

૧. શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ માટે અભ્યાસ માટેના કલાકો વધારી અભ્યાસ કરાવવું જોઈએ.

૨. અભ્યાસ માટે ઘરનું યોગ્ય વાતાવરણ દાખવે એવાં વાલીઓને સમજાવવું જોઈએ.

3. શિક્ષકે શીખવાની ધીમીગતિથી લઘુતાગ્રંથિ અનુભવતા વિદ્યાર્થીઓની ક્ષમતા અનુસાર શિક્ષણ આપવું જોઇએ.

૪. સહઅભ્યાસિક સાથે મિત્રતા કેળવાય તેવા પ્રયાસો થવા જોઈએ.

૫. શાળામાં સાથીજૂથ અધ્યયન, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવું જોઈએ.

૬. એકલતા અનુભવતા બાળકો શાળાએ આવતા નથી તો શિક્ષકે એવા વિદ્યાર્થીઓના સતત સંપર્કમાં રહેવું જોઈએ.

૭. અતિ ગરીબ બાળકોને વધુ શિષ્યવૃત્તિની સહાય કરવી જોઈએ.

૮. બાળમજૂરી કરનારને સજા કરવી જોઇએ.

૯. બાળકોને ઘરકામમાં રોકતા વાલીઓને પ્રાથમિક શિક્ષણ પ્રત્યે સજાગ કરવા સૂચનો કરવા જોઈએ.

૧૦. અશિક્ષિત વાલીઓ શિક્ષણનું મહત્વ સમજે તે માટે સરકાર તરફથી વાલી મિટિંગનુ આયોજન કરી વિદ્યાર્થીઓના સારા-નરસા પાસાઓની જાણ કરવી જોઈએ.

૧૧. અનિયમિત વિદ્યાર્થીઓના મહોલ્લામાં જઈ SMCના સભ્યો સાથે વાલી મીટીંગ કરવી જોઈએ.

૧૨. BRP-CRC-IEDને મળી બાળકો માટે તાલીમની વ્યવસ્થા થવી જોઈએ.

93. એકલતા અનુભવતા બાળકો માટે સાયકોલોજીસ્ટ પાસે કાઉન્સિલીંગ કરાવવું જોઈએ.

૧૪. વર્ગખંડનું યોગ્ય ભાવાવરણ પૂરું પાડવાના પ્રયાસ થવા જોઈએ.

૧૫. વાલીઓને કુટેવ, અજાગૃક્તા, ઝઘડાળુ વલણને ટાળવાનું સૂચન કરવું જોઈએ.

૧૬. શિક્ષકો બાળકો પર વ્યક્તિગત ધ્યાન રાખવું જોઈએ.

૧૭. શાળામાં માસિક હાજરીની ચકાસણી થવી જોઈએ.

૧૮. શાળામાં વિદ્યાર્થીઓના ગેરહાજર રહેવાના કારણ પૂછી ઉકેલો લાવવાના પ્રયાસો થવા જોઈએ.

૧૯. શાળામાં સુવિધાઓ વધારવી જેથી જોઇએ જેથી વિદ્યાર્થીઓ શાળામાં નિયમિતતા જાળવી ઉત્સાહથી શિક્ષણ મેળવે.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સામાન્યત: પ્રત્યેક સંશોધન કંઈક ને કંઈક અંશે મર્યાદા ધરાવે છે. આ સંશોધનકાર્ય પૂર્ણત: છે એવો દાવો સંશોધક માનતા નથી.સંશોધક નમ્રતાપૂર્વક માને છે કે આ પ્રકારના સંશોધનો વિશેષ પ્રમાણમાં સમયાંતરે આવશ્યકતાનુસાર થતાં રહેવા જોઈએ.આથી ભવિષ્યમાં સંશોધનોને વેગ મળી રહે એ હેતુને ધ્યાનમાં રાખીને સંશોધકે ભાવિ ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

૧. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે એક અભ્યાસ.

૨. પ્રાથમિક શાળા અને ખાનગી શાળાનો તુલનાત્મક અભ્યાસ.

3. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ગેરહાજરીની સમસ્યા અને તેના ઉપાયોની શોધનો અભ્યાસ.

૪. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ગેરહાજરીની સમસ્યા અને તેના ઉપાયોની શોધનો અભ્યાસ.

૫. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓમાં ગેરહાજરીની સમસ્યા અને તેના શોધનો અભ્યાસ. ઉપાયોની

૬. શાળા-મહાશાળાના કોઈ એકવર્ગના વિદ્યાર્થીઓમાં ગેરહાજરીના કારણો અને તેના ઉપાયોની શોધનો અભ્યાસ.

૭.શાળાના કોઈએક વર્ગના વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિના કારણોનો અભ્યાસ.

૯. કોઈ એક તાલુકાની બે શાળાઓના વિદ્યાર્થીઓમાં ગેરહાજરીની સમસ્યા અને તેના ઉપાયોની શોધનો તુલનાત્મક અભ્યાસ.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનના તારણોની ચર્ચા કરવામાં આવી હતી. તારણોને આધારે શૈક્ષણિક ફલિતાર્થો અને સંશોધનના આધારે

ભાવિ સંશોધનના ક્ષેત્રોની ચર્ચા કરવામાં આવી હતી.

## નવસારી તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયો

ટંડેલ કિરણ આઈ.

સંશોધકે પ્રસ્તુત સંશોધન "નવસારી તાલુકાની માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનાં ટ્યુશન અંગેના અભિપ્રાયો" વિષય પર હાથ ધર્યું હતું. જેના હેતુઓ નીચે મુજબ હતા.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

૧. વિદ્યાર્થીઓનાં ટ્યુશન અંગેના અભિપ્રાયો જાણવા.

૨. વિદ્યાર્થીઓનાં ટ્યુશન જવા પાછળના કારણો જાણવા.

૩. વિદ્યાર્થીઓનાં ટ્યુશનમાં મળતી સુવિધાઓ અંગેના અભિપ્રાયો જાણવા.

૪. વિદ્યાર્થીઓનાં ટ્યુશન શિક્ષક અંગેના અભિપ્રાયો જાણવા.

### સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધનના હેતુને આધારિત નીચે મુજબના પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.

૧. વિદ્યાર્થીઓ ટ્યુશન અંગે શું અભિપ્રાય ધરાવે છે?

૨. વિદ્યાર્થીઓનાં ટ્યુશન જવા પાછળ કયા કારણો જવાબદાર છે?

૩. વિદ્યાર્થીઓને ટ્યુશનમાં કયા-કયા પ્રકારની સુવિધાઓ મળે છે?

૪. વિદ્યાર્થીઓ ટ્યુશન શિક્ષક પ્રત્યે કેવા અભિપ્રાયો ધરાવે છે?

### સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

### વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

#### વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં નવસારી તાલુકાની ૩૨ માધ્યમિક શાળાનાં ૨૦૧૮ થી ૨૦૨૦ના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બને છે.

#### નમુનો

વ્યાપવિશ્વનો પ્રતિનિધિ ધરાવતો ભાગ એટલે કે નમૂનો. જેમાં યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પદ્ધતિ દ્વારા ૩૨ માધ્યમિક શાળામાંથી ૧૩ માધ્યમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાનાં ધોરણ-૯ અને ધોરણ-૧૦ના ટ્યુશન જતા વિદ્યાર્થીઓનો સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા ૨૬૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

### માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા વિદ્યાર્થીઓ માટે સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કર્યો હતો.

### માહિતી પૃથક્કરણ

માહિતી એકત્રિત કર્યા બાદ અભિપ્રાયાવલિ દ્વારા મળેલ માહિતીના પૃથક્કરણ માટે કાઈ-વર્ગ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ય પરિણામોને આધારે અગત્યના તારણો નીચે મુજબ મળ્યા હતા.

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓનાં ટ્યુશન અંગેના તારણો નીચે મુજબ છે:

૧. વિદ્યાર્થીને ટ્યુશન જવાનું ગમે છે પરંતુ વેકેશન દરમિયાન ટ્યુશન જવાનું ગમતું નથી.

૨. ટ્યુશનમાં વારંવાર લેવાતી પરીક્ષા ભારરૂપ લાગે છે.

૩. વિદ્યાર્થીને ટ્યુશનમાં કારકિર્દી અંતર્ગત પૂરતી જાણકારી આપવામાં આવે છે.

૪. ટ્યુશનમાં વિષયવસ્તુના જ્ઞાનને વ્યવહારિક જ્ઞાન સાથે જોડવામાં આવે છે એમ જાણવા મળ્યું હતું.

૫. વિદ્યાર્થીને ટ્યુશનમાં શાળા કરતાં વધુ માર્ગદર્શન આપવામાં આવે છે.

૬. ટ્યુશનનું વાતાવરણ હળવું લાગે છે જેથી ટ્યુશન આવવાનું વધુ ગમે છે એમ જણાયું હતું.

૭. રજાના દિવસે ટ્યુશનમાં આવવાનું કંટાળાજનક લાગે છે અને થાક અનુભવાય છે એમ જાણવા મળ્યું હતું.

પ્રસ્તુત સંશોધન મુજબ ટ્યુશન જવા પાછળના તારણો નીચે મુજબ છે:

૧. ટ્યુશન અને શાળા શિક્ષણ પદ્ધતિ સમાન છે માટે પુનરાવર્તન થાય છે જેથી ટ્યુશન જાય છે.

૨. ટ્યુશનમાં સંપૂર્ણ વિષયવસ્તુને ન્યાય આપવામાં આવે છે. જેથી ઉચ્ચગુણ મેળવી શકાય છે.

૩. માતા-પિતા દ્વારા ટ્યુશન જવાની ફરજ પાડવામાં આવે છે અને મિત્રો સાથે ટ્યુશન જવાનું ગમે છે એમ જણાવ્યું હતું

૪. શાળાની તુલનામાં ટ્યુશનમાં ટેકનોલોજી તથા વિવિધ પદ્ધતિઓ ના ઉપયોગ દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે.

૫. શાળાની તુલનામાં ટ્યુશનમાં વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં ટ્યુશનમાં મળતી સુવિધાઓ અંગેના તારણો નીચે મુજબ જાણવા મળ્યા હતા.

૧. ટ્યુશનમાં બેઠક વ્યવસ્થા, હવા ઉજાસ માટે પૂરતી બારીઓની સુવિધા અને લાઈટ પંખાઓની પુરતી સુવિધાઓ છે.

૨. ટ્યુશનમાં પીવાના પાણીની અને શૌચાલયની સુવિધા છે.

૩. ટ્યુશનમાં પાર્કિંગ વ્યવસ્થા છે.

૪. ટ્યુશનમાં સાહિત્ય પુરુ પાડવામાં આવે છે અને ક્ષેત્રની મુલાકાત લેવામાં આવે છે.

૫. ટ્યુશનમાં વિદ્યાર્થીની સજ્જતા માટે સેમિનાર, પ્રેરણાદાયક વક્તવ્યનું આયોજન કરવામાં આવે છે.

૬. ટ્યુશનમાં તજજ્ઞો દ્વારા શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં ટ્યુશન શિક્ષક અંગે વિદ્યાર્થીઓનાં અભિપ્રાયો નીચે મુજબ જાણવા મળ્યા હતા:

૧. વિદ્યાર્થીને ન સમજાતા મુદ્દાઓ ટ્યુશનના શિક્ષકો દ્વારા સમજાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ શિક્ષક ને નિસંકોચ પ્રશ્નો પૂછી શકે છે.

૨. વિદ્યાર્થીઓ સાથે ટ્યુશનના શિક્ષકો મિત્ર જેવો વ્યવહાર કરે છે જેથી વિદ્યાર્થી શિક્ષક સાથે સહજતાથી વાત કરી શકે છે.

૩. ટ્યુશનના શિક્ષકો વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપે છે અને તકલીફમાં મદદ કરે છે.

૪. ટ્યુશનના શિક્ષકો સામાન્ય જ્ઞાન, જીવન ઉપયોગી જ્ઞાન આપે છે.

૫. ટ્યુશનના શિક્ષકો વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ કરતા નથી અને સકારાત્મક વલણ રાખે છે.

૬. ટ્યુશનના શિક્ષકો જરૂર પડે ત્યારે વિદ્યાર્થી ને ઠપકો પણ આપે છે અને ગૃહકાર્ય માટે પણ આગ્રહ રાખે છે.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધન ના આધારે મેળવેલ તારણોને લક્ષમાં લઈ નીચે મુજબના સૂચિતાર્થો દર્શાવવામાં આવેલ છે.

૧. વેકેશન દરમિયાન સરકારે ટ્યુશન ઉપર પ્રતિબંધ રાખવું જોઈએ.

૨. ટ્યુશનના સંચાલકે વેકેશનમાં ટ્યુશન રાખવું જોઈએ નહીં.

૩. વેકેશન દરમિયાન વાલીઓએ પોતાના બાળકને ટ્યુશનમાં મોકલવું જોઈએ નહીં.

૪. વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તે મુજબનું ટ્યુશન આપવું જોઈએ.

૫. અધ્યયન અધ્યાપનમાં ટેકનોલોજીનો ઉપયોગ થવો જોઇએ.

૬. શાળામાં ચોપડિયું જ્ઞાનને જીવનમાં વ્યવહારિક જ્ઞાન સાથે જોડતા શીખવવું જોઈએ.

૭. શાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપવું જોઈએ.

૮. શાળાનાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થી સાથે મિત્ર જેવો વ્યવહાર કરવો જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

સંશોધન દરમિયાન સમય અને નાણાંનાં અભાવે કોઈને કોઈ મર્યાદા રહી જ જાય છે. સંશોધકને સંશોધનની પ્રક્રિયા દરમિયાન અનુભવો અને મુશ્કેલીઓમાથી ઘણા બધા મુદ્દાઓની ચકાસણી કરવાનો સમય સંશોધક પાસે રહેતો નથી. આ મુદ્દાઓનો ભાવિ સંશોધકોને લાભ મળી રહે એ હેતુથી તેને નોંધવા યોગ્ય ગણાય છે.

૧. ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

૨. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ.

૩. ટ્યુશન જતા અને ટ્યુશન ન જતા વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયોનો અભ્યાસ

૪. ટ્યુશન જતા અને ટ્યુશન ન જતા વિદ્યાર્થીઓની સિદ્ધિઓનો તુલનાત્મક અભ્યાસ.

૫. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓનો ટ્યુશન પ્રથા અંગે નો તુલનાત્મક અભ્યાસ.

૬. ટ્યુશન જતા વિદ્યાર્થીઓનાં શિક્ષિત અને અશિક્ષિત વાલીઓના ટ્યુશન પ્રથા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

૭. ટ્યુશનના હકારાત્મક અને નકારાત્મક પાસાંઓનો અભ્યાસ.

૮. ટ્યુશન અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.

૯. ટ્યુશનના શિક્ષકોનો ટ્યુશન અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

૧૦. ઉચ્ચ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનો ટ્યુશન અંગેના અભિપ્રાયોનો અભ્યાસ.

**ઉપસંહાર**

અહી સંશોધકે “નવસારી તાલુકાના વિદ્યાર્થીઓના ટ્યુશન અંગેના અભિપ્રાયો” વિષયને ધ્યાનમાં રાખીને નાનકડું સંશોધન હાથ ધર્યું હતું. આ સંશોધકનો પ્રથમ પ્રયાસ હતો. સંશોધકે ગાગરમાં સાગર સમાવાનો પ્રયાસ કર્યો છે. દરેક સંશોધનની પોતાની લાક્ષણિકતાઓ અને મર્યાદા હોય છે. તેમ પ્રસ્તુત સંશોધનની પણ હશે. સંશોધનની પ્રક્રિયા દરમિયાન સંશોધન વિશે ઘણું જાણવા અને શીખવા મળ્યું. સંશોધનના પ્રથમ પ્રયાસમાં બધી જ તકેદારી રાખવાનો પ્રયાસ કરેલ છે. મર્યાદિત સમય અને અનુભવના આધારે ક્ષતિઓ રહી જવાની સંભાવના છે. પ્રથમ પ્રયાસને ધ્યાનમાં લઇ ક્ષમ્ય ગણી શકાય.

## નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિ

ટંડેલ પ્રીતિ. આર.

પ્રસ્તુત સંશોધન સંશોધકે નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ ઉપર પર હાથ ધર્યું હતું.

**હેતુઓ**

૧) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની ભૌતિક સુવિધા વિશે જાણવું.

૨) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની બાળકોની સંખ્યા વિશે જાણવું.

3) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણના આચાર્યો અને શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, અનુભવો અંગે જાણવું.

૪) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની વર્ગ શિક્ષણ કાર્ય વિશે જાણવું.

૫) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની અધ્યયન-અધ્યાપન પ્રયુક્તિ / પદ્ધતિ વિશે જાણવું.

૬) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક સિદ્ધિઓ વિશે જાણવું.

**સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં નગર પ્રાથમિક શિક્ષણ વ્યાપવિશ્વ છે. નમૂના તરીકે નગર પ્રાથમિક શિક્ષણના શાસનાધિકારી, શાળાના આચાર્યો અને ૩૬% લેખે યાદચ્છિક નમૂના પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત ઉપકરણ તરીકે દસ્તાવેજી નોંધપત્ર, મુલાકાતપત્ર, પ્રશ્નાવલી અને અવલોકનપત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે આચાર્યોની પરવાનગી દ્વારા મુલાકાતપત્ર, દસ્તાવેજી નોંધપત્રની માહિતી મેળવી. શિક્ષકો પાસે પ્રશ્નાવલી દ્વારા માહિતી મેળવી અને અવલોકનપત્રને બે વિભાગમાં વિભાજીત કરવામાં આવ્યું હતું. તેમાં વિભાગ-૧ માં શાળા અવલોકન અને વિભાગ-૨માં શિક્ષણ કાર્યનું અવલોકન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે ટકાવારી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરેરાશ ભારાંક આપવામાં આવ્યો હતો. ગુણાત્મક સ્વરૂપની માહિતી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધત્તિ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધન તારણો**

નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણ અંગેના તારણો

૧) ભૌતિક સુવિધા સંદર્ભે તારણો :

નગર પ્રાથમિક શિક્ષણમાં મોટા ભાગે શાળા મકાનની સુવિધાઓ સારી જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં શૈક્ષણિક સાધનો સારા જોવા મળ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં રમત-ગમતના સાધનો સારા જોવા મળ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં અન્ય સાધનો પૈકી પ્રિન્ટર, સ્કેનર, ઝેરોક્ષ મશીન કમ્બાઇન જોવા મળ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં રમત ગમતની પ્રવૃત્તિ ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં કોમ્પ્યુટર, લાઈબ્રેરી, પ્રયોગના સાધનો માટેના અલગ ઓરડા જોવા મળ્યા ન હતા.

નગર પ્રાથમિક શિક્ષણની શાળાઓમાં વિદ્યાર્થીઓને અન્ય સુવિધાઓ પૈકી મધ્યાહન ભોજન, શિષ્યવૃતિ, નોટબુક, પાઠ્યપુસ્તક, ગણવેશ સહાય, તિથિભોજન, કોમ્પ્યુટરની સુવિધા આપવામાં આવતી હતી.

૨) બાળકોની સંખ્યા સંદર્ભના તારણો :

નગર પ્રાથમિક શિક્ષણમાં કુમાર કરતા કન્યાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણમાં દર વર્ષે વિદ્યાર્થીઓના પ્રમાણમાં ઘટાડો થતો જોવા મળ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણમાં અપવાદરૂપ બાળકોના પ્રમાણમાં વધ ઘટ જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓના પ્રમાણમાં ઘટાડો ખાનગી શાળા, વાલીના સ્થળાતર, સવારની પાળી, શાળા રહેઠાણથી દૂર હોવાના કારણો જોવા મળ્યા હતા.

3) આચાર્યો અને શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને અનુભવો સંદર્ભના તારણો :

૧. આચાર્યોની શૈક્ષણિક લાયકાત અને અનુભવ અંગેના તારણો

નગર પ્રાથમિક શિક્ષણના આચાર્યોમાં સ્ત્રી આચાર્યોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણના આચાર્યો બુ.અ.પ્ર ની પદવી ધરાવતા વધુ જોવા મળ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણના આચાર્યોમાં સૌથી વધુ અનુભવ ધરાવતા 25.57% સ્ત્રી આચાર્યો જોવા મળ્યા હતા.

૨. શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને અનુભવના તારણો

નગર પ્રાથમિક શિક્ષણના શિક્ષકોમાં સ્ત્રી શિક્ષિકાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણના શિક્ષકો અનુસ્નાતક અને બી. એડ.ની પદવી વધુ ધરાવતા જોવા મળ્યા હતા.

નગર પ્રાથમિક શિક્ષણના શિક્ષકોમાં સૌથી વધુ અનુભવ ધરાવતા 14.28% પુરુષ શિક્ષકો મળ્યા હતા.

૪) વર્ગ શિક્ષણ કાર્ય સંદર્ભે તારણો :

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોનો વર્ગ શિક્ષણ કાર્ય દરમિયાન પૂર્વ ભૂમિકાની યોગ્યતા સારી જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોના વર્ગ શિક્ષણ દરમિયાન વિષયવસ્તુ નિરૂપણમાં વિષયાંગની રજુઆત, વાંચન, લેખન સારું જોવા મળ્યો હતો.. જયારે પઠન અને ઉપકરણનો ઉપયોગ નબળો જોવા મળ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોના વર્ગ શિક્ષણ દરમિયાન પ્રશ્નોત્તરી, ફલકકાર્ય, મૂલ્યાંકન સારું જોવા મળ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોના વર્ગ શિક્ષણ દરમિયાન પ્રવૃતિઓ નબળી જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોના વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષકોનો વર્ગ ભીતરમાં વ્યવહાર, સ્વાધ્યાય, સારું જોવા મળ્યું હતું.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો અભ્યાસક્રમમાં આપવામાં આવેલા ક્રમને જ અનુસરતા હતા.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો અભ્યાસક્રમને અસરકારક બનાવવા માટે દરેક પ્રયુક્તિ - પદ્ધત્તિનો ઉપયોગ કરતાં હતાં.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો વર્ગ શિક્ષણ દરમિયાન TLM, ટેક્નોલોજીના સાધનો ઉપયોગ કરતાં હતાં.

નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો વર્ગ શિક્ષણ દરમિયાન મૌખિક કસોટી, લેખિત કસોટી, એકમ કસોટીનો ઉપયોગ કરતાં હતાં.

૫) અધ્યાપન- અધ્યય પ્રયુક્તિ પદ્ધતિ સંદર્ભે તારણો :

નગર પ્રાથમિક શિક્ષણમાં નિદર્શન, પ્રોજેક્ટ, દ્રશ્ય-શ્રાવ્ય, નાટયિકરણ, વાર્તાકથન પ્રયુક્તિ/પદ્ધતિનો ઉપયોગ કરતાં હતાં.

નગર પ્રાથમિક શિક્ષણમાં મૌખિક અભિવ્યક્તિઓ, બાયસેગ પદ્ધતિઓનો ઉપયોગ કરતાં હતાં.

૬) શૈક્ષણિક સિદ્ધિઓ સંદર્ભેના તારણો :

નગર પ્રાથમિક શિક્ષણમાં વિધાર્થીઓની સિદ્ધિઓ રમત-ગમતમાં વધુ જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં નિમ્નકક્ષાએ વિધાર્થીઓમાં ૨૦૧૬ અને ૨૦૧૭ માં નવોદયમાં વધુ સિદ્ધિઓ જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં ત્રણ વર્ષના પરિણામમાં વધારો જોવા મળ્યો હતો.

નગર પ્રાથમિક શિક્ષણમાં બે વર્ષ વકૃતત્વ અને ચિત્રકલા સ્પર્ધામાં વધઘટ જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં વિજ્ઞાનમેળામાં પાંચ વર્ષની સિદ્ધિઓ વધતા-ઓછા પ્રમાણમાં જોવા મળી હતી.

નગર પ્રાથમિક શિક્ષણમાં નિમ્નકક્ષાએ વાર્તા, રમત-ગમત, વેશભૂષા, નિબંધમાં વધતા-ઓછા પ્રમાણમાં વિધાર્થીઓની સિદ્ધિ જોવા મળી હતી.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધન તારણોના આધારે શૈક્ષણિક સૂચિતાર્થો દર્શાવવામાં આવ્યાં છે.

૧) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણમાં બાળકોના પ્રમાણમાં ઘટાડાના કારણોનો ઉકેલ લાવવો જોઈએ.

૨) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકો વર્ગ શિક્ષણ કાર્ય દરમિયાન ઉપકરણોનો ઉપયોગ કરવાના સૂચનો આપવા જોઈએ.

3) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની અમર્યાદિત ભૌતિક સુવિધાઓને મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધી કરાવવી જોઈએ.

૪) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણની ભૌતિક સુવિધાની ઉપયોગીતા અને જતન વિશે માહિતી આપવી..

૫) નવસારી શહેરની નગર પ્રાથમિક શિક્ષણમાં વિધાર્થીઓની વિશેષ સિદ્ધિઓને બિરદાવવી જોઈએ.

**ભાવિ સંશોધન ક્ષેત્રો**

ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને વેગ મળે અને ભાવિ સંશોધકોને માર્ગદર્શકરૂપ બને તે હેતુથી ભાવિ સંશોધનનાં ક્ષેત્ર દર્શાવવામાં આવ્યાં છે.

૧) નગર પ્રાથમિક શિક્ષણનો વિકાસનો અભ્યાસ કરી શકાય.

૨) નગર પ્રાથમિક શિક્ષણની સમસ્યાઓ જાણી શકાય.

3) નવસારી સિવાયના અન્ય શહેરો જેવા કે વલસાડ, સુરત, અંકલેશ્વર, ભરૂચ જેવા શહેરોની નગર પ્રાથમિકની પ્રવર્તમાન સ્થિતિ જાણી શકાય.

૪) નગર પ્રાથમિક શિક્ષણ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.

૫) નગર પ્રાથમિક શિક્ષણના વિદ્યાર્થીઓની સમસ્યા અંગેનો અભ્યાસ.

૬) નગર પ્રાથમિક શિક્ષણના શિક્ષકોની સમસ્યા અંગેનો અભ્યાસ.

**ઉપસંહાર**

પ્રસ્તુત અંતિમ પ્રકરણમાં સંશોધકે સમગ્ર સંશોધનને અંતે નિષ્પન્ન થયેલા મુખ્ય તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો, ભાવિ સંશોધનોના ક્ષેત્રો દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે. પ્રસ્તુત સંશોધન આખરી કે અંતિમ ન હોઈ શકે સંશોધક માને છે કે આ પ્રકારના સંશોધન સમયાંતરે થતાં રહેવા જોઈએ. આ પ્રકારનું સંશોધન કાર્ય સમાયંતરે ઉપકારક સંશોધક પારિતોષિકની લાગણી આવશ્યક અનુભવશે.

## માછી સમાજના શિક્ષણ પ્રશિક્ષણાર્થીઓની સમસ્યા

ટંડેલ રવિના પી

પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ સંશોધનના સારાંશમાં અગાઉ જણાવ્યા મુજબ 'માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ' એ વિષય ઉપર હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત માછી સમાજનાં તાલીમાર્થીઓની સમસ્યાઓને લગતી દરેક બાબતોની ઝીણવટપૂર્વક છણાવટ કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનો હતો.જે વિશેની ટૂંકમાં માહિતી નીચે મુજબ હતી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

3. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૫. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની માનસિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૭. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સહભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો**

૧. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ કઈ-કઈ છે?

૨. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓ કઈ- કઈ છે?

3. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓ કઈ-કઈ છે?
૪. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ- કઈ છે?
૫. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક સમસ્યાઓ કઈ- કઈ છે?
૬. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની માનસિક સમસ્યાઓ કઈ-કઈ છે?
૭. માછી સમાજનાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓની સહભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ કઈ કઈ છે?

**સંશોધન પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમુના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ અને નમુના તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન કુલ ૨૯ બી.એડ્. કોલેજો પૈકી માછી સમાજનાં તાલીમાર્થીઓ હોય તેવી કુલ ૧૮ બી.એડ્. કોલેજોનો સમાવેશ કર્યો હતો, જેમાં ૨૦૧૮-૨૦૨૦ના વર્ષ દરમિયાન સેમેસ્ટર 3માં અભ્યાસ કરતાં માછી સમાજનાં કુલ ૬૨ તાલીમાર્થીઓનો સમાવેશ કર્યો હતો. નમૂનાને જ વ્યાપવિશ્વ તરીકે લેવાનો ઉપક્રમ હતો. પ્રસ્તુત સંશોધનમાં

**ઉપકરણની પસંદગી**

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે માછી સમાજનાં તાલીમાર્થીઓ માટે સ્વરચિત ઓળખસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૭ વિભાગોનો સમાવેશ કરીને તેમાં ૮૪ વિધાનોની રચના કરીને ઉપકરણની પસંદગી કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધન સબંધિત માહિતી એકત્રીકરણ માટે બી.એડ્. કોલેજનો સંપર્ક સાધી આચાર્ય પાસેથી માહિતી મેળવવા માટેની પરવાનગી લીધી હતી.ત્યારબાદ માછી સમાજનાં તાલીમાર્થીઓ પાસેથી સમસ્યાઓળખસૂચિ ભરાવી માહિતી એકત્રીત કરી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સંશોધન સબંધિત માહિતી પૃથક્કરણ માટે માછી સમાજનાં તાલીમાર્થીઓને આપવામાં આવેલ સમસ્યા ઓળખસુચિના આધારે પ્રાપ્ત થયેલા પ્રતિચારોનું આવૃત્તિ વિતરણ, ટકાવારી અને તેને આધારે વિધાનોને અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. અંકશાસ્ત્રીય પૃથક્કરણ કર્યા બાદ તેનું અર્થઘટન કરી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત વિભાગમાં સંશોધકે સમસ્યા ઓળખસૂચિમાં અગ્રતાક્રમ લક્ષમાં રાખીને તારણો ની રજૂઆત કરવામાં આવી છે . તારણોની રજૂઆત હેતુઓને આધારે નીચે મુજબ કરવામાં આવી છે.

➤ **સમસ્યા ઓળખસૂચિને આધારે પ્રાપ્ત થયેલા તારણો**

**૧ કૌટુંબિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

કુટુંબનાં વડીલો ભણવા કરતાં બીજા કામ પ્રત્યે વધારે ધ્યાન આપવાનું કહે છે.

પિતા માછીમારના ધંધામાં વ્યસ્ત હોવા છતાં અભ્યાસ માટે સહાયરૂપ થાય છે.

કુટુંબનાં સભ્યો પ્રાદેશિક બોલીને વધારે પ્રાધાન્ય આપે છે.

માતા પિતા અશિક્ષીત હોવાથી અધ્યયનકાર્યમાં મદદ કરી શકતા નથી.

કુટુંબમાં ભૌતિક સગવડો અને શૈક્ષણિક સુવિધાનો અભાવ જોવા મળે છે.

**૨ સામાજિક સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો**

માછી સમાજનાં લોકો ધાર્મિક પ્રસંગો, ઉત્સવો અને લગ્નપ્રસંગો પાછળ વધુ ખર્ચ કરે છે.

માછી સમાજનાં લોકોમાં વ્યસનનું પ્રમાણ વધુ હોવાથી ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજતાં નથી.

કોલેજ અભ્યાસકાળ દરમ્યાન લગ્નની ઉમર હોવાથી સમાજ તરફથી મહેણાંટોણાં સાંભળવા પડે છે.

શિક્ષણકાર્યનું ભારણ વધી જતાં સામાજિક પ્રસંગોમાં હાજર રહી શકાતું નથી.

સમાજનાં ભૂતપૂર્વ તાલીમાર્થી કે ભાઈ બહેનો બી.એડ્. તાલીમ બાદ પણ બેરોજગાર હોવાથી કેટલાક વ્યક્તિઓ શિક્ષકનાં વ્યવસાય અંગે ગેરસમજ રાખે છે.

સમાજનાં દરેક પ્રકારના લોકો સાથે અનુકુળ થવામાં સમય લાગે છે.

માછી સમાજનાં રીતરીવાજો અભ્યાસ માટે ઉપયોગી બનતાં નથી.

માછી સમાજનાં કેટલાક લોકો નવી વિચારસરણીનો સ્વીકાર કરતાં નથી.

માછી સમાજનાં લોકો વહેમી અને અંધશ્રધ્ધાળું છે.

**૩ આર્થિક સમસ્યાઓ અને પ્રાપ્ત થયેલાં તારણો**

સરકાર દ્વારા મળતી શિષ્યવૃત્તિ ખૂબ ઓછી છે.

માછી સમાજ તરફથી આર્થિક સહાય મળતી નથી.

તાલીમ દરમ્યાન ઈન્ટર્નશીપની પ્રવૃત્તિ ખર્ચાળ લાગે છે.

ક્યારેક શૈક્ષણિક પ્રવૃત્તિ માટે કુટુંબ તરફથી નાણાંની મુશ્કેલી લાગે છે.

કુટુંબમાં બિનજરૂરી આકસ્મિક ખર્ચ વધુ થઈ છે.

અન્ય ભાઈ બહેનોનો શિક્ષણનો ખર્ચ પહોંચી વળવા માટે મારા ખર્ચનો ત્યાગ કરવો પડે છે.

પિતા એકલા કમાતા હોવાથી આર્થિક સમસ્યાને લીધે બી.એડ્. છોડી દેવાનું મન થાય છે.

પરિવારના સદસ્યોનો માત્ર દરિયાનો જ ધંધો હોવાથી કોલેજની ફી માટે મુશ્કેલી પડે છે.

**૪ શૈક્ષણિક સમસ્યાને અંગે પ્રાપ્ત થયેલા તારણો**

બે વર્ષીય બી.એડ્.નો સમયગાળો ખૂબ લાંબો લાગે છે.

શૈક્ષણિક ટેક્નોલોજીના જ્ઞાનના અભાવથી શૈક્ષણિક આયોજન ખોરવાય છે.

મારાં વિસ્તારમાં શૈક્ષણિક સાધનો સરળતાથી પ્રાપ્ત થતાં નથી.

સમય અને માર્ગદર્શનના અભાવે અધ્યયન કૌશલ્યોને યોગ્ય ન્યાય આપી શકાતું નથી.

અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન અમુક મુદ્દા ન સમજતા નિષ્ક્રિય બની જવાય છે.

**૫ સાંવેગિક સમસ્યાને અંગે પ્રાપ્ત થયેલા તારણો**

સામાન્ય પરિસ્થિતિમાં વધુ કાર્ય દરમિયાન ત્રાસ અનુભવાય છે.

કાર્યના ભારણના લીધે કુટુંબ, મિત્રો કે નજીકની વ્યક્તિ પર ગુસ્સો થઈ જવાય છે.

તાલીમ દરમ્યાન શારીરિક અને માનસિક થાક અનુભવાય છે.

હકારાત્મક અભિગમ દ્વારા જાતને ટકાવી રાખવાનો પ્રયત્ન થાય છે.

સ્વાસ્થ્ય તથા માનસિક શાંતિના ભોગે તમામ કાર્યો પૂર્ણ કરવાનો પ્રયાસ કરું છું.

સામાન્ય પરિસ્થિતિમાં પણ મારાથી લાગણીશીલ બની જવાય છે.

**૬ માનસિક સમસ્યાને અંગે પ્રાપ્ત થયેલા તારણો**

બી.એ.માં થતાં ખર્ચથી માનસિક તાણ અનુભવાય છે.

વર્ગખંડમાં ક્યારેક પોતાના નબળાં પાસાંને કારણે

હાસ્યાસ્પદ વાતાવરણ સર્જાવાનો ભય રહે છે.

લાગણીશીલ સ્વભાવને કારણે વારંવાર દુ:ખી થવું પડે છે.

સામાજિક પ્રસંગો અને અધ્યાપનકાર્યનું ભારણ દરમ્યાન માનસિક ત્રાસ લાગે છે.

ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી નાણાંકીય વ્યવસ્થા ઉભી કરતી વખતે તણાવ અનુભવાય છે.

પરીક્ષાનું નબળું પરિણામ મળતાં માનસિક તાણ અનુભવાય છે.

સહભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત સમસ્યાઓ અંગે પ્રાપ્ત થયેલા તારણો

અમુક વખત સહભ્યાસિક પ્રવૃત્તિઓ ચીલાચાલુ અને યાંત્રિક બની જાય છે.

શૈક્ષણિક કાર્ય કરતાં સહભ્યાસિક પ્રવૃત્તિઓમાં વધારે રસ છે.

ક્ષેત્રકાર્ય અંતર્ગત અન્યની રજૂઆત અને તાદાત્મ્ય કેળવવા માટે મુશ્કેલી ઉભી થાય છે.

**સંશોધનના શૈક્ષણિક સૂચિતાર્થો**

માછી સમાજનાં શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સમસ્યા નિવારી શકાય તે માટેના કેટલાક મહત્વનાં શૈક્ષણિક સૂચિતાર્થો નીચે પ્રમાણે છે.

૧. કુટુંબ માં વડીલોને શિક્ષક પ્રશિક્ષણ તાલીમનું મહત્વ સમજાવવું જોઈએ.

૨. કુટુંબ ના સભ્યો અને અન્ય સગાસંબંધીઓને બી.એડ્. ના અભ્યાસ દરમિયાન કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિથી માહિતગાર કરી શકાય.

૩. કુટુંબ ના અને સમાજનાં સભ્યોએ લોકબોલીમાં પરિવર્તન લાવવું જોઈએ.

૪. માતા પિતા અશિક્ષિત હોવાથી અધ્યયન કાર્ય તાલીમાર્થી સ્વપ્રયત્ન કરી શકે તેવી તાલીમ પરિવાર, સમાજ અને સંસ્થા પૂરી પડી શકે.

૫. કુટુંબ અને સમાજ તરફથી ભૌતિક સગવડો અને શૈક્ષણિક સુવિધાઓ મર્યાદિત પ્રમાણમાં મળી રહેવા જોઈએ.

૬. માછી સમાજના લોકોને ધાર્મિક પ્રસંગો, ઉત્સવો અને લગ્નપ્રસંગો પાછળનો વધુ ખર્ચ તાળી શિક્ષણમાં સહભાગી બનાવી શકાય.

૭. માછી સમાજનાં લોકોમાં વ્યસનનું પ્રમાણ ઘટાડીને તેમનું જીવનધોરણ સુધારી શકાય.

૮. માછી સમાજના શિક્ષક પ્રશિક્ષ ણાર્થીઓ દ્વારા ઉત્તમ શિક્ષક નું ઉદાહરણ રજૂ કરી શકાય.

૯. બી.એડ્.ના આચાર્ય દ્વારા અમુક સામાજિક પ્રસગોમાં જવા માટે મંજુરી દ્વારા સહકાર આપી શકે.

૧૦. સમાજનાં લોકોમાં શિક્ષકનાં વ્યવસાય પ્રત્યેની ગેરસમજદૂર થવી જોઈએ.

૧૧. શિક્ષક પ્રશિક્ષણ સંસ્થામાં સામાજિકતા કેળવાય તે અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય.

૧૨. માછી સમાજના રીતરિવાજો અભ્યાસ માટે ઉપયોગી બને તેવા હોવા જોઈએ.

૧૩. માછી સમાજના લોકો જૂની વિચારસરણીમાં પરિવર્તન લાવે તેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

૧૪. માછી સમાજનાં લોકોને વહેમો અને અંધશ્રધ્ધા પ્રત્યે જાગૃત કરવા જોઈએ.

૧૫. માછી સમાજ દ્વારા અભ્યાસમાં પ્રોત્સાહન મળે તે માટે પારિતોષિક આપી શકે.

૧૬. સરકાર તરફથી મળતી શિષ્યવૃત્તિમાં વધારો થવો જોઈએ.

૧૭. માછી સમાજે ઉચ્ચ શિક્ષણ અંગે આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ.

૧૮. તાલીમ દરમ્યાન ઈન્ટર્નશીપની પ્રવૃત્તિ વધારે ખર્ચાળ ન બને તે માટેની સુવિધા પૂરી પાડી શકાય.

૧૯. શિક્ષક પ્રશિક્ષણ તાલીમ અંતર્ગત શૈક્ષણિક પ્રવૃત્તિનો ખર્ચ વધુ ન થાય તે માટેના પ્રયત્નો કરી શકાય.

૨૦. કુટુંબ માં બિનજરૂરી આકસ્મિક ખર્ચ પ્રત્યે સભાનતા કેળવી શકાય.

૨૧. માછી સમાજ તરફથી અમુક શૈક્ષણિક સુવિધા મળી રહેવા જોઈએ, જેથી તાલીમાર્થીને પોતાના ખર્ચનો ત્યાગ ન કરવો પડે.

૨૨. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને અભ્યાસ દરમિયાન અપાતી ફી ની વધુ રકમ ઓછી કરવી જોઈએ.

૨૩. NCTEના ગુજરાતમાં રહેલા પ્રતિનિધિઓ દ્વારા બી.એડ્.નો અભ્યાસકાળનો સમયગાળો ટૂંકો કરવાની કામગીરી હાથ ધરી શકાય.

૨૪. વાહનની અસુવિધા કે છાત્રાલયની સમસ્યાઓ કુટુંબ, સંસ્થા, સમાજ અને સરકાર દ્વારા દૂર કરી શકાય.

૨૫. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને શૈક્ષણિક સાધનો સરળતાથી મળી રહે તે માટેના પ્રયત્નો થઇ શકે.

૨૬. અધ્યાપકો અને આચાર્યો દ્વારા સમયના યોગ્ય આયોજન અંગેના માર્ગદર્શનથી શૈક્ષણિક આયોજન યોગ્ય રીતે કરી શકાય.

૨૭. અધ્યાપક દ્વારા અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન તાલીમાર્થીઓની નિષ્ક્રિયતા દૂર થાય તે માટેનું પ્રોત્સાહન મળવું જોઈએ.

૨૮. કુટુંબ નાં સભ્યોએ રજા દરમિયાન પ્રવાસ, યાત્રા કે મનોરંજન માટે સમયનું આયોજન કરવું જોઈએ.

૨૯. શિક્ષક પ્રશિક્ષણાર્થીને ઘરનાં એક સભ્ય તરીકે થાકને ફરજ કરતાં વધુ મહત્વ આપવું જોઈએ.

૩૦. સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગેના કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

૩૧. બી.એડ્.ના બે વર્ષના સમયગાળા દરમિયાન ઘરની જવાબદારીમાંથી મુક્તિ મળવી જોઈએ.

૩૨. સહભ્યાસિક પ્રવૃત્તિને EPC સાથે જોડી શકાય છે.

૩૩. સહભ્યાસિક પ્રવૃત્તિ ઉપરાંત શૈક્ષણિક કાર્ય પ્રત્યે રસ કેળવાય તે અંગેના કાર્યક્રમોનું આયોજન કરી શકાય.

૩૭. શિક્ષક પ્રશિક્ષણ સંસ્થામાં પ્રત્યાયન કૌશલ્ય વિકસાવી શકાય.

૩૮. સહભ્યાસિક પ્રવૃત્તિ ચીલાચાલુ અને યાંત્રિક ના બને તે માટેના પ્રયત્નો કરી શકાય.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

કોઈ પણ સંશોધન અંતિમ અને સંપૂર્ણ હોતું નથી. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને વેગ મળી રહે તે માટે સાથે સાથે ભાવિ સંશોધકોએ માર્ગદર્શનરૂપ નીવડશે એવી આશા સાથે તથા પ્રસ્તુત સંશોધન દ્વારા વિષયસૂઝ અને દિશાસૂચન મળી રહે તે માટે પ્રસ્તુત સંશોધન માં સંશોધકે અત્રે ભાવિ સંશોધન માટેના સૂચનો દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે નીચે મુજબ છે. :

૧. માછી સમાજનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષક પ્રશિક્ષણાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકે.

૨. માછી સમાજનાં પરણિત અને અપરણિત શિક્ષક પ્રશિક્ષણાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકે.

3. માછી સમાજ એક વ્યક્તિ અભ્યાસ અંગે સંશોધન હાથ ધરી શકાય.

૪. માછી સમાજના શિક્ષકોને નડતી સમસ્યાઓ અંગે સંશોધન હાથ ધરી શકાય.

## જલાલપોર તાલુકામાં માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા

ટંડેલ સ્વાતિ એચ

**સંશોધનના હેતુઓ**

૧) જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા જાણવા જાગૃતતા માપદંડની રચના કરવી.

૨) જલાલપોર તાલુકાના માટે સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા જાણવા જાગૃતતા માપદંડની અજમાયશ કરવી.

3) જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતાનું પ્રમાણ જાણવું.

૪) જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા જાતીયતાના સંદર્ભે જાણવી.

૫) જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા શૈક્ષણિક પ્રવાહનાં સંદર્ભે જાણવી.

૬) જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા સંદર્ભે સામાજનાં અગ્રણીઓનાં વિચારો જાણવા.

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવી હતી.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં જલાલપોર તાલુકાના તમામ વાલીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને સ્નોબોલ નમૂના પસંદગીની રીતે ૧૩૨ વાલીઓ અને યાદૈછિક રીતે ૫ સામાજિક અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા વાલીઓ પાસેથી કન્યા કેળવણીની જાગૃતતા જાણવા માટે સ્વરચિત કન્યા કેળવણી જાગ્રતતા માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો. જ્યારે સામાજીક અગ્રણીઓના કન્યા કેળવણી અંગેની જાગ્રતતા જાણવા મુલાકાતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા નમૂનામાં સમાવિષ્ટ ૧૩૨ વાલીઓ પાસેથી કન્યા કેળવણી જાગ્રતતા માપદંડ દ્વારા અને મુલાકાત પત્રક દ્વારા ૫ સામાજનાં અગ્રણીઓ પાસેથી રૂબરૂ માહિતી એકત્રીત કરવામાં આવી હતી. જ્યારે માહિતીનું પૃથક્કરણ કન્યા કેળવણી જાગ્રતતા માપદંડના આધારે જાગૃતતાનું પ્રમાણ જાણવા કુલ ગુણમાંથી પ્રાપ્ત ગુણોની સરાસરી શોધી ટકાવારી શોધવામાં આવી. ટકાવારીને જુદાં જુદાં વર્ગમાં વર્ગીકૃત કરી જાગૃતતાનું પ્રમાણ જાણવામાં આવ્યું હતું.

**તારણો**

જલાલપોર તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા જાણવા માટે રચવામાં આવેલ કન્યા કેળવણી જાગ્રતતા માપદંડને આધારે જે માહિતી પ્રાપ્ત થઈ તેના આધારે તારવેલા તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

➢ **કન્યા કેળવણી જાગ્રતતા માપદંડને આધારે પ્રાપ્ત તારણો :**

(૧) જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતાના તારણો નીચે મુજબ છે.

૧.જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની સામાજિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૨.જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની આર્થિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની સંસ્કૃતિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૪. જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૫. જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૬. જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

૭. જલાલપોર તાલુકાના માછી સમાજની સ્ત્રીઓમાં કન્યા કેળવણી માટેની વ્યવસાયિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતી હતી.

(૨) જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેનીજાગ્રતતાના તારણો નીચે મુજબ છે.

૧.જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની આર્થિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની સાંસ્કૃતિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૪.જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગૃતતા ઉત્તમ ધરાવતા હતા.

૫. જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૬. જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૭. જલાલપોર તાલુકાના માછી સમાજના પુરુષોમાં કન્યા કેળવણી માટેની વ્યવસાયિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

(3) જલાલપોર તાલુકાના માછી સમાજનાં વાલીઓમાં કન્યા કેળવણી માટેની જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની સામાજિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની આર્થિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની સાંસ્કૃતિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૪. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગૃતતા ઉત્તમ ધરાવતા હતા.

૫. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૬. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૭. જલાલપોર તાલુકાના માછી સમાજના વાલીઓમાં કન્યા કેળવણી માટેની વ્યવસાયિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

(૪) જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓમાં કન્યા કેળવણી માટેની જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સામાજિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની આર્થિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સાંસ્કૃતિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૪. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૫. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૬. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૭.જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિનયન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની વ્યવસાયિક જાગ્રતતા ઉત્તમ ધરાવતા હતા.

(4) જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓમા કન્યા કેળવણી માટેની જાગ્રતતાના તારણો નીચે મુજબ છે.

૧. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સામાજિક જાગૃતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની આર્થિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સાંસ્કૃતિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૪. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગ્રતતા ઉત્તમ ધરાવતા હતા.

૫.જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૬.જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૭. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વાણિજ્ય પ્રવાહના વાલીઓ કન્યાકેળવણી માટેની વ્યવસાયિક જાગ્રતતા ઉત્તમ ધરાવતા હતા.

(૬) જલાલપોર તાલુકાના માછી સમાજમા વિજ્ઞાન પ્રવાહના વાલીઓમાં કન્યા કેળવણી માટેની જાગૃતતાના તારણો નીચે મુજબ છે.

૧.જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સામાજિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૨. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની આર્થિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૩. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની સંસ્કૃતિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૪. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની કૌટુંબિક જાગ્રતતા ઉત્તમ ધરાવતા હતા.

૫. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની શૈક્ષણિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૬. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની મનોવૈજ્ઞાનિક જાગ્રતતા સર્વોત્તમ ધરાવતા હતા.

૭. જલાલપોર તાલુકાના માછી સમાજમાં વિજ્ઞાન પ્રવાહના વાલીઓ કન્યા કેળવણી માટેની વ્યવસાયિક જાગૃતતા નબળી ધરાવતા હતા.

➢ **સામાજનાં અગ્રણીઓની મુલાકાત આધારે પ્રાપ્ત તારણો**

(૧) પરિવારમાં કન્યાના સ્થાન સંદર્ભે સામાજનાં અગ્રણીઓના મંતવ્યો

૧. શિક્ષિત કન્યા પરિવારની વિકટ પરિસ્થિતિમાં સહકાર આપે છે.

૨.પરિવારમાં કન્યાનું સ્થાન ઉન્નતિના દરવાજા ખોલનાર છે.

૩. કન્યા ઘર દિપાવનાર છે.

૪. પરિવાર અને ઘરના કામોમાં સહાય કરનાર

૫. પરિવારમાં કન્યાનું સ્થાન અગત્યનું છે.

(૨) સ્ત્રી શિક્ષણ સંદર્ભે સામાજનાં અગ્રણીઓના મંતવ્યો

૧. શિક્ષણ મેળવવું એ કન્યાનો માનવજાત અધિકાર છે.

૨. વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન, સામાજિક જીવન, રાષ્ટ્રભાવના જેવા ગુણોનો વિકાસ સ્ત્રી શિક્ષણને આભારી છે.

૩. વ્યક્તિગત જીવના ઉત્કર્ષ માટે સ્ત્રી શિક્ષણ આપવું જોઈએ.

૪. આધુનિક સમયમાં સ્ત્રી શિક્ષણ આપવું આવશ્યક છે.

૫. સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવવાં શિક્ષણ આપવું જોઈએ.

(૩) કન્યા કેળવણી અંગે સામાજનાં અગ્રણીઓના મંતવ્યો :

૧. કન્યા કેળવણી દ્વારા સમાજ,રાષ્ટ્રની પ્રગતિ થાય છે.

૨. કન્યાઓમાં મુશ્કેલીઓનો પ્રતિકાર કરવાની શક્તિ કેળવણી દ્વારા આવે છે.

૩. પારિવારિક કર્તવ્યો તેમજ જવાબદારીઓની જાણકારી અને તેને નિભાવવાની વ્યવહારિક રીતિ-નીતિનું જ્ઞાન કેળવણી આપવાથી પ્રાપ્ત થાય છે.

૪. કન્યાઓને વ્યવસાયિક તાલીમ આપવી.

(૪) શિક્ષણ માટે કન્યાઓને પ્રોત્સાહિત કરવા અંગે સામાજનાં અગ્રણીઓના પ્રતીચારો :

૧.વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું.

૨.શેરી નાટકોનું આયોજન કરવું.

૩. શૈક્ષણિક કાર્યક્રમો યોજવા.

૪. નામાંકિત મહિલાઓના ચારિત્રની ઝાંખી કરાવવી.

૫. શિક્ષણ માટે સારું વાતાવરણ પૂરું પડવું.

૬. શિક્ષણમાં સહાય કરવી.

(૫) શિક્ષણ આપવાથી કન્યા અધ:પતનના માર્ગે વળે છે માન્યતા સંદર્ભે સામાજનાં અગ્રણીઓના પ્રતિચારો :

૧. ‘શિક્ષણ આપવાથી કન્યા અધ:પતનના માર્ગે વળે છે” આ માન્યતા ખોટી છે.

૨. બદલાતા પ્રવાહ સાથે કન્યાઓને શિક્ષણ આપવું જોઈએ.

૩.કન્યા આદર્શ પરિવારનું નિર્માણ કરે છે.

૪. સમાજને ઉન્નતિના માર્ગે વાળે છે.

૫. પોતાનાં સારા-નબળા પાસાંઓનો વિચાર કરી શકે છે.

(૬) સામાજનાં અગ્રણીઓના કન્યા કેળવણી અંગેના મુખ્ય પ્રયાસો :

૧. સરકારી યોજનાઓ અંગે લોકોને માહિતગાર કરવા.

૨. આર્થિક રીતે નબળી કન્યાઓને મફત ટ્યુશન આપવું.

૩. ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન આપવું.

(૭) સરકારી યોજના અને તેની ભૂમિકા અંગે સામાજનાં અગ્રણીઓનાં પ્રતિચારો :

૧. સરસ્વતી સાધના યોજના

૨. બેટી બચાવો બેટી પઢાવો યોજના

૩. સુકન્યા સમૃદ્ધિ યોજના

૪. મફત પ્રાથમિક શિક્ષણ

૫. સરકારી યોજનાઓ ગરીબ અને પછાત વર્ગની કન્યાઓ માટે આશિર્વાદરૂપ નિવડે

(૮) કન્યા કેળવણીને અસર કરતાં પરિબળો :

૧. આર્થિક પરિબળ

૨. કૌટુંબિક પરિબળ

૩. સામાજિક પરિબળ

૪. પ્રવર્તમાન સમયમાં કન્યાની સુરક્ષાની ચિંતા

૫. નાની વયે કન્યાના લગ્ન કરવા

૬.લોકમાન્યતા (મનોવૈજ્ઞાનિક પરિબળ)

૭. વાલીઓમાં ઓછું શિક્ષણ (શૈક્ષણિક પરિબળ)

(૯) વાલીઓમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા લાવવાનાં તારણો :

૧. મહિલાએ મેળવેલ સિદ્ધિ અંગે વાલીઓને માહિતગાર કરવા

૨. સરકારી યોજના અંગે વાલીઓને માહિતગાર કરવા

૩. ગામ શહેર અને શાળાઓમાં વાલી મીટીંગનું આયોજન કરવું.

૪. કન્યાઓની માતાને શિક્ષણ આપવું.

(૧૦) માછી સમાજને કન્યા કેળવણી પ્રત્યે જાગૃત કરવાનાં તારણો

૧.કન્યાને પ્રોત્સાહિત કરતાં કાર્યક્રમોનું આયોજન કરવું.

૨. કન્યા શિક્ષણ સંદર્ભે પરિવારના સભ્યો, વાલીઓ અને માતા-પિતાને માહિતગાર કરવું.

૩. કન્યાને આર્થિક સહાય આપવી.

શૈક્ષણિક સૂચિતાર્થો

૧. માછી સમાજ દ્વારા કન્યાઓને શિક્ષણ માટે પ્રેરિત કરતા કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

૨. કન્યાઓના શિક્ષણમાં મદદરૂપ થતી યોજનાઓ અંગે માછી સમાજના વાલીઓને માહિતગાર કરવા જોઈએ.

3.શિક્ષણમાં મદદરૂપ થતી યોજનાઓ અંગે માછી સમાજની કન્યાઓને માહિતગાર કરવી જોઈએ.

૪. માછી સમાજમાં કન્યાઓનો સન્માન સમારોહ રાખવો જોઈએ.

૫. આર્થિક રીતે નબળી સ્થિતિ ધરાવતી કન્યાઓને માછી સમાજ દ્વારા આર્થિક સહાય પૂરી પાડવી જોઈએ.

૬. માછી સમાજની અગ્રણી વ્યક્તિઓ દ્વારા શિક્ષણ મેળવતી કન્યાઓને શૈક્ષણિક સાધન સામગ્રીનું વિતરણ કરવું જોઈએ.

૭.ગ્રામ્ય, શહેર, તાલુકા જિલ્લા અને રાજ્ય કક્ષાએ વાલી મીટીંગનું આયોજન કરી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું જોઈએ.

**ભાવિ સંશોધનની ભલામણો**

આવનાર સમયમાં આ પ્રકારના સંશોધનોને વધુ વેગ મળે અને ભાવિ સંશોધકો માટે પથદર્શક બની રહે તે હેતુથી ભાવિ સંશોધનની ભલામણો નીચે મુજબ આપવામાં આવી છે.

૧. જલાલપોર તાલુકાના કોળી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા.

૨. નવસારી તાલુકાના રબારી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા.

3. નવસારી જિલ્લાના મુસ્લિમ સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા.

૪. નવસારી જિલ્લાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા.

૫. ખેરગામ તાલુકાનાં રાઠોડ સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા.

૬. વ્યારા તાલુકાના ચૌધરી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા.

૭.ચિખલી તાલુકાના આદિવાસી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા.

૮.વાંસદા તાલુકાના આદિવાસી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગૃતતા.

૯.વલસાડ તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા.

૧૦. બીલીમોરા તાલુકાના માછી સમાજમાં કન્યા કેળવણી માટેની જાગ્રતતા.

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાના ઉદ્દભવથી લઈને અભ્યાસ દ્વારા મળેલ તારણો સુધીની તમામ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને તજજ્ઞ પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટે ઉપકરણ દ્વારા એકત્રિત માહિતીનું વર્ગીકરણ કરીને તેનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું. તેને આધારે યોગ્ય તારણો અને ભાવિ સંશોધનો માટે દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી તે માટેનાં પ્રયત્નો કરવામાં આવે તો પ્રસ્તુત અભ્યાસ સાર્થક ગણાશે.

## સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના એક સર્વેક્ષણ

ઠાકોર સ્મિતા એસ.

"સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના- એક સર્વેક્ષણ"

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન હાથ ધરવા સંશોધકે નીચે પ્રમાણે હેતુઓ નકકી કર્યા હતા.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના માટે ઉપયોગમાં લેવાતા સાધનોની સ્વચ્છતા અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૩ .સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના વ્યવસ્થાપન કાર્ય અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૪. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત આપવામાં આવતી ભૌતિક સુવિધા અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના અનાજની ગુણવત્તા અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના અંગે શાળાના આચાર્યની ભૂમિકા વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૭. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના શિક્ષકોની ભૂમિકા વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૮. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના કર્મચારીની ભૂમિકા વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૯. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના વિદ્યાર્થીઓના મંતવ્યો વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળાના બાળકો સાથે આચાર્યો, શિક્ષકો, તથા કર્મચારીઓના વર્તન વ્યવહાર અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે નડતી સમસ્યાઓ વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૧૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે જરૂરી સુધારાજનક પગલા વિશે માહિતી પ્રાપ્ત કરવી.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધક દ્વારા નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના કેવી હશે?

૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના માટે ઉપયોગમાં લેવાતા સાધનોની સ્વચ્છતા કેવી હશે?

૩. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાનું વ્યવસ્થાપન કાર્ય કેવું હશે?

૪. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત આપવામાં આવતી ભૌતિક સુવિધા કેવી હશે?

૫. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના અનાજની ગુણવત્તા કેવી હશે?

૬. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના આચાર્યની ભૂમિકા કેવી હશે?

૭. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના શિક્ષકોની ભૂમિકા કેવી હશે?

૮. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના કર્મચારીની ભૂમિકા કેવી હશે?

૯. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે શાળાના વિદ્યાર્થીઓના મંતવ્યો કેવા હશે?

૧૦. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત શાળાના બાળકો સાથે આચાર્યો, શિક્ષકો, તથા કર્મચારીઓના વર્તન વ્યવહાર કેવા હશે?

૧૧. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંગે નડતી સમસ્યાઓ કેવી હશે?

૧૨. સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન સંગે જરૂરી સુધારા જનક પગલાં કયા હશે?

**સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન વર્ણાત્મક સંશોધન પદ્ધતિની સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું

**સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધન સુરત શહેરની સરકારી શાળામાં હાથ ધરવામાં આવ્યું હતું.સુરત શહેરના કુલ સાત ઝોન મળીને ૨૧૩ સરકારી શાળાનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.આ વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિત્વરૂપ નમૂના તરીકે સુરત શહેરના સાત ઝોનમાંથી દરેક ઝોન મુજબ ૧૦% લેખે ૨ શાળાની યાદચ્છિક નમૂના પદ્ધતિ પસંદગી કરવામાં આવી હતી.આમ કુલ ૧૪ શાળાનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.આ નમૂનાની પસંદ કરાયેલ તમામ શાળાના દરેક શાળા લેખે ૧ આચાર્ય એમ ૧૪ આચાર્યને નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.આમ કુલ ૧૪ આચાર્યોનો નમુનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.પસંદ કરાયેલ નમૂનાની શાળામાંથી પ્રત્યેક શાળામાંથી ૨ શિક્ષકોની પસંદગી સુહેતુક પદ્ધતિથી કરવામાં આવી હતી.કુલ ૨૮ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.પસંદ કરાયેલ નમૂનાની શાળામાંથી પ્રત્યેક શાળામાંથી ૨ કર્મચારીની પસંદગી સુહેતુક પદ્ધતિથી કરવામાં આવી હતી.કુલ ૨૮ કર્મચારીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.નમૂનામાં સમાવિષ્ટ પ્રત્યેક શાળામાંથી ૧૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક નમૂના પસંદગી કરવામાં આવી હતી.કુલ ૧૪૦ વિદ્યાર્થીઓનો નમુનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધન માટે ઉપકરણ તરીકે આચાર્ય માટે સાક્ષ્યપત્રક, શિક્ષકો અને કર્મચારી માટે મુક્તજવાબી પ્રશ્નાવલિ, અને વિદ્યાર્થીઓ માટે બંધ પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણની રીત**

**માહિતી એકત્રીકરણ રીત**

પ્રસ્તુત સંશોધનમાં સુરત શહેરની પ્રાથમિક શાળામાંથી મધ્યાહન ભોજન અંગે માહિતી મેળવવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વેબસાઇડ પરથી શાળાઓની ઝોન મુજબની યાદી પ્રાપ્ત કરી નમૂનાની શાળાની યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદગી કરી શાળાની યાદી તૈયાર કરવામાં આવી હતી.નમૂનામાં સમાવિષ્ટ શાળાઓમાં મધ્યાહન ભોજન અંગે સંશોધન કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ પાસેથી પરવાનગી મેળવવામાં આવી હતી.સંશોધનમાં નમુનામાં સમાવિષ્ટ શાળાઓમાં રૂબરૂ મુલાકાત લઈ શાળાના આચાર્ય,શિક્ષકો, કર્મચારી, અને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ રીત**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પૃથક્કરણ અર્થે સાક્ષ્યપત્રક અને મુક્તજવાબી પ્રશ્નાવલિનું ગુણાત્મક પદ્ધતિ અને બંધ પ્રશ્નાવલીનું શતમાનની સાર્થકતા ટકાવારી આકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં મેળવેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનના આધારે નીચેના મુજબના તારણો મેળવવામાં આવ્યા હતા.

૧. મધ્યાહન ભોજન માટેના ભૌતિક સાધનોની સ્વચ્છતા પાત્રોની સફાઈ લિક્વિડથી સાફ કરી સ્વચ્છ પાણીથી ધોઈને, વિદ્યાર્થીઓએ કરેલો ભોજનનો બગાડ એક પાત્ર માં એકઠું કરીને, આસનપટ્ટા સમયાંતરે ધોઈને, મધ્યાહન ભોજન બાદ પત્રોની સફાઈ કરી લૂછીને ચોક્કસ જગ્યા પર મૂકીને જાળવવામાં આવતી હતી.

૨. મધ્યાહન ભોજનનું વ્યવસ્થાપન કાર્ય બેઠક વ્યવસ્થા બાળકોને આસન પાથરીને, હારબદ્ધ બેસાડીને, બાળકોનું શિક્ષકો દ્વારા નિરીક્ષન કરીને, બાળકોને ધોરણ મુજબ જમવાનું લેવા મોકલીને, બાળકોને લોબીમાં

બેસાડી કે મેદાનમાં બેસાડીને, કર્મચારી વડે ભોજન પીરસીને કરવામાં આવતું હતું.

૩. મધ્યાહન ભોજન દરમિયાન શાળામાં વિદ્યાર્થીઓને હાથ ધોવા માટે લિક્વિડ બેસવા આસનપટ્ટો, જમવા માટે ડિશ, ચમચી, હાથ ધોવા પાણી,કર્મચારીને સાધનો સાફ કરવા લિકવિડ, તગારા, ડોલ, પીવાનું પાણી, લાઈટ સુવિધા પંખાની આપવામાં આવતી હતી.

૪. મધ્યાહન ભોજન ગુણવતાની દ્રષ્ટિએ સારું, શ્રેષ્ઠ, સ્વચ્છ, શુદ્ધ, ગરમ, પૌષ્ટિક, ગુણવત્તાસભર, વિદ્યાર્થીઓના વિકાસને ધ્યાનમાં રાખીને પ્રોટીનયુક્ત, સંતોષકારક હતું.

૫. મધ્યાહન ભોજન દરમિયાન આચાર્ય વ્યવસ્થાપન કાર્યનું, કર્મચારી અને શિક્ષકોની કામગીરી અંગે, વિદ્યાર્થીઓ ભોજન બરાબર લે છે તે અંગે. મધ્યાહન ભોજન ચાખવા અંગે, મધ્યાહન ભોજન દરમિયાન કોઈ સમસ્યા નડવા અંગે, વિદ્યાર્થીઓને ભોજનનો બગાડ ન કરવા અંગે,કર્મચારીની એન્ટ્રી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન તરફથી આવતા ભોજનની ઓનલાઈન એન્ટ્રી, મધ્યાહન ભોજન દરમિયાન સ્વચ્છતા અને શિસ્તતા વગેરે બાબતોનું નિરિક્ષણ કરવાનું કરી કરતાં હતા.

૬. મધ્યાહન ભોજન યોજના અંગે શિક્ષકો વિદ્યાર્થીઓને હારમાં બેસાડવાનું, વિદ્યાર્થીઓ ભોજન યોગ્ય રીતે જમે છે કે નહીં તે તપાસવાનું, મધ્યાહન ભોજન ચાખીને ચકાસણી કરવાનું, મધ્યાહન ભોજનની ગુણવત્તા ચકાસવાનું, મધ્યાહન ભોજનના પાત્રોની ચોખ્ખાઈ અંગે ચકાસણી કરવાનું, મધ્યાહન ભોજન વ્યવસ્થિત રીતે પીરસાય છે તેનું નિરીક્ષન કરવાનું, અન્નનો બગાડ ન થાય તેનું ધ્યાન રાખવાનું, વિદ્યાર્થીઓને હાથ ધોવાનું, સ્વચ્છતા જાળવે તે માટેના સૂચનો આપવાનું, અક્ષયપાત્ર ફાઉન્ડેશનમાંથી આવતા મધ્યાહન ભોજનને યોગ્ય સ્વચ્છ જગ્યા પર મુકાવાનું, દરેક વર્ગખંડના વિદ્યાર્થીઓની સંખ્યા નોંધી ઓનલાઈન અપડેટ કરવાનું, કર્મચારીને યોગ્ય જણાય ત્યાં સૂચનો આપવાનું. કર્મચારીની સહી લેવાનું, આયોજક તરીકેની ભૂમિકા ભજવતા હતા.

૭. મધ્યાહન ભોજન દરમિયાન કર્મચારીઓ મધ્યાહન ભોજન પીરસવાનું વાસણોની સાફ સફાઈ કરવાનું, મધ્યાહન ભોજનની જગ્યાની સાફ સફાઈ કરવાનું, મેદાનની સાફ સફાઈ કરવાનું, આસનપટ્ટા પાથરવાનું, બાળકોને લાઈનમાં બેસાડવાનું, મધ્યાહન ભોજનના ટિફિન લેવા અને યોગ્ય જગ્યાએ મૂકવાનું જેવા કાર્યો કરવામાં આવતા હતા.

૮. વિદ્યાર્થીઓના મંતવ્ય અનુસાર મધ્યાહન ભોજન સ્વચ્છ, ગુણવત્તાયુક્ત, સ્વાદિષ્ટ, ગરમ, વિવિધ વાનગીયુકત હોવાનું જવાવ્યું હતું.શિક્ષકો - આચાર્યો તરફથી - પૂરતું ધ્યાન આપવામાં આવતું હતું.બાળકો જણાવે છે કે ભોજનની નિયમિતતા અંગે, સ્થાનની સાફ સફાઈ અંગે, વાસણોની સફાઈ અંગે. ભોજનના બગાડની સમસ્યા હોવાનું જણાવતા હતા.

૯.શાળામાં મધ્યાહન ભોજન દરમિયાન આચાર્ય, શિક્ષકો અને કર્મચારી વિદ્યાર્થીઓ સાથે પ્રેમ, આત્મીયતા, હુફભર્યું, માયાળું, લાગણીસભર, સારા વર્તનો કરતા હતા.

૧૦. મધ્યાહન ભોજન દરમિયાન વિદ્યાર્થીઓને ચોમાસામાં બેસાડવા માટે મુશ્કેલી, વિદ્યાર્થીઓની સંખ્યા સામે કર્મચારીની સંખ્યા ઓછી, રિશેષનો સમય ઓછો હોવાથી વિદ્યાર્થીઓને જમવામાં ઉતવાડ કરવી,શાળામાં મેદાનની જગ્યા ઓછી હોવાથી વિદ્યાર્થીઓને એક સાથે બેસાડી શકતા નથી, અમુક વખતે વિદ્યાર્થીઓ ડિશ જગ્યા પર મૂકવાનું ભૂલી જાય, ૨૦% જેટલા વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજન જમવાનું ટાળે, બહારના તૈયાર પેકેટ

ખાવાનો આગ્રહ રાખે, મધ્યાહન ભોજનનું મેનૂ નક્કી હોવાથી તેમાં બદલાવ થઈ શકતો નથી જેવી સમસ્યા જોવા મળતા હતી.

૧૧. મધ્યાહન ભોજન યોજના અંગે રિશેષનો સમય વધારા બાબતે, વિદ્યાર્થીઓને બેસાડવા માટે જગ્યાની વ્યવસ્થતા બાબતે, સૂકો નાસ્તો વધુ પ્રમાણમાં આપવા બાબતે, મધ્યાહન ભોજનને વધુ અસરકારક બનાવવા માટે કર્મચારીની યોગ્ય રીતે નિમણૂક કરવી, કર્મચારીની સંખ્યા વધારવી, ભોજનમાં સલાડ, છાશ, ફણગાવેલા કઠોળનો સમાવેશ કરવો, વિદ્યાર્થીઓને ફ્રૂટ અને દૂધ આપવું, બિસ્કિટ, બિરયાની, પાઉભાજી જેવી વાનગીનો સમાવેશ કરવો, બાળકોને ભાવે તેવી વાનગીઓનો સમાવેશ કરવો, મેનૂ સિવાય વિવિધ વાનગીનો સમાવેશ કરવો, પીવાના પાણી માટે પરબની વ્યવસ્થા અંગે, ભોજનમાં લાડુ-ચૂરમું ન આપવા જેવી બાબતોમાં સુધારા જણાવતા હતા.

### શૈક્ષણિક ફલિતાર્થો

સંશોધકે મેળવેલ તારણોના આધારે મધ્યાહન ભોજન યોજના અંગે અમુક શૈક્ષણિક ફલિતાર્થો દર્શાવેલ છે. જે નીચે મુજબ છે.

મધ્યાહન ભોજનના કર્મચારીની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ નિમણૂક કરવી જોઈએ.

શાળામાં ચોમાસાની ઋતુ દરમિયાન વિદ્યાર્થીઓને બેસાડવાની જગ્યાની વ્યવસ્થા કરવી જોઈએ.

શાળામાં રિશેષનો સમયગાળો વધારવો જોઈએ.

વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજન છોડી બહારના નાસ્તા ખાવાની પરવાનગી ન આપવી જોઈએ.

મધ્યાહન ભોજનના મેનૂમાં સમયાંતરે ફેરફાર કરતાં રહેવું જોઈએ.

ભોજનમાં સલાડ, છાશ, ફણગાવેલા કઠોળનો સમાવેશ કરવો, વિદ્યાર્થીઓને ફ્રૂટ અને દૂધ આપવું, બિસ્કિટ, બિરયાની, પાઉભાજી જેવી વાનગીનો સમાવેશ કરવો જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

કોઈપણ સંશોધન અંતિમ હોતું નથી. સંશોધનનુ ક્ષેત્ર વિશાળ છે.ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને દિશા મળી રહે તે માટે સંશોધકે ભાવિ સંશોધનના ક્ષેત્રો નીચેના મુજબ દર્શાવ્યા છે.

ગ્રામ્ય કક્ષાએ મધ્યાહન ભોજના યોજનાના અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મધ્યાહન ભોજનની કામગીરીના અભ્યાસ અર્થે અભ્યાસ હાથ ધરી શકાય.

શિક્ષકો, બાળકો અને વાલીઓની મધ્યાહન ભોજન યોજનાની અપેક્ષા અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજના માટે થતાં પ્રયાશો અંગે અભ્યાસ હાથ ધરી શકાય.

### ઉપસંહાર

અહી સંશોધકે "સુરત શહેરની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના એક સર્વેક્ષણ" વિષય પર સંશોધન હાથ ધરેલ હતું.આ સંશોધન દ્વારા શાળામાં મધ્યાહન ભોજન યોજનાની વર્તમાન પરિસ્થિતી જાણવાનો આશય રહેલો હતો.સંશોધનના હેતુઓને આધરે તારણો મેળવી તેમાં યોગ્ય સુધારા વધારા માટેના સૂચનોની અંહી ચર્ચા કરવામાં આવી હતી.ભાવિ સંશોધન માટે માર્ગદર્શનરૂપ બને તે માટે ભાવિ સંશોધનની ઝાંખી આપવામાં આવી હતી.

# ધોરણ આઠના વિજ્ઞાન વિષયના 'પદાર્થો : ધાતુ અને અધાતુ' એકમ પર આગમન તર્ક પ્રતિમાનની રચના અને અજમાયશ

વછીયાત ફરહીનબાનુ એમ.

વિજ્ઞાન વિષયનું શિક્ષણ સૈદ્ધાંતિક ઉપરાંત પ્રાયોગિક રીતે અધ્યેતાઓ ગ્રહણ કરે છે. વર્ગમાં વિજ્ઞાન વિષય પરંપરાગત રીતે વ્યાખ્યાન પદ્ધતિથી કે કોઈકવાર નિદર્શન પદ્ધતિથી ભણાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને અધ્યયન દરમિયાન આ વિષયના સંદર્ભમાં ઘણા બધા સવાલો થતાં હોય છે, ઘણું જાણવાની ઉત્સુકતા હોય છે, તેના સંદર્ભે અધ્યાપન પ્રતિમાનો કેટલાં ઉપયોગી નીવડે તેમજ આગમન તર્ક પ્રતિમાન કેટલું અસરકારક છે તે જાણવાના આશયથી ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો; ધાતુ અને અધાતુ' એકમ માટે અભ્યાસ હાથ ધર્યો હતો.

પ્રસ્તુત સંશોધન વિષયને નીચે પ્રમાણે શબ્દબદ્ધ કરેલ છે;

ધોરણ આઠના વિજ્ઞાન વિષયના ‘પદાર્થો: ધાતુ અને અધાતુ એકમ પર આગમન તર્ક પ્રતિમાનની રચના અને અજમાયશ

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા:

(૧) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો: ધાતુ અને અધાતુ' એકમ પર આગમન તર્ક પ્રતિમાનની રચના કરવી.

(૨) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો. ધાતુ અને અધાતુ એકમ પર સિદ્ધિકસોટીની રચના કરવી.

(૩) આગમન તર્ક પ્રતિમાન આધારિત અધ્યાપન કાર્ય અંગેના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની રચના કરવી.

(૪) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો ધાતુ અને અધાતુ એકમ પર રચિત આગમન તર્ક પ્રતિમાનની વર્ગખંડમાં અજમાયશ કરવી.

(૫) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો: ધાતુ અને અધાતુ એકમ પર રચવામાં આવેલ આગમન તર્ક પ્રતિમાનની અસરકારકતા ચકાસવી.

(૬) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો: ધાતુ અને અધાતુ' એકમ પર રચિત આગમન તર્ક પ્રતિમાનની પરંપરાગત શિક્ષણ પદ્ધતિ સાથે તુલના કરવી.

(૭) ધોરણ આઠના વિજ્ઞાન વિષયના 'પદાર્થો: ધાતુ અને અધાતુ' એકમ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણની ધારણ સંદર્ભે અસરકારકતા તપાસવી.

(૮) ધોરણ આઠના પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો જાણવા.

### સંશોધનની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનની ઉત્કલ્પનાઓ આ પ્રમાણે હતી:

(૧) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૨) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૩) નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૪) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

(૫) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ધારણકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ના ધોરણ

આઠમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે અંકલેશ્વર શહેરની શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળાની પસંદગી સહેતુક નમૂના પસંદગીની પદ્ધતિથી કરવામાં હતી. જેમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૧૯-૨૦નાં પ્રસ્તુત શાળાના ધોરણ આઠમાં અભ્યાસ કરતાં ૫૮ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જોડકા પદ્ધતિ દ્વારા ૨૯ વિદ્યાર્થીઓ પ્રાયોગિક જૂથ તરીકે અને ૨૯ વિદ્યાર્થીઓની નિયંત્રિત જૂથ તરીકે નમૂના પસંદગી કરવામાં આવી હતી.

**સંશોધન યોજના**

પ્રસ્તુત સંશોધન પ્રાયોગિક પ્રકારનું હોવાથી તેની પ્રાયોગિક યોજના તરીકે "યાદચ્છિક નિયમન જૂથ પૂર્વકસોટી-ઉત્તરકસોટી યોજના" પસંદ કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ સંદર્ભે સંશોધક રચિત પ્રાયોગિક જૂથ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત પાઠ આયોજન, બંને જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવા માટે ૩૦ ગુણની સિદ્ધિ કસોટી અને આગમન તર્ક પ્રતિમાન આધારિત અધ્યાપનકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ પર આધારિત ૨૨ વિધાનોની અભિપ્રાયાવલિ રચવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાઓને આધારે માહિતી એકત્રીકરણ કરવા માટે શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીની મંજૂરી મેળવી હતી. પ્રસ્તુત શાળાના ધોરણ આઠના નમૂનામાં પસંદ પામેલા પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને તેના સંદર્ભની પૂર્વકસોટી આપી પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને ધોરણ આઠના વિજ્ઞાન વિષયના પદાર્થો, ધાતુ અને અધાતુ વિષયવસ્તુ પર આધારિત આગમન તર્ક પ્રતિમાનથી અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓને પરંપરાગત પદ્ધતિથી અધ્યાપનકાર્ય કરાવ્યા બાદ તેના સંદર્ભની ઉત્તરકસોટી આપી તેના આધારે મેળવેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પાસે આગમન તર્ક પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્ય અંગેના અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ પર આધારિત ૨૨ વિધાનોની અભિપ્રાયાવલિ આપવામાં આવી હતી. અધ્યાપનકાર્યના એક મહિના બાદ બંને જૂથના વિદ્યાર્થીઓને સમાન ધારણકસોટી આપવામાં આવી હતી તે અંગેની માહિતી એકત્રિત કર્યા બાદ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં પૂર્વકસોટી, ઉત્તરકસોટી, ધારણકસોટીના પ્રાપ્તાંકો અને લબ્ધિકના પ્રાપ્તાંકોના આધારે મધ્યસ્થ તેમજ વિલ્કોક્સન ચિન્હ ક્રમાંક કસોટી દ્વારા T-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. તેમજ અભિપ્રાયાવલિ ઉપર પ્રાપ્ત થયેલા અભિપ્રાયોને આધારે આવૃત્તિ, ટકાવારી, કાઈવર્ગ સરેરાશ ભારાંક અને અગ્રતાક્રમની અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત એકત્રિત કરેલ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને અર્થઘટન કરી અંતે જે પરિણામો પ્રાપ્ત થયા હતા તેના તારણોની રજૂઆત અહીં કરેલ છે.

➢ **સંશોધનના મુખ્ય તારણો**

પ્રસ્તુત સંશોધનમાં નક્કી કરેલા હેતુઓ અને તેને આધારે રચેલી ઉત્કલ્પનાઓની ચકાસણી કરતાં પ્રાપ્ત પરિણામોને આધારે નીચે પ્રમાણે તારણો મળ્યા હતા.

(૧) પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત ન હતો, તેથી પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ 'પદાર્થો: ધાતુ અને અધાતુ' એકમ સંબંધિત સમાન માહિતી ધરાવતા હતા. અર્થાત્ પ્રયોગ પહેલા બંને જૂથો સમાન હતા,

(૨) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો, તેથી પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ પર આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પૂરવાર થઈ હતી.

(૩) નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના પૂર્વકસોટી અને ઉત્તરકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ વચ્ચે સાર્થક તફાવત હતો. તેથી નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પર પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા નોંધપાત્ર પૂરવાર થઈ હતી.

(૪) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના લબ્ધિઆંકના પ્રાપ્તાંકોના મધ્યસ્થની સરખામણીમાં વધુ હતા. અર્થાતું આગમન તર્ક પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું,

(૫) પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ધારણકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થ નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ધારણકસોટીના પ્રાપ્તાંકોના મધ્યસ્થની સરખામણીમાં વધુ હતા. અર્થાત્ આગમન તર્ક પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

આથી પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ત તારણોને આધારે કહી શકાય કે આગમન તર્ક પ્રતિમાન દ્વારા થયેલ અધ્યાપનકાર્ય પરંપરાગત પદ્ધતિ દ્વારા થયેલ અધ્યાપનકાર્યની તુલનામાં અસરકારક રહ્યું હતું.

### વિદ્યાર્થીઓના અભિપ્રાયોના તારણો

પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને આગમન તર્ક પ્રતિમાન આધારિત કરાવેલ શિક્ષણકાર્ય કેટલા પ્રમાણમાં રસપ્રદ અને અસરકારક રહ્યું તે જાણવા અંગેના અભિપ્રાયાવલિના આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ હતા.

(૧) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ પદાર્થો ધાતુ અને અધાતુ એકમની ક્રમિક રીતે સમજણ મેળવી હતી.

(૨) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુમાં સમાન બાબતો શોધતા આવડી હતી.

(૩) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને સમાન વિષયવસ્તુના જૂથો પાડી તેનું નામકરણ કરતાં આવડ્યું હતું.

(૪) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ વિષયવસ્તુ સાથે સંકળાયેલા પ્રયોગોમાં કાર્યકારણ સંબંધ શોધતા શીખ્યા હતા.

(૫) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સાથે સંકળાયેલ રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓનું અર્થઘટન કરતાં આવડ્યું હતું.

(૬) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુની માહિતીના અર્થઘટન પરથી અનુમાન કરતાં આવડ્યું હતું.

(૭)આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુ પર આધારિત લઘુપ્રયોગો કરવાની મજા પડી હતી.

(૮) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સાથે સંકળાયેલ સમાન બાબતોને શોધી તેના જૂથો બનાવવાની મજા પડી હતી.

(૯) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓમાં તર્ક કરવાની શક્તિ જાગૃત થઈ શકી હતી.

(૧૦) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુની સમજૂતી માટે આપેલ ઘટનાના વર્ણન કે પ્રયોગ માટે પૂછેલ પ્રશ્નોના જવાબ આપવાનું ગમતું હતું.

(૧૧) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વપ્રયત્ને અધ્યયન કરવાની હિંમત વિકસી હતી.

(૧૨) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વપ્રયત્ને પ્રયોગો કરવાની હિંમત કેળવાય હતી.

(૧૩) વિદ્યાર્થીઓને શાળાના વિષય શિક્ષક દ્વારા અપાતા શિક્ષણ કરતાં આગમન તર્ક પ્રતિમાન દ્વારા ભણવામાં કંટાળો ન આવ્યો હતો.

(૧૪) આગમન તર્ક પ્રતિમાન દ્વારા અપાયેલ શિક્ષણ વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી યાદ રહેશે.

(૧૫) આગમન તર્ક પ્રતિમાન દ્વારા પદાર્થો, ધાતુ અને અધાતુ એકમનુ શિક્ષણકાર્ય વિદ્યાર્થીઓને રસપ્રદ લાગ્યું હતું.

(૧૬) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓની વિચાર કરવાની શક્તિ વિકસી હતી.

(૧૭) આગમન તર્ક પ્રતિમાન દ્વારા શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓને સમય વધુ જતો હોય તેમ લાગ્યું ન હતું.

(૧૮) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓ વર્ગખંડમાં વિષયવસ્તુ પર આધારિત કોઈપણ પ્રશ્ન પૂછવા માટે સ્વતંત્ર હતા.

(૧૯) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને સ્વપ્રયત્ને પ્રયોગ કરતી વખતે ખોટું પરિણામ આવશે એવી બીક રહેતી હતી.

(૨૦) આગમન તર્ક પ્રતિમાન દ્વારા વિદ્યાર્થીઓને 'પદાર્થો ધાતુ અને અધાતુ' એકમ ખૂબ સરળતાથી યાદ રહી ગયો.

(૨૧) આગમન તર્ક પ્રતિમાન દ્વારા 'પદાર્થો-ધાતુ અને અધાતુ' એકમનું અધ્યાપનકાર્ય વિદ્યાર્થીઓને લાંબાગાળા સુધી ચાલ્યુ હોય તેમ ન લાગ્યું.

(૨૨) આગમન તર્ક પ્રતિમાન દ્વારા કરાવેલ અધ્યાપનકાર્ય વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી તૈયારી માટે ઉપયોગી છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

પ્રસ્તુત સંશોધનના તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો નીચે મુજબ છે.

(૧) પ્રવર્તમાન સમયમાં વિજ્ઞાન વિષયના પરંપરાગત અધ્યાપનને સ્થાને શિક્ષકે આગમન તર્ક પ્રતિમાનની વ્યૂહરચનાઓ પર આધારિત અધ્યાપનકાર્ય વર્ગખંડમાં કરવું જોઈએ જેથી શિક્ષણકાર્યમાં નવીનતા સર્જી શકાય.

(૨) નમૂનાના પાત્રો તરીકે પસંદ થયેલા વિદ્યાર્થીઓ સિવાય વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ અન્ય વિદ્યાર્થીઓને પણ વિજ્ઞાન વિષયના 'પદાર્થો ધાતુ અને અધાતુ એકમ સંદર્ભે આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી શકાય.

(૩) વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ અને પ્રવૃત્તિલક્ષી સ્વભાવને કારણે વિજ્ઞાન વિષયના વિષયવસ્તુ સંદર્ભે શિક્ષકના કથનથી કંટાળતો હોય છે તો આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓમાં રહેલા રસને જાળવી શકાય અને કટાળી દૂર કરી શકાય.

(૪) શિક્ષકોને શિક્ષણક્ષેત્રે અપનાવવામાં આવતી નવીન પદ્ધતિઓથી પરિચિ શકાય અને આ પદ્ધતિ દ્વારા કઠિન અને અઘરા એકમોને વધારે સારી રીતે સમજાવી શકાય.

(૫) આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યથી વિદ્યાર્થીઓની તર્ક શક્તિનો વિકાસ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં હાથ ધરી શકાય.

**૫.૫ ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રસ્તુત સંશોધનથી ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને યોગ્ય દિશા મળે તે માટે

ભાવિ સંશોધનો અંગેના ક્ષેત્રો નીચે મુજબ દર્શાવ્યા છે.

(૧) પ્રસ્તુત સંશોધન અંકલેશ્વર શહેરની માત્ર એક શાળા પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ગામ, શહેર, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ શાળાઓને આવરી લઈ આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

(૨) પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શાળાના ધોરણ આઠ પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ધોરણો માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા તપાસી શકાય.

(૩) પ્રસ્તુત સંશોધન ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૂરતું જ સીમિત હતું, પરંતુ

અન્ય માધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

(૪) પ્રસ્તુત સંશોધન ધોરણ આઠના વિજ્ઞાનના 'પદાર્થો ધાતુ અને અધાતુ' એકમ પૂરતું જ સીમિત હતું, પરંતુ વિજ્ઞાનના અન્ય એકમ માટે તેમજ અન્ય વિષયો માટે પણ આગમન તર્ક પ્રતિમાન આધારિત શિક્ષણસામગ્રી તૈયાર કરી તેની અસરકારકતા પ્રાયોગિક રીતે તપાસી શકાય.

(૫) પ્રસ્તુત સંશોધન આગમન તર્ક પ્રતિમાન પૂરતું જ સીમિત હતું, પરંતુ અધ્યાપનના અન્ય પ્રતિમાનો જેવા કે શોધ-પ્રશિક્ષણ પ્રતિમાન, સંકલ્પના પ્રાપ્તિ પ્રતિમાન, એડવાન્સ ઓર્ગેનાઈઝર પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવી અન્ય પદ્ધતિ સાથે તુલના કરી શિક્ષણની પદ્ધતિઓની અસરકારકતા તપાસી શકાય.

(૬) વિદ્યાર્થીઓની જાતિ, વય, બુદ્ધિ, વિસ્તાર વગેરે જેવા ચલોને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્યની અસરકારકતા તપાસી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનની સમીક્ષા કરતાં એ ફલિત થાય છે કે આગમન તર્ક પ્રતિમાન દ્વારા અધ્યાપનકાર્ય કરાવવાથી વિદ્યાર્થીઓની તર્કશક્તિનો અને વિચારશક્તિનો વિકાસ કરી શકાય છે. પ્રસ્તુત સંશોધન દ્વારા સંશોધકને મળેલ જ્ઞાન અને અનુભવ પોતાના ભાવિ વ્યવસાયને ગુણવત્તાયુક્ત અને સમૃદ્ધ બનાવવામાં મદદરૂપ થશે અને ભવિષ્યમાં સંશોધન કરનારને પ્રસ્તુત સંશોધન પથદર્શક બની રહેશે.

## 'તોતો ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ

વસાવા દીપિકા સી.

સંશોધન "તોત્તોચાન કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ" એ શીર્ષક હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ નીચે દર્શાવેલ હેતુઓ સંદર્ભે કરવાનો ઉપક્રમ રાખ્યો હતો.

૧.'તોત્તો-ચાન' કૃતિનું શિક્ષણના હેતુઓ સંદર્ભે વિશ્લેષણ કરવું.

૨. 'તોત્તો-ચાન' કૃતિનું શિક્ષણની પદ્ધતિઓ સંદર્ભે વિશ્લેષણ કરવું.

૩. 'તોત્તો-ચાન' કૃતિનું અભ્યાસક્રમ સંદર્ભે વિશ્લેષણ કરવું.

૪. 'તોત્તો-ચાન' કૃતિનું શિક્ષક વિદ્યાર્થીઓના સંબંધો સંદર્ભે વિશ્લેષણ કરવું.

૫. 'તોત્તો-ચાન' કૃતિનું શિક્ષકની ભૂમિકા સંદર્ભે વિશ્લેષણ કરવું.

૬. 'તોત્તો-ચાન' કૃતિનું શિસ્તની પદ્ધતિઓ સંદર્ભે વિશ્લેષણ કરવું.

૭. 'તોત્તો-ચાન' કૃતિનું મૂલ્યાંકન પદ્ધતિઓ સંદર્ભે વિશ્લેષણ કરવું.

### સંશોધનના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન નીચે મુજબના પ્રશ્નોના ઉત્તરો પ્રાપ્ત કરવાના ઉપક્રમ સ્વીકાર્યો હતો.

૧. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળાનાં શિક્ષણનાં હેતુઓ કયા કયા છે?

૨. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળાની શિક્ષણની પદ્ધતિઓ કઈ કઈ છે?

૩. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળાનો અભ્યાસક્રમ કેવો છે?

૪. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળામાં શિક્ષક-વિદ્યાર્થીઓના સંબંધો કેવા છે?

૫. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળામાં શિક્ષકની ભૂમિકા કેવી છે?

૬. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત શાળામાં શિસ્તની પદ્ધતિ કઈ કઈ છે?

૭. 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત તમોએ શાળાની મૂલ્યાંકન પદ્ધતિઓ કઈ કઈ છે?

**સંશોધન પ્રકાર અને પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું છે અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ વડે હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ સંબંધિત માહિતીની નોંધ કરવા હેતુઓને અનુરૂપ નોંધ પત્રકની રચના કરી, વાંચન દરમ્યાન પ્રાપ્ત સંબંધિત માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી પૃથક્કરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિષયવસ્તુ પૃથક્કરણની પદ્ધતિ અપનાવી હતી.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં " 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેશ્નાત્મક અભ્યાસ" અંતર્ગત શિક્ષણના હેતુઓ, શિક્ષણની પદ્ધતિઓ, શાળાનો અભ્યાસક્રમ, શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો, શિક્ષકની ભૂમિકા, શિસ્ત, મૂલ્યાંકન સંદર્ભમાં 'તોત્તો-ચાન' કૃતિનો અભ્યાસ કરી જે તારણો પ્રાપ્ત થયા તે અહીં દર્શાવવામાં આવ્યા છે.

➢ **'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ અંગેના તારણો**

- 'તોત્તો-ચાન' કૃતિમાં શિક્ષણના હેતુઓ અંગે પ્રાપ્ત થયેલાં તારણો
  - ➢ વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ કરવો.
  - ➢ વિદ્યાર્થીઓમાં સ્વઉત્તરદાયિત્વની ભાવના વિકસાવવી.
  - ➢ વર્ગખંડની ચાર દિવાલોથી મુક્ત શિક્ષણ વ્યવસ્થા કરવી.
  - ➢ વિદ્યાર્થીઓને આચાર-વિચારની પસંદગીની તકો પૂરી પાડવી.
  - ➢ વિદ્યાર્થીઓને જીવન સંઘર્ષ માટે તૈયાર કરવા.
  - ➢ વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત, નૈતિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક વગેરે મૂલ્યોનો વિકાસ કરવો.
  - ➢ વિદ્યાર્થીઓને વાસ્તવિક અનુભવો પુરા પાડી શિક્ષણ આપવું.
  - ➢ વિદ્યાર્થીઓના શરીર, મન, હૃદય અને આત્માનો સુસંવાદી વિકાસ કરવો.
  - ➢ વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવી.
  - ➢ વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાવલંબનનો વિકાસ કરવો.
  - ➢ વિદ્યાર્થીઓને આત્મસાક્ષાત્કારની તકો આપવી.
  - ➢ વિદ્યાર્થીઓ સ્વાવલંબન અને આત્મ નિર્ભરતા કેળવે તેવું શિક્ષણ આપવું.
  - ➢ વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવન માટે ઉપયોગી નીવડી તેવું શિક્ષણ આપવું.
- શિક્ષણની પદ્ધતિ અંગે પ્રાપ્ત થયેલા તારણો
  - ➢ શિક્ષણમાં નાવીન્યકરણને સ્થાન
  - ➢ વૈયક્તિક શિક્ષણ
  - ➢ અનુભવ દ્વારા શિક્ષણ
  - ➢ પ્રકૃતિ દ્વારા શિક્ષણ
  - ➢ પ્રવાસ-પર્યટન દ્વારા શિક્ષણ
  - ➢ ખેલકુદ દ્વારા શિક્ષણ
  - ➢ ઇન્દ્રિયજન્ય અનુભવો દ્વારા શિક્ષણ
  - ➢ સંવાદ-ચર્ચા દ્વારા શિક્ષણ
  - ➢ સ્વ-અધ્યયન
  - ➢ સ્વતંત્ર અધ્યયન

- પ્રયોગ દ્વારા શિક્ષણ
- શાળાનો અભ્યાસક્રમ અંગે પ્રાપ્ત થયેલા તારણો
    - વિદ્યાર્થીઓની જરૂરિયાત, ક્ષમતાઓને અનુરૂપ અભ્યાસક્રમમાં લવચિકતા
    - પ્રવૃત્તિલક્ષી અભ્યાસક્રમ
    - સંગીત શિક્ષણ
    - સમાવેશી અભ્યાસક્રમ
    - જીવન ઉપયોગી શિક્ષણ
- શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો અંગે પ્રાપ્ત થયેલાં તારણો
    - શિક્ષક-વિદ્યાર્થીના મુક્ત નિખાલસ સંબંધો
    - શિક્ષક દ્વારા વિદ્યાર્થીનો ઉષ્માભર્યો સ્વીકાર
    - શિક્ષકોનું વિદ્યાર્થી સાથે પ્રેમ, સહાનુભૂતિ ભર્યું વર્તન
    - શિક્ષક દ્વારા દરેક વ્યક્તિત્વનો સ્વીકાર
    - શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર આદર-સન્માન
- શિક્ષકની ભૂમિકા અંગે પ્રાપ્ત થયેલા તારણો
    - શિક્ષક વિદ્યાર્થી સાથે સક્રિય બને
    - વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડે
    - શિક્ષકે વિદ્યાર્થીના ગુણો અને ક્ષમતાઓની પરખ કરી તેને વિકસાવે.
    - શિક્ષક પ્રેમાળ અને સમર્પણશીલ
- શિસ્ત અંગે પ્રાપ્ત થયેલા તારણો
    - સ્વશિસ્તનો આગ્રહ
    - પ્રભાવાત્મક શિસ્ત
    - મુક્ત શિસ્ત
- મૂલ્યાંકનની પદ્ધતિ અંગેના તારણો
    - સતત મૂલ્યાંકન
    - નિદાનાત્મક મૂલ્યાંકન
    - ઔપચારિક મૂલ્યાંકન
    - અનૌપચારિક મૂલ્યાંકન

**શૈક્ષણિક સૂચિતાર્થો**

સંશોધકે પૂર્વ નિર્ધારિત હેતુઓનાં સંદર્ભમાં સંશોધન હાથ ધર્યું હતું. ગુણાત્મક માહિતી દ્વારા તારણો પ્રાપ્ત કર્યા હતા અને એ તારણોને લક્ષમાં રાખીને હવે પછીના પરિચ્છેદમાં શૈક્ષણિક સુચિતાર્થોનો નિર્દેશ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. વિદ્યાર્થીનો શારીરિક, માનસિક, ભાવાત્મક અને સામાજિક એમ સર્વાંગી વિકાસ કરવો જોઈએ.

૨. શાળામાં નિર્બંધ, મુક્ત શિક્ષણ વ્યવસ્થા કરવી તેમજ વિદ્યાર્થીઓને સ્વ ગતિએ વિકસવાની તક આપવી જોઈએ.

૩. વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત, નૈતિક, રાષ્ટ્રીય, સાંસ્કૃતિક, સામાજિક વગેરે મૂલ્યોનો વિકાસ કરી સામાજિક સ્તર ઊંચું લાવવું જોઈએ.

૪. વિદ્યાર્થીઓને રસપ્રદ શિક્ષણ મળે તે માટે શિક્ષણમાં નાવીન્યકરણને સ્થાન આપવું જોઈએ.

૫. વિદ્યાર્થીઓને વિવિધ અનુભવ દ્વારા શિક્ષણ, પ્રકૃતિ દ્વારા શિક્ષણ, સ્વ-અધ્યયન, ઇન્દ્રિયજન્ય અનુભવ દ્વારા શિક્ષણ, ખેલકુદ દ્વારા શિક્ષણ વગેરે પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવું જોઈએ.

૬. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સ્થગિતતા અને અપવ્યયનો દર ઘટે તે માટે અભ્યાસક્રમમાં પ્રવૃત્તિલક્ષી, વિવિધ વિષયલક્ષી, સમાવેશી શિક્ષણનો સમાવેશ કરવો જોઈએ.

૭. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા બંધાય, પ્રેમભાવ જાગે તેવા સંબંધો હોવા જોઈએ.

**ભાવિ સંશોધનના ક્ષેત્રો**

પ્રત્યેક સંશોધન અનેક ભાવિ સંશોધનને દિશાસૂચન કરે છે. કોઈપણ સંશોધનમાં વ્યક્તિ કે તેના વિચારોને પૂરેપૂરો ન્યાય આપવો મુશ્કેલ છે. ભવિષ્યમાં આ પ્રકારના સંશોધનોને વધુ વેગ પ્રાપ્ત થતો રહે તેથી અત્રે સૂચવવામાં આવેલ છે અને તે અંગેના સંશોધન કાર્ય કરવાની વિવિધ શક્યતાઓ રહેલી છે. તેથી સંશોધકે ભાવિ

સંશોધનનાં ક્ષેત્રોના નિર્દેશ કરવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

૧. વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ દ્વારા ગુજરાતના, ભારતના કે વિદેશના શિક્ષણ ચિંતકોના વિચારોનો અભ્યાસ કરી શકાય.

૨. ગિજુભાઈ બધેકાના સાહિત્યમાં નિરૂપિત શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.

૩.'તોત્તો-ચાન' ના શૈક્ષણિક વિચારોનો એક અભ્યાસ.

૪.'તોત્તો-ચાન' ના શૈક્ષણિક વિચારોનો અન્ય તત્વચિંતકો ગાંધીજી, અરવિંદ, જહોન ડ્યુઈ સાથે તુલનાત્મક અભ્યાસ.

૫. નાના ભાઈ ભટ્ટના શૈક્ષણિક વિચારોનો એક અભ્યાસ.

૬. સ્વામી સચ્ચિદાનંદના સાહિત્યમાંથી વ્યક્ત થતા શૈક્ષણિક વિચારોનો અભ્યાસ.

૭. મહાત્મા ગાંધીજીના શૈક્ષણિક વિચારોનો એક અભ્યાસ.

### ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે " 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ" એ વિષય પર કાર્ય કર્યું છે. સંશોધકે સંશોધન કાર્યને તટસ્થ રીતે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક સંશોધનએ પૂર્ણવિરામ નહિ પરંતુ અલ્પવિરામ છે. સંશોધકનો મુખ્ય પ્રયાસ 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાનો છે. ગુણાત્મક પૃથક્કરણ પદ્ધતિ દ્વારા સંશોધન હાથ ધરી ગુણાત્મક સંશોધન કઈ રીતે હાથ ધરી શકાય તેનો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત સંશોધન આ દિશામાં પ્રકાશ પાડતો એક નાનકડો પ્રયાસ છે.

પ્રસ્તુત સંશોધનમાં 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ અંગેની સ્પષ્ટતા કરવામાં આવી છે. વિશ્લેષણાત્મક અભ્યાસ અર્થે અભ્યાસ કરનારને 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળશિક્ષણનો વિશ્લેષણાત્મક અભ્યાસ તેમના વિચારો ઉપયોગી થશે. આશા છે કે અનુગામી સંશોધનકર્તાઓ માટે પણ પ્રસ્તુત સંશોધન પથદર્શક બની રહેશે.

## સાગબારા તાલુકાની આશ્રમશાળાઓનો અભ્યાસ

વસાવા હિના એસ.

સંશોધકે સાગબારા તાલુકાની આશ્રમ શાળાઓનો અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધર્યું હતું.

સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધર્યુ હતું.

૧. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં થતાં અધ્યયન - અધ્યાપન કાર્યોનો અભ્યાસ કરવો.

૨. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓની ભૌતિક-સુવિધાઓ વિશે જાણકારી મેળવવી.

૩. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓના છાત્રાલયજીવન અંગેનો અભ્યાસ કરવો.

૪. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં થતી સહભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કરવી.

૫. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓના નિયમો અને શિસ્ત વિશે અભ્યાસ કરવો.

૬. સાગબારા તાલુકાની આશ્રમશાળાના કૃષિલક્ષી કાર્યોક્રમો વિશે જાણકારી પ્રાપ્ત કરવી.

૭. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં આચાર્યો, શિક્ષકો, અને વિદ્યાર્થીઓ વચ્ચેના માનવસંબંધોનો અભ્યાસ કરવો.

૮. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં થતાં વિવિધ તાલીમી અને માર્ગદર્શક કાર્યોક્રમો વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો**

૧. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં થતાં અધ્યયન-અધ્યાપનકાર્ય કઇ રીતે કરાવવામાં આવે છે?

૨. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં કઇ-કઇ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે?

3. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓનું છાત્રાલયજીવન કેવું હશે?

૪. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં કઇ-કઇ સહભ્યાસિક પ્રવૃતિઓ કરાવવામાં આવે છે?

૫. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં ક્યા નિયમો અને શિસ્ત પાડવામાં આવે છે ?

૬. સાગબારા તાલુકાની આશ્રમશાળાના કયા કૃષિલક્ષી કાર્યોક્રમો કરાવામાં આવે છે?

૭. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં આચાર્યો, શિક્ષકો, અને વિદ્યાર્થીઓ વચ્ચેના માનવસંબંધો કેવા છે?

૮. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમાં થતાં વિવિધ તાલીમી અને માર્ગદર્શક કાર્યોક્રમો ચલાવવામાં આવે છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં સાગબારા તાલુકાની કુલ ૯ આશ્રમશાળાઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનના નમૂનામાં સાગબારા તાલુકાની તમામ આશ્રમશાળાઓની પસંદગી કરવામાં આવી હતી જેમાં કુલ-૯ આશ્રમશાળાઓના ૯ આચાર્યોશ્રી,૨૪ કાયમી શિક્ષકો અને યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિ દ્વારા ધોરણ-૭ માંથી ૧૦ વિદ્યાર્થીઓ ધોરણ ૮ માંથી ૧૦ વિદ્યાર્થીઓ આમ કુલ-૨૦ વિદ્યાર્થીઓ એમ કુલ-૯ આશ્રમશાળાઓમાંથી કુલ-૧૮૦ વિદ્યાર્થીઓને નમુનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને ધ્યાનમાં રાખી માહિતી એકત્રીકરણ માટે નીચેના ઉપકરણની રચના કરવામાં આવી હતી.

૧. વિદ્યાર્થીઓ માટે બંધજવાબી પ્રશ્નાવલી

૨. આચાર્યોશ્રી માટે સાક્ષ્યપત્રક

૩. શિક્ષકો માટે મુક્તજવાબી પ્રશ્નાવલી

૪. અવલોકનપત્રક (સ્વ અવલોકન સંદર્ભે)

**માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતી એકત્રીકરણ કરવા આશ્રમશાળાઓમાં રૂબરૂ જઇ આચાર્યોશ્રીની મંજૂરી મેળવી વિદ્યાર્થીઓ અને કાયમી શિક્ષકો પાસે પ્રશ્નાવલી ભરાવવામાં આવી હતી.તથા આચાર્યોને સાક્ષ્યપત્રકના પ્રશ્નો પૂછી સંશોધકે ઉત્તરો નોંધ્યા હતા.તેમજ આશ્રમશાળાઓનું અવલોકન કરી અવલોકનપત્રકમાં સુવિધાઓની નોંધ સંશોધકે કરી હતી.

**માહિતી પૃથક્કરણની રીત**

વિવિધ ઉપકરણો દ્વારા એકત્ર કરવામાં આવેલી માહિતી ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે તેનું ચોક્કસ આંકડાકીય પદ્ધતિની મદદથી પૃથક્કરણ કરવામાં આવે છે.

બંધજવાબી પ્રશ્નાવલી વડે મેળવેલ પ્રતિચારોનું અને અવલોકનપત્રકનું પૃથકકરણ કરવા ટકાવારી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.મુક્તજવાબી પ્રશ્નાવલી,સાક્ષ્યપત્રક વડે મેળવેલ પ્રતિચારો માટે વિષયવસ્તુ પૃથકકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય અને ગુણાત્મક પૃથકકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું તેને આધારે જે પ્રતિચારો પ્રાપ્ત થયા તેના પરથી નીચે મુજબના અગત્યના તારણો પ્રાપ્ત થયા હતા.

- ➢ સ્વરચિત પ્રશ્નાવલી દ્વારા વિદ્યાર્થીઓ પાસે થી અધ્યયન-અધ્યાપન કાર્ય અંગેના પ્રાપ્ત થયેલા પ્રતિચારોના આધારે મુખ્ય તારણો

૧. શિક્ષણકાર્યમાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનનો ઉપયોગ થાય છે,તેમજ વિવિધ પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવામાં આવે છે.

૨. શિક્ષકો દ્વારા વિષયવસ્તુ ઊંડાણપૂર્વક, ઉત્સાહપૂર્ણ અને પ્રશ્નોનાં સંતોષકારક જવાબ આપીને શિક્ષણકાર્ય કરવામાં આવે છે.

3. પ્રોજેકટકાર્ય, સ્વ-અધ્યન માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

૪. જૂથમાં પ્રવૃત્તિ કરાવી શિક્ષણકાર્ય કરવામાં આવે છે.

- ➢ આશ્રમશાળાઓની ભૌતિક સુવિધાઓ અંગેના તારણો

૧. આશ્રમશાળામાં રમત-ગમતના સાધનો લાઈબ્રેરી સુસજ્જ હતી,લાઇટ પંખાની પૂરતી સુવિધા ઉપલબ્ધ હતી.

૨.આશ્રમશાળાઓમાં કોમ્પ્યુટરલેબની સુવિધા ઉપલબ્ધ ન હતી.

3. આશ્રમશાળાઓમાં અલાયદું મેદાન, ઓરડાઓ હવા ઉજાસવાળા, પીવાના પાણીની ટાંકીની સુવિધા પણ ઉપલબ્ધ હતી.

- ➢ આશ્રમશાળાના છાત્રાલયજીવન અંગેના તારણો

૧. છાત્રાલયમાં યોગ્ય સ્વચ્છતા, પૌષ્ટિક ખોરાકની પ્રાપ્યતા, હવા ઉજાશવાળા ઓરડાઓ છે.

૨. છાત્રાલયમાં દરરોજ સફાઈકાર્ય થાય છે,માંદગી સમયે યોગ્ય સારવાર આપવામાં આવે છે.

૩. છાત્રાલયમાં સાંજે પ્રાર્થના તેમજ વાંચન થાય છે.અને બધા વિદ્યાર્થીઓ હળી મળીને રહે છે.

- ➢ આશ્રમશાળાઓની સહભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેના તારણો

૧. આશ્રમશાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી થાય છે અને કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક આચાર્યશ્રી, શિક્ષકો સહભાગી થાય છે

૨. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવતું નથી.

૩. આશ્રમશાળાઓમાં મહાપુરુષોની જન્મજયંતિની ઉજવણી થાય છે, વૃક્ષારોપણનો કાર્યક્રમ, વિવિધ વિષયોના પ્રદર્શન પણ ગોઠવાય છે.

- ➢ આશ્રમશાળાઓના નિયમ અંગેના તારણો

૧. આશ્રમશાળાઓમાં સવારે વહેલા ઉઠી જવાનો,સમયસર પ્રાર્થના કરવાનો નિયમ છે.

૨. આશ્રમશાળાઓમાં નિયમોનું પાલન કરવું ફરજિયાત છે, નિયમોનું ઉલ્લંઘન કરવાથી સજા કરવામાં આવે છે.

૩. પ્રવેશ માટે ઈન્ટરવ્યુ લેવામાં આવતું નથી.

- ➢ આશ્રમશાળાઓમાં શિસ્ત અંગેના તારણો

૧. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓ નિયમો પ્રમાણે કઈ પણ પ્રવૃતિમાં જોડાવવું, તેમજ ગેરશિસ્ત બદલ શિક્ષા કરવામાં આવે છે,

૨. આશ્રમશાળાઓમાં બધા વિદ્યાર્થીઓ એકબીજા સાથે સારું વર્તન કરતાં હતા, વિદ્યાર્થીઓ આચાર્યશ્રી,શિક્ષકો અને બિનશૈક્ષણિક સ્ટાફના વ્યક્તિઓને માન આપે છે.

૩. આશ્રમશાળાઓમાં શિસ્તતા જોવા મળી હતી.

- ➢ આશ્રમશાળાઓના કૃષિલક્ષી કાર્યક્રમ અંગેના તારણો

૧. આશ્રમશાળાઓ પાસે કૃષિકાર્ય માટે પોતાની જમીન છે.

૨. આશ્રમશાળાઓમાં કૃષિને લગતા પ્રદર્શનો અને કૃષિમેળામાં પ્રદશર્નમાં ભાગ લેવામાં આવતો નથી.

૩. આશ્રમશાળાઓની ખેતી પિયત છે.

૪. આશ્રમશાળાઓમાં ખેતી વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવતી નથી.

➢ આશ્રમશાળાઓના માનવસંબંધો અંગેના તારણો

૧. આશ્રમશાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે મેત્રીપૂર્ણ વ્યવહાર કરે છે.

૨. વિદ્યાર્થીઓ શિક્ષકો, આચાર્યશ્રી પ્રત્યે આદરભાવ રાખે છે,

૩. આશ્રમશાળાઓમાં શિક્ષકો અને કર્મચારીઓ વચ્ચે કોઈ મતભેદ થતો નથી.

૪. આશ્રમશાળાઓમાં બધા વિદ્યાર્થીઓ સંપથી રહે છે.

૫. આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષકો, આચાર્યશ્રી મુશ્કેલીના સમયે આર્થિક સહાય કરે છે.

➢ આશ્રમશાળાઓના તાલીમી અને માર્ગદર્શક કાર્યક્રમો અંગેના તારણો

૧. આશ્રમશાળાઓમાં કૃષિને લગતું શિક્ષણ આપવામાં આવતું નથી.

૨. આશ્રમશાળાઓમાં સમાજ ઉપયોગી કાર્યક્રમોની તાલીમ આપવામાં આવે છે.

૩. ગૃહવિજ્ઞાનને લગતું શિક્ષણ આપવામાં આવતું નથી.

૪. સ્વાવલંબી બનવા માટે તાલીમ આપવામાં આવે છે.

➢ સાક્ષ્યપત્રકના આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧. શિક્ષકો વર્ગમાં અધ્યયન-અધ્યાપનકાર્યનું આયોજન કરવા માટે ટી.એલ.એમ, ચાર્ટ તૈયાર કરવા, વાર્તા, બાળગીત એકમની પૂર્વતૈયારી કરે છે.

૨. શિક્ષણકાર્ય દરમ્યાન ટી.એલ.એમ, ફ્લેશકાર્ડ, ચિત્રો, મોડેલ, મણકાઘોડી, અંકકાર્ડ વગેરે સાધનનો ઉપયોગ કરે છે.

3. શિક્ષકોને આશ્રમશાળાઓમાં સૌથી વધુ ગમતી બાબતોમાં બાળકોની સ્વચ્છતા, સમૂહમાં રહેવું વિદ્યાર્થીઓનો વિનય,બાળકોની નિયમિતતા, શિસ્ત, અનુશાસન, ગરીબ આદિવાસી બાળકોની સેવા કરવી.

૪. આશ્રમશાળાઓમાં ચર્ચા પદ્ધતિ, આગમન - નિગમન પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, જુથચર્ચા, વાર્તાકથન નાટ્યીકરણ દ્વારા ભણાવવામાં આવે છે.

૫. આશ્રમશાળાઓમાં શિક્ષકો, આચાર્યશ્રી વિદ્યાર્થીઓના સંબંધો સહાનુભૂતિ, આત્મીયતા સુમેળભર્યા સહકારના માનવતાપૂર્વકના સંબંધો છે.

૬. આશ્રમશાળાઓમાં બિનશૈક્ષણિક સ્ટાફ આશ્રમશાળાના દરેક કાર્યમાં પૂરેપૂરો સહકાર આપે છે.

૭. આશ્રમશાળાઓમાં કિચનગાર્ડન,પાકોનું વાવેતર,બાગાયત પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૮. આશ્રમશાળાઓમાં શિક્ષકો ઉત્સાહથી શૈક્ષણિક કાર્ય કરે છે.દરેક તહેવારોની ઉજવણી થાય છે. બાળકોમાં અંગ્રેજી વિષયનું જ્ઞાન છે. એક આશ્રમશાળા વર્ષ ૨૦૧૭ - ૨૦૧૮માં સ્માર્ટ આશ્રમશાળામાં પસંદગી થઈ છે.

➢ મુકતજવાબી પ્રશ્નાવલી દ્વારા શિક્ષકો પાસેથી મેળવેલ પ્રતિચારોને આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓની સ્થાપના અનુક્રમે સન ૧૯૬૭, સન ૧૯૮૦, સન ૧૯૮૩, સન ૧૯૮૬, સન ૧૯૮૯, સન ૧૯૯૦, સન ૧૯૯૨, સન ૧૯૯૫, સન ૨૦૦૦માં થઈ હતી.

આદિવાસી સમાજમાં શિક્ષણની જાગૃતતા લાવવા માટે તેમજ ગરીબ બાળકોનો સામાજિક, આર્થિક વિકાસ કરવા બાળકોનું પાયાનું શિક્ષણ મજબૂત બનાવવા જેવા હેતુઓ રાખવામા આવ્યા હતા.

૨. પ્રોજેક્ટ કાર્ય વિજ્ઞાનમેળામાં ૧૧ વર્ષ રાજયકક્ષામાં અને ૧૫ વર્ષથી જીલ્લામાં સતત પ્રતિનિધિત્વ કરતી આશ્રમશાળાઓ છે.

૩. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓની આર્થિક પરિસ્થિતિ સામાન્ય છે.

૪. આશ્રમશાળાઓમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવા વાર્ષિક કેલેન્ડર અને આશ્રશાળાઓનું દૈનિક સમયપત્રક બનાવવામાં આવે છે.

૫. આશ્રમશાળાઓમાં વસુદેવ કુંટુમ્બકમની ભાવના જોવા મળે છે.બધા એકબીજા સાથે હળી મળીને રહે છે અને સુમેળભર્યા સંબંધો છે.

૬. આશ્રમશાળાઓના વધુ વિકાસ માટે ભૌતિકસુવિધા વધારવી દાતાઓ પાસેથી દાન મળે, નિયમિતપણે ગ્રાન્ટ મળે એવા પ્રયત્નો થાય છે.

૭. આશ્રમશાળાઓમાં શ્રમકાર્ય, સ્વનિર્ભર, સ્વાવલંબી બનવું, જીવનનું ઘડતર કરવું આદર્શ વિદ્યાર્થી બંધુત્વની ભાવના વિકસાવવી, આદર માન સન્માન, સાચું બોલવું જેવા મૂલ્યોની તાલીમ આપવામાં આવે છે.

૮. આશ્રમશાળાઓમાં અપૂરતી વીજળીની સુવિધા, અપૂરતો શૈક્ષણિક સ્ટાફ, ભૌતિક સુવિધાનો અભાવ અને સરકારી લાભો ઘણા મોડા મળે છે.

➢ અવલોકનપત્રક દ્વારા પ્રાપ્ત થયેલા તારણો

૧. સાગબારા તાલુકાની આશ્રમશાળાઓમા આચાર્યખંડ, ગ્રંથાલય, પંખા, શૌચાલય જેવી ભૌતિક સુવિધાથી સુસજ્જ છે. પરંતુ વહીવટી ખંડ, શિક્ષક ખંડ, રમત-ગમત સાધનનો ખંડ, કોમ્પ્યુટર ખંડનો અભાવ જણાયો હતો.

૨. આશ્રમશાળાઓમાં ટેબલ ખુરશી, કબાટની સુવિધા ઉપલબ્ધ છે. પરંતુ બેંચની સુવિધા ન હતી.

૩. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક સાધનોમાં કોમ્પ્યુટર, નકશા, ટેલીવિઝન, ચાર્ટ્સ પણ છે. જ્યારે લેપટોપ એલ.સી. ડી. પ્રોજેક્ટરની સુવિધા ઉપલબ્ધ નથી.

૪. આશ્રમશાળાઓમાં સંગીતના સાધનોમાં તબલા, મંજીરા, ખંજરી, માઇક, લાઉડ સ્પીકર ઢોલકની સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે હાર્મોનિયમનો અભાવ જણાયો હતો.

૫. આશ્રમશાળાઓમાં રમત-ગમતના સાધનોમાં ફૂટબોલ, ક્રિકેટબોલ પણ છે. જ્યારે કેરમ, ફૂલરેકટ બાસ્કેટબોલનો અભાવ જણાયો હતો.

૬. આશ્રમશાળાઓમાં કૃષિઉદ્યોગના સાધનોમાં કોદાળી, પાવડો, ત્રિકમ, પંચેટિ, જેવા સાધનો જોવા મળ્યા હતા.જ્યારે ટ્રેક્ટર, કૂવો, સુવિધાનો અભાવ જણાયો હતો.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

૧. આશ્રમશાળાઓમાં બાળકોને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૨. આશ્રમશાળાઓમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન થાય તે માટે આર્થિક સહાય કરવી જોઈએ.

૩. આશ્રમશાળાઓમાં રમત-ગમતના સાધનોની સુવિધા ઉપલબ્ધ કરવી જોઈએ

૪. આશ્રમશાળાઓમાં કાયમી શિક્ષકોની નિમણુક કરવી જોઈએ.એ માટે સરકારે સઘન પ્રયાસો હાથ ધરવા જોઈએ.

૫. બેંચની સુવિધા પૂરી પાડવી જોઈએ.તેના માટે સરકાર તરફથી દર વર્ષે વિશેષ અનુદાન મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

૬. આશ્રમશાળાના નવા -મકાન માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

૭. આશ્રમશાળાઓમાં ભૌતિક સુવિધાઓ વધારવી જોઈએ, જેમકે સુવિધા ઉપલબ્ધ થાય તે માટેના પ્રયાસ કરવા જોઈએ .

૮. જીવનઘડતર માટે વિદ્યાર્થીને આશ્રમશાળાઓમાં કરાવવામાં આવતું કાર્ય ભવિષ્યમાં ઘણું જ ઉપયોગી થશે તેનું મહત્વ સમજાવવું જોઈએ .

૯. વીજળીનિ પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ.

૧૦. છાત્રાલયની સુવિધા વધારવી જોઈએ.

### ભાવિ સંશોધનો માટેના ક્ષેત્રો

૧. પ્રસ્તુત સંશોધન સાગબારા તાલુકાની માત્ર ૯ આશ્રમશાળાઓ પૂરતું જ સીમિત હતું, પરંતુ અન્ય ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય કે દેશની વધુ આશ્રમશાળાઓને આવરી લઈ આ પ્રકારના સંશોધનો હાથ ધરી શકાય.

૨. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું સંશોધન હતું.પરંતુ કોઈ એક આશ્રમશાળાનું વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ દ્વારા સંશોધન હાથ ધરી શકાય.

3. પ્રસ્તુત સંશોધન આશ્રમશાળાઓનું સંચાલન,કાર્યશૈલી વિશે હતું, પરંતુ આશ્રમશાળાઓનું આદિવાસી બાળકોનું શિક્ષણમાં યોગદાન વિષય પર સંશોધન હાથ ધરી શકાય.

૪. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓ,શિક્ષકો, આચાર્યશ્રીની કાર્યશૈલી વિશે હતું.પરંતુ શિક્ષકોની સમસ્યાનો અભ્યાસ વિષય પર પણ સંશોધન હાથ ધરી શકાય.

૫. પ્રસ્તુત સંશોધન સર્વગ્રાહી અભ્યાસનું હતું.પરંતુ આશ્રમશાળાઓનો અન્ય નિવાસી શાળાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ પણ સંશોધન હાથ ધરી શકાય.

૬. પ્રસ્તુત સંશોધનમાં માત્ર આશ્રમશાળાઓનો અભ્યાસ છે. પરંતુ આશ્રમશાળાઓનો પ્રાથમિક શાળાઓ સાથે તુલનાત્મક અભ્યાસ વિષય પર સંશોધન હાથ ધરી શકાય.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનના મુખ્ય તારણો,શૈક્ષણિક સૂચિતાર્થો, અને સંશોધન માટેના ભાવિ સંશોધનના ક્ષેત્રોનો નિર્દેશ કર્યો. પ્રસ્તતુ સંશોધનથી શિક્ષણ ક્ષેત્રે થોડું પણ દિશાસસૂચન પ્રાપ્ત થશે તો તે અંગે સંશોધક સંતોષની લાગણી અનુભવશે.

સંશોધકે હાથ ધરેલ સંશોધન અંતિમ નથી.આ પ્રમાણે સંસ્થાના પ્રત્યેક પાંસઓનો ઝીણવટભર્યો ઊંડાણલક્ષી અભ્યાસ કરવાથી અપ્રકાશિત બાબતોને પ્રકાશમાં લાવી શકાય છે આ સંશોધન પરિપૂર્ણ કરતાં સંશોધક આશ્રમશાળાના આચાર્યશ્રી, શિક્ષકો, વિદ્યાર્થીઓ પ્રત્યે કૃતજ્ઞતા પૂર્વકની આભારની લાગણી વ્યક્ત કરે છે.

## અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણ અંગે અભિપ્રાયો

વસાવા જશુ એસ.

### સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન "અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણ અંગે અભિપ્રાયો" એ શીર્ષક હેઠળ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન નીચે મુજબના હેતુઓને કેન્દ્રમાં રાખીને હાથ ધર્યું હતું.

૧. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણની આવશ્યકતા અંગે અભિપ્રાયો મેળવવા.

૨.અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના સ્વરૂપ અંગે અભિપ્રાયો મેળવવા.

૩. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના અધ્યાપન અંગે અભિપ્રાય મેળવવા.

૪. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના માધ્યમો અંગે અભિપ્રાયો મેળવવા.

૫. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણની સંભવિત અસરો અંગે અભિપ્રાય મેળવવા.

**સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને અનુરૂપ નીચે મુજબના પ્રશ્નો ની રચના કરવામાં આવી હતી

૧. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકો જાતીય શિક્ષણની આવશ્યકતા અંગે શું અભિપ્રાય ધરાવે છે?

૨. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના સ્વરૂપ અંગે શું અભિપ્રાય ધરાવે છે?

૩. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના અધ્યાપન અંગે શું અભિપ્રાય ધરાવે છે?

૪. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણના માધ્યમો અંગે શું અભિપ્રાય ધરાવે છે?

૫. અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણની સંભવિત અસરો અંગે શું અભિપ્રાયો ધરાવે છે?

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

**વ્યપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર તાલુકાની કુલ ૭૨ માધ્યમિક શાળાઓના શિક્ષકો વ્યાપવિશ્વ બને છે.

**નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં અંકલેશ્વર તાલુકાની ૭૨ માધ્યમિક શાળાઓમાંથી યાદચ્છિક નમૂના પ્રયુક્તિની રીતે કુલ ૨૨ શાળાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. આ શાળાઓ માંથી ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વર્ગમાંથી ચાર શિક્ષકો યાદચ્છિક ચિઠ્ઠી ઉપાડ પ્રયુક્તિની રીતે પસંદગી કરી કુલ ૮૮ શિક્ષકો નમુનાના પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધન ઉપકરણો તરીકે સ્વરચિત અભિપ્રાયાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભિપ્રાયાવલિમાં ૫ ઘટકોને આવરીને ૫૯ વિધાનોની રચના કરવામાં આવી હતી જ્યારે, મુક્ત જવાબી માં ૧૦ પ્રશ્નો સમાવવામાં આવ્યા હતા.

**સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધન સંશોધનના વિવિધ ક્ષેત્રો પૈકી માધ્યમિક શિક્ષણ તથા જાતીય શિક્ષણ એમ બે ક્ષેત્રોને સ્પર્શે છે.

**માહિતી એકત્રીકરણ**

માહિતી એકત્રીકરણ માટે નમૂનામાં સમાવિષ્ટ માધ્યમિક શાળાના આચાર્યશ્રીની પરવાનગી મેળવી, નિશ્ચિત સમયે શાળાઓમાં જઈ શાળાના શિક્ષકો પાસે અભિપ્રાયાવલિ અને મુક્ત જવાબી પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**માહિતી પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક માહિતીના આધારે શિક્ષકો દ્વારા પ્રાપ્ત પ્રતિચારોનુ ટકાવારી અને કાઈ વર્ગ શોધી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. અને મુક્ત જવાબી પ્રશ્નાવલિના ઉત્તરોનું વિષયવસ્તુ વિશ્લેષણ પ્રયુક્તિની રીતે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

➢ હેતુઓના આધારે પ્રાપ્ત થયેલા તારણો

૧ જાતીય શિક્ષણની આવશ્યકતા સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

૧. સ્વસ્થ ભાવિ લગ્નજીવન માટે જાતીય શિક્ષણ અપાય એ જરૂરી છે.

૨.વિદ્યાર્થીઓને અનુભવાતી જાતીય સમસ્યાઓ અને મૂંઝવણો દૂર કરવા માટે જરૂરી છે.

૩. જાતીય શિક્ષણ અંગેનું આધારભૂત જ્ઞાન તરુણો-તરુણીઓને શાળામાં આપવામાં આવે તે યોગ્ય છે.

૪. વર્તમાન સમય અનુસાર માનસિકતા બદલાય અને સમાજમાં જાગૃતિ આવે તે માટે જરૂરી છે.

૫. જાતીય અંગોની માહિતી પ્રાપ્ત થાય અને પોતાની શારીરિક જાળવણી રાખી શકે તે માટે જરૂરી છે.

૬. વિવિધ જાતીય રોગો વિશે જાણકારી મળી રહે તે માટે જરૂરી છે.

૨ જાતીય શિક્ષણના સ્વરૂપ સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

૧.વસ્તી નિયંત્રણ માટેના વૈજ્ઞાનિક ઉપાયોની સમજ જરૂરી છે.

૨. જાતીય રોગો વિશેની સમજ આપવી જોઈએ.

૩. પ્રેમ અને વાસના વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય એ યોગ્ય છે.

૪. તરુણાવસ્થામાં જાતીય સમસ્યાઓ અને તેના ઉકેલની સમજ આપવી જોઈએ.

૫. ગર્ભધારણ અને કુટુંબ નિયોજન વિશે સમજાવવું જોઈએ.

૩ જાતીય શિક્ષણના અધ્યાપન સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

૧. જાતીય શિક્ષણ નિ:સંકોચ પણે અપાય તે આવશ્યક છે.

૨. ૧૨થી ૧૫ વર્ષની ઉંમરથી જાતીય શિક્ષણ મળે તે જરૂરી છે.

૩. તરુણ-તરુણીઓને જાતીય શિક્ષણ માતા-પિતા, શિક્ષક, ડોક્ટર,મિત્રો, નિષ્ણાંતો દ્વારા અપાવું જોઈએ.

૪. જાતીય શિક્ષણ આપનાર શિક્ષક તાલીમ પામેલો હોવો જોઈએ.

૫. જાતીય શિક્ષણ તરુણીઓને સ્ત્રી શિક્ષિકા દ્વારા અપાય તે જરૂરી છે.

૬. જાતીય શિક્ષણ તરુણોને પુરુષ શિક્ષક દ્વારા અપાય તે જરૂરી છે.

૪ જાતીય શિક્ષણ અંગેના માધ્યમો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

૧. જાતીય શિક્ષણ માટે શાળામાં મનોવૈજ્ઞાનિકોના વાર્તાલાપ ગોઠવી શકાય.

૨. ટેકનોલોજીના વિવિધ માધ્યમો ચિત્રો, વિડિયો તેમજ પ્રોજેક્ટર દ્વારા જાતીય શિક્ષણ આપી શકાય.

૩. જાતીય શિક્ષણ માટે શાળામાં હેલ્થવર્કરોના, ડોક્ટરોના, નિષ્ણાંતોના વાર્તાલાપ ગોઠવવા જોઈએ.

૪. સરકાર દ્વારા જાતીય શિક્ષણનું માર્ગદર્શન આપતા કાર્યક્રમો તેમજ જાતીય શિક્ષણ અંગેનું માર્ગદર્શક સાહિત્ય બહાર પાડવું જોઈએ.

૫. જાતીય શિક્ષણ માટે ચર્ચા સભા તેમજ સેમિનારનું આયોજન કરવું જોઈએ.

૬. પુસ્તકો તેમજ યોગ્ય સંદર્ભ સાહિત્ય દ્વારા જાતીય શિક્ષણ આપી શકાય.

૫ જાતીય શિક્ષણની સંભવિત અસરો સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો

૧. જાતીય શિક્ષણ આપવાથી એઈડ્સ જેવા રોગો દૂર થશે.

૨. સાચી દિશામાં જ્ઞાન મળે તેમજ જાતીયતાની સમજ ઊભી થાય છે.

૩. જાતીય શિક્ષણ ભાવિ લગ્નજીવન માટે ઉપયોગી બનશે.

૪. જાતીય શિક્ષણ આપવાથી તરુણ-તરુણીઓમાં ગેરમાન્યતાઓ ઓછી થશે.

૫. સંતાનો ગેરમાર્ગે ન દોરાય તે અંગેનો મા-બાપનો ભય ઘટશે.

૬. જાતીય શિક્ષણ શાળામાં માનવ સંબંધો સુધારવામાં સહાયક બનશે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

પ્રસ્તુત સંશોધનમાં ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રાપ્ત થયેલા તારણો

પરથી કેટલાક અગત્યના સૂચિતાર્થો અહીં દર્શાવવામાં આવેલ છે.

૧. જાતીય શિક્ષણ અંગેનું આધારભૂત જ્ઞાન તરુણો- તરુણીઓને શાળામાં મળવું જોઈએ.

૨. વિદ્યાર્થીઓની જાતિય મૂંઝવણો દૂર થાય તે માટે શાળામાં મનોચિકિત્સકના સેમિનારનું આયોજન કરી શકાય.

૩. વસ્તી નિયંત્રણ માટે કુટુંબ નિયોજનના સાધનોની સમજ આપવી જોઈએ.

૪. જાતીય શિક્ષણ શાળામાં નિ:સંકોચ પણ આપવું જોઈએ તેમજ શિક્ષકો અને માતા-પિતા સાથે વિદ્યાર્થીઓ જાતિય મૂંઝવણ અંગે મુક્ત મને ચર્ચા કરી શકે તેવું વાતાવરણ સર્જવું જોઈએ.

૫. જાતીય શિક્ષણ માટે શાળામાં મનોવૈજ્ઞાનિકોના વાર્તાલાપ ગોઠવી શકાય.

૬. અભ્યાસક્રમમાં જાતીય શિક્ષણના વિષયનો સમાવેશ કરવો જોઈએ.

૭. સરકાર દ્વારા શાળામાં જાતીય શિક્ષણ અંગેનું માર્ગદર્શક સાહિત્ય પૂરું પાડવું જોઈએ.

૮. શાળામાં જાતીય શિક્ષણ અંગેનું માર્ગદર્શક સાહિત્ય દાખલ કરવું જોઈએ.

૯. શાળા કક્ષાએ ઔપચારિક અને અનૌપચારિક નિષ્ણાંતોની તેમજ જાતીય શિક્ષણ અંગેની તાલીમ પામેલા શિક્ષકોની નિમણુક કરવી જોઈએ.

### ભાવિ સંશોધનના ક્ષેત્રો

સંશોધન એ વિસ્તૃત ખ્યાલ છે. વિશ્વમાં આવતા નિરંતર પરિવર્તનોને કારણે સંશોધનમાં નવા નવા ક્ષેત્રો ખુલતા જાય છે પ્રસ્તુત સંશોધન પણ અંતિમ હોઈ શકે છે નહીં. સંશોધક નમ્રપણે માને છે કે શાળાએ સમાજનો અરીસો છે. આથી સમાજમાં આવતાં પરિવર્તનો સાથે શાળામાં પણ પરિવર્તનો આવતા રહે છે. સંશોધક માને છે કે આ ક્ષેત્રે અન્ય સંશોધનો પણ સમયાંતરે થતાં રહેવા જોઈએ. પ્રસ્તુત હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધકે નીચે પ્રમાણે ભાવિ સંશોધનના ક્ષેત્રો રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧. શાળામાં જાતીય શિક્ષણ અંગે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના અભિપ્રાયો.

૨. શાળામાં જાતીય શિક્ષણ અંગે વાલીઓના અભિપ્રાયો.

3. શાળામાં જાતીય શિક્ષણ અંગે તબીબોના અભિપ્રાયો.

૪. જાતીય શિક્ષણ અંગે માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની જાતિય મૂંઝવણ અંગે અભિપ્રાયો.

૫. શાળાઓના વિદ્યાર્થીઓની જાતીય સમસ્યાઓ અંગે અભિપ્રાયો.

### ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણ-૫માં સંશોધનનો સારાંશ, તારણો, શૈક્ષણિક સૂચિતાર્થો અને ભાવિ સંશોધન ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અહીં સંશોધકે અંકલેશ્વર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોના જાતીય શિક્ષણ અંગેના અભિપ્રાયો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. શિક્ષણ ક્ષેત્રે અધ્યાપન કરાવતા શિક્ષકોની માટે આ સંશોધન માર્ગદર્શક બની રહેશે તથા ભાવિ સંશોધકોને પણ આ સંશોધન ઉપયોગી થશે, તેમજ શૈક્ષણિક સૂચિતાર્થોને આધારે જરૂરી ફેરફારો કરી જાતીય શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાના પ્રયત્નો કરવામાં આવે તો સંશોધક પોતે હાથ ધરેલા પ્રસ્તુત સંશોધન માટે અત્યંત આનંદની અને સંતોષની લાગણી અનુભવશે.

## નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓ

વસાવા મનીષા એસ.

સંશોધકે તાલુકાના માધ્યમિક શાળાના આદિવાસી વિદ્યાર્થીઓને આવરીને પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું. સંશોધનના હેતુઓ, સંશોધનની પદ્ધતિ, વ્યાપવિશ્વ અને નમૂનો, માહિતી એકત્ર કરવા માટેના ઉપકરણ અને પૃથક્કરણની રીત વગેરેની ટૂંકમાં માહિતી નીચે મુજબની હતી.

**સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં નીચે પ્રમાણે હેતુઓ નિર્માણ કર્યા હતા.

૧. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.

૨. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યાઓ જાણવી.

૩. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણવી.

૪. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની કૌટુંબિક સમસ્યાઓ જાણવી.

૫. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓ જાણવી.

૬. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ જાણવી.

૭. નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સંસ્કૃતિ વિશેની સમસ્યાઓ જાણવી.

**સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં નેત્રંગ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ આદિવાસી વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે સમાવવામાં આવ્યા હતા.

નેત્રંગ તાલુકાની કુલ ૧૬ શાળાઓમાંથી પ્રત્યેક શાળાના ધોરણ ૧૦ના ૨૦-૨૦ વિદ્યાર્થીઓની યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિથી ૩૨૦ વિદ્યાર્થીઓની પસંદગી નમૂના તરીકે કરવામાં આવી હતી.

**સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધનના હેતુઓને કેન્દ્રમાં રાખીને સ્વરચિત સમસ્યા ઓળખ ચિની રચના કરવામાં આવી હતી. જેમાં નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળા મોનાદિનાર્થી-વિદ્યાર્થીઓને અનુભવાની સમસ્યાઓને ધ્યાનમાં રાખી ૧૦૦(સો) સમસ્યા વિધાન અને એક મુક્ત જવાબી પ્રશ્નની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સંશોધનમાં સ્વરચિત સમસ્યા ઓળખયના ઉપયોગથી નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓના ૧૦મા ધોરણના આદિવાસી વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પાસેથી સમસ્યા ઓળખસૂચિ દ્વારા પ્રાપ્ત માહિતીનું ટકાવારી અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને આધારે પ્રાપ્ત તારણો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા હતા.

**શૈક્ષણિક સમસ્યાઓ સંદર્ભે તારણો**

- શાળાઓમાં અંતરિયાળ વિસ્તારને કારણે શિક્ષણકાર્ય કરાવનાર શિક્ષકો પુરતા પ્રમાણમાં નથી.
- વિદ્યાર્થીઓને ખેતીકામમાં જોડાવું પડતું હોવાથી ભણવામાં ધ્યાન આપી શકતા નથી.
- વિદ્યાર્થીઓને શિક્ષણની ભાષા અને સ્થાનિક બોલી અલગ હોવાથી સમજવામાં મુશ્કેલી અનુભવે છે.
- શાળાઓમાં વ્યવસાય લક્ષી શિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવતું નહીં.
- આર્થિક સમસ્યાઓ સંદર્ભે તારણો
- ટ્યુશન ફી ઓછી હોવાથી ટ્યુશન જઈ શકાતું નથી.
- વિદ્યાર્થીઓના ઘરના સભ્યોને દરરોજ રોજગારી મળતી નથી.

- વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે મજૂરી કરવા જવું પડે.
- વિદ્યાર્થીઓને આર્થિક સ્થિતિ નબળી હોવાથી શિક્ષણ ફીની સગવડ થતી નથી.
- વિદ્યાર્થીઓને નિયમિત ખિસ્સા ખર્ચ મળતો નથી.
- વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃતિઓ માટે વસ્તુઓ ખરીદી શકતા નથી.
- મનોવૈજ્ઞાનિક સંસ્થાઓ પ્રદર્ભે તારણો
- વિદ્યાર્થીઓને શિક્ષકનો ડર લાગે છે.
- વિદ્યાર્થીઓ સ્થાનિક બોલી અભિવ્યક્તિમાં આવતી હોવાથી લઘુતા ગ્રંથિ અનુભવે છે.
- વિદ્યાર્થીઓ વારંવાર ઉદાસ થઈ જાય છે.
- વિદ્યાર્થીઓ હોશિયાર વિદ્યાર્થીઓને જોઈને મનમાં લઘુતા ગ્રંથિ અનુભવે છે.
- વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા મિત્રોને કહી શકતા નથી.
- કૌટુંબિક સગાઓ સંદર્ભે તારણો
- વિદ્યાર્થીઓના માતા-પિતા વિદ્યાર્થીની ક્ષમતા કરતા વધારે અપેક્ષા રાખે છે.
- વિદ્યાર્થીઓ અભ્યાસના પ્રશ્નો કુટુંબના સભ્યોને પૂછી શકતા નથી.
- વિદ્યાર્થીઓને પરિણામ સારુંના આવે તો. કુટુંબના સભ્યો સાની ધમકી આપે છે.
- કેટલાક વિદ્યાર્થીના પિતા માદક પીણાંનું સેવન કરે છે.
- વિદ્યાર્થીના કુટુંબના સભ્યોમાં ઝઘડો થાય છે.
- ભીતિક સમસ્યાઓ સંદર્ભે તારણો
- મોટાભાગની શાળાઓમાં પ્રયોગશાળા અને પ્રયોગના સાધનો કાર્યરત સ્થિતિમાં નથી.
- શાળાઓમાં પૂરતા પ્રમાણમાં રમતના સાધનો નથી.
- મોટાભાગની શાળાઓમાં કમ્પ્યુટર લેબ, ગ્રંથાલય અને પૂરતા પ્રમાણમાં સંદર્ભ પુસ્તકોની સુર્વિધા નથી.
- ઘરે ભૌતિક સુવિધાઓ પૂરતા પ્રમાણમાં નથી.
- શાળાઓમાં પ્રાથમિક સારવારના સાધનો ઉપલબ્ધ નથી.
- વિદ્યાર્થીઓએ શાળાએ જવાની સુવિધા ના હોવાથી હૉસ્ટેલમાં રહેવું પડે છે.
- ૬.૨૫% શાળા મકાનની સુવિધાનો અભાવ.
- સામાજિક સમસ્યાઓ સંદર્ભે તારણો
- સમાજમાં ઊંચનીચનો ભેદભાવ વધારે જોવા મળે છે.
- સમાજના રીત-રિવાજોને ચુસ્તપણે અનુસરવું પડે છે.
- સામાજિક તહેવારો વધુ ઉજવાય છે.
- સમાજમાં ભણેલા વ્યક્તિઓની સંખ્યા ઓછી છે.
- અભ્યાસમાં સમાજ મદદરૂપ થતો નથી.
- વિદ્યાર્થીઓએ સામાજિક કાર્યોમાં જોડાવું પડે છે.
- ગરીબોને મહત્વ નથી અપાતું.
- સંસ્કૃતિ વિષયક સમસ્યાઓ સદર્ભે નારણો
- સંસ્કૃતિમાં દેવી-દેવતાઓને વધારે મહત્વ છે.
- મોટેભાગે સસ્કૃતી અનુસાર કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે.
- સંસ્કૃતિમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધારે છે.
- સંસ્કૃતિ અનુસાર ઘણા ઉત્સવો ઉજવાય છે, જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લેવો પડે છે.
- ઘણીવાર નવા વિચારને રૂઢીના અનુયાવીઓ સ્વીકારતા નથી.

- વિદ્યાર્થીઓએ રૂઢિગત પ્રથાઓને અનુસરવી પડે છે.

**શૈક્ષણિક સૂચિતાર્થો**

માધ્યમિક શાળાઓમાં શિકીની ભરતી કરવી જોઈએ.

રોજગારની તકો અંતરિયાળ વિસ્તારમાં પ્રાપ્ત થાય તેવી યોજનાઓનું અમલીકરણ કરવું જોઈએ.

વિધાર્થીઓ સ્થાનિક બોલી અને ભાષાનું મહત્વ સમજે તેવી પ્રવૃત્તિઓ શાળામાં થવી જોઈએ.

શાળામાં વિદ્યાર્થીઓ પ્રત્યાયન માટે ભાષાનો ઉપયોગ કરે એવી કાળજી લેવાવી જોઈએ.

ઘરના સભ્યોએ ઝઘડો ના કરવો જોઈએ.

દરેક શાળામાં પ્રયોગશાળા, કમ્પ્યુટર લૈબ, લાઈબ્રેરી, પાણીની સુવિધા, શાળામકાન, શૌચાલયની સુવિધા જેવી

ભૌમિક સુનિધાઓ પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ.

હોસ્ટેલમાં અધિકારીઓએ મુલાકાત લઈ હોસ્ટેલની

સુવિધાઓનું નિરીક્ષણ કરવું જોઈએ અને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

સમાજમાં ઊંચ નીચના ભેદભાવ દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ.

સમાજના રીતરિવાજોમાં લવચીકતા લાવવા પ્રયત્ન કરવો સમાજમાં તહેવારોની ઉજવણીથી વિદ્યાર્થીઓના

અભ્યાસમાં ખલેલના પહોંચે તેની કાળજી રાખની જોઈએ.

આદિવાસી વિદ્યાર્થીઓ વધારે અભ્યાસ કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

ગરીબોને પણ મહત્વ મળવું જોઈએ. સંસ્કૃતિમાં દેવી-દેવતાઓનું મહત્વ નિયમોનું પાલન અને બંધકામમાં ઘટાડો થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ.

**ભાવિ સંશોધન ક્ષેત્રો**

- કોઈપણ સંશોધન અંતિમ નથી સંશોધકે સંશોધનની મર્યાદાને ધ્યાનમાં રાખી ભાવી સંશોધનના ક્ષેત્રો નીચે મુજબના દર્શાવ્યા છે.
- દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓમાં માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.
- નેત્રંગ તાલુકાના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરી શકાય.
- નેત્રંગ તાલુકાના પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓ સંદર્ભે સંશોધન હાથ ધરી શકાય.
- નેત્રંગ તાલુકાના આદિવાસી સમાજ વિષય પર સંશોધન હાથ ધરી શકાય.
- આદિવાસી વિદ્યાર્થીઓની સંસ્કૃતિ સંદર્ભે સંશોધન હાથ ધરી શકાય.
- નેત્રંગ તાલુકાના ઉચ્ચતર માધ્યમિક શાળાના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા સંદર્ભે સંશોધન હાથ ધરી શકાય.
- નેત્રંગ તાલુકાની માધ્યમિક શાળાઓમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતાવિદ્યાર્થીઓની સમસ્યા સંદર્ભે સંશોધન હાથ ધરી શકાય.
- આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા અને અન્ય સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

**ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનના તારણોની ચર્ચા કરવામાં આવી છે. તારણોને આધારે શૈક્ષણિક સૂચિતાર્થો અને સંશોધનના આધારે ભાવી સંશોધન માટેની ભલામણ કરવામાં આવી છે.

પ્રકરણ ૧ થી ૫ માં સંશોધન અહેવાલના સંપૂર્ણ મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન નેત્રંગ તાલુકાના માધ્યમિક શાળાઓના આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓ વિષય પર

છે. જેમાં આદિવાસી વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક, ભૌતિક અને સંસ્કૃતિ વિષયક સમસ્યાઓ જાણવાના હેતુઓને ધ્યાનમાં લીધા હતા. આ સંશોધન નેત્રંગ તાલુકાના શિક્ષકો, આચાર્ય અને શિક્ષણ સુધારક અધિકારીઓને આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા જાણવા મદદરૂપ નીવડશે.

# सुरत शहर के यादव समाज के परिवारों की शैक्षिक परिस्थिति का अभ्यास

यादव अंजना ए.

प्रस्तुत संशोधन में प्रस्तुत संशोधन का शीर्षक, हेतु, प्रश्न, संशोधन पद्धति, व्यापविश्व और नमूना पसंदगी, उपकरण, माहिती एकत्रीकरण और माहिती पृथक्करण की रीत विषयक संक्षिप्त माहिती निम्नानुसार दर्शायी गई हैं।

**संशोधन का शीर्षक**

प्रस्तुत संशोधन का शीर्षक निम्नानुसार था।

"सुरत शहर के यादव समाज के परिवारों के शैक्षिक परिस्थिति का अभ्यास"

**संशोधन के हेतु**

संशोधन नीचे के हेतुओं को ध्यान में रख कर किया गया था।

१. सुरत शहर के यादव समाज के परिवारों की शैक्षिक एवं व्यवसाय माहिती प्राप्त करना।

२. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों के शिक्षा का व्याप जानना।

३. सुरत शहर के यादव समाज के परिवारों की जीवन शैली में शिक्षा द्वारा आए परिवर्तन का अभ्यास करना।

४. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा द्वारा आए व्यवसायिक परिवर्तनों का अभ्यास करना।

५. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा द्वारा आए सामाजिक परिवर्तन का अभ्यास करना।

६. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों की सामाजिक समस्याओं का अभ्यास करना।

७. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों की शैक्षिक समस्याओं का अभ्यास करना।

८. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों की आर्थिक समस्याओं का अभ्यास करना।

**संशोधन के प्रश्न**

१. सुरत शहर के यादव समाज के परिवारों की शैक्षिक एवं व्यवसायिक माहिती क्या है?

२. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों के शिक्षा का व्याप कितना है?

३. सुरत शहर के यादव समाज के परिवारों के जीवन शैली में शिक्षा द्वारा कौन से परिवर्तन आए हैं?

४. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा द्वारा कौन से व्यावसायिक परिवर्तन आए हैं?

५. सुरत शहर के यादव समाज के परिवारों में शिक्षा द्वारा कौन से सामाजिक परिवर्तन आए हैं?

६. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों को किस प्रकार की सामाजिक समस्याएं होती हैं?

७. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों की शैक्षिक समस्याएं कौन सी है?

८. सुरत शहर के यादव समाज के परिवारों के शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों को किस प्रकार के आर्थिक समस्याएं होती हैं?

**संशोधन पद्धति**

प्रस्तुत संशोधन के लिए संशोधक ने सर्वेक्षण पद्धति का उपयोग किया था।

**संशोधन उपकरण**

प्रस्तुत संशोधन सम्बंधित माहिती प्राप्त करने के लिए संशोधक ने उपकरण स्वरूप स्वरचित नोधपत्रक, बंध प्रश्नावली और समस्या सूचि का उपयोग किया था।

**व्यपविश्व और नमूना**

प्रस्तुत संशोधन में सुरत शहर में बसे हुए यादव समाज के परिवारों में से १३० परिवारों और ९४ विद्यार्थियो को नमूना में समाहित किया गया, जो अपने नाम के साथ यादव लगाते थे। नमुने में समाहित संख्या तक पहुंचने के लिए स्नोबॉल पद्धति का उपयोग किया गया था।

**माहिती एकत्रीकरण की रीत**

प्रस्तुत संशोधन में माहिती एकत्रित करने के लिए संशोधक ने यादव समाज के परिवारों के पास से नोधपत्रक की माहिती एवं बंध प्रश्नावली की माहिती भरवाई तथा शिक्षा प्राप्त कर रहे विद्यार्थियों से समस्या सूचि की माहिती भरवाई थी।

**माहिती पृथक्करण की रीत**

प्रस्तुत संशोधन में प्राप्त माहिती का पृथक्करण और अर्थघटन संख्यात्मक रूप से किया गया था। प्राप्त हुई महितियो की आवृत्ति पर से प्रतिशतता निकाल कर शतमान की सार्थकता ज्ञात की गई थी।

**संशोधन के तारण**

सामान्यतः संशोधन के अर्थघटन पर से संशोधन के तारणों की प्रस्तुति होती हैं। तारणों की प्रस्तुति संशोधन के प्रश्न क्रम में या हेतु के क्रम में हो वह ईच्छनीय है तारण हमेशा सामान्य व्यक्ति समझ सके ऐसी सादी भाषा में प्रस्तुत किया जाता हैं। जिससे तारणों की प्रस्तुति संशोधन के पारिभाषिक शब्दों से दूर कर के साधारण विधान स्वरूप में किया जाता हैं।

प्रस्तुत संशोधन में इन तमाम बातों का ध्यान में रखते हुए संशोधक द्वारा हेतुओं के क्रमानुसार तारणों की प्रस्तुति निचे दर्शायी गई हैं।

➤ यादव समाज के परिवारों की शैक्षिक एवं व्यवसायिक माहिती सम्बंधित तारण

१. यादव समाज के परिवारों के मुख्य व्यक्ति ४१ से ५० वर्ष की उम्र में सबसे अधिक संख्या में पाए गए। तथा सबसे कम संख्या २१ से ३० वर्ष के मुख्य व्यक्तियों की पाई गयी।

२. यादव समाज के परिवारों में साक्षर व्यक्तियों का प्रमाण निरिक्षर मुखिया के प्रमाण से अधिक हैं। तथा ५२ व्यक्ति ऐसे हैं जो निरिक्षर हैं परन्तु हस्ताक्षर करने की योग्यता दर्शाते हैं।

३. यादव समाज के परिवारों में संयुक्त कुटुम्ब में रहने वाले व्यक्तियों का प्रमाण अधिक हैं एवं विभक्त कुटुम्ब में रहने वाले व्यक्तियों का प्रमाण कम हैं।

४. यादव समाज के परिवारों में स्त्रियों की अपेक्षाकृत पुरुषो की संख्या अधिक है।

५. यादव समाज के परिवारों में कुल २१५ व्यक्ति नौकरी करते है, जिसमे से सरकारी नौकरी करने वाले व्यक्तियों की संख्या कम हैं तथा अन्य प्रकार की नौकरी करने वाले व्यक्तियों की संख्या अधिक हैं।

➢ यादव समाज के परिवारों में शिक्षा के व्याप सम्बंधित तारण

१. यादव समाज के परिवारों में प्राथमिक शिक्षा प्राप्त करने वाले व्यक्तियों का प्रमाण अधिक हैं और माध्यमिक शिक्षा प्राप्त करने वाले व्यक्तियों का प्रमाण कम है।

२. यादव समाज के परिवारों में सायंस प्रवाह में उच्च माध्यमिक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे अधिक हैं। स्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण मध्यम हैं। तथा अनुस्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे कम हैं।

३. यादव समाज के परिवारों में आर्ट्स प्रवाह में स्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे अधिक हैं। तथा अनुस्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे कम हैं।

४. यादव समाज के परिवारों में कोमर्स प्रवाह में उच्च माध्यमिक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे अधिक हैं। स्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण मध्यम हैं तथा अनुस्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे कम हैं।

५. यादव समाज के परिवारों में अन्य प्रवाह में स्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे अधिक हैं। अनुस्नातक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण मध्यम हैं। तथा उच्च माध्यमिक कक्षा पर शिक्षा प्राप्त कर रहे विद्यार्थीयों का प्रमाण सबसे कम हैं।

➢ शिक्षा द्वारा जीवन शैली में आए परिवर्तन सम्बंधित तारण

१. समाज में शिक्षा के कारण परिवार के सदस्यों की संख्या नियंत्रित हुई हैं।

२. शिक्षा के कारण लोगो के परंपरागत पहनावे में परिवर्तन आया हैं।

३. शिक्षा के कारण लोग दिनचर्या में तकनीकी उपकरणों का उपयोग बढ़ा रहे हैं।

४. शिक्षा के कारण समाज में परिवार नियोजन के प्रति जागरूकता आई हैं।

५. शिक्षा द्वारा बालको की शिक्षा में शिक्षित महिलाओ का सहयोग प्राप्त हुआ हैं।

६. शिक्षा के कारण लोग बिमारियों के इलाज के लिए ओझा भगत के बदले अस्पतालों में जाते हैं।

➢ शिक्षा द्वारा व्यवसाय में आए परिवर्तन सम्बंधित तारण

१. शिक्षा के कारण लोगो में परंपरागत व्यवसायों को छोड़कर शैक्षिक योग्यता अनुसार व्यवसाय करने का अभिगम विकसित हुआ हैं।

२. शिक्षा के कारण समाज के लोग अलग-अलग व्यवसायों में जुड़े हैं।

३. शिक्षा के कारण लोगो को भावी व्यवसायों की तालीम प्राप्त होती हैं।

४. शिक्षा द्वारा व्यवसायिक विकास करते विद्याशाखा में अभ्यास करने की प्रेरणा मिलती हैं।

५. परंपरागत व्यवसायों में भी शिक्षित स्त्रियों द्वारा व्यवसाय की गुणवत्ता में सुधार हुआ हैं।

६. परिवार के साथ - सहकार द्वारा व्यवसायों का व्याप विकसित हुआ हैं।

➢ शिक्षा द्वारा आए सामाजिक परिवर्तन सम्बंधित तारण

१. शिक्षा के कारण समाज में बाल विवाह का प्रमाण घटा हैं।
२. शिक्षा द्वारा समाज में स्त्रियों को उच्च दर्जा प्राप्त हुआ हैं।
३. शिक्षा का प्रमाण बढ़ने से समाज में से अंधश्रद्धा दूर हुई हैं।
४. शिक्षा के कारण सामजिक संबंधो में विकास हुआ हैं।
५. अशिक्षित की अपेक्षाकृत शिक्षित पात्रों के विवाह में सरलता होती हैं।
६. समाज में प्रतिष्ठा बनाये रखने के लिए शिक्षा महत्वपूर्ण साबित हुई हैं।
७. शिक्षा के कारण स्त्रीयां सामाजिक बन्धनों से मुक्त हुई हैं।
८. शिक्षा के कारण समाज में कन्याओ की संख्या में वृद्धि हुई हैं।

➢ सामाजिक समस्याओं सम्बंधित तारण

१. अधिक शिक्षा देने से लड़किया बिगड़ जाती हैं यह विधान गलत साबित हुई जिससे सभी को सामान शिक्षा दिया जाता हैं।
२. माता पिता लड़के लड़कीयों में भेद भाव किए बगैर अभ्यास करने के लिए प्रेरित करते हैं।
३. लड़कियां पराया धन होती हैं जिससे उन्हें अधिक शिक्षा नहीं दी जाती। यह विधान विद्यार्थियों द्वारा गलत साबित किया गया हैं।
४. परिवारों में आपसी दुर्व्यवहार होने के कारण विद्यार्थियों की शिक्षा में समस्या उत्पन्न होती हैं।
५. समाज में होती दुर्घटनाओ के कारण माता पिता लड़कियों को शिक्षा देने से विचलित नहीं होते हैं।

➢ शैक्षिक समस्याओं सम्बंधित तारण

१. विद्यार्थियों को वर्गमें अपमानित नहीं किया जाता हैं।
२. शैक्षिक संस्थानों में विद्यार्थी एक दूसरे के साथ भेदभाव मुक्त सामान्य व्यवहार करते हैं।
३. विद्यार्थी सामाजिक एवं आर्थिक कारणों से शैक्षिक संस्थानों में अनुपस्थित होने पर पढाई में पीछे रह जाते हैं।
४. समाज में फैली रुढिचुस्त मान्यताओं के कारण शिक्षा प्राप्त करने में समस्या उत्पन्न होती है।
५. विद्यार्थियों को पशुपालन के परंपरागत व्यवसाय में सहायक विशिष्ट अभ्यासक्रमों के बारे में जानकारी नहीं होती।
६. विद्यार्थियों को मनपसंद विद्याशाखा में प्रवेश न मिलने के कारण शिक्षा बोझरूप लगती है।

➢ आर्थिक समस्याओं सम्बंधित तारण

१. आर्थिक परिस्थिति कमजोर होने के कारण अभ्यास की सुविधा के लिए संबंधी या मित्रों की बारंबार मदद लेने में शर्म अनुभव होता है।
२. विद्यार्थियों को शिक्षा प्राप्त करने के लिए आर्थिक परिस्थिति अवरोधक बनती है।
३. विद्यार्थियों को परिवार की आर्थिक मदद करने के लिए अभ्यास छोड़कर काम करने जाना पड़ता है।
४. विद्यार्थियों को शैक्षिक प्रवास या प्रवृत्तियों के लिए परिवार से आर्थिक मदद प्राप्त होती हैं।
५. विद्यार्थियों को संयुक्त परिवार होने के कारण आर्थिक समस्या उत्पन्न होती है।

**शैक्षणिक सूचितार्थ**

संशोधक ने संशोधन के हेतुओ को ध्यान में रख कर संशोधन कार्य किया था। सभी संशोधनो की मर्यादा होती ही हैं। उसके बावजूद भी प्रत्येक संशोधन के सुचितार्थ विस्तृत सूचक और संशोधन को आधिक फलित करते हैं। प्रस्तुत शैक्षणिक

सुचितार्थ का अमलीकरण करने से उपस्थित प्रश्न दूर हो सकते हैं। संशोधन के शैक्षणिक सुचितार्थ निम्नानुसार दर्शाया गया हैं।

१. यादव समाज के व्यक्तियों को आपस में जोड़ने वाली संगठित संस्था की स्थापना करनी चाहिए।
२. समाज के प्रत्येक सदस्य को आर्थिक उपार्जन करने का अवसर मिले व्यवसाय विकसित करनेके प्रयास करने चाहिए। जिससे परिवार के मुखिया का कार्यबोझ घटे।
३. समाज द्वारा अच्छे गुण से पास होने वाले बालको को पुरस्कार देकर प्रोत्साहित किया जाना चाहिए। तथा समाज द्वारा बालको को आवश्यक सामग्री एवं कक्षा अनुसार ईनाम वितरण करना चाहिए।
४. गौरान्वित कार्य करने वाले व्यक्तियों को समाज में सम्मानित करना चाहिए।
५. समाज की शिक्षित स्त्रियों तथा कन्याओं को व्यवसायों में जोड़ना आवश्यक हैं।
६. विद्यार्थियों को कृषि, पशुपालन, डेरी उद्योग जैसे परंपरागत व्यवसाय के अभ्यास के लिए मार्गदर्शन एवं प्रोत्साहन देना चाहिए।

**भावी संशोधन के क्षेत्र**

संशोधक विनम्रतापूर्वक स्वीकार करता है कि कोई भी संशोधन कार्य सम्पूर्ण रूप से पूर्ण नहीं हो सकता। उसी प्रकार प्रस्तुत संशोधन भी अंतिम नहीं हैं। प्रत्येक संशोधन की तरह प्रस्तुत संशोधन की भी मर्यादाए थी । समग्र बातों को ध्यान में रखते हुए संशोधक ने नए संशोधनों के लिए दिशासूचन किया हैं जो निम्नानुसार दर्शाए गए हैं।

१. सुरत शहर के यादव समाज की उच्च शिक्षा प्राप्त कर रही कन्याओ तथा स्त्रियों के शिक्षा सम्बंधित समस्या पर संशोधन कार्य किया जा सकता हैं।
२. सुरत शहर के यादव समाज के रीती रिवाज एवं मान्यताओ की शिक्षा पर असर विषयक अभ्यास किया जा सकता हैं।
३. यादव समाज की परंपरागत व्यवसाय आधारित शिक्षा विषयक सूचन का अभ्यास किया जा सकता हैं।
४. यादव समाज में विवाह के बाद स्त्रियों को उच्च शिक्षा प्राप्त करने उत्पन्न होती समस्या विषयक अभ्यास किया जा सकता हैं।
५. यादव समाज की व्यवसायिक क्षेत्रों से जुड़ी महिलाओ की सामाजिक समस्याओं का अभ्यास किया जा सकता हैं।
६. सुरत शहर के यादव समाज तथा अन्य किसी समाज की शैक्षिक परिस्थिति का तुलनात्मक अभ्यास किया जा सकता हैं।

**उपसंहार**

प्रस्तुत संशोधन सुरत शहर के यादव समाज के परिवारों के शैक्षिक परिस्थिति को जानने का प्रयास करता छोटा सा संशोधन हैं। कोई भी संशोधनसा अंतिम नहीं होता, संशोधन में नियमित और नवीन क्षेत्रो मे होता रहे यह आवश्यक हैं। प्रस्तुत संशोधन शिक्षा के क्षेत्र में उपयोगी बना रहे इसके लिए संशोधक ने प्रत्येक बातों को ध्यान में रखा हैं।

इस प्रकार प्रस्तुत संशोधन समाज, विविध समुदायों, समाज सेवको, संस्थाओं तथा सरकार को समाज की स्थिति जानने एवं प्रगति पथ पर ले जाने के लिए उपयोगी साबित होगी। शिक्षा के क्षेत्र में रूचि रखने वाले शिक्षाशास्त्रियो को सहायक होगी संशोधक ऐसी श्रद्धा दर्शाता हैं।

# M.Ed. (Granted) Student's List Sem-IV (2019-2020) *

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 1 |  | Babaria Firdos Faruk<br>235-K,Rakhda Street,Tankariya,Ta & Di-Bharuch-392240 | **8155888174** | B.Sc., B.Ed. M.Ed.(CGPA-9.00) | Science & Tech |
| 2 |  | Chaudhari Kasmiraben Pareshbhai<br>At & Po -Umarkui,Ta-Vyara,Di-Tapi | **8758464870** | M.Sc., B.Ed. M.Ed.(CGPA-9.06) | Science & Tech |
| 3 |  | Chaudhari Sejalkumari Arvindbhai<br>B-1,201,Model Town Park,Opp.Bhaktidhan Mandir,Magob,Surat-395011 | **9714235738, 9328290940** | B.A., B.Ed. M.Ed.(CGPA-7.82) | English |
| 4 |  | Chaudhari Tinalkumari Ganjibhai<br>Flat No. A-403,Kailash Appt.Chamunda Nagar,Nr.Happy Banglow,L.H.Road,Surat | **9376683666, 9016524140** | B.A., B.Ed. M.Ed.(CGPA-8.00) | English |
| 5 |  | Chaudhari Vaishaliben Mukeshbhai<br>At & Post-Areth,Ta-Mandvi,Dist-Surat | **9712237848** | M.A., B.Ed. M.Ed.(CGPA-7.46) | Sanskrit |
| 6 |  | Delvadiya Arpita Vitthalbhai<br>Plot No.262,Harinagar-2,Udhana,Ta-Surat-394210 | **9586231543, 9825131652** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.29) | Social Science |
| 7 |  | Dhodi Tinaben Navinbhai<br>At & Po-Nahuli,School Faliya,Ta-Umargam,Dist-Valsad-396105 | **9714892838, 8905679848** | B.A., M.A., B.Ed. M.Ed.(CGPA-8.82) | Gujarati |

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 8 |  | Diwan Shifabegam Iqbalhusain B/4,AL/Adrush Complex-2,Garmiyanala,Kanthariya,Bharuch | 9824382589, 9924915705 | M.A., B.Ed. M.Ed.(CGPA-8.59) | Economics |
| 9 |  | Gamit Sarojben Ratanjibhai At & Post-Areth,Ta-Mandvi,Dist-Surat | 9687786196, 9726415147 | M.A., B.Ed. M.Ed.(CGPA-7.59) | Gujarati |
| 10 |  | Gandhi Sagar Anilbhai 21-B,Tagore Nagar Society,B/H Civil Court,Navsari | 9898061565, 9974179111 | M.A., B.ED. M.Ed.(CGPA-8.59) | English |
| 11 |  | Halpati Priyankaben Rameshbhai At & Po-Jakhla,Ta-Mandvi,Dist-Surat | 9586527329 | M.A., B.ED. M.Ed.(CGPA-7.59) | Hindi |
| 12 |  | Malek Munishabanu Usmanbhai A-48,Ranchhodray Nagar,Nr.Chandni Park,Surti Bhagol Road,Ankleshwar | 9374861044, 8511893044 | M.Sc., B.Ed. M.Ed.(CGPA-9.53) | Science & Tech |
| 13 |  | Panchal Shivangi Bhupeshkumar B-21,Shri Ram Society,B/h G.E.B.,Ankleshwar | 9979082992 , 9879200305 | M.A., B.Ed. M.Ed.(CGPA-8.82) | English |
| 14 |  | Pandey Swastika Suryaprakash 57/Parvat Patiya,Gopal Nagar,Surat | 7359153087, 9427100688 | M.A., B.Ed. M.Ed.(CGPA-7.59) | Economics |
| 15 |  | Parkhetiya Mohmedsuhel Basir Ibrahim Kothi Vantarsa,Ta-Amod,Dist-Bharuch-392230 | 9824774386 | B.Sc., B.Ed. M.Ed.(CGPA-8.82) | Science & Tech |

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 16 |  | Patel Anjanakumari Girishbhai<br>At & Po-Koba,Ta-Olpad,Dist-Surat,Surat-394540 | **7567231824** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.29) | Gujarati |
| 17 |  | Patel Bhavika Vasantbhai<br>130,Hanuman Faliya,Katargam,Surat | **9033550638, 7405542311** | M.Sc., B.Ed. M.Ed.(CGPA-8.71) | Science & Tech |
| 18 |  | Patel Grishmaben Ashokbhai<br>At-Samali,Ta-Hansot,Dist-Bharuch | **9924429995, 7359285992** | B.A., M.A., B.ED. M.Ed.(CGPA-7.59) | Gujarati |
| 19 |  | Patel Kajalbahen Natubhai<br>At-Post : Sodhalwada (Nathuda Faliya),Ta-Pardi,Dist-Valsad | **9913655264** | M.A., B.ED. M.Ed.(CGPA-9.29) | Economics |
| 20 |  | Patel Khushbuben Hasmukhbhai<br>At -Sarangpur,Po-Motali,Ta-Ankleshwar,Di-Bharuch | **9925683626, 9081282711** | M.A., B.ED. M.Ed.(CGPA-8.06) | Social Science |
| 21 |  | Patel Priyankakumari Navinbhai<br>216,Aashirvad Villa Society,New City Light Road,Surat | **9724892910, 9979341791** | M.A., B.ED. M.Ed.(CGPA-9.24) | Economics |
| 22 |  | Patel Radhaben Anandbhai<br>At-Rani Faliya,Ta-Vansda,Dist-Navsari | **9499653755, 7069832105** | M.A., B.Ed. M.Ed(CGPA-7.82) | Social Science |
| 23 |  | Patel Sapnabahen Hirabhai<br>At-Nava Tariya,Po-Sajod,Ta-Ankleshwar,Di-Bharuch | **9913551328, 9737762472** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.83) | Economics |

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 24 |  | Patel Shreya Hemantbhai<br>14,Pishad Gam,Jahangirpura,Olpad Road,Surat | 9512860918, 9429221892 | B.Sc., B.Ed. M.Ed.(CGPA-8.12) | Science & Tech |
| 25 |  | Patel Tajanaben Gokulbhai<br>At & Po- Pipalgabhan(Naykivad),Ta-Chikhali,Di-Navsari | 8511885485 | B.A., M.A., B.ED. M.Ed.(CGPA-8.65) | Gujarati |
| 26 |  | Rahevar Kinjalbahen Harendrashinh<br>Krushnalila Bunglow,Rajput Nagar,M.G.Road,Bardoli | 9924120005 | B.Sc., B.Ed. M.Ed.(CGPA-8.65) | Science & Tech |
| 27 |  | Rajput Pooja Santrajsingh<br>197,Somnath Society,Bhatar,Surat | 7046722956, 9664804970 | M.Com., B.Ed. M.Ed.(CGPA-8.47) | Account |
| 28 |  | Rathod Rekhaben Bhikhubhai<br>At & Po-Junvani Singod,Ta-Bardoli,Dist-Surat-394335 | 9913311982 | M.A., B.Ed. M.Ed.(CGPA-7.24) | Hindi |
| 29 |  | Sen Kumari Antima Bahadursingh<br>139,Shanta Nagar,Bamroli Road,Pandesara,Surat | 9033427947, 9898984569 | M.Com., B.Ed. M.Ed.(CGPA-8.35) | Account |
| 30 |  | Tandel Bhumikaben Ramanbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9824872691 | M.A., B.ED. M.Ed.(CGPA-7.94) | English |
| 31 |  | Tandel Chhayaben Rameshbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | 9724657110 | M.A., B.ED. M.Ed.(CGPA-8.59) | English |

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| 32 |  | Tandel Khushbubahen Dashrathbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | **9265348717** | M.A., B.ED. M.Ed.(CGPA-7.65) | Social Science |
| 33 |  | Tandel Kiranbahen Ishverbhai<br>At & Post-Onjal,Machhiwad,Ta-Jalalpor,Dist-Navsari | **9712474859** | M.A., B.ED. M.Ed.(CGPA-8.53) | English |
| 34 |  | Tandel Prityben Rajeshbhai<br>At & Post-Borsi Machhivad,Ta-Jalalpor,Dist-Navsari-396436 | **8128218381** | B.A., B.Ed. M.Ed.(CGPA-8.00) | Gujarati |
| 35 |  | Tandel Ravinabahen Parabhubhai<br>At & Po-Krushnapur,Ta-Jalalpor,Dist-Navsari | **9974540671** | M.A., B.ED. M.Ed.(CGPA-8.29) | Social Science |
| 36 |  | Tandel Swatiben Harilal<br>AT & Po-Borsi Machhivad,Ta-Jalalpor,Dist-Navsari-396436 | **9974602465, 9712603877** | M.A., B.ED. M.Ed(CGPA-8.71) | Social Science |
| 37 |  | Thakor Smita Sureshji<br>26/Bhagwati Row House,Olpad Road,Jahangirpura,Surat | **9998886273** | B.Sc., B.Ed. M.Ed.(CGPA-8.53) | Science & Tech |
| 38 |  | Vachhiyat Farhinbanu Mohammed Afzal<br>C-25,Roshan Society,Opp. New Bus Depo,Piraman,Ankleshwar | **9409446563, 9558101992** | M.Sc., B.Ed. M.Ed.(CGPA-9.35) | Social Science |
| 39 |  | Vasava Dipikaben Chandrasinh<br>A-11,Radhey Nagar,Nr.Shakti Nagar,Ankleshwar | **9687339564, 9638182489** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.18) | Gujarati |
| 40 |  | Vasava Hinaben Surapsing<br>At -Navagam,Po-Javali,Ta-Sagbara,Dist-Narmada | **9913262470, 7574918678** | M.A., B.Ed. M.Ed.(CGPA-8.29) | Hindi |

| Sr. No. | Photo | Name & Address | Mobile No. | Qualification | B.Ed. Method |
|---|---|---|---|---|---|
| **41** |  | Vasava Jashuben Shanabhai<br>At & Po -Mandva,Ta-Ankleshwar,Di-Bharuch | **8980121422, 8758691283, 6353067779** | M.A., B.Ed. M.Ed.(CGPA-7.71) | Economics |
| **42** |  | Vasava Manishaben Surjibhai<br>At-Zarnawadi,Ta-Netrang,Di-Bharuch | **6354469589, 6353237209** | B.Sc., B.Ed. M.Ed.(CGPA-8.76) | Science & Tech |
| **43** |  | Yadav Ku Anjana Shri Amarnath<br>351,Tulsidham Society,Bamroli Road,Pandesara,Surat | **8200554423, 7229076530** | B.A., B.Ed. M.Ed.(CGPA-7.88) | Economics |

*** શિક્ષણ વિભાગના વહીવટી કાર્યાલય દ્વારા પ્રાપ્ત માહિતિ**

# DEPARTMENT OF EDUCATION

## Vision

TO BE A CENTRE OF EXCELLENCE IN TEACHER EDUCATION, NURTURING EDUCATION FRATERNITY SENSITIVE TO ITS REGIONAL NEEDS AND EQUIPPED FOR THE GLOBAL PROGRESSION.

## Mission

OUT OF CONVICTION THAT EDUCATION IN THE MEAN BY WHICH HUMAN CIRCUMSTANCES CAN BE IMPROVED. DEPARTMENT OF EDUCATION PREPARES PROFESSIONALS WHO HAVE THE COMMITMENT AND COMPETENCES NEEDED TO HELP PEOPLE ACQUIRE KNOWLEDGE, SKILLS, VALUES AND UNDERSTANDINGS TO ENABLE THEM TO PARTICIPATE IN AND CONTRIBUTE TO A COMPLEX CHANGING SOCIETY TO ACHIEVE THIS MISSION, THE DEPARTMENT IS COMMITTED TO EXCELLENCE IN TEACHING, RESEARCH, EXTENSION AND COMMUNITY SERVICES.


## શિક્ષણ વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત

(0) 0261-2203093 (Ext) 1093 office.ded@vnsgu.ac.in


શૈક્ષણિક વર્ષ : 2019-20